# બત્રીશીના સથવારે કલ્યાણની પગથારે

## ભાગ-૧૦



: વિવેચનકાર :

આચાર્ય વિજય અભયશેખરસૂરિ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

# બત્રીશીના સથવારે કલ્યાણની પગથારે

(ભાગ-૧૦, ૨૩ થી ૨૭મી બત્રીશી)

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ રચિત
દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રન્થના આધારે લોકભોગ્ય
વિવેચનકાર :


શ્રી વિજય પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિત્-જયશેખરસૂરિ શિષ્ય
**આચાર્ય વિજય અભયશેખરસૂરિ**



પ્રથમ આવૃત્તિ
વિ. સં. ૨૦૭૫

卐

મૂલ્ય :
રૂા. ૮૦-૦૦

**પ્રકાશક :**
**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦


**નોંધ :** જ્ઞાનખાતેથી પ્રકાશિત થયેલા આ પુસ્તકને ગૃહસ્થોએ માલિકીમાં રાખવું હોય તો એનું મૂલ્ય જ્ઞાનખાતે ચૂકવવું.


**ભરત ગ્રાફિક્સ**, એ-૨૧૨, સુમેલ-૯, મહેશ્વરી એસ્ટેટ પાસે,
દુધેશ્વર, શાહીબાગ, અમદાવાદ - ૪. M : 99250 20106
E-mail : bharatgraphics1@gmail.com

# પ્રકાશકીય

- શ્રી જૈન સંઘમાં લોકપ્રિય માસિક શાન્તિસૌરભમાં ચાલતી લેખમાળા-બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે...ના ૧૩૦ થી ૧૪૪ લેખો ૧૦મા પુસ્તકરૂપે પ્રકાશિત કરતાં અમે ખુબ જ આનંદ અનુભવીએ છીએ. પૂજ્ય આચાર્ય શ્રીવિજયપ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના પૂ.આચાર્ય **શ્રીવિજયઅભયશેખરસૂરિ મહારાજ** શાસ્ત્રોના ગહન પદાર્થોને પણ સરળ ભાષામાં રજુ કરીને લોકભોગ્ય બનાવવામાં કુશળ છે એ વાત શ્રીસંઘમાં પ્રસિદ્ધ છે. તેથી ઉપકારની બુદ્ધિથી તેઓએ કલમ ઉપાડી...ને શ્રાવક-શ્રાવિકાવર્ગને પણ સુંદર બોધ મળી રહે એવી લેખમાળાની શ્રીસંઘને ભેટ મળી. આ લેખમાળા પ્રત્યે જિજ્ઞાસુઓને સારું આકર્ષણ જાગ્યું છે ને તેથી અન્યોને પણ સારો બોધ મળી રહે એ માટે આ લેખોને પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. લેખક પૂજ્ય આચાર્ય ભગવંતના ચરણોમાં ભાવભરી વંદના સાથે આવા બોધપ્રદ પુસ્તકોની શ્રીસંઘને ભેટ ધર્યા કરે એવી નમ્ર વિનંતી.

- આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતામાંથી લેનાર **શ્રી હીરસૂરિ જગદ્ગુરુ શ્વે.મૂ.તપા. જૈન સંઘ ટ્રસ્ટ - મલાડ**ને હાર્દિક અભિનંદન સાથે અનુમોદના.

- પુસ્તકનું સુંદર મુદ્રણ કરનાર ભરત ગ્રાફિક્સના પૂરા સ્ટાફને ધન્યવાદ.

- જિજ્ઞાસુઓને સ્વબોધને વિશદ કરવા માટે આ પુસ્તકનું અધ્યયન કરવાની વિનંતી સાથે...

દિવ્યદર્શન ટ્રસ્ટ વતી

**કુમારપાળ વિ. શાહ**

# પ્રસ્તાવના

◈ સર્વજ્ઞકથિત અને ગણધર ગુમ્ફિત પદાર્થો અદ્ભુત-અલૌકિક-અનુપમ હોય જ એ નિઃશંક છે. આવા પદાર્થોને ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજનો તર્કપૂત ક્ષયોપશમ મળે એટલે રજુઆત પણ ધારદાર બને જ. પ્રભુ શાસનના આવા અદ્ભુત રહસ્યોનો સામાન્ય ક્ષયોપશમવાળા સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને પણ પરિચય મળે એ માટે પ્રસ્તુત લેખમાળાનો પ્રારંભ થયો, જેના ૨૩ થી ૨૭મી બત્રીશીના ૧૩૦ થી ૧૪૪ નંબરના લેખો પ્રસ્તુત પુસ્તકમાં દશમા ભાગરૂપે પ્રકાશિત થઈ રહ્યા છે.

◈ એકથી બાવીશ બત્રીશીના કુલ ૧૨૯ લેખો એકથી નવમા ભાગમાં પ્રકાશિત થઈ ગયા છે.


◈ સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂ.આ. શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મ.સા., ન્યાયવિશારદ સ્વ. પૂ.આ. શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા., સિદ્ધાન્તદિવાકર પૂ. ગચ્છાધિપતિ શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા., સહજાનંદી સ્વ. પૂ.આ. શ્રી વિજય **ધર્મજિત્‌સૂરીશ્વરજી** મ.સા., શ્રી સૂરિમંત્રના પરમસાધક સ્વ. પૂ.આ. શ્રી વિજય **જયશેખરસૂરીશ્વરજી** મ.સા... આ સુવિહિત ગુરુપરંપરાના ચરણોમાં નતમસ્તકે વંદના...

◈ પ્રભુશાસનની અનુપમ વાતોને સરળ ભાષામાં સમજવા માટે પ્રસ્તુત પ્રકાશનનો સહારો લેવાની નમ્ર વિનંતી.

અષાડ સુદ-૧, ૨૦૭૫
મલાડ ચાતુર્માસ પ્રવેશદિન

ગુરુપાદપદ્મરેણુ
**અભયશેખર**

પ્રસ્તુત પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતેથી લેનાર
**શ્રી હીરસૂરિ જગદ્‌ગુરુ**
**શ્વે.મૂ. તપા. જૈન સંઘ ટ્રસ્ટ મલાડને**
**ફરી ફરી અભિનંદન**



## પૂજનીય સાધુ-સાધ્વી ભગવંતોને વિનમ્ર નિવેદન

આપને આ પુસ્તક વાંચવા ખાસ વિનંતી છે. વાંચ્યા બાદ, જો શ્રી જૈનશાસનની હિતકર વાતો સરળ ભાષામાં જાણવા મળી... સારો બોધ થયો એવી જો પ્રતીતિ થાય તો અન્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, તથા આરાધક કે જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓને પણ વાંચવા માટે ખાસ પ્રેરણા કરીને આપવા માટે વિનંતી છે.

**જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓને ભલામણ -**

આ પુસ્તક વાંચશો... બીજી-ત્રીજી વાર વાંચશો. અન્ય શ્રાવક-શ્રાવિકાઓને પણ ખાસ પ્રેરણા કરી વાંચવા આપશો. એમ ૩-૪-૫ જેટલા શ્રાવક-શ્રાવિકાઓને વાંચવું હોય તે વાંચી લે... પછી ત્યાંના સ્થાનિક જ્ઞાનભંડારમાં જમા કરાવી દેવું... જો કોઈએ પોતે પોતાની પાસે રાખવું હોય તો પુસ્તકની કિંમત જ્ઞાનખાતે જમા કરાવી દેવી.

**પ્રાપ્તિ સ્થાન**

(૧) પ્રકાશક

(૨) જગત્‌ભાઈ પરીખ
૨૧, તેજપાલ સોસાયટી, ફતેહપુરા બસસ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૭. ફોન : (૦૭૯) ૨૬૬૩૦૦૦૬

(૩) મોક્ષરુચિ મોહનલાલ ઝવેરી
૩૦૧, ત્રીજે માળે, શૈશવ એપાર્ટમેન્ટ, લાકડાવાળાનો ખાંચો,
કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧
ફોન : (૦૨૬૧) ૨૪૩૦૩૪૨

(૪) ભવ્ય એન. કુબડિયા
C/o. ઈથોસ ઈલાઈટ ગારમેન્ટ પ્રા. લિ.
૧૦૬, કોસ્મોસ પ્લેટિનમ, જંક્શન ઓફ ભવાની શંકર રોડ-
ગોખલે રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૮.
Mo. ૯૭૬૯૩ ૨૯૯૩૨

# લેખાંક ૧૩૦

બાવીશમી તારાદિત્રયબત્રીશીમાં છેલ્લે આપણે એ વાત જોયેલી કે સત્સંગ અને આગમના યોગથી અવેદ્યસંવેદ્ય પદને જીતવું જોઈએ. એને જીતવાથી કુતર્કગ્રહની નિવૃત્તિ થાય છે. જેમ રાજા જીતાઈ જાય એટલે લશ્કર- સેનાપતિ વગેરે જીતાઈ ગયેલાં જ ગણાય છે. એમ અવેદ્યસંવેદ્ય પદ જીતાય એટલે કુતર્કગ્રહની નિવૃત્તિ થાય છે જે નિવૃત્તિ અત્યંત આદરણીય ચીજ છે. આશય એ છે કે અવેદ્યસંવેદ્યપદ મહામિથ્યાત્વનું કારણ છે ને તેથી જ એના માટે પશુત્વ વગેરે શબ્દો વપરાય છે. જેમ રાજા જીતાય એટલે લશ્કર-ગુપ્તચર વગેરે સ્વતઃ નિવૃત્ત થઈ જાય છે, એમ આ અવેદ્યસંવેદ્ય પદ જીતાવા પર કુતર્કગ્રહ (=કુતર્ક રૂપી વળગાડ) સ્વયં = ગુરુ ઉપદેશ વગેરે વિના જ રવાના થઈ જાય છે. જેમ કોઈને ગ્રહ=વળગાડ થયેલો હોય તો એને જાતજાતની આફત આવે છે અને એ વળગાડ છૂટી જવો એ અત્યંત ઈચ્છનીય છે. એમ કુતર્ક પણ અનેક આફતોને નોંતરનાર હોવાથી ગ્રહ-વળગાડરૂપ જાણે કે છે. કહેવાનો આશય એ છે કે ભવાભિનંદી જીવોને ગાઢ કુતર્કગ્રહ હોય છે. અપુનર્બંધકપણાથી એની નિવૃત્તિનો પ્રારંભ થાય છે.

**શંકા** – दिक्खाविहाणमेअं भाविज्जंतं तु तंतणीइए । सइअपुण-बंधगाणं कुग्गहविरहं लहुं कुणइ ॥

પંચાશક ૨-૪૪ ॥ **અર્થ :** *તંત્રનીતિ મુજબ ભાવિત કરાતું આ દીક્ષા વિધાન સકૃદ્બંધક અને અપુનર્બંધકજીવોના કુગ્રહનો શીઘ્ર વિરહ કરે છે.* આમ પંચાશકજીમાં કહ્યું છે. એનાથી માનવું જોઈએ કે કુતર્કગ્રહની નિવૃત્તિનો પ્રારંભ અપુનર્બંધકથી નહીં પણ સકૃદ્બંધકથી થાય છે.

**સમાધાન** – આત્માની દૃષ્ટિએ જે લાભકર્તા નીવડે એવો કુગ્રહવિરહ - કુતર્કગ્રહનો વિરહ અપુનર્બંધકથી જ થાય છે, સકૃદ્બંધકથી

નહીં. આની વિચારણા મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા (૧૩-૯) ના વિવેચનમાં કરેલી છે તે ત્યાંથી (ભા.૨, પૃ.૪૨૪) જોઈ લેવી. એટલે જ ઉપદેશરહસ્યમાં ગ્રંથકારે દીક્ષાવિધાન સકૃદ્બંધકાદિના અન્યદર્શનાભ્યાસાહિતવાસનાના કુગ્રહનો વિરહ કરે છે એમ કહ્યું છે ને એને અપ્રધાનદ્રવ્યાજ્ઞા કહી છે. પંચાશકજીની આ ગાથામાં રહેલા સइ શબ્દનો અર્થ 'સકૃદ્' ન કરતાં 'સદા' કરીએ તો તો કોઈ પ્રશ્ન જ રહેતો નથી, એ જાણવું. એટલે નિશ્ચિત એ થશે કે કુતર્કગ્રહનિવૃત્તિનો પ્રારંભ અપુનર્બંધકથી થાય છે. જીવ મિત્રાદિ દૃષ્ટિઓમાં જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ આ નિવૃત્તિ વધતી જાય છે. અને - સત્સંગ તથા આગમયોગે જ્યારે અવેદ્યસંવેદ્યપદ જીતાય છે, વેદ્યસંવેદ્યપદ પમાય છે ત્યારે શીઘ્ર એની વિશિષ્ટ પ્રકારે નિવૃત્તિ થાય છે જેની પ્રસ્તુતમાં વાત છે.

જીવ જેવો વેદ્યસંવેદ્યપદ પામે છે કે તરત કુતર્કો દૂર થઈ જાય છે, એ દૂર થવા માટે સદ્ગુરુના ઉપદેશ વગેરે કશાની જરૂર હોતી નથી. અલબત્ અવેદ્યસંવેદ્યપદને જીતવા માટે સત્સંગ-આગમયોગ અપેક્ષિત હતા. પણ એ જીતાયે કુતર્કગ્રહને દૂર થવા માટે એ અપેક્ષિત હોતા નથી, એ સ્વયં દૂર થઈ જાય છે.

જેમ રાહુ-મંગળ વગેરે ગ્રહો પ્રત્યક્ષ અનુભવાતા અનેક અનર્થોનું મૂળ હોવાથી ક્રૂરગ્રહ કહેવાય છે એમ આ કુતર્ક પણ એવો વિષમગ્રહ છે. જેના કારણે જીવ અનેક દૃષ્ટઅપાય ને પ્રત્યક્ષ મુશ્કેલીઓને અનુભવે છે.

**શંકા** – કુતર્ક શું માત્ર દૃષ્ટઅપાયનો જ હેતુ છે, અદૃષ્ટઅપાયનો નહીં ?

**સમાધાન** – ના, એ દૃષ્ટઅપાયનો હેતુ છે, તો અદૃષ્ટઅપાયનો હેતુ તો હોય જ. આશય એ છે કે જેનાથી આ ભવમાં પણ

આફતોની નોબત આવે છે એવા ચોરી-લૂંટફાટ વગેરે દષ્ટઅપાયને પણ જે ટાળી શકતો નથી, એ આરંભ-સમારંભ વગેરે અદષ્ટઅપાય (પરલોકમાં દુઃખ દુર્ગતિઓની આફતોને નોંતરનાર અપાયને) તો શી રીતે ટાળી શકવાનો છે ? વળી ચોરી વગેરે પાપો પરલોકમાં પણ આફતો લાવનાર છે જ. એટલે દષ્ટઅપાયસેવી અદષ્ટઅપાયસેવી તો હોય જ. માટે તો શ્રીતત્ત્વાર્થસૂત્રકારિકામાં ૬ પુરુષોની વાતમાં દષ્ટઅપાયસેવીને અધમાધમ કહ્યા છે, જ્યારે માત્ર અદષ્ટાપાયસેવીને અધમ કહ્યા છે. એટલે જ દષ્ટઅપાયની નિવૃત્તિ થયા બાદ જ અદષ્ટ અપાયની નિવૃત્તિ શક્ય બને છે. માટે, કુતર્કવિષમગ્રહ જો દષ્ટઅપાયહેતુ છે તો એ અદષ્ટઅપાય હેતુ તો છે જ એ નિઃશંક છે.

જેમ અવેદ્યસંવેદ્યપદ જાય એટલે વેદ્યસંવેદ્યપદ આવે છે.

જેમ અસદ્બોધ જાય એટલે સદ્બોધ આવે છે. એમ કુતર્કગ્રહ જાય એટલે સુતર્ક આવે છે. એટલે સમ્યગ્દષ્ટિજીવના હૃદયમાં સહજ રીતે સુતર્ક જ સ્ફુરાયમાણ થાય છે. માટે દષ્ટિવાદને નહીં ભણેલા સમ્યગ્દષ્ટિજીવોને પણ સંજ્ઞા તો દષ્ટિવાદોપદેશિકી જ કહેવાયેલી છે. અર્થાત્ એમની સાહજિક સંજ્ઞા દષ્ટિવાદમાં રહેલી વાતોને અનુસરનારી જ હોય. જેમ તત્ત્વશુશ્રૂષા હોય તો, તત્ત્વશ્રવણ ન હોવા છતાં જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થાય છે. એમ પ્રસ્તુતમાં પણ સંજ્ઞાની બાબતમાં સમજવું જોઈએ. વેદ્યસંવેદ્યપદ પણ આ જ બાબતનું સૂચન કરે છે.. દષ્ટિવાદના જાણકાર યોગીઓ જેવું સંવેદન કરે છે એવું જ વેદ્યનું સંવેદન અંદર સ્ફુરે એવી અવસ્થા એ વેદ્યસંવેદ્યપદ. એટલે સમ્યક્ત્વીજીવના દિલમાં સહજ રીતે વાસ્તવિક શ્રદ્ધા જ ઊભી થાય છે.

**શંકા** – જો આવું જ હોય તો સમ્યક્ત્વી જીવને અતત્ત્વની, શ્રદ્ધા શક્ય જ નહી રહે. પણ શ્રીઉત્તરાધ્યયનસૂત્ર, કમ્મપયડી ગ્રંથ

વગેરેમાં તો જણાવ્યું છે કે- સમ્યગ્દષ્ટિજીવ ઉપદિષ્ટતત્ત્વની શ્રદ્ધા કરે છે ને ક્યારેક અનુપદિષ્ટની (અતત્ત્વની) પણ શ્રદ્ધા કરે છે. આ કેવી રીતે સંગત થશે ?

**સમાધાન** – માટે જ ત્યાં 'ગુરુનિયોગાત્' એમ લખ્યું છે. આશય એ છે કે સમ્યક્ત્વી જીવને પોતાની રીતે તો તત્ત્વની જ સ્ફુરણા જાગે. પણ ગુરુભગવંત પાસેથી કોઈક કારણવશાત્ અતત્ત્વની વાત મળી છે, ને એમના પ્રત્યે બહુમાન છે, 'તેઓ જ્ઞાની છે' એવી અવિહડ શ્રદ્ધા છે. એના કારણે એ વાતનો નિઃશંક સ્વીકાર થઈ ગયો હોવાથી બીજી કોઈ (વાસ્તવિક તત્ત્વની) સ્ફુરણાને અવકાશ રહેતો નથી. આમ ક્યારેક વિપરીતશ્રદ્ધા આવે તો પણ એમાં પકડ ન હોવાથી-એકાન્ત આગ્રહ ન હોવાથી - પ્રજ્ઞાપનીયતા હોવાથી ફળતઃ તત્ત્વશ્રદ્ધા જ હોય છે ને તેથી સમ્યક્ત્વ અખંડિત હોય છે.

**શંકા** – જ્ઞાનાવરણના ક્ષયોપશમની મંદતાના કારણે જેઓ દૃષ્ટિવાદ સુધી પહોંચી શક્યા નથી તેઓને પણ સમ્યક્ત્વના પ્રભાવે સહજ રીતે સંજ્ઞા તો દૃષ્ટિવાદને અનુસરીને જ સ્ફુરતી હોય તો જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમની મંદતા અકિંચિત્કર છે ?

**સમાધાન** – એ, સૂત્રની ઉપસ્થિતિમાં મંદતા લાવે છે. પણ સમજણમાં ફેર લાવી શકતી નથી. માષતુષ મુનિને સમજમાં ફેર નહોતો. જીવ જ્યારે સમ્યક્ત્વ પામે છે ત્યારે મતિજ્ઞાનાવરણ-શ્રુતજ્ઞાનાવરણ કર્મનો પણ ક્ષયોપશમ થાય છે, વિશેષ પ્રકારે અનંતા રસસ્પર્ધકનો રસઘાત થાય છે એમ શ્રી વિશેષાવશ્યકભાષ્ય, જીવસમાસ વગેરેમાં કહ્યું છે. જેમ નવકારનો ન પામવા માટે સ્થિતિ ઘટીને અંતઃકો.કો. થાય છે. એમ રસનો પણ વિશેષ ક્ષયોપશમ થાય છે. તેમ છતાં અવશિષ્ટ જે રસ ઉદયમાં હોય છે એના નિમિત્તે સૂત્રની અનુપસ્થિતિ હોય. એમ અર્થબોધ ન હોય એ પણ સંભવે

છે. છતાં જે અર્થબોધ હોય છે તે વિપરીત ન હોય, એકાંતગ્રસ્ત ન હોય. અનેકાંતવાળો જ હોય છે. એટલે જ ક્યારેક ગુરુનિયોગથી વિપરીત અર્થબોધ થાય તો પણ એમાં એકાંત આગ્રહ હોતો નથી.

પણ જેઓએ અવેદ્યસંવેદ્યપદને જીત્યું નથી એ મિથ્યાત્વીજીવોને તો દિલમાં કુતર્ક વિલસતો હોય છે. એમાં એક નયની દુર્નયરૂપ પકડ.. એકાંત આગ્રહ એ કુતર્કવિષમગ્રહ છે. અથવા જે એકનયથી પણ સત્યરૂપ ન હોય એવી ગલત પકડ, જેમ કે 'આત્મા છે જ નહીં' 'આત્મા અણુ છે' વગેરે. એ કુતર્કનો કુટિલ આવેશ છે.

એટલે ભાવાર્થ આવો મળે છે કે અવેદ્યસંવેદ્યપદ એ રાજા છે. એ જ્યાં સુધી જીતાયો નથી ત્યાં સુધી દિલમાં એના પરિવાર જેવા જાતજાતના કુતર્કો વિલસ્યા કરે છે. ને જેવો એ રાજા જીતાય છે કે તરત જ આ બધા કુતર્કો સ્વયં નિવૃત્ત થઈ જાય છે.

**પ્રશ્ન :** કુતર્કના પ્રત્યક્ષ નુકશાનો કયા છે ?

**ઉત્તર :** કુતર્ક એ ઉપશમરૂપી બગીચામાં અગ્નિની જ્વાલા સમાન છે. એટલે કે એનાથી ઉપશમભાવનો નાશ થઈ જાય છે. ઉપશમભાવ ગયો એટલે કષાયોનો ઉકળાટ આવ્યો જ સમજો. વળી કુતર્ક એ જ્ઞાનરૂપી કમલ ઉપર હિમપ્રપાતરૂપ છે. અર્થાત્ એનાથી જ્ઞાન દૂર થઈ અજ્ઞાન આવે છે. અજ્ઞાન તો સ્વયં હિંસા વગેરે બધા પાપો કરતાં મોટોમાં મોટું કષ્ટ છે. વળી કુતર્કથી શ્રદ્ધા ડગી જાય છે. ને તેથી દુઃખો આવવા પર 'આ મારા પૂર્વકૃતકર્મોનું ફળ છે' વગેરે શ્રદ્ધાવાળો જીવ જે રીતે સ્વસ્થ રહી શકે છે તે રીતે આ કુતર્કવાળો જીવ સ્વસ્થ રહી ન શકવાથી ચિંતા-ટેન્શન વગેરે ઊભા થાય છે. વળી કુતર્ક એ સુનયમાં = યોગ્ય સમજણમાં = યોગ્ય અર્થઘટનમાં અડચણરૂપ છે. એટલે અનુચિત અર્થઘટન અનેક અનર્થો ઊભા કરે

છે. આ બધા કુતર્કના પ્રત્યક્ષ અનુભવાતા અપાયો = નુકશાનો છે. ને તેથી મુક્તિના ઇચ્છુક જીવે કુતર્કનો અભિનિવેશ રાખવાના બદલે શ્રુત, શીલ અને સમાધિનો આગ્રહ રાખવો જોઈએ. આમાં શ્રુત એટલે આગમ-શાસ્ત્રો. શીલ એટલે પરદ્રોહથી વિરામ પામવું એ અને સમાધિ એટલે ધ્યાનના ફળભૂત સમાધિ.

આત્મા વગેરે અતીન્દ્રિયતત્ત્વોની સિદ્ધિ માટે કુતર્કને કોઈ અવકાશ નથી. એ માટે તો આગમ-શાસ્ત્રો એ જ વાસ્તવિક આધાર છે. એટલે અહીં આગમમાં આગ્રહ રાખવાનું જણાવ્યું છે. વળી આમગનો યોગ અવેદ્યસંવેદ્યપદને જીતવાનો ઉપાય પણ છે ને એ જીતાય એટલે કુતર્ક સ્વયં નિવૃત્ત થઈ જાય છે. માટે પણ મુમુક્ષુએ આગમના શ્રવણ-ચિંતન-મનન-પરિશીલન-અનુસરણાદિનો આગ્રહ રાખવો જોઈએ.

શીલનો અર્થ કર્યો છે પરદ્રોહવિરામ.. હિંસા-જુઠ વગેરે એક રીતે પરના દ્રોહ સમાન જ છે. એનાથી વિરામ એટલે વિરતિ. એટલે અર્થતઃ શીલ તરીકે અહીં વ્રતપાલન જ કહ્યું છે એમ સમજવું જોઈએ. માટે વ્રતપાલનનો અહિંસાદિનો આગ્રહ રાખવો જોઈએ. એ જ રીતે ધ્યાનના ફળ તરીકે જે સમાધિ કહેવાયેલ છે તેનો આગ્રહ રાખવો જોઈએ. આ ત્રણે આગ્રહ કુતર્ક-વિષમગ્રહના પ્રતિપક્ષભૂત છે એમ જાણવું.

વળી, ઉપશમપ્રધાન તપથી જેમણે માર્ગાનુસારી બોધના બાધક મોહજાળરૂપ કલ્મષને ધોઈ નાખ્યો છે એવા અધ્યાત્મના જાણકાર પતંજલિ વગેરે યોગમાર્ગજ્ઞોએ = યોગ માર્ગના જાણકારોએ ભાવી યોગીઓના હિત માટે મોહદીપસમાન વચન અત્યંત ભારપૂર્વક કહ્યું છે. કલિકાળના પ્રભાવે ભાવી યોગીઓ વિવાદબહુલ થવાના છે. એમના હિત માટે પતંજલિ વગેરે યોગજ્ઞસંતોએ મોહાન્ધકારમાં પ્રદીપ સમાન વચન કહ્યું છે.

(૧) કષાયપ્રધાન તપ કે ભૌતિક ઇચ્છાપ્રધાન તપની બાદબાકી કરવા માટે 'ઉપશમપ્રધાન' એવું વિશેષણ લગાડ્યું છે. આવો તપ જ મોહમળને ધોઈ શકે છે. એ ધોવાય એટલે બાધક કર્મ દૂર થવાથી માર્ગાનુસારી બોધ પ્રગટે છે. જૈનશાસનને નહીં પામેલા એવા પણ પતંજલિ વગેરે ઋષિઓ આ માર્ગાનુસારી બોધના પ્રભાવે જ અધ્યાત્મરૂપી યોગમાર્ગના જાણકાર છે. ને એના જાણકાર છે, માટે જ તેઓ યોગ માર્ગને અનુકૂળ વચન-નિરૂપણ કરી શકે છે-કરી શક્યા છે.

(૨) **શંકા** – શું યોગીઓ પણ વિવાદબહુલ હોય ?

**સમાધાન** - એ કલિકાળનો પ્રભાવ છે. કલિકાળના પ્રભાવે, યોગમાર્ગને સાધવા માટે પ્રસ્થિત થયેલા આત્માઓમાં પણ કુતર્ક ઊઠવાની સંભાવના છે ને એના કારણે એ જીવો વિવાદબહુલ (વિવાદ કરવામાં તત્પર) બનવાની સંભાવના છે. તેઓ કુતર્કનો પરિહાર કરી સુતર્ક અપનાવે તો વિવાદ ટળીને સંવાદ સંધાય. આ તેઓનું હિત છે. આ હિત જેનાથી સધાય એવું વચન પતંજલિ વગેરે ઋષિઓએ કહ્યું છે એનો અર્થ જ કે એ વચન, કુતર્કજન્ય વિવાદ કે જે મોહરૂપ અંધકાર છે અથવા મોહથી ફેલાયેલા અંધકાર રૂપ છે એને દૂર કરનાર છે, માટે દીપકસમાન છે. આ કુતર્કજન્યવિવાદ યોગમાર્ગનું દર્શન થવા દેતો નથી. તેથી એને અહીં અંધકારરૂપ કહેલ છે એ જાણવું.

**પ્રશ્ન** : મોહના અંધકાર માટે દીપકસમાન એ વચન કયું છે? જે પતંજલિ વગેરે મહર્ષિઓએ કહ્યું છે.

**ઉત્તર** : *'વાદ અને પ્રતિવાદ કરતાં વાદીઓ ક્યારેય પણ આત્માદિ અતીન્દ્રિય તત્ત્વનો નિશ્ચય પામતા નથી..'* આવું એ

વચન છે. આશય એ છે કે વાદ એટલે પૂર્વપક્ષ અને પ્રતિવાદ એટલે વાદનું પ્રતિવચન.. વાદનો પ્રતિવાદીએ આપેલો જવાબ. બધા જ દર્શનવાળા વાદી-પ્રતિવાદીઓ મુમુક્ષુ છે તથા પોતપોતાના શાસ્ત્રમાં જે રીતે અસિદ્ધિ વગેરે એક પણ હેત્વાભાસ ન જણાય એવા નિશ્ચિત વચનો કહે છે. તો પણ આત્માદિ અતીન્દ્રિય પદાર્થોનું વાસ્તવિક સ્વરૂપ વગેરેનો નિઃશંકનિશ્ચયરૂપ અંત પામતા નથી. જેમ તલને પીલનારો ઘાંચીનો બળદ ગમે એટલું ભમવા છતાં ગતિનો અંત પામતો નથી, એમ.

આશય એ છે કે વાદસભામાં વાદીએ સ્વપક્ષને રજુ કર્યો. પ્રતિવાદી અનુમાનપ્રયોગ દ્વારા એનો જવાબ આપે છે. એ એવો અનુમાનપ્રયોગ આપે છે કે જેમાં એકપણ હેત્વાભાસ = દોષ રહેલો નથી. અનુમાનનો હેતુ અનુમાનના પક્ષમાં ન રહે તો અસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે. જ્યાં સાધ્ય ન હોય ત્યાં પણ જો હેતુ રહી જતો હોય તો અનૈકાન્તિક = વ્યભિચાર નામનો હેત્વાભાસ કહેવાય છે. સાધ્યના બદલે સાધ્યભાવને સિદ્ધ કરી આપતો હેતુ વિરુદ્ધ કહેવાય છે. આવા કોઈપણ હેત્વાભાસ વિનાનો અનુમાન પ્રયોગ બધાએ સ્વીકારવાનો રહે છે. પ્રતિવાદી તરફથી આવો અનુમાનપ્રયોગ થયો હોવા છતાં વાદી એને સ્વીકારતો નથી. અલબત્ વાદી અને પ્રતિવાદી બંને પોતપોતાના શાસ્ત્રમાં કહ્યા મુજબ જ પોતપોતાની વાત રજુ કરે છે. જેમકે વાદી કહે છે : આત્મા ક્ષણિક છે. તો પ્રતિવાદી કહે છે. આત્મા અક્ષણિક = નિત્ય છે, કારણકે પૂર્વઅનુભૂતને યાદ કરે છે... પ્રતિવાદીનો આ અનુમાન પ્રયોગ નિર્દોષ હોવા છતાં, વાદીને સ્વપક્ષનો અભિનિવેશ = કદાગ્રહ એ એક એવો વિવેકચક્ષુપર બાંધેલો પાટો છે કે જેના કારણે એ વિચારાંધ બને છે ને તેથી પ્રતિવાદીની સાચી વાત પણ સમજી શકતો નથી, સ્વીકારી શકતો નથી. ને એમાં કાલ્પનિક દૂષણો (દૂષણાભાસ)

ઊભા કર્યા કરે છે. પોતાની માન્યતાના (ક્ષણિકતાના) ગાણાં ગાયા કરે છે. સામા પક્ષે પ્રતિવાદીની પણ આવી જ હાલત હોય છે. એટલે બંને વિવિધ રીતે પોતપોતાની વાતો રજુ કરતા હોવા છતાં એકેયને તત્ત્વની પ્રાપ્તિ થતી નથી. અર્થાત્ તત્ત્વનો અંત = નિઃશંક નિશ્ચય પામી શકતા નથી. અને તેથી વાદ-પ્રતિવાદ લંબાયા જ કરે છે. જેમ ઘાંચીનો બળદ આંખે પાટા હોવાથી 'હું કેટલું ભમ્યો?' એ જાણી શકતો નથી એમ આ વાદી-પ્રતિવાદી પણ અમે કેટલું બોલ્યા ? એ પણ જાણે કે જાણી શકતા નથી. પોતપોતાની માન્યતામાં કદાગ્રહી બનેલા બૌદ્ધ વગેરે બધા જ દર્શનવાળાઓ મુમુક્ષુ હોવા છતાં આ રીતે વાસ્તવિક આત્મસ્વરૂપને જાણી શકતા નથી. માટે વાદ-પ્રતિવાદ કરાવનાર કુતર્કને છોડીને આગમ વગેરેમાં આગ્રહ રાખવો જોઈએ.

આ કુતર્ક અવિદ્યાનિર્મિત હોય છે ને માટે વાસ્તવિક દૂષણ દર્શાવનારો નહીં, પણ દૂષણાભાસ દર્શાવનારો હોય છે, માટે મોક્ષના ઇચ્છુકે એને ત્યજવો જોઈએ. કુતર્ક કેવી રીતે દૂષણ દર્શાવે છે. ને તેથી એ વસ્તુતઃ દૂષણ ન રહેતાં દૂષણાભાસ રહે છે એ દર્શાવવા શાસ્ત્રોમાં નવો ન્યાય ભણી રહેલો વિદ્યાર્થી અને હાથીનું દૃષ્ટાંત આપવામાં આવે છે. તે આ રીતે -

નવો નવો ન્યાય ભણી રહેલો વિદ્યાર્થી નદીએ સ્નાન કરવા જઈ રહ્યો હતો. સામેથી હાથી આવી રહ્યો છે, જેના પર એનો મહાવત બેસેલો છે. વિદ્યાર્થી બરાબર હાથીની સામે જ હાથીના માર્ગમાં જ ચાલી રહ્યો હતો. એ જોઈને મહાવત એને સાવધ કરે છે કે 'એય ! બાજુ પર ખસી જા, નહીંતર હાથી તને મારી નાખશે.' એ વખતે એ વિદ્યાર્થી બાજુ પર હટી જવાના બદલે સ્વપંડિતાઈનું (!) પ્રદર્શન કરવા કુતર્ક કરે છે કે હાથી પ્રાપ્ત થયેલાને મારશે કે

અપ્રાપ્ત ને ? (અર્થાત્ હાથી અડીને મારશે કે અડ્યા વગર ?) જો પહેલો વિકલ્પ લેવામાં આવે તો હાથી સૌપ્રથમ તને (મહાવતને) જ મારશે, કારણ કે તને અડીને રહેલો છે. અને જો અડ્યા વગર મારતો હોય તો તો ત્રણ જગત્‌માંથી કોઈને પણ મારી નાખશે. કારણ કે બધાને એ સમાન રીતે અડ્યા વિના રહ્યો છે. (આમાં એનો અભિપ્રાય એવો છે કે જો હાથી અડીને મારતો હોય તો તો સૌપ્રથમ તને મારવો જોઈએ, કારણ કે તને અડીને જ રહેલો છે પણ તને માર્યો નથી. એનો મતલબ હાથી અડીને તો મારતો નથી. તેથી મારે ખસવાની જરૂર નથી. ને જો હાથી અડ્યા વગર મારતો હોય તો પણ મારે ખસવાની કોઈ જરૂર નથી. કારણ કે અત્યારની જેમ પછી પણ એ સમાન રીતે અડ્યા વગરનો જ રહેવાનો છે. એટલે અત્યારે એ નથી મારતો તો પછી પણ એ નથી જ મારવાનો. માટે હાથી, અડીને કે અડ્યા વગર બંને વિકલ્પમાં મારતો ન હોવાથી 'હાથી મારી નાખશે' આ વાત ખોટી છે ને મારે ખસવાની કોઈ જરૂર નથી. અલબત્ હાથીએ એને પકડ્યો જ, ને જો મહાવતે એને બચાવ્યો ન હોત તો મારી પણ નાખત જ. માટે એનો કુતર્ક દૂષણ નથી પણ દૂષણાભાસ છે, જાતિપ્રાયઃ છે.

અનાવશ્યક રીતે - અયોગ્ય રીતે જે પોતાના માર્ગમાં આવે એને હાથી મારી નાખે. આ વાસ્તવિકતા છે - પ્રસ્તુત એવો વસ્તુ અંશ છે. પેલા વિદ્યાર્થીએ આ વસ્તુઅંશ કરતાં અન્ય જ બે વિકલ્પો કર્યા. બંને વિકલ્પો પ્રતીતિથી પણ બાધિત છે ને ફળથી પણ બાધિત છે. મહાવત હાથી પર બેઠો છે, અડીને રહેલો છે, પણ હાથી એને મારવા જ માગતો નથી ને તેથી મારતો નથી. 'અડીને રહેલો છે' માટે મારતો નથી એવું કોઈ પ્રતીત કરતું નથી. માટે એ વિકલ્પ પ્રતીતિથી બાધિત છે. 'અડ્યા વગર તો કોઈને મારી શકે નહીં' એ

પણ બધાને સુપ્રતીત છે. તેથી 'અડ્યા વગર મારશે' એવો વિકલ્પ પણ પ્રતીતિથી બાધિત છે. વળી મારવાની નોબત આવી જ ગઈ છે તેથી ફળથી પણ એ બંને બાધિત છે. આમ આ કુતર્ક જાતિપ્રાયઃ છે ને બાધ્ય છે.

કુતર્કની ત્યાજ્યતા માટે આ હાથી-વિદ્યાર્થીનું દૃષ્ટાંત આપણે જોયું. હવે એની દાર્ષ્ટાન્તિકમાં ઘટના વગેરે આપણે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૩૧

નવો નવો ન્યાય ભણી રહેલો વિદ્યાર્થી અને સામે આવી રહેલો હાથી... એ દૃષ્ટાંત, કુતર્કની ત્યાજ્યતા માટે ગયા લેખમાં છેલ્લે જોયેલું. એનો ઉપસંહાર અને દાર્ષ્ટાન્તિકમાં ઘટના હવે જોઈએ -

એ દૃષ્ટાંતમાં, વિદ્યાર્થી માટે 'હાથીનો માર્ગ' ત્યાજ્ય છે. પણ એનો ત્યાગ ન કરવા (માર્ગ ન છોડવા) માટે એણે અપ્રસ્તુત બે વિકલ્પો કર્યા. પણ માર્ગ ત્યાગ ન કર્યો તો આફત આવીને ઊભી રહી. એમ શાસ્ત્રોમાં હિંસાને ત્યાજ્ય-હેય કહી છે. પણ હિંસા ન છોડવા માટે કોઈક શિકારી કુતર્ક કરે છે કે - શિકાર થઈ રહેલા હરણના પાપકર્મનો એ વખતે ઉદય છે કે નહીં ? જો ઉદય છે, તો એ પાપના ઉદયે જ એ મરવાનું છે, પછી મને હિંસાનો દોષ નહીં લાગે. ને જો એના પાપનો ઉદય નથી, તો હું ગમે એટલા બાણ છોડું, છતાં એ મરવાનું નથી જ. માટે પણ હિંસાદોષ થવાનો નથી. તેથી 'હિંસા ત્યાજ્ય છે' એવી શાસ્ત્રોક્ત વાત ખોટી છે. આવો કુતર્ક

કરીને શિકારી હરણને મારવા બાણ છોડે તો, હરણ મરે કે ન મરે... એને હિંસાજન્ય તો આફતો ભવિષ્યમાં આવવાની જ છે.

આ કુતર્ક સામે સદ્ગુરુદેવ યોગ્ય સમજણ આપે છે કે - શિકારીએ છોડેલા બાણરૂપ દ્રવ્યને પામીને ઉદયમાં આવવું.... આવું હરણનું કર્મ છે. એ નિકાચિત હોય તો તો એવું બાણ છૂટે જ છે ને એને મરવું જ પડે છે. ને એ અનિકાચિત હોય તો જો એ બાણ ન છૂટ્યું હોત એ કર્મ ઉદયમાં ન આવત ને એને મરવું ન પડત. શિકારીને પોતાના હિંસાત્મક અશુભભાવોના કારણે પાપ લાગે છે ને ભવિષ્યમાં દુર્ગતિ વગેરે થાય છે. આ રીતે, કુતર્કરૂપી હાથીની પકડમાંથી ગુરુદેવ શિષ્યને છોડાવે છે.

આવું જ ઉપાદેય અંગે જાણવું. શાસ્ત્રોમાં કહ્યું છે કે કર્મનિર્જરા માટે તપ કરવો જોઈએ. એટલે તપ ન કરનાર કોઈ જીવ કુતર્ક કરે છે કે જે કર્મોની નિર્જરાની તમે વાત કરો છો એ કર્મો એ વખતે તૂટી જનારા હોય છે કે ન તૂટી જનારા ? પ્રથમ વિકલ્પમાં, તપ ન કરો તો પણ એ તૂટી જ જનારા છે, પછી તપની શી જરૂર ? ને બીજા વિકલ્પમાં, તપ કરો તો પણ એ તૂટનારા નથી જ, કારણ કે એ વખતે ન તૂટવાનો એનો સ્વભાવ છે. તો પછી તપની શી જરૂર ? આમ બંને વિકલ્પોથી જણાય છે કે તપ ઉપાદેય નથી, પણ હેય છે. તપના ઉપાદેય અંશથી ભિન્ન આવા બે વિકલ્પો કરીને તપ છોડી દેનારને, કર્મનિર્જરાથી વંચિત રહેવાનું નુકશાન થાય જ છે. સદ્ગુરુદેવ, આવા કુતર્ક કરનારને સમજાવે છે કે - કેટલાક અશુભ કર્મો એવા સ્વભાવના હોય છે કે તપરૂપી શુભભાવને પામી નિર્જરી જવું. એટલે તપ કરવાથી એ કર્મોની નિર્જરા થઈ જાય છે. પણ જો તપ કરવામાં ન આવે તો એ કર્મો અક્ષત રહેવાથી જ્યારે ઉદયમાં આવે છે ત્યારે જીવે ઢગલાબંધ દુઃખો વેઠવા પડે છે. તપ કરી કર્મનિર્જરા સાધી લેનારને આ દુઃખોમાંથી છુટકારો મળી જાય છે.

આમ બધા વિકલ્પો જાતિપ્રાયઃ હોય છે ને બાધ્ય હોય છે. તેથી આવા વિકલ્પો ઊઠાવનાર કુતર્ક ત્યાજ્ય છે. વળી કુતર્કવાદીએ છેલ્લા જવાબ તરીકે 'સ્વભાવ' કહેવાનો હોય છે, માટે પણ એ ત્યાજ્ય છે.

આશય એ છે કે કુતર્ક વસ્તુ જ એવી છે જેનો જવાબ હોય જ. જેનો જવાબ ન હોય એવો તર્ક તો સુતર્ક જ હોય. એટલે કુતર્કવાદીની સામે જ્યારે જવાબ આપવામાં આવે છે ત્યારે એ નવો કુતર્ક શોધે છે. અલબત્ એ પણ કુતર્ક જ હોવાથી એનો પણ જવાબ હોય જ છે. આવી પરંપરામાં કુતર્કવાદીને જ્યારે નવો કોઈ જવાબ મળતો નથી ત્યારે છેવટના જવાબ તરીકે એ 'સ્વભાવ' ને કહે છે. न च स्वभावो पर्यनुयोगमर्हति ન્યાયે સ્વભાવ એવો જવાબ છે કે જેની સામે કોઈ પ્રશ્ન ઊઠાવી ન શકાય. ઠંડું હોવું એ પાણીનો સ્વભાવ છે. એનો સ્વભાવ એવો શા માટે છે ? એવો પ્રશ્ન ઊઠાવી શકાતો નથી.

આની સામે ગ્રંથકાર કહે છે કે સ્વભાવ પણ તત્ત્વતઃ છદ્મસ્થજ્ઞાનનો વિષય નથી. એટલે કે જે આત્માદિ પદાર્થો અતીન્દ્રિય છદ્મસ્થના વિષય નથી એ અતીન્દ્રિય પદાર્થોનો સ્વભાવ પણ, તાત્ત્વિક રીતે વિચારીએ તો છદ્મસ્થનો વિષય નથી. માત્ર કલ્પના જ કરવાની હોય તો વાત જુદી છે. પણ પછી એ મળતો સ્વભાવ કલ્પનાશિલ્પનિર્મિત જ હોય, વાસ્તવિક-તાત્ત્વિક નહીં. એટલે જ એક વાદી એનો એક સ્વભાવ કલ્પી લે કે 'આત્મા એકાંતે ક્ષણિક છે' તો બીજો વાદી એનો એનાથી સાવ વિપરીત એવો 'આત્મા એકાંતે નિત્ય છે' એવો સ્વભાવ પણ કલ્પી શકે છે, કલ્પે છે. તે આ રીતે -

પાણીનો ઠંડક કરવાનો સ્વભાવ જગપ્રસિદ્ધ છે. છતાં કોઈક પ્રતિવાદી આનાથી સાવ વિપરીત સ્વભાવ કલ્પે છે કે દાહ કરવો એ પાણીનો સ્વભાવ છે. આ બાબતમાં એ કેવી ચર્ચા કરે છે એ આપણે જોઈએ.

**વાદી :** પાણીનો શીત સ્વભાવ છે.

**પ્રતિવાદી :** ના, પાણીનો દાહક સ્વભાવ છે.

**વાદી :** એમાં તો પ્રત્યક્ષ વિરોધ છે, પાણી દાહ કરતું હોય એવું ક્યારેય પ્રત્યક્ષ થતું નથી, ઉપરથી ઠંડક કરતું હોય એવું જ પ્રત્યક્ષ હોય છે.

**પ્રતિવાદી :** પાણીથી થોડે દૂર અગ્નિ છે. ને એ અગ્નિની બાજુમાં માણસ ઊભો છે. શું એ માણસને દાહ નથી થતો ? એ દાહ પાણીથી જ થયેલો છે, કારણ કે 'અગ્નિના સાંનિધ્યમાં રહેલને દાહ કરવો' એવો પાણીનો સ્વભાવ છે.

**વાદી :** પાણી તો માણસથી દૂર છે. એ કેવી રીતે દાહ કરી શકે ?

**પ્રતિવાદી :** શું દૂર રહેલ લોહચુંબક લોખંડને આકર્ષવાનું પોતાનું કામ નથી કરતું ? એટલે 'દૂર હોવાપણું' એ સ્વકાર્યમાં પ્રતિબંધક બની શકતું નથી. તેથી 'પાણી દૂર છે, માટે એ દાહ કરતું નથી' એવું કહેવામાં કોઈ પ્રયોજક તર્ક નથી.

**વાદી :** જો પાણીનો દાહ કરવાનો જ સ્વભાવ છે તો અગ્નિના સાંનિધ્યની શી જરૂર છે ?

**પ્રતિવાદી :** અરે ! 'અગ્નિના સાંનિધ્યમાં રહેલને દાહ કરવો' એવો જ એનો સ્વભાવ છે. માટે એના સાંનિધ્યની જરૂર છે.

**વાદી :** પાણીનો અગ્નિના સાંનિધ્યમાં જ દાહ કરવો, એ વગર નહીં આવો જ કેમ સ્વભાવ છે ?

**પ્રતિવાદી :** સ્વભાવ અંગે, 'આનો આવો જ કેમ સ્વભાવ છે, ને આવો કેમ નથી ?' વગેરે પ્રશ્નો પૂછી શકાતા નથી. અર્થાત્ સ્વભાવ અપર્યનુયોજ્ય હોય છે. નહીંતર તો કસ્તુરી કેમ સુગંધી છે ને લસણ કેમ દુર્ગંધી છે ? સ્વભાવ અંગેના એવા હજારો પ્રશ્નો ઊભા થશે.

**વાદી :** એ તો કસ્તુરીમાં એવી કોઈ વિશેષતા છે જે લસણમાં નથી, માટે કસ્તુરી સુગંધી છે, લસણ નથી.

**પ્રતિવાદી :** એ વિશેષતા કસ્તુરીમાં જ કેમ છે ? ને લસણમાં કેમ નથી ? આવી પ્રશ્નોની વણથંભી હારમાળા ચાલ્યા જ કરશે. કસ્તુરી 'કસ્તુરી' છે. માટે સુગંધી છે ને લસણ 'લસણ' છે, માટે દુર્ગંધી છે. એટલું જ માની શકાય છે, એમાં બીજા કોઈ વિશેષને (વિશેષતાને) વિનિગમક તરીકે (જુદા-જુદા સ્વભાવનો નિશ્ચય કરાવનાર તરીકે) માની શકાતો નથી. તેથી 'અગ્નિના સાંનિધ્યમાં રહેલને દાહ કરવો' આવો પાણીનો સ્વભાવ માનવો જોઈએ.

પ્રતિવાદી આવું કહે તો વાદી પાસે એનો શું જવાબ છે ? અર્થાત્ કોઈ જવાબ નથી. અને તેથી વાદનો અંત ન આવવાથી વાસ્તવિક કોઈ નિશ્ચય થઈ શકતો નથી. વળી દૃષ્ટાંત મળવા બધી બાબતોમાં સુલભ હોવાથી અલગ પ્રકારનો સ્વભાવ માનવાનો વિકલ્પ ઊભો કરનાર કુતર્કને કોઈ અટકાવી શકતું નથી. કલ્પનાનું ગૌરવ વગેરે પણ એને અટકાવી શકતા નથી. આમાં આવો આશય છે કે -

દુનિયા વિચિત્રતાઓથી ભરેલી છે. એટલે જેવું દૃષ્ટાંત જોઈએ એવું દૃષ્ટાંત વિના તકલીફે મળી જ રહે છે. અને તેથી એવો કોઈ

દૃષ્ટાંતનો સહારો લઈને, આબાળગોપાળ પ્રસિદ્ધ સ્વભાવ કરતાં અન્ય પ્રકારે સ્વભાવનો વિકલ્પ ઊભો કરનાર કુતર્કને અટકાવી શકાતો નથી. 'સાકરના સાંનિધ્યમાં મરચું મિઠાશ આપે છે.' આવી વાતનો નિષેધ શક્ય નથી જ એ સ્પષ્ટ છે. એમ અગ્નિના સાંનિધ્યમાં પાણી દાહ કરે છે આવા કુતર્કને કોણ અટકાવી શકે ?

**શંકા** – કલ્પનાગૌરવ જ એને અટકાવી શકે. પાણીનો દાહ સ્વભાવ માનવા માટે સર્વત્ર અગ્નિનું સાંનિધ્ય માનવું જરૂરી બને છે. જે વ્યર્થ કલ્પનાગૌરવ છે. માટે એનો દાહસ્વભાવ માનવો શક્ય નથી.

**સમાધાન** – સંગતિથી સિદ્ધ થયેલા સ્વભાવને બાધિત કરવા માટે કલ્પનાગૌરવ વગેરે સમર્થ નથી. નહીંતર તો આત્માને શરીરવ્યાપી-સંકોચ વિકાસશીલ માનવામાં ગૌરવ હોવાથી એવો નહીં માની શકાય. એટલે જ જણાય છે કે હજારો કલ્પના કર્યા પછી પણ સ્વભાવને બદલી શકાતો નથી. અર્થાત્ આત્માને અણુ માનવામાં લાઘવ છે. અંગુઠા જેટલો માનવામાં લાઘવ છે. વિભુ માનવામાં લાઘવ છે... વગેરે ગમે એટલી કલ્પના કરો પણ સંગતિસિદ્ધ એવા શરીરવ્યાપિત્વ-સંકોચવિકાસશીલત્વ સ્વભાવને બદલી શકાતો નથી, અર્થાત્ ગલત ઠેરવી શકાતો નથી. એટલે જ જણાય છે કે કલ્પનાલાઘવથી પણ બીજો સ્વભાવ માની શકાતો નથી. તેથી, પાણીનો શીત સ્વભાવ માનવા માટે અગ્નિના સાંનિધ્યને માનવાની જરૂર રહેતી ન હોવાથી શીત સ્વભાવ માનવો જોઈએ. એ રીતે અગ્નિનો દાહ સ્વભાવ માનવા માટે જળના સાંનિધ્યની જરૂર ન હોવાથી એમાં લાઘવ છે. માટે દાહસ્વભાવ માનવો જોઈએ. આવી બધી લાઘવની કલ્પનાથી પણ બીજા (ઠંડા-ગરમ) સ્વભાવ માની શકાતા નથી.

આ તો માત્ર દિગ્દર્શન છે. બાકી કુતર્કવાદીને આગળ પણ જે જે કહેવામાં આવે તેના એ પોતાના કુતર્કના જોરે ને દૃષ્ટાંતોની સુલભતાના જોરે નવા નવા જવાબો કલ્પી કાઢે છે ને વાદ લંબાયા જ કરે છે, એનો ક્યારેય છેડો આવતો નથી. આમ કુતર્કવાદીને કોઈ અટકાવી શકતું નથી. માટે કુતર્કના પનારે પડવા કરતાં શ્રુત, શીલ અને સમાધિમાં આગ્રહવાળા બનીને આત્માને પામવાનો પુરુષાર્થ આદરવો જોઈએ. બાકી તો, બે ચંદ્ર ન હોવા છતાં આંખના રોગીને બે ચંદ્ર દેખાય છે. એટલે જણાય છે કે આંખથી જે દેખાય છે તે હોતું નથી. માટે આંખથી દેખાતા હોવા છતાં ઘટ-પટ કશું વસ્તુતઃ હોતું નથી, માત્ર દેખાવું = જ્ઞાન જ હોય છે. રાજમહેલ ન હોવા છતાં સ્વપ્નમાં દેખાય છે, જળ ન હોવા છતાં મૃગજળમાં તે દેખાય છે. એ જ રીતે ઘટ-પટ કશું ન હોવા છતાં દેખાય છે. બાકી વસ્તુતઃ ઘટ-પટ વગેરે બધું જ શૂન્ય છે. તથા તે તે જ્ઞાન નિર્વિષય હોય છે. આવું બૌદ્ધદર્શનનો યોગાચારમત કહે છે. તેઓ અનુમાન પ્રયોગ આપે છે કે, ઘટ-પટ વગેરે વસ્તુતઃ છે નહીં, કારણ કે 'જણાય છે', જેમ કે દ્વિચન્દ્ર. એમ જ્ઞાન વિષય વિનાનું નિર્વિષય હોય છે, કારણ કે 'જ્ઞાન' છે, જેમ કે સ્વપ્નજ્ઞાન.

આવા બધા અનુમાનપ્રયોગોમાં માત્ર ઉદાહરણ હોય છે, પણ વ્યાપ્તિ હોતી નથી. માટે એ કુતર્કરૂપે હોય છે. તેથી એનાથી સર્યું.

ધુમાડો અને અગ્નિ આ બંને ઇન્દ્રિયના વિષય છે. એટલે ભૂયોદર્શન વગેરે પરથી તર્ક નિશ્ચિત થાય છે કે જ્યાં ધૂમ હોય ત્યાં અગ્નિ હોય જ, વગેરે. પણ અતીન્દ્રિયવસ્તુ છદ્મસ્થનો વિષય જ ન હોવાથી છદ્મસ્થ જીવો આ રીતે કોઈ તર્ક કરી શકવાની સ્થિતિમાં જ હોતા નથી. ને છતાં કોઈ એ માટે પ્રયત્ન કરે તો એ કુતર્ક જ હોય,

તર્ક નહીં. એટલે, કુતર્કને તો ક્યાંય અવકાશ જ હોતો નથી. ને અતીન્દ્રિયવિષયમાં તર્કને પણ અવકાશ હોતો નથી, એવો અર્થ સમજવો જોઈએ.

**પ્રશ્ન :** જો આત્મા વગેરે અતીન્દ્રિયપદાર્થો અંગે તર્કને કે કુતર્કને અવકાશ નથી, તો શાને અવકાશ છે ?

**ઉત્તર :** અતીન્દ્રિયપદાર્થોની સિદ્ધિમાં શાસ્ત્રને જ અવકાશ છે, કારણ કે તે અતીન્દ્રિયપદાર્થને સાધી આપવામાં સમર્થ હોય છે, શુષ્ક તર્ક એવો સમર્થ હોતો નથી. શાસ્ત્રના આ બાબતના સામર્થ્યની પ્રતીતિ ચંદ્રગ્રહણ-સૂર્યગ્રહણ વગેરે અંગેની સંવાદી વાતોથી થાય છે. તેથી કુતર્કમાં આગ્રહ રાખવાના બદલે શાસ્ત્રપ્રત્યે શ્રદ્ધાવાન બનવું જોઈએ. આશય એ છે કે આત્મા-ધર્મ વગેરે અતીન્દ્રિય હોવાથી પ્રત્યક્ષનો વિષય નથી. વળી તર્કને અવકાશ ન હોવાથી અનુમાનનો પણ વિષય નથી. હા, ત્રીજું શબ્દપ્રમાણ.. એટલે કે શાસ્ત્રનો એ વિષય છે. તેથી શાસ્ત્ર પરથી એ જાણી શકાય છે.

**શંકા –** પણ શાસ્ત્રમાં જે કહ્યું છે તે સત્ય જ છે એવો નિશ્ચય શી રીતે કરવો ?

**સમાધાન –** જો અમુક બાબતમાં સંવાદ છે તો આત્મા વગેરે બાબતમાં પણ સંવાદ માની શકાય છે.

**શંકા –** જેમાં સંવાદ ચકાસવાનો છે તે અમુક બાબત તરીકે જો આત્મા વગેરે અતીન્દ્રિય બાબતો લેવાની હોય તો આપણે સંવાદ ચકાસી શકવાના જ નથી, કારણ કે એ બાબતો આપણો વિષય જ નથી. એ બાબત તરીકે આપણો વિષય બનનાર ઘટ-પટ વગેરે લેવાના હોય તો એ બાબતમાં તો આપણે પણ 'આ ઘડો ભૂમિ પર છે' વગેરે રૂપ સંવાદીવચન બોલી શકતા હોવાથી આપણે આત્મા

વગેરે અંગે આડેધડ જે કાંઈ બોલીએ છીએ એ બધાને પણ સંવાદીવચન માનવાની આપત્તિ આવે. તો શાસ્ત્રવચનના સંવાદને ચકાસવાનો શામાં ?

**સમાધાન** – જે બાબતો અમુક રીતે અતીન્દ્રિય હોય ને અન્ય રીતે આપણો વિષય હોય એવી બાબતોમાં. જેમ કે સૂર્યગ્રહણ-ચંદ્રગ્રહણ... એ જ્યારે થાય છે ત્યારે આપણો વિષય હોય છે. પણ એ પૂર્વે, 'એ ક્યારે થશે ? કેટલું થશે ? કેટલો કાળ ચાલશે ?' વગેરે બાબતો અતીન્દ્રિય હોય છે. એના અતીન્દ્રિયપણામાં શાસ્ત્રમાં જે રીતે કહ્યું હોય છે એ જ રીતે વાસ્તવિક જ્યારે થાય છે ત્યારે સંવાદનો નિશ્ચય થઈ જાય છે. તેથી કુતર્કનો આગ્રહ છોડી આવા સંવાદીશાસ્ત્રમાં શ્રદ્ધા વગેરેનો પ્રયત્ન કરવો જોઈએ. જેથી તત્ત્વ પામી શકાય.

**શંકા** – કોઈક શાસ્ત્ર આત્માને નિત્ય કહે છે, કોઈક અનિત્ય કહે છે. આમ શાસ્ત્રોમાં ભેદ હોવાથી એના પર શ્રદ્ધા શી રીતે થાય ?

**સમાધાન** – તાત્ત્વિક રીતે વિચારીએ... એટલે કે ધર્મવાદની અપેક્ષાએ તાત્પર્યગ્રહ કરીએ તો શાસ્ત્રભેદ છે નહીં, કારણ કે શાસ્ત્રકારોમાં ભેદ નથી. અર્થાત્ તે તે ધર્મના પ્રણેતાઓમાં ભેદ છે નહીં, છતાં તેઓમાં ભેદ માનવો એ અજ્ઞાન છે, એ મૂઢતા છે.

**શંકા** – પણ દેશનામાં ભેદ છે, તો ભેદ કેમ નહીં માનવાનો ?

**સમાધાન** – જુદા જુદા નયની અપેક્ષાએ તે તે દર્શનકારોએ દેશના આપી હોવાથી એમાં આપણને ભેદ પ્રતીત થાય છે. પણ બધાએ જ ભવરૂપવ્યાધિનો પ્રતિકાર કરવા માટે જ દેશના આપી હોવાથી બધા નિર્દોષ છે ને તેથી એ બધાનું ઐક્ય છે - અભેદ છે. શ્રીયોગદષ્ટિસમુચ્ચયગ્રંથમાં પણ કહ્યું છે કે *ઘણા સર્વજ્ઞો પણ તત્ત્વતઃ ભિન્ન મતવાળા નથી. તેથી તેઓ પ્રત્યેની શ્રદ્ધાવાળા જીવો તેઓનો*

*ભેદ માને તો એ તેઓનો મોહ છે.*

નિત્યત્વ-અનિત્યત્વ - વગેરે અલગ અલગ વાતો કરનારા દર્શનકારોમાં પણ કઈ રીતે અભેદ છે ? એની વાતો વિસ્તારથી આગામી લેખમાં સમજીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૩૨

જુદા જુદા દર્શનકારોનો ઉપદેશ જુદો જુદો જણાતો હોવા છતાં તેઓમાં ને તેઓની દેશનામાં તત્ત્વતઃ ભેદ હોતો નથી, એ વાત અનેક રીતે આ લેખમાં વિચારીએ.

જૈનદર્શનના શાસ્ત્રો ને સાંખ્ય વગેરે અન્ય દર્શનના શાસ્ત્રો.. એમાં શબ્દથી ભેદ તો છે જ. અર્થથી ભેદ છે ? આ જ્યારે વિચારીએ ત્યારે જણાય છે કે શ્રુતજ્ઞાન સુધી ભેદ છે, આગળ નથી. આશય એ છે કે પૂર્વે બીજી બત્રીશીમાં બોધના શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન ને ભાવનાજ્ઞાન એમ ત્રણ પ્રકાર કહેવાઈ ગયા છે. જેનો બોધ હજુ શ્રુતજ્ઞાન સુધી જ પહોંચ્યો છે એને અર્થભેદ પણ ભાસે છે. પણ જો ધર્મવાદ છે તો વિજય પામવાની નહીં, પણ તત્ત્વ પામવાની ઇચ્છા હોવાથી અભિનિવેશ નથી. ને તેથી કોષ્ઠગતબીજસન્નિભ છે. અર્થાત્ યોગ્યતારૂપે ચિંતાજ્ઞાન ને ભાવનાજ્ઞાનનો અંશ છે. માટે, શ્રુતજ્ઞાન સુધી જ પહોંચેલા એમાં અર્થભેદ માનતા હોય તો પણ યોગ્યતારૂપે અભેદની માન્યતા પડેલી છે. કારણ કે ભાવનાજ્ઞાન સુધી પહોંચેલા મહાત્માઓ એમાં અર્થભેદ માનતા નથી. તે આ રીતે -

(૧) જૈનદર્શનના ગ્રંથોરૂપ દ્વાદશાંગી ક્ષાયોપશમિકભાવથી જન્ય છે. પ્રભુએ 'दव्वगुणपज्जवेहिं तित्थं अणुजाणामि....' એમ

મહોરછાપ મારી એટલે એ 'પ્રમાણ' બની. અન્યથા સન્નયરૂપ જ રહેત.

કપિલ વગેરે અન્યદર્શનકારોએ પોતાના ગ્રન્થો પણ ક્ષાયોપશમિકભાવથી જ બનાવ્યા છે. એટલે એમાં જે સન્નય હોય તે સર્વજ્ઞને માન્ય જ હોય છે. તેથી જ અકરણનિયમાદિની અવજ્ઞાને દ્વાદશાંગીની અવજ્ઞા કહી છે, સર્વજ્ઞની અવજ્ઞા કહી છે.

(૨) आकालमियमाज्ञा ते हेयोपादेयगोचरा ।
आश्रवः सर्वथा हेय उपादेयश्च संवरः ॥ ५ ॥
आश्रवो भवहेतुः स्यात्संवरो मोक्षकारणम् ।
इतीयमार्हती मुष्टिरन्यदस्याः प्रपञ्चनम् ॥ ६ ॥

વીતરાગસ્તોત્રમાં કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યે જણાવ્યું છે કે, *હે પ્રભુ ! અનાદિકાળથી તારી હેય-ઉપાદેય અંગે આ આજ્ઞા છે કે આશ્રવ સર્વથા હેય છે, ને સંવર ઉપાદેય છે.*

*આશ્રવ સંસારનો હેતુ બને છે ને સંવર મોક્ષનું કારણ બને છે, આ શ્રી અરિહંતપ્રભુનો મૂળભૂત મુદ્રાલેખ છે, બાકીનાં દ્વાદશાંગી વગેરે બધાં શાસ્ત્રો એનો વિસ્તાર છે.*

કપિલ વગેરે અન્યદર્શનકારોની પણ મૂળવાત આ જ છે કે આશ્રવ સંસારનો હેતુ હોવાથી હેય છે ને સંવર-નિર્જરા મોક્ષનું કારણ હોવાથી ઉપાદેય છે. એટલે તેઓ પણ સર્વજ્ઞની આજ્ઞા માને છે. તેઓએ પણ આ જ મૂળવાતનો પોતાના ક્ષયોપશમ મુજબ પોતાના શાસ્ત્રોમાં વિસ્તાર કર્યો છે. હા... ક્ષયોપશમ ભેદના કારણે આશ્રવ આદિના સ્વરૂપમાં કદાચ ક્યાંક થોડો ફેર હોય શકે છે. (સમ્યક્ત્વની હાજરીમાં યથાર્થ ક્ષયોપશમ હોય છે, તેથી હેયત્વ-ઉપાદેયત્વ અંગે વૈતથ્ય આવતું નથી. આ વૈતથ્ય મિથ્યાત્વમોહનીયનું કાર્ય છે. એટલે

મિથ્યાત્વ જેમ જેમ મોળું પડતું જાય છે એમ એમ વૈતથ્ય પણ ઘટતું જાય છે. જ્ઞેય અંગે વૈતથ્ય તો બારમા ગુણઠાણા સુધી આવી શકે છે.

(૩) અન્યદર્શનકારો પણ પોતાના મૂળપુરુષને સર્વજ્ઞ જ માને છે, ને તે તે શાસ્ત્રોને સર્વજ્ઞમૂલક હોવાથી જ 'પ્રમાણ' માને છે. આશય એ છે કે જિનોક્ત ઉપદેશને અનુસરવાથી આત્મહિત થાય છે, માટે તે ઉપદેશ પ્રમાણ છે. વળી એ જો પ્રમાણ છે તો સર્વજ્ઞોક્ત હોવું જોઈએ. કારણ કે પ્રામાણ્ય સર્વજ્ઞોક્તત્વેન (સર્વજ્ઞે કહેલ હોવાના કારણે) હોય છે. આ જ રીતે અન્યોક્ત ઉપદેશને અનુસરવાથી પણ તે તે ભૂમિકામાં રહેલા મુમુક્ષુનું આત્મહિત થાય જ છે. તેથી એ ઉપદેશ પ્રમાણભૂત હોવાથી સર્વજ્ઞોક્ત છે. આમ, વ્યક્તિમાં સ્વરૂપે સર્વજ્ઞત્વ ન હોવા છતાં ઉપદેશકત્વેન-શાસ્તૃત્વેન (શાસ્ત્રકારત્વેન) તો સર્વજ્ઞત્વ છે જ.

**શંકા** – તો શું અન્યોક્ત અનુષ્ઠાન કરનાર બધાનું આત્મકલ્યાણ થાય ?

**સમાધાન** – જેને અભિનિવેશ - કદાગ્રહ ન હોય એ બધાનું થાય. જે કદાગ્રહી હોય એને માટે એ આત્મહિતસાધક બનતું નથી, તેથી પ્રમાણભૂત નથી. અને તેથી જ તેઓ માટે એ 'સર્વજ્ઞોક્ત' નથી. વળી એટલે જ એ બધાને કુતીર્થિક કહ્યા છે. પણ જે કદાગ્રહી છે એને તો જિનોક્ત અનુષ્ઠાન પણ આત્મહિતસાધક ન હોવાથી પ્રમાણભૂત ન હોવાના કારણે સર્વજ્ઞોક્ત નથી જ.

**શંકા** – એમના મૂળપુરુષના જીવનચરિત્રમાં વિષય-કષાયની પ્રવૃત્તિઓ પણ જોવા મળે છે. પછી એ 'સર્વજ્ઞ' શી રીતે હોય શકે ?

**સમાધાન** – તેઓએ પણ તેમના એ મૂળપુરુષને નિર્દોષ-ગુણિયલ તરીકે સમજીને જ સ્વીકારેલા છે, માટે 'સર્વજ્ઞ' ને સ્વીકાર્યા

છે. કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રસૂરિ મહારાજે સોમનાથમાં સ્તુતિ કરી એ તેઓને માન્ય જ હતી. જે વિષય-કષાયની પ્રવૃત્તિની વાતો આવે છે તે, આસક્તિથી કરાયેલી 'પાપલીલા' તરીકે મનાયેલી નથી, પણ 'યોગલીલા' તરીકે મનાયેલી છે. જેમ આપણે ચક્રવર્તી તીર્થંકરને યોગી જ માનીએ છીએ ને એમની પ્રવૃત્તિઓને યોગલીલા કહીએ છીએ. તેમ તેઓ પણ કહે છે. શ્રીવજ્રસ્વામી આપદ્ધર્મ તરીકે ફુલો લાવ્યા... વગેરે યોગલીલા છે. એમ તેઓ પણ કારણે-આપવાદિક આચરણ તરીકે એને 'યોગલીલા' કહે છે, 'ભોગલીલા' નહીં. यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ! अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ *જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે (ધર્મની વૃદ્ધિ માટે ને અધર્મના નાશ માટે) હું અવતાર લઉં છું...* આમ આખો અવતાર જ આપદ્ધર્મરૂપે યોગલીલા તરીકે તેઓ દ્વારા સ્વીકારાયેલો છે.

(૪) જેમ આપણા અર્વાચીન ગ્રંથકારોના અર્વાચીન શાસ્ત્રો પણ સર્વજ્ઞમૂલક જ કહેવાય છે, એમ સર્વદર્શનો-સર્વપ્રવાદો પણ સર્વજ્ઞમૂલક કહેવાય જ છે, કારણ કે બધા પ્રવાદોનું મૂળ દ્વાદશાંગી છે. ને દ્વાદશાંગીનું મૂળ સર્વજ્ઞ છે. ઉપદેશપદ (૬૯૪) માં કહ્યું છે કે - सव्वप्पवायमूलं दुवालसंगं जओ समक्खायं ।
रयणागरतुल्लं खलु तो सव्वं सुंदरं तंमि ॥

**અર્થ :** *દ્વાદશાંગી એ સર્વ પ્રવાદોના મૂળ તરીકે કહેવાયેલ છે. તેથી એ રત્નાકરતુલ્ય છે. માટે અન્ય દર્શનોમાં જે કાંઈ સારું છે તે બધાનો દ્વાદશાંગીમાં સમવતાર જાણવો.* શ્રીહરિભદ્રસૂરિ મહારાજે આ વાત શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજના સમ્મતિતર્ક પ્રકરણની उदधाविव सर्वसिन्धवः વચનના આધારે કરી છે. એટલે જ ત્યાં ટીકામાં કહ્યું છે - इत्यकरणनियमादीन्यपि वाक्यानि तेषु तेषु योगशास्त्रेषु

व्यासकपिलकालातीतपतञ्जलयादिप्रणीतानि जिनवचनमहोदधिमध्यलब्धोदयान्येव दृश्यानीति ॥

*અર્થ : એટલે તે તે યોગશાસ્ત્રોમાં વ્યાસ-કપિલ-કાલાતીત-પતંજલિ વગેરેએ કરેલા અકરણનિયમ વગેરેના પ્રતિપાદક વાક્યો જિનવચનસમુદાયમાંથી ઉદય પામેલા જ જાણવા.*

(૫) સર્વજ્ઞભગવંતે ઉપદેશશ્રવણના અધિકારી તરીકે તથા ધર્મના અધિકારી તરીકે માત્ર ભવાભિનંદીની બાદબાકી કરી છે. અપુનર્બંધકથી તો બધાને સ્વીકાર્યા છે. વળી અન્યદર્શનકારોએ સર્વજ્ઞને સ્વીકાર્યા છે. આમ પરસ્પર સ્વીકાર છે. અર્થાત્ જો સર્વજ્ઞભગવંતે તેઓને સ્વીકાર્યા છે તો તેઓએ સર્વજ્ઞને સ્વીકાર્યા જ હોય, કારણ કે એકપાક્ષિક સ્વીકાર સંભવિત નથી.

એટલે તેઓ પણ સર્વજ્ઞના જ ભક્ત છે. ભલે થોડા દૂર રહેલા..

(૬) તેઓ સર્વજ્ઞને વ્યક્તિગત વિશેષધર્મોથી નથી ઓળખી શક્યા. તો આપણે ક્યાં ઓળખીએ છીએ ? કારણ કે છદ્મસ્થતા અંધાપા જેવી છે. જેમ જેમ જ્ઞાન વધતું જાય તેમ તેમ સર્વજ્ઞતાની પ્રતીતિ વધતી જાય એ અલગ વાત છે.

(૭) બધા ઉપદેશકો ભવવ્યાધિભિષગ્વરા છે.. એટલે કે બધા જ, જીવોને વળગેલા સંસારરૂપી રોગને મટાડનારા શ્રેષ્ઠ વૈદ્ય જેવા છે. કોઈક વૈદ બાર મહિને રોગ મટે એવી દવા આપે તો કોઈક વૈદ ચાર મહિને રોગ મટે એવી દવા આપે.. ને વળી કોઈ અન્ય વૈદ ચાર દિવસે રોગ મટી જાય એવી દવા આપે.. પણ છે બધા જ વૈદ. એમ અપુનર્બંધકાદિને ઉચિત કહેવાયેલા તે તે અનુષ્ઠાન સંસાર રોગને મટાડનાર હોવાથી એના ઉપદેશકો 'વૈદ' જ છે. તેથી

એક વૈદ (શ્રીજિનેશ્વરદેવ) જો 'સર્વજ્ઞ' છે તો એ પરિપ્રેક્ષ્યમાં અન્યો પણ 'સર્વજ્ઞ' છે. એના એ જ રોગથી પીડાતા પણ જુદા જુદા દર્દીઓને દવા તો, તે તે દર્દીની તાસીર મુજબ જુદી-જુદી પણ અપાતી જ હોય છે ને ! એમ જુદા જુદા દર્શનોમાં આચાર-અનુષ્ઠાનો ભલે જુદા જુદા કહેવાતા હોય, પણ એ બધા છે તો ભવરોગ મટાડનારા ઔષધ જ, ને એને કહેનારા છે તો વૈદ જ.

(૮) અથવા બીજી રીતે કહીએ તો જે પ્રરૂપણાભેદ-દેશનાભેદ છે તે નયસાપેક્ષ છે. છતાં બધાનું તાત્પર્ય પદાર્થનું સ્વરૂપ જણાવવાનું જ છે. હાથીને થાંભલા જેવો કહેનાર અંધપુરુષ પણ હાથીનું એક સ્વરૂપ જ જણાવી રહ્યો છે ને કોઠી જેવો કહેનાર અંધપુરુષ પણ હાથીનું જ અન્ય સ્વરૂપ જણાવી રહ્યો છે. એમ નિત્યત્વ જણાવનાર પણ આત્મા વગેરે પદાર્થના સ્વરૂપને જ જણાવે છે ને અનિત્યત્વ કહેનાર પણ એ પદાર્થના સ્વરૂપને જ જણાવે છે. એટલે શબ્દભેદ અને અર્થભેદ હોવા છતાં તાત્પર્ય તો બધાનું એક જ છે કે પદાર્થનું સ્વરૂપ જણાવવું. માટે તાત્પર્યનો જો વિચાર કરીએ તો તે પ્રરૂપકોમાં કે એમની પ્રરૂપણામાં કોઈ ભેદ નથી.

(૯) હજુ અન્ય રીતે કહેવું હોય તો બધાની મંઝિલ એક જ છે... વીતરાગતા-સર્વજ્ઞતા દ્વારા મુક્તિ. માત્ર સ્થાનભેદ હોવાથી માર્ગભેદ (પ્રરૂપણાભેદ) છે. એટલે કે તે તે શાસ્ત્રકારોએ સ્વ-સ્વશાસ્ત્રમાં જે કાંઈ કહ્યું છે એ બધાની પાછળ બધાનું તાત્પર્ય એક જ છે : રાગ-દ્વેષની હાનિ કઈ રીતે થાય ને છેવટે મોક્ષપ્રાપ્તિ કઈ રીતે થાય ? એટલે તત્ત્વતઃ = પારમાર્થિક રીતે = તાત્પર્યની દૃષ્ટિએ તે તે શાસ્ત્રકારોમાં ને તેમના શાસ્ત્રોમાં ભેદ નથી.

માત્ર શ્રુતજ્ઞાન સુધી જ જેઓ પહોંચી શકે છે તે જીવો એટલે સ્થૂલબુદ્ધિજીવો એવો અહીં અર્થ સમજવાનો છે. શાસ્ત્રકારો અતીત

હોવાથી પ્રત્યક્ષ તો છે નહીં. એટલે એમના પરિચયનું મુખ્ય સાધન એમનાં શાસ્ત્રો છે. માત્ર શ્રુતજ્ઞાન સુધી પહોંચેલાને એમનાં શાસ્ત્રોમાં શબ્દભેદ અને અર્થભેદ સ્પષ્ટ પ્રતીત થાય છે, ને તેથી તેઓ શાસ્ત્રકારોમાં પણ ભેદ માને છે. અલબત્ આ ભેદ તે તે નયની દેશના હોવાથી પડ્યો હોય છે. તાત્પર્ય તો બધાનું, ઉપર જણાવ્યા મુજબ, તે તે ભૂમિકામાં રહેલ જીવોનું, રાગ-દ્વેષ ઘટાડવા દ્વારા ઠેઠ મુક્તિ સુધી પહોંચાડવાનું આત્મહિત જ હોય છે. ને તેથી એમાં કોઈ ભેદ હોતો નથી. એટલે જ, એવા તાત્પર્યવાળા ઉપદેશના દાતા તરીકે શાસ્ત્રકારોમાં પણ કોઈ ભેદ હોતો નથી. પણ આ વાસ્તવિકતા ભાવનાજ્ઞાનનો વિષય હોવાથી સ્થૂળબુદ્ધિવાળા જીવો પકડી શકતા નથી. ને તેથી એમાં ભેદ માને છે. અને એટલે જ આ ભેદ માનવો એ એમનો મોહ છે.

કોઈ રાગ-દ્વેષ કે અંગતસ્વાર્થ કે અજ્ઞાન.. આવા કોઈ દોષના કારણે બધાનો ઉપદેશ અલગ પડ્યો છે એવું નથી. માત્ર નયભેદના કારણે અલગ પડ્યો છે. એટલે નિર્દોષ હોવારૂપે પણ બધા દર્શનકારોનું ઐક્ય છે.

**શંકા –** શ્રી જિનેશ્વરદેવો તો વીતરાગ-સર્વજ્ઞ હોવાથી નિર્દોષ હોય છે. કપિલ વગેરે સ્વરૂપે વીતરાગ સર્વજ્ઞ નથી, તો નિર્દોષ કેવી રીતે હોય શકે ?

**સમાધાન –** હિતકર વચનો ઉપદેશવા.... આ પરિપ્રેક્ષ્યમાં જ્યારે વિચારીએ ત્યારે તેઓ પણ નિર્દોષ હોવા પ્રતીત થાય છે. જીવોની ભૂમિકા જોઈને જે હિતકર લાગ્યું એ જ તેઓએ ઉપદેશ્યું છે, માટે તેઓ પણ નિર્દોષ છે.

બધા જ શાસ્ત્રકારોનો ઈશારો રાગ-દ્વેષની હાનિરૂપ આત્મહિત તરફ અને શુદ્ધઆત્મસ્વરૂપ તરફ છે. ને તેથી એ પરિપ્રેક્ષ્યમાં ‘બધા

એક છે' આવું ભાવનાજ્ઞાનસંપન્ન મહાત્માઓ જે ભાવિત કરે છે તે જ વાતોને ગ્રંથકાર હવે પછીની પ્રરૂપણામાં સ્પષ્ટ કરે છે.

જે તાત્ત્વિક આરાધનાનો વિષય છે એ સર્વજ્ઞ એક જ છે, કારણ કે તે બધામાં સર્વજ્ઞત્વજાતિ સમાન રીતે રહી છે. વળી 'આમનો ઉપદેશ મારું આત્મહિત કરશે, માટે મારે આ ઉપાસ્ય છે' વગેરે રીતે ભક્તિપૂર્વક આ મુખ્ય સર્વજ્ઞને જ તે તે સાધકોએ સ્વીકારેલા છે, પછી ભલે ને એ સર્વજ્ઞની અનેક વિશેષતાઓનો નિર્ણય ન પણ હોય. અહીં આવો આશય જણાય છે -

જૈનદર્શનના સાધકો શ્રીઋષભદેવ વગેરે જિનેશ્વરદેવોની ઉપાસના કરે છે. બૌદ્ધદર્શનવાળા ગૌતમબુદ્ધને આરાધે છે. શૈવદર્શનવાળા શંકર મહાદેવની ભક્તિ કરે છે. આ જ રીતે અન્યદર્શનવાળાઓ માટે પણ યથાયોગ્ય જાણવું. પણ આ બધા જ આસ્તિકદર્શનકારો પોતપોતાના આરાધ્યપુરુષને 'સર્વજ્ઞ' માને છે. એટલે સર્વજ્ઞત્વજાતિ બધામાં સમાન રીતે રહી હોવાથી બધા એક સર્વજ્ઞરૂપ છે.

**શંકા** – મુખ્ય એટલે નિરુપચરિત. શું ગૌતમબુદ્ધ વગેરે નિરુપચરિતરૂપે (અર્થાત્ પોતાના સ્વરૂપે જ) સર્વજ્ઞ છે ?

**સમાધાન** – આવો પ્રશ્ન ન આવે એટલે જ ગ્રંથમાં મુખ્ય શબ્દનો અર્થ નિરુપચરિત ન કરતાં 'तात्त्विकाराधनाविषयः' એવો કર્યો છે. જે આરાધના જીવનું વાસ્તવિક આત્મહિત કરે એ તાત્ત્વિકઆરાધના. અભિનિવેશરહિતપણે ગૌતમબુદ્ધ વગેરેની આરાધના કરનાર ને તે ભૂમિકાવાળા સાધકનું આત્મહિત થાય જ છે. તેથી તેઓ તાત્ત્વિક આરાધનવિષય છે જ. પછી મુખ્યસર્વજ્ઞ કેમ નહીં ? પૂર્વે જણાવ્યા મુજબ ઉપદેશ હિતકર હોવાથી પ્રમાણભૂત છે

અને પ્રામાણ્ય સર્વજ્ઞોક્તત્વેન હોવાથી ઉપદેશકને સર્વજ્ઞ માનવા જરૂરી છે.

તાત્ત્વિકઆરાધનાવિષય શબ્દમાં 'તાત્ત્વિક'ને 'આરાધના'નું વિશેષણ માનીને ઉપરનો અર્થ કર્યો. હવે એને 'વિષય'નું વિશેષણ માનીને અર્થ કરીએ. એટલે અર્થ મળશે આરાધનાનો તાત્ત્વિકવિષય = પરમાર્થથી વિષય. બૌદ્ધદર્શનનો સાધક ભલે ગૌતમબુદ્ધની ઉપાસના કરે છે, પણ એમને 'સર્વજ્ઞ' માનીને, સર્વથા 'નિર્દોષ' માનીને.. અતિશયિત ગુણપ્રકર્ષવાન્ માનીને... હવે જે આવા (નિર્દોષ પ્રકૃષ્ટગુણવાન્ સર્વજ્ઞ) હોય તે મુખ્ય = વાસ્તવિક - નિરુપચરિત સર્વજ્ઞ જ હોય. એટલે બહારથી દેખાય કે આ સાધક ગૌતમબુદ્ધની આરાધના કરી રહ્યો છે. પણ પરમાર્થથી એ આરાધના વાસ્તવિક-મુખ્ય જે સર્વજ્ઞ હોય એમને જ પહોંચતી હોય છે. એટલે આ અર્થમાં 'મુખ્ય' શબ્દનો અર્થ 'નિરુપચરિત' કરવામાં પણ કોઈ વાંધો નથી.

અલબત્ શ્રીઋષભદેવ, શ્રીઅજિતનાથ વગેરે બધા જ મુખ્ય સર્વજ્ઞો છે. છતાં સર્વજ્ઞત્વજાતિને મુખ્ય કરીએ તો બધા મુખ્ય હોવા છતાં 'એક' જ છે. અને તેથી ગાથામાં 'તત્પ્રતિપત્તિઃ' શબ્દમાં જે 'તત્' છે એનો અર્થ <u>तस्मात्</u> કરવો. प्रतिपत्तिः શબ્દનો અર્થ 'સર્વજ્ઞભક્તિ' એવો ટીકામાં કરેલો જ છે. એટલે આવો અર્થ મળે છે કે મુખ્યસર્વજ્ઞ એક જ છે, તેથી તે તે દર્શનમાં રહેલા જેટલા સાધકોને સર્વજ્ઞભક્તિ છે (સ્વઆરાધ્યદેવની સર્વજ્ઞત્વેન = સર્વજ્ઞતરીકે ભક્તિ છે) તે બધા પંડિતજીવો તે મુખ્ય સર્વજ્ઞના જ આશ્રિત છે. આ મુખ્ય સર્વજ્ઞને તેઓ 'શ્રીઋષભદેવ ભગવાન' વગેરે વિશેષ રૂપે જાણતા નથી. પણ હું 'સર્વજ્ઞને આરાધું છું' આમ સ્વઆરાધ્યને સમાન્ય સર્વજ્ઞરૂપે જાણે છે- ભજે છે.

**શંકા** - એ સાધક 'હું ગૌતમબુદ્ધને આરાધું છું' આ રીતે બુદ્ધને ભજે છે, 'હું સર્વજ્ઞને આરાધું છું' એ રીતે નહીં.

**સમાધાન** – છતાં એનો, "ગૌતમબુદ્ધ 'ગૌતમબુદ્ધ' છે. માટે આરાધું છું." એવો નહીં, પણ "ગૌતમબુદ્ધ 'સર્વજ્ઞ' છે, માટે આરાધું છું." આવો ગર્ભિત આશય હોય જ છે. આમાં મુખ્યતા ગૌતમબુદ્ધપણાંની નહીં, પણ સર્વજ્ઞપણાંની હોય છે. માટે પરમાર્થથી એ 'સર્વજ્ઞ' ને જ ભજે છે. સર્વજ્ઞપણાંના બદલે જો ગૌતમબુદ્ધપણાંની જ મુખ્યતા કદાગ્રહકક્ષાની આવી જાય તો એની આરાધના આત્મહિતકર ન રહેવાથી વસ્તુતઃ આરાધના જ રહેતી નથી. એને સર્વજ્ઞની પ્રતિપત્તિ જ નથી હોતી.

(૧) એ જ રીતે, ગૌતમબુદ્ધ વગેરેનો એમને 'સંપૂર્ણ દોષરહિત' તરીકે અને 'ગુણપ્રકર્ષવાન્' તરીકે આરાધવાનો અભિપ્રાય હોય છે. જો કોઈપણ ગુણની ઊણપ (ને એના પ્રતિપક્ષદોષની વિદ્યમાનતા) પ્રતીત થાય તો પછી કાંઈ એ સાધકો બુદ્ધ વગેરેને ભગવાન્ તરીકે ભજે નહીં. તે તે અમુક પ્રવૃત્તિઓ ક્યાંક જોવા જે મળે છે તેને તે-તે સાધકો રાગાદિદોષજન્ય પાપલીલારૂપે માનતા નથી, આપદ્ધર્મરૂપે યોગલીલારૂપ માને છે. એટલે દોષવત્તા કે ગુણાભાવવત્તાની પ્રતીતિ નથી. પોતે એને દોષરૂપે માનવા છતાં જો ભજતો હોય તો તો સ્પષ્ટ અભિનિવેશ હોવાથી વાસ્તવિક ભજવાનું જ નથી. આમ, (નિર્દોષ તરીકેનો અને તેથી) નિરતિશયિતપ્રકૃષ્ટગુણવાન તરીકેનો સ્વીકાર એ 'સર્વજ્ઞ' તરીકેનો જ સ્વીકાર છે. તેથી તેઓ દ્વારા ગૌતમબુદ્ધ વગેરેને ઉદ્દેશીને થતી ભક્તિ પણ પરમાર્થથી મુખ્ય સર્વજ્ઞ એવા શ્રીમહાવીરપ્રભુને જ પહોંચે છે.

(૨) આમાં ગૌતમબુદ્ધ વગેરે અંગે 'તેઓ પ્રકૃષ્ટ ગુણવાન્ છે' આવી હાર્દિક પ્રતીતિપૂર્વકનો સ્વીકાર એ જ સર્વજ્ઞની ભક્તિ છે એમ સમજવું.

(૩) જાતિસુવર્ણને 'જાતિસુવર્ણ' માનવું એ જ એને ન્યાય આપ્યો કહેવાય, એને અમુખ્ય = ઉપચરિતસુવર્ણ માનવું એ એને અન્યાય કર્યો કહેવાય. એમ જેઓ મુખ્યસર્વજ્ઞને આશ્રિત છે એમને એવા માનવા એ જ એમને શ્રેષ્ઠ ન્યાય આપ્યો કહેવાય, એના બદલે એમને, 'તેઓ અમુખ્ય-ઉપચરિતસર્વજ્ઞને આશ્રિત છે' એવા માનવા એ અન્યાય કર્યો કહેવાય. એટલે 'અન્ય દર્શનસ્થિત યોગીઓ પણ મુખ્યસર્વજ્ઞને આશ્રિત છે' એમ માનવું એ જ એમને ન્યાય આપ્યો કહેવાય.

**શંકા** – છતાં જૈનો મુખ્યસર્વજ્ઞને વિશેષરૂપે ભજે છે, અન્યદર્શનીઓ નહીં... આવો ભેદ તો કરી જ શકાય છે ને !

**સમાધાન** – ના, કારણકે કોઈપણ છદ્મસ્થ સર્વજ્ઞની સર્વવિશેષતાઓને સર્વપ્રકારે જાણી શકતો નથી. અને સામાન્યરૂપે તો અન્યદર્શની પણ સર્વજ્ઞને જાણી જ શકે છે, માટે આવો ભેદ પણ કરી શકાતો નથી. આશય એ છે કે દરેક વસ્તુઓની જેમ સર્વજ્ઞપણ સામાન્ય-વિશેષોભયાત્મક છે. એમાંથી વિશેષાત્મક સર્વજ્ઞને સર્વથા કોઈ છદ્મસ્થ જાણી શકતો નથી. અને સામાન્યઅંશમાં તો એમને બધા દર્શનવાળા તુલ્ય રીતે જાણી જ શકે છે. આ વાત રાગ-દ્વેષરૂપી મલથી રહિત નિર્મળબુદ્ધિવડે ભાવિત કરવી જોઈએ.

સ્વદર્શનરાગ-પરદર્શનદ્વેષ એ અહીં મળ છે. આ મળથી બુદ્ધિ જ્યાં સુધી મલિન છે ત્યાં સુધી 'અન્યદર્શનના મધ્યસ્થ સાધકો મુખ્યસર્વજ્ઞને જ ભજી રહ્યા છે ને તેથી મુખ્યસર્વજ્ઞને ભજવારૂપ અંશમાં એ બધા પણ જૈનદર્શનના સાધકોને તુલ્ય જ છે' આવી વાત મગજમાં બેસી શકતી નથી.

તે તે દર્શનમાં રહેલા મુમુક્ષુ, તે તે દર્શનમાં કહેલા અનુષ્ઠાનોને કરે છે ત્યારે તે તે મુમુક્ષુની ભૂમિકાનુસાર તે તે અનુષ્ઠાન ઉચિત હોય

છે. અર્થાત્ એનું આત્મહિતસાધક હોય છે. માટે એ અનુષ્ઠાન એની ભૂમિકામાં સર્વજ્ઞોક્ત જ બની રહે છે. એટલે મુમુક્ષુ જૈનદર્શનમાં રહેલો હોય કે બૌદ્ધાદિ અન્ય કોઈપણ દર્શનમાં રહેલો હોય, એ સ્વભૂમિકાનુસાર સર્વજ્ઞોક્ત અનુષ્ઠાનના પાલનમાં જ તત્પર હોય છે, ને તેથી એ બધા તુલ્ય છે. એવું ભાવનાજ્ઞાનથી ભાવિત કરવું જોઈએ.

હજુ આ અંગેની વિશેષવાતો આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૩૩

કોઈપણ દર્શનમાં રહેલા મુમુક્ષુ સ્વ-સ્વદર્શનકથિત અનુષ્ઠાન કરતી વખતે સ્વભૂમિકાનુસાર સર્વજ્ઞોક્ત અનુષ્ઠાનના પાલનમાં જ તત્પર હોવાથી જૈનદર્શનમાં રહેલ મુમુક્ષુને તુલ્ય જ હોય છે, તથા બધા જ સર્વજ્ઞને સામાન્યાંશમાં સમાન રીતે સ્વીકારનારા છે વગેરે વાતો ગયા લેખમાં આપણે જોઈ. આ જ વાતોને આગળ વિચારીએ.

**શંકા** – અમુક દર્શનનો સાધક સર્વજ્ઞના અમુક વિશેષોને જાણે છે. અન્ય દર્શન સ્થિત સાધક વધારે વિશેષોને જાણે છે. ને જૈનદર્શનમાં રહેલો તો ખૂબ જ વિશિષ્ટ રીતે વિશેષોને જાણતો હોવાથી સર્વજ્ઞની ભક્તિ પણ અતિવિશિષ્ટ રીતે કરે છે. તેથી સર્વજ્ઞના સેવક તરીકે બધાને સામાન્ય અંશે પણ સમાન કેમ મનાય ? કારણ કે સામાન્ય-વિશેષ સાપેક્ષ છે. એટલે જૈનદર્શનમાં રહેલા સાધકને શ્રી ઋષભદેવ-અજિતનાથ વગેરે ચોવીશે સર્વજ્ઞોમાં આઠ પ્રાતિહાર્ય વગેરે સામાન્ય રૂપે જ જણાય છે. પણ અન્યદર્શનસ્થિત

યોગી સર્વજ્ઞની 'આઠ પ્રતિહાર્યવાન્' વગેરે સામાન્ય રૂપે પ્રતિપત્તિ કરી શકતા નથી. તો સામાન્ય અંશે પ્રતિપત્તિ કરવામાં બધા તુલ્ય છે એમ કેમ કહેવાય ?

**સમાધાન** – કોઈક સૈનિકને રાજમહેલ ફરતે, કોઈકને નગરકિલ્લાને ફરતે, તો કોઈક સૈનિકને દેશના સીમાડે ફરજ પર ગોઠવવામાં આવ્યો હોય. આ બધા રાજાથી નજીક, દૂર, દૂરતર હોવા છતાં બધા તે જ રાજાના સેવક છે. એમ, પ્રધાનમંત્રી, દૂત, સેનાપતિ વગેરે રાજાની વિવિધ પ્રકારે સેવા કરતાં હોવા છતાં, એ બધા છેવટે એ જ રાજાના સેવક છે.

એ જ રીતે, જેઓ મુમુક્ષુ છે. અર્થાત્ આત્મહિત સાધવાની-મોક્ષે જવાની એક માત્ર ઈચ્છાથી સાધના કરી રહ્યા છે. તેઓ ભલે બુદ્ધ કપિલ વગેરે દ્વારા કહેવાયેલા આચારમાર્ગમાં રહેલા હોય... તો પણ મુખ્ય સર્વજ્ઞના જ તેઓ સેવક-ઉપાસક છે, જેમ કે જિનોક્તમાર્ગમાં રહેલા મુમુક્ષુઓ. હા, જિનોક્તમાર્ગમાં રહેલા સાધુ વગેરે યોગીઓ, સર્વજ્ઞની નજીક છે, અને અન્યદર્શનસ્થિત મુમુક્ષુઓ થોડા દૂર છે એવો ભલે ભેદ હોય.

જેમ મંત્રી, નગરશ્રેષ્ઠી, સેનાપતિ... વગેરે બધા જ રાજાના સેવકો હોવા છતાં, અધિકારભેદે તેઓની સેવા અલગ અલગ પ્રકારે હોય છે, એમ આ યોગીઓનો આચાર અધિકારભેદે અલગ અલગ હોય છે. પણ એ બધું વિવિધ પ્રકારનું આચરણ, મુખ્ય સર્વજ્ઞની જ સેવારૂપ હોય છે, કારણ કે આત્મહિતકર હોવાથી મોક્ષમાર્ગરૂપ જ હોય છે. કોઈક મુસાફર અમદાવાદથી નીકળ્યો છે. કોઈક વડોદરાથી, કોઈક સુરતથી ને કોઈક વાપીથી નીકળ્યો છે. આ બધા મુંબઈથી દૂર-નજીક રહ્યા હોવા છતાં મુંબઈ જ જઈ રહ્યા છે ને તેથી મુંબઈના

જ પ્રવાસી કહેવાય છે. એમ બધા મુમુક્ષુઓ વીતરાગતા-સર્વજ્ઞતા-મોક્ષ તરફ જ જઈ રહ્યા છે, મોક્ષમાર્ગના જ પ્રવાસી છે ને તેથી મુખ્યસર્વજ્ઞના જ સેવક છે.

આ જ કારણ છે કે યોગશાસ્ત્રોમાં સાંસારિક દેવોની ભક્તિ વિવિધતાવાળી બતાવી છે ને સાંસારિકગતિમાં જનારાને હોય છે એમ કહ્યું છે. જ્યારે સંસારાતીત દેવોની ભક્તિ સંસારાતીતગતિમાં જનારાને હોય છે અને એકરૂપ બતાવી છે. આશય એ છે કે મુક્તદેવો પ્રત્યેની ભક્તિ મોક્ષગામી જીવોને હોય છે. જ્યારે સાંસારિક દેવો પ્રત્યેની ભક્તિ સ્વઈષ્ટ સંસારી દેવતાના રાગ અને અનિષ્ટ દેવતાના દ્વેષથી ભરેલી હોય છે, કારણ કે મોહગર્ભિત હોય છે. ચરમ = તદતીત = સંસારાતીત દેવો વિશે જે એકપ્રકારની ભક્તિ હોય છે તે સંપૂર્ણ રીતે ઉપશમપ્રધાન હોય છે, કારણ કે તેવો સંમોહ હોતો નથી. કહેવાનો ભાવ એ છે કે - રાગ-દ્વેષ મોહના જ ફરજંદ છે. એટલે દેવલોક વગેરે ભૌતિક ઇચ્છાથી થતી હોવાથી જે ભક્તિ મોહગર્ભિત હોય છે તે રાગ-દ્વેષથી યુક્ત હોય જ. એટલે એ સ્વઆરાધ્ય દેવના રાગથી ને તદન્ય પ્રત્યેના દ્વેષથી ખરડાયા વિના શી રીતે રહે ? આવી ભક્તિ એ જીવને સાંસારિક ફળ દેવલોક વગેરે આપે છે.

**શંકા** – કોઈક જીવ શ્રી અરિહંત-મુક્ત દેવની ભૌતિક ઇચ્છાથી ભક્તિ કરે તો શું પામે ?

**સમાધાન** – અનંતરફળ તરીકે તો દેવલોક વગેરે ભૌતિક ફળ જ પામે, મોક્ષ ન પામે... જો એ ચરમાવર્તવર્તી જીવ હોય તો એનું એ ભક્તિઅનુષ્ઠાન તદ્ધેતુ અનુષ્ઠાન બનવાથી પરંપરાએ મોક્ષફળ પામે. પણ જો એ જીવ અચરમાવર્તવર્તી હોય તો પરંપરાએ કે દીર્ઘપરંપરાએ પણ મોક્ષફળ પામી શકતો નથી.

**શંકા** – કોઈ શ્રી અરિહંતની મોક્ષ માટે ભક્તિ કરે છે, પણ અન્ય દેવો પ્રત્યે એને દ્વેષ છે, તો એ મોક્ષ પામશે ?

**સમાધાન** – જો અન્ય દેવો પ્રત્યે દ્વેષ હોય તો એ તદતીતાર્થયાયી નથી. અર્થાત્ મોક્ષગામી નથી. બાહ્યદૃષ્ટિએ મોક્ષ માટેની જણાતી હોવાથી સંવેગગર્ભિત લાગતી એ ભક્તિ વસ્તુતઃ મોહગર્ભિત જ હોય છે. નહીંતર દ્વેષ સંભવી શકે નહીં. મોહનીય કર્મનો ઉપશમ (ક્ષયોપશમ) થયેલો હોય એની તો બધી ભક્તિ ઉપશમપ્રધાન જ હોવાથી દ્વેષયુક્ત હોવી સંભવતી નથી.

મોક્ષગામી જીવ તો બહુ ઊંચી ભૂમિકાની વાત થઈ. પણ યોગપૂર્વસેવામાં સર્વદેવનમસ્કાર કે અધિમુક્તિ (= પોતાની શ્રદ્ધા) વશાત્ કોઈ એક દેવને નમસ્કાર પણ અભિનિવેશમુક્ત હોવો જરૂરી કહ્યો છે. જે જીવોને શ્રી અરિહંતની વિશેષતાઓ જાણવાથી એમના પ્રત્યે વિશેષ ભક્તિ છે, ને પોતાના સદાચાર પણ ઊંચા છે, છતાં અન્ય દેવો પ્રત્યે દ્વેષ વર્જવાનો કહ્યો છે. (જુઓ પૂર્વસેવા બત્રીશી ૭ થી ૧૦ ગાથા). યોગની પ્રથમ મિત્રાદૃષ્ટિકાળે પણ અન્યત્ર દેવકાર્યાદિમાં અદ્વેષ કહેલો જ છે. એટલે અન્ય દેવોના વિચિત્રવૃત્ત જાણવા મળે તો પણ એમના પર દ્વેષ ન રાખે. એમ તે તે ભૂમિકાના આદિધાર્મિક જીવોને એનાથી લાભ ન જ થાય એવો પ્રતિક્ષેપ પણ ન કરે. એટલે જ ચારિસંજીવનીચારન્યાયે શ્રી હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજને 'તને જે દેવ ઇષ્ટ હોય એની ભક્તિ કર...' એવો ઉપદેશ આપ્યો. મોક્ષે જવાની નિર્ભેળ ઇચ્છા (મુમુક્ષા) જાગે ને એ માટે પુરુષાર્થતત્પર બનાય... આ વાત મોહનીયના વિશિષ્ટ ક્ષયોપશમ વિના સંભવતી જ નથી. એટલે એવા જીવોને તો કોઈક અન્ય વ્યક્તિ, અન્ય દેવો પ્રત્યે દ્વેષ જાગે એવી વાતો કરે તો પણ દ્વેષ જાગતો જ નથી, અને ઉપશમપ્રધાનતા જળવાઈ રહે છે.

એટલે મોક્ષગામી જીવોની ભક્તિ મુક્તદેવવિષયક હોય છે, એકાકાર હોય છે ને ઉપશમ-શમપ્રધાના હોય છે. જ્યારે સંસારગામી જીવોની ભક્તિ સંસારીદેવવિષયક હોય છે, અનેક આકારવાળી હોય છે ને રાગ-દ્વેષપ્રધાન હોય છે.

સંસારીદેવોમાં ક્ષેત્રપાળ, દિક્પાલ, નવગ્રહ વગેરે આવે છે. એમની ભક્તિમાં જે વિવિધતા હોય છે તે આ રીતે સમજી શકાય છે -

(૧) મંત્રભેદ : પ્રધાનબીજાક્ષર વષટ્, સંવૌષટ્, ફટ્ વગેરે જુદા જુદા હોય છે.

(૨) ઉદ્દેશભેદ : કોઈને ધનપ્રાપ્તિ, કોઈને પુત્રપ્રાપ્તિ, કોઈને સ્વર્ગપ્રાપ્તિ... એમ ઉદ્દેશ અલગ-અલગ હોય છે.

(૩) વિષયભૂતદેવભેદ : પુત્ર માટે દેવ અલગ... ધન માટે દેવ અલગ. એમ અલગ-અલગ દેવોની ભક્તિ કરવાની હોય છે.

(૪) ભક્તિ કરવાના પ્રકારભેદ - (a) વસ્ત્રભેદ... કોઈની ભક્તિમાં લાલ વસ્ત્ર, કોઈમાં પીતવસ્ત્ર... કોઈમાં શ્વેતવસ્ત્ર વગેરે...

- (b) પુષ્પભેદ... કોઈને શ્વેત પુષ્પ, કોઈને પીળું ફુલ, કોઈને લાલ, કોઈને જાઈનું ફુલ, કોઈને કમળ વગેરે.

(c) ફળભેદ... કોઈને બીજોરું, કોઈને દાડમ વગેરે.

(d) નૈવેદ્યભેદ... કોઈને ઘેબર, કોઈને ચણાના લાડુ, કોઈને કાળાતલના લાડુ વગેરે.

(e) માળાભેદ... કોઈનો જાપ સફેદ માળાથી, કોઈનો લાલ માળાથી, કોઈનો કાળી માળાથી વગેરે.

તદતીતાર્થયાયી માટે વીતરાગપ્રભુના પ્રધાનબીજાક્ષરમાં ભેદ હોતો નથી. ઉદ્દેશ બધાનો એક જ મોક્ષ હોય છે. દેવ તરીકે મુખ્ય

સર્વજ્ઞ જ હોય છે. એ જ રીતે 'ઉત્તમ-નિર્દોષ વસ્ત્ર જોઈએ'... એમ કહ્યું, પણ 'લાલ, પીળા કે સફેદ વસ્ત્ર જોઈએ' એમ ન કહ્યું. સુગંધી સુંદર ફુલ કહ્યા. પણ કોઈ ચોક્કસ રંગ કે ચોક્કસ જાતિ ન જણાવી. એ જ રીતે સરસ ફળ કહ્યા, પણ અમુક ચોક્કસ જાતિ કહી નથી. એવું જ નૈવેદ્ય વગેરે અંગે જાણવું. માટે તદતીતાર્થયાયીની ભક્તિ એકાકારા હોય છે.

**શંકા** – શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ખૂબ તીર્થો છે ને પુષ્કળ ભક્તિ થાય છે. શ્રી અરનાથ ભગવાન્ માટે એવું જોવા મળતું નથી. તો ભક્તિમાં માત્રાભેદે ભિન્નતા આવી ને ! વળી અમુકરાશિવાળાએ અમુક ભગવાન્ ભજવાના... અન્યરાશિવાળાએ અન્ય... તો આ રીતે સર્વજ્ઞની ભક્તિમાં પણ ભેદ થયો ને !

**સમાધાન** – આપણી સાત્ત્વિકતા-મક્કમતા વગેરેની કચાશના કારણે આપણને બાહ્ય અનુકૂળતા-પ્રતિકૂળતાનો વિચાર હોય છે. આ અનુકૂળતા વગેરે ભૌતિક હોય છે. તેથી એ માટેના પુણ્યાદિની અપેક્ષા પડેલી હોય છે. ભલે આ પુણ્યાદિ તરીકે આરાધનામાં સહાયક પુણ્યાદિ જ અપેક્ષિત હોય છે. છતાં એ અંશે ભૌતિકઅંશ હોવાથી ભક્તિમાં પણ એટલે અંશે ચિત્રત્વાંશ આવે છે. પણ માત્ર શુદ્ધ આત્મસ્વરૂપની જ અપેક્ષા હોય... એવી માત્ર શુદ્ધ મોક્ષોદ્દેશ્યક ભક્તિ અચિત્રા હોય છે, એવું સમજવું યોગ્ય લાગે છે ને એવી ભક્તિ માટે શ્રી પાર્શ્વનાથ કે શ્રી અરનાથ... વગેરે ભેદ પણ જરૂરી હોતો નથી. કોઈપણ વીતરાગસર્વજ્ઞને ભજવાનું હોય... આ વાત સૂક્ષ્મતાથી વિચારવા નમ્ર વિનંતી છે.

વળી સાંસારિક દેવોનાં સ્થાન આયુષ્ય, ઐશ્વર્ય, પ્રભાવ, રૂપ-સૌંદર્ય વગેરેની અપેક્ષાએ અનેક રીતે અનેકધા હોય છે. તેથી તેને સાધવાના ઉપાયો પણ જુદા જુદા હોય છે. જુદા-જુદા નગરોનો

રસ્તો પણ જુદો જ હોય ને ! એટલે એ ઉપાયભૂત અનુષ્ઠાનો અલગ-અલગ છે, મંદ-મધ્યમ કે તીવ્રરાગરૂપ અધ્યવસાય અલગ-અલગ છે અને આગળ જેનું સ્વરૂપ હમણાં કહેશે તે બોધના પ્રકાર બુદ્ધિ વગેરે અલગ-અલગ હોય છે. તેથી સાંસારિક દેવોને ઉદ્દેશીને કરાયેલાં અનુષ્ઠાનો વિવિધ પ્રકારનાં ફળ આપે છે.

જેમ રત્નનો ઉપલંભ, રત્નનું જ્ઞાન અને રત્નની અવાપ્તિ અલગ-અલગ છે, એમ બોધ પણ બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહ એમ અલગ અલગ ત્રણ પ્રકારે થાય છે. તેવા પ્રકારના ઊહાપોહથી રહિત શબ્દાર્થશ્રવણમાત્રજન્ય બોધ એ 'બુદ્ધિ' છે. તેવા પ્રકારના ઊહાપોહથી ગૃહીતાર્થના તત્ત્વનો થતો બોધ એ 'જ્ઞાન' છે. એ આગમપૂર્વક હોય છે. અને જો બોધ હેયના ત્યાગ ને ઉપાદેયના ઉપાદાનથી યુક્ત હોય તો એ 'અસંમોહ' છે. આ બુદ્ધિ વગેરેના ભેદે અનુષ્ઠાનનો પણ ભેદ થાય છે.

આશય એ છે કે 'તીર્થયાત્રા કરવી જોઈએ' આવું સાંભળીને કે યાત્રિકોને તીર્થયાત્રાએ જતાં જોઈને પોતાને પણ થાય કે 'મારે તીર્થયાત્રા કરવી જોઈએ' એવો બોધ એ અહીં 'બુદ્ધિ' તરીકે અભિપ્રેત છે,-જો, તીર્થયાત્રા ક્યારે કરવી ? કેવી રીતે કરવી ? શા માટે કરવી ? વગેરે અંગે શાસ્ત્રોમાં શું કહ્યું છે ? એની કોઈ જ વિચારણા ભેગી ન હોય તો. જો આગમમાં તીર્થયાત્રા અંગે શું કહ્યું છે ? એની વિચારણાપૂર્વક આ બોધ થયો હોય, પણ પાછું એનું અનુસરણ ન હોય... તો એ બોધ 'જ્ઞાન' છે. અને જો બોધ યથાયોગ્ય ત્યાગ-ઉપાદાનના અનુસરણથી પણ યુક્ત હોય તો એ 'અસંમોહ' છે. એટલે બુદ્ધિથી અર્થગ્રહણ થાય, આગમાનુસારે ઊહાપોહ થાય... ને પછી એનું આચરણ થાય ત્યારે 'અસંમોહ' કહેવાય.

રત્નના માત્ર ચળકાટ વગેરેનું ઉપરછલ્લું દર્શન એ રત્નોપલંભ છે. રત્નશાસ્ત્રાનુસારે એના લક્ષણ વગેરેથી એની પરખ એ 'જ્ઞાન'

છે અને આવી જે પરમ રત્નની પ્રાપ્તિ સુધી પહોંચાડે એ રત્નની અવાપ્તિ છે. આ દૃષ્ટાંત મુજબ બુદ્ધિ વગેરે બોધની ઘટના કરવી. બોધનો આ ભેદ સદનુષ્ઠાનનો ભેદ કરે છે. અર્થાત્ બુદ્ધિપૂર્વક જે અનુષ્ઠાન કરાય છે એ જ જો જ્ઞાનપૂર્વક કરાતું હોય તો અલગ પડી જાય છે ને અસંમોહપૂર્વક કરાતું હોય તો ઓર પણ અલગ પડી જાય છે.

**શંકા** – પણ જ્ઞાન તો એવો બોધ છે કે જેમાં બોધને અનુસરવાનું હોતું નથી. અર્થાત્ એમાં સદનુષ્ઠાન છે જ નહીં. તો સદનુષ્ઠાનનો ભેદ શી રીતે થઈ જશે ? ટૂંકમાં, ગતાનુગતિકતાથી સ્વચ્છંદી અનુષ્ઠાન એ બુદ્ધિપૂર્વકનું અનુષ્ઠાન છે. શાસ્ત્રવચનો પરના ઊહાપોહપૂર્વકનો સદનુષ્ઠાનાદિ બોધ એ જ્ઞાન છે. પણ એ માત્ર બોધ છે. જો એ બોધ મુજબ આચરણ પણ થાય તો એ બોધ અસંમોહ છે. આમ 'જ્ઞાન' માં સદનુષ્ઠાન-આચરણ છે જ નહીં, તો એનો ભેદ શી રીતે ?

**સમાધાન** – સદનુષ્ઠાનભેદ બતાવ્યો છે. એટલે જ્ઞાનપૂર્વકનું અનુષ્ઠાન પણ લેવું તો પડે જ. વળી જ્ઞાનપૂર્વકના અનુષ્ઠાનનું ફળ પણ આગળ બતાવવાના છે. એટલે જ્ઞાનપૂર્વકનું પણ સદનુષ્ઠાન હોય તો છે જ.

**શંકા** – એ અનુષ્ઠાન જો યથેચ્છ થતું હશે તો બુદ્ધિપૂર્વકનું બનશે ને શાસ્ત્રોક્તવિધિ મુજબ કરાતું હશે તો અસંમોહપૂર્વકનું થશે. જ્ઞાનપૂર્વકનું શી રીતે થશે ?

**સમાધાન** – જે યથેચ્છ નથી... ને સંપૂર્ણ રીતે શાસ્ત્રોક્ત મુજબનું પણ નથી. એવાં વચલાં અનુષ્ઠાન જ્ઞાનપૂર્વકના જાણવા જોઈએ. આશય એ છે કે - સદનુષ્ઠાન શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરવું

જોઈએ એવો જેના માથે કશો ભાર જ નથી. 'મનફાવે તેમ કરવું' એવો અભિગમ છે. એનું અનુષ્ઠાન બુદ્ધિપૂર્વકનું છે. જેને શાસ્ત્રશ્રવણ-ઊહાપોહ દ્વારા શાસ્ત્રો પ્રત્યે શ્રદ્ધા છે, 'અનુષ્ઠાન તો શાસ્ત્રોક્તવિધિ મુજબ જ કરવું જોઈએ' એવો વિવેક છે. શાસ્ત્રોક્ત વિધિની જાણકારી પણ છે, છતાં પ્રમાદવશાત્ જે જીવ અનુષ્ઠાનને ઓછું વત્તુ કરે છે. એ જ્ઞાનપૂર્વકનું છે. એને વિધિવિકલતાનો ડંખ હોય છે. બુદ્ધિપૂર્વકનું અનુષ્ઠાન તો વિધિરસિકતા જ ન હોવાથી વિધિવિકલ હોવા છતાં ડંખ વિનાનું હોય છે.

આમ બુદ્ધિ વગેરેના ભેદે અનુષ્ઠાનનો ભેદ થાય છે. છટ્ઠી બત્રીશીમાં જ્ઞાનના ત્રણ પ્રકાર બતાવેલા... વિષયપ્રતિભાસ, આત્મપરિણતિમત્ અને તત્ત્વસંવેદન.. એના કરતાં બોધના બુદ્ધિ વગેરે આ ત્રણ પ્રકાર એટલા માટે જુદા છે કે આ બુદ્ધિ વગેરે માત્ર સદનુષ્ઠાનવિષયક જ લેવાના હોય છે જ્યારે વિષયપ્રતિભાસ વગેરે તો કોઈપણ વિષયવિષયક કહેવાયેલા છે.

**પ્રશ્ન :** બુદ્ધિ વગેરે બોધ સદનુષ્ઠાનવિષયક હોય છે એમ તમે જણાવ્યું તો સદનુષ્ઠાનનું લક્ષણ શું છે એ જણાવશો ?

**ઉત્તર :** આ સદનુષ્ઠાનના ૭ લક્ષણ છે. (૧) અતિશયિત પ્રયત્ન સ્વરૂપ આદર. (૨) કરણમાં તીવ્ર રાગ = અભિષ્વંગસ્વરૂપ પ્રીતિ. (૩) કરણમાં જ અદૃષ્ટના પ્રભાવે અપાયનો અભાવ થવો એ અવિઘ્ન. (૪) અદૃષ્ટના - પુણ્યના પ્રભાવે જ સંપદાગમ-સંપત્તિઓની પ્રાપ્તિ. અવિઘ્નપણે પ્રીતિપૂર્વક કરાતા સદનુષ્ઠાનથી જ શુભ ભાવના દ્વારા આવું પુણ્ય ઉપાર્જન થતું હોય છે. (૫) ઇષ્ટાદિકર્મવિષયક જિજ્ઞાસા અને (૬) ઇષ્ટાદિકર્મના જાણકારની (તજ્જ્ઞની) સેવા. તથા ગાથામાં કહેલા 'ચ' શબ્દથી (૭) તદનુગ્રહ = તજ્જ્ઞનો અનુગ્રહ..

આ સાત સદનુષ્ઠાનનાં લક્ષણ છે, કારણ કે તેવું અનુષ્ઠાન અનુબંધપ્રધાન હોય છે. અહીં આવો આશય જાણવો -

*ભક્તિ બાહ્યપ્રતિપત્તિથીજી હૃદયપ્રેમ બહુમાન....* આ સમ્યક્ત્વના બોલમાં જેવું છે એવું જ પ્રસ્તુતમાં આદર અને પ્રીતિ માટે કહી શકાય. અંદર અનુષ્ઠાન પ્રત્યે અત્યંતરાગાત્મક = અભિષ્વંગાત્મક પ્રીતિ હોય તો બહાર એ અનુષ્ઠાનને કરવામાં યત્નાતિશય રૂપ આદર આવે જ. વધુમાં વધુ ચોકસાઈ (ચીવટ) અને વધુમાં વધુ વીર્યવ્યાપાર. આ યત્નાતિશય જાણવો, એ આદર છે.

'કરણ' શબ્દના બે અર્થ લેવા. કરણ એટલે કરવું (પ્રવૃત્તિ) અને કરણ એટલે સાધન. બંનેમાં પ્રીતિ અને બંનેમાં અવિઘ્ન એ લક્ષણ તરીકે જાણવા. જેમ સામાયિક કરવામાં પ્રીતિ હોય એમ સામાયિકના કરણભૂત ચરવલો વગેરે પ્રત્યે પણ પ્રીતિ હોય. તેથી એની લે-મૂક વગેરે એનું ગૌરવ જાળવીને કરે, આડેધડ ન કરે.. એ જ રીતે સામાયિક કરવામાં જેમ કોઈ વિઘ્ન ન આવવું જોઈએ એમ ચરવલો તૂટી જવો-ખોવાઈ જવો.. વગેરે રૂપે કરણમાં (સાધનમાં) પણ વિઘ્ન આવવું ન જોઈએ. આદર અને પ્રીતિ જ એવા અદૃષ્ટનું (પુણ્યનું) સર્જન કરી આપે છે કે જેના પ્રભાવે આ બંને પ્રકારના કરણમાં 'અવિઘ્ન' થાય છે. આ પુણ્યના પ્રભાવે જ, જીવનપ્રવાહમાં જ્યારે જે આવશ્યક બને ત્યારે તે આવશ્યકતા સહજ રીતે પૂરી થઈ જવી... આ સંપદાગમ છે. ઈષ્ટાદિ સદનુષ્ઠાન પ્રત્યે આંતરિક પ્રીતિ છે એટલે એના વિષયની જિજ્ઞાસા જાગે જ છે. આ જિજ્ઞાસાની પૂર્તિ તે તે અનુષ્ઠાનના જાણકારો પાસેથી મળી શકે છે. એટલે એ વિનય-ભક્તિપૂર્વક જાણકારી મેળવવા તજ્જ્ઞસેવા થયા વગર રહેતી નથી. અને આ સેવાના પ્રભાવે જ પોતાને તજ્જ્ઞની કૃપા પ્રાપ્ત થાય છે.

(પ્રીતિ હોવાથી આદર આવે છે. આદરપૂર્વક અનુષ્ઠાન કરવાથી પ્રીતિમાં ઓર વધારો થાય છે. એટલે) આદરથી પ્રીતિ આવે છે. પ્રીતિના પ્રભાવે થયેલા પુણ્યથી અવિઘ્ન થાય છે. અવિઘ્નના કારણે સદનુષ્ઠાન સારી રીતે થવાથી (ઉપાર્જિત થયેલા પુણ્યના પ્રભાવે) સંપદાગમ થાય છે. સંપદાગમ થવાથી સદનુષ્ઠાન વધુ વિશિષ્ટ રીતે કરવાની ઇચ્છા થાય છે. ને તેથી જ એવું વિશિષ્ટ કઈ રીતે થાય એની જિજ્ઞાસા જાગે છે. જિજ્ઞાસાને સંતોષવા તજ્જ્ઞસેવા કરાય છે ને એ સેવાના પ્રભાવે એમનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. જે અનુગ્રહ આદરને ઓર વધારનારો બને છે. આમ ઉત્તરોત્તર આ ચક્ર ચાલે છે.

પ્રથમવાર અનુષ્ઠાન કર્યું ને બધાનો મોક્ષ થઈ જાય એ સંભવતું નથી. ઉત્તરોત્તર અનુષ્ઠાનની પરંપરાથી મોક્ષ મળે છે. આ આદર વગેરે લક્ષણો હોય તો જ આ પરંપરા ચાલે છે, એ વગર નહીં. માટે આ આદર વગેરે જ અનુષ્ઠાનમાં સદ્ભૂત છે. ને તેથી જ સદનુષ્ઠાનના લક્ષણભૂત છે. આ આદર વગેરે લક્ષણો જો પરિપૂર્ણ હોય તો અસંમોહજન્ય અનુષ્ઠાન થાય છે. એમાં ક્યાંક કચાશ હોય તો જ્ઞાનપૂર્વકનું અનુષ્ઠાન થાય છે. પણ આદરાદિના બદલે અનાદર-ધરાર ઉપેક્ષા વગેરે હોય ને છતાં અનુષ્ઠાન કરાતું હોય તો એ બુદ્ધિપૂર્વકનું થાય છે.

આ બુદ્ધિપૂર્વકનું અનુષ્ઠાન વગેરેના શું ફળ છે ? એ હવે આપણે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૩૪

બોધના ત્રણ પ્રકાર બુદ્ધિ, જ્ઞાન અને અસંમોહની વાતો ગયા લેખમાં જોઈ. તથા છેલ્લે સદનુષ્ઠાનનાં સાત લક્ષણો જોયા. હવે બુદ્ધિ વગેરે સ્વરૂપ બોધપૂર્વક કરાતાં અનુષ્ઠાનનું જીવને શું ફળ મળે છે ? એ વિચારીએ.

બુદ્ધિસ્વરૂપબોધપૂર્વકના કર્મો સ્વકલ્પનાની પ્રધાનતા હોવાથી શાસ્ત્રીય વિવેકનો અનાદર થવાના કારણે વિપાકવિરસ બને છે ને તેથી સંસાર માટે થાય છે.

ક્યાં તો વિચારણા જ નથી. માત્ર ગતાનુગતિકતા છે. ને ક્યાં તો વિચારણા છે પણ માત્ર ઇન્દ્રયાર્થાશ્રયા બુદ્ધિને = ઇન્દ્રિયના વિષયોને અનુકૂળ સ્વકલ્પનાને અનુસરીને. તેથી શાસ્ત્રનો ને શાસ્ત્રબોધજન્ય વિવેકનો ધરાર અનાદર છે. આ અનાદર છે, માટે અનુષ્ઠાન 'સદ્' હોવા છતાં વિપાકવિરસતા છે ને એ છે માટે સંસારાનુકૂલત્વ છે.

જ્ઞાનપૂર્વકના અનુષ્ઠાનો તેવા પ્રકારના વિવેકરૂપી સંપત્તિથી જન્ય અમૃતશક્તિ સમાન શ્રુતશક્તિના પ્રભાવે નિઃશ્રેયસ=મોક્ષ માટે થાય છે. અહીં આવો ભાવ જાણવો કે શાસ્ત્રવચનો પર ઊહાપોહ કરવાથી તત્ત્વસંવેદન થાય છે. એ અમૃતશક્તિતુલ્ય છે. શાસ્ત્રવચનોના પરિશીલનથી ઘડાયેલી બુદ્ધિને અનુસરીને થતું જ્ઞાનપૂર્વકનું આ અનુષ્ઠાન નિઃશ્રેયસ માટે થાય છે. અસંમોહપૂર્વકના અનુષ્ઠાનોને આગળની ગાથામાં શીઘ્રમુક્તિદાયી કહેવાના છે. એટલે જણાય છે કે જ્ઞાનપૂર્વકના અનુષ્ઠાનો વિલંબે (= પરંપરાએ) મુક્તિફળ આપનારાં હોય છે. આ અનુષ્ઠાનો કુલયોગીને હોવા યોગદષ્ટિસમુચ્ચયમાં જે

કહ્યા છે તેના ઉપલક્ષણથી પ્રવૃત્તચક્ર યોગીને પણ આ અનુષ્ઠાનોનો સંભવ જાણવો.

અસંમોહજન્ય કર્મો તો ભવાતીતાર્થયાયી = મોક્ષગામી યોગીઓને શીઘ્ર મુક્તિ આપનારાં બને છે, નહીં કે જ્ઞાનપૂર્વકના અનુષ્ઠાનની જેમ અભ્યુદય પ્રાપ્તિના વ્યવધાનપૂર્વક. જેઓનું ચિત્ત પ્રાકૃતભાવોમાં નિરુત્સુક છે, ભવભોગથી વિરક્ત તે જીવો ભવાતીતાર્થયાયી તરીકે અહીં અભિપ્રેત છે એ જાણવું. આમાં આવું રહસ્ય જાણવું -

જ્ઞાનપૂર્વકના અનુષ્ઠાન વ્યવધાનપૂર્વક મોક્ષફલક છે. અસંમોહજન્ય અનુષ્ઠાન એકાંતપરિશુદ્ધિવાળા હોય છે. અને અવ્યવધાનથી મોક્ષ આપનારા છે. આ બે વાતો અહીં જે જણાવી છે તેનાથી, આપણે પૂર્વે જે વાત વિચારેલી કે જ્ઞાનજન્ય અનુષ્ઠાનો, બુદ્ધિ અને અસંમોહજન્ય અનુષ્ઠાનોની વચલી કક્ષામાં આવનારા હોય છે તે સંગત ઠરે છે. તથા અસંમોહજન્ય અનુષ્ઠાનોને એકાંતપરિશુદ્ધ કહ્યા એ જણાવે છે કે જ્ઞાનજન્ય અનુષ્ઠાનોમાં કંઈક અશુદ્ધિ ભળેલી હોય છે. ત્રીજા પ્રકારના બોધને 'અસંમોહ' નામ આપ્યું છે એ જ સૂચિત કરે છે કે બીજા પ્રકારના બોધમાં પણ કંઈક 'સંમોહ' તો હોય જ છે. આ સંમોહ જ અનુષ્ઠાનમાં એકાંતપરિશુદ્ધિ આવવા દેતો નથી એ જાણવું.

ભવાતીતાર્થયાયી જીવો માટે અહીં કહ્યું કે પ્રાકૃતભાવોમાં જેઓનું ચિત્ત નિરુત્સુક છે. આમાં પ્રાકૃતભાવો એટલે પ્રકૃતિજન્યભાવો. પ્રકૃતિ શબ્દનો અર્થ કર્મપ્રકૃતિ કરીએ તો વિચિત્ર કર્મોદયજન્ય વિવિધ પદાર્થો-વિવિધ પરિસ્થિતિઓ. આ બધું પ્રાકૃતભાવો તરીકે લેવાનું રહે. કર્મોદયજન્ય સારી-નરસી અવસ્થાઓમાં જેઓનું ચિત્ત નિરુત્સુક છે તે ભવાતીતાર્થયાયી છે એવો અર્થ મળે. અથવા 'પ્રકૃતિ'

શબ્દના અર્થ તરીકે પતંજલિ-સાંખ્ય વગેરેએ માનેલી 'પ્રકૃતિ' લઈએ તો બુદ્ધિ-અહંકારથી લઈને શબ્દાદિ પાંચ વિષયો અને પાંચ મહાભૂત. આ બધું પ્રાકૃતભાવો તરીકે લેવાનું રહે. આ પ્રાકૃતભાવોમાં જેમનું ચિત્ત ઉત્સુકતા વિનાનું થયું છે એવા ભવભોગવિરક્ત જીવો ભવાતીતાર્થયાયી છે. જ્ઞાનનામના બોધકાળે સમ્યક્ત્વ હોય તો પણ આ ભાવોમાં ઉત્સુકતા હોય છે. 'અસંમોહ' બોધ તો ત્યારે જ કહેવાય જ્યારે બિલકુલ ઉત્સુકતા ન હોય. કોઈક જીવોને પ્રથમગુણઠાણે પણ એ સંભવે છે. જેમ કે તમાલિતાપસને બલીન્દ્રની પટ્ટરાણીઓએ નિયાણું કરાવવું હતું. અને એ માટે પોતાના રૂપ-ઐશ્વર્ય વગેરે દ્વારા ઘણું આકર્ષણ કર્યું. પણ તામલિતાપસનું ચિત્ત એમાં નિરુત્સુક હોવાથી નિયાણું કર્યું નહીં. અલબત્ સાધના અપર્યાપ્ત હોવાથી સંપૂર્ણ કર્મક્ષય થયો નહીં. તેથી ઈશાનેન્દ્ર થયા. આમ,

| જીવ | બોધપ્રકાર | સદનુષ્ઠાનફળ |
|---|---|---|
| સામાન્યથી કોઈપણ જીવ | બુદ્ધિ | સંસાર |
| કુલ-પ્રવૃત્તચક્રયોગી | જ્ઞાન | અભ્યુદયથી વ્યવહિત મોક્ષ |
| ભવાતીતાર્થયાયી | અસંમોહ | વ્યવધાન વિના મોક્ષ |

ગુણઠાણાની પરિણતિની તરતમતારૂપ ભેદ હોવા છતાં પણ તે યોગીઓનો માર્ગ એક જ હોય છે. જેમ કે સમુદ્રમાં રહેલાને કિનારે પહોંચવાનો માર્ગ. (એ જીવો કિનારાથી) દૂર હોવા કે નજીક હોવા આવો ભેદ હોવા છતાં તત્ત્વતઃ માર્ગ એક જ હોય છે. એમ, સદાશિવ-પરબ્રહ્મ-સિદ્ધાત્મ-તથાતાદિશબ્દોથી વાચ્ય મોક્ષ એક જ છે. અર્થાત્ 'સદાશિવ' વગેરે શબ્દભેદ છે. પણ અર્થભેદ નથી, કારણકે બધાનો અર્થ 'મોક્ષ' જ છે. તે પણ એટલા માટે કે તે તે શબ્દનો અર્થ વિચારવામાં આવે તો એ અર્થ મોક્ષમાં જ ઘટે છે.

જેમકે સદાશિવ એટલે શાશ્વત એવો શિવનો = કલ્યાણનો યોગ = સંબંધ. પરબ્રહ્મ એટલે શ્રેષ્ઠ શુદ્ધાત્મા. એ અતિશયિત (ચઢિયાતા) શુભભાવોનું આલંબન છે. આશય એ છે કે આ મોક્ષ બૃહત્ત્વ = સૌથી શ્રેષ્ઠ-મહાન્ અવસ્થા છે ને એવી મહાન્ અવસ્થા પામવાના અર્થી જીવોને આલંબનરૂપ હોવાથી બૃંહકત્વ પણ એમાં રહેલ છે. આવો પરબ્રહ્મ શબ્દનો અર્થ હોવાથી એ પણ મોક્ષને જ જણાવે છે. જેમના બધા અર્થ = પ્રયોજન નિષ્ઠિત = સિદ્ધ થઈ ગયા છે તે સિદ્ધાત્મા શબ્દનો અર્થ છે. એ પણ મોક્ષ સિવાય ક્યાંય ઘટતો નથી. અને આકાલ = હમેંશા તે જ સ્વરૂપમાં રહેવું તે તથાતા શબ્દનો અર્થ છે જે પણ મોક્ષ સિવાય અન્યત્ર ઘટતો નથી. એટલે સદાશિવ વગેરે શબ્દો જુદા હોવા છતાં બધાનો અર્થ અભેદના કારણે એક જ છે ને તેથી એને પામવાનો માર્ગ પણ તથા = એક જ છે. યોગદષ્ટિસમુચ્ચયગ્રંથની ૧૨૮ થી ૧૩૨ મી ગાથમાં કહ્યું છે કે -

*તે યોગીઓનો ઉપશમભાવ સાધવામાં પરાયણ રહેવું એ એક જ માર્ગ છે, જેમ અવસ્થાને ભેદરૂપ ભેદ હોવા છતાં સમુદ્રમાં રહેલા જીવ માટે કિનારાનો માર્ગ એક જ હોય છે. સંસારથી અતીત થવાનું શ્રેષ્ઠ તત્ત્વ નિર્વાણ = મોક્ષ નામે છે. (જુદા - જુદા દર્શનોમાં એને જણાવનારા) શબ્દોનો ભેદ હોવા છતાં એ નિયમા એક જ છે. (અર્થાત્ તે તે દરેક દર્શનોએ સાધનાનું જે લક્ષ્ય જુદા-જુદા શબ્દોથી જણાવ્યું છે તે અર્થથી એક જ છે. જેને આપણે મોક્ષ કહીએ છીએ.) સદાશિવ, પરબ્રહ્મ, સિદ્ધાત્મા અને તથાતા... આવા શબ્દોથી કહેવાતું તે તત્ત્વ અન્વર્થની અપેક્ષાએ એક જ છે. તે પણ એટલા માટે કે નિર્વાણના લક્ષણનો એમાં વિસંવાદ નથી. (નિર્વાણતત્ત્વનું લક્ષણ આવું છે.) તે નિર્વાણતત્ત્વ કોઈપણ પ્રકારની બાધા=પીડા રહિતનું નિરાબાધ, દ્રવ્ય-ભાવઆમય (રોગ) વિનાનું નિરામય અને કર્તવ્ય*

*તથા કારણનો અભાવ હોવાથી નિષ્ક્રિય છે. (શા માટે નિર્વાણતત્ત્વ નિરાબાધ, નિરામય ને નિષ્ક્રિય છે ?) કારણ કે જન્મ, જરા, મરણનો ત્યાં યોગ નથી. આવા પ્રકારના નિર્વાણતત્ત્વને તાત્ત્વિક રીતે અસંમોહબોધથી જાણ્યે છતે પ્રેક્ષાવાન્ પુરુષોને તેની ઉપાસનારૂપ ભક્તિમાં વિવાદ કરવો સંગત ઠરતો નથી. (કારણ કે એના સ્વરૂપના જ્ઞાનમાં કોઈ ભેદ નથી.) (છતાં જો કોઈ વિવાદ કરે તો એ પ્રેક્ષાવાન્ હોય ન શકે.)*

દરેક દર્શનકારોએ પોતપોતાના અંતિમ સાધ્યનું નામ જુદું જુદું આપ્યું છે, પણ એનો અર્થ વિચારીએ તો જણાય છે કે એ એક જ અભિન્ન તત્ત્વ છે. આ અંતિમતત્ત્વને સાધી આપે એવી સાધના (આચારો-અનુષ્ઠાનો) દરેક દર્શને અલગ-અલગ દર્શાવ્યા છે. છતાં તત્કાળ રાગદ્વેષને ઘટાડવા ને પરંપરાએ મોક્ષ... આ જ દરેકનું લક્ષ્ય છે. તેથી તત્ત્વતઃ બધાનો સાધનામાર્ગ એક જ છે ઉપશમપરાયણતા. કિનારાથી દૂર હોવું કે નજીક હોવું... એ ભેદ કાંઈ માર્ગને બદલી નાખતો નથી, એમ સંસારરૂપી સમુદ્રમાં તે તે દર્શનસ્થિત યોગીઓ, તે સમુદ્રના કિનારારૂપી મોક્ષથી દૂર-નજીક રહ્યા હોવા છતાં બધાનો સાધનામાર્ગ (= કિનારો = મોક્ષે જવાનો માર્ગ) એક જ છે.

આમ દરેક દર્શનનું સાધ્ય એક છે. ભવાતીતાર્થયાયી મુમુક્ષુનું અસંમોહજન્ય અનુષ્ઠાન આ સાધ્યભૂત મોક્ષને આપનાર છે. દરેક દર્શનમાં રહેલ મુમુક્ષુ અચિત્ર = એકસ્વરૂપવાળી ઉપશમપરાયણ જે ભક્તિ કરે છે એનાથી પામવા યોગ્ય સર્વજ્ઞમાં કોઈ ભેદ નથી. અભેદ જ છે. કારણ કે નિર્વાણતત્ત્વ, કે જે બધા દર્શનોનું અંતિમ લક્ષ્ય છે તે સર્વજ્ઞપૂર્વક (= સર્વજ્ઞતાપૂર્વક) જ હોય છે, આવી વાસ્તવિકતા છે. અર્થાત્ સર્વજ્ઞતા એ નિર્વાણનો નજીકનો સરળ માર્ગ છે. તેથી સર્વજ્ઞોમાં મતભેદરૂપ ભેદ સંભવતો નથી. મુંડે મુંડે

મતિર્ભિન્ના... આ ન્યાયે છદ્મસ્થજીવોમાં મતભેદ સંભવે છે. પણ સર્વજ્ઞ તો અનંતકાળપૂર્વના હોય, વર્તમાન હોય કે અનંતકાળ પછી થનારા હોય.. એમનામાં મતભેદ સંભવતો નથી.

**શંકા** – જો સર્વજ્ઞોમાં મતભેદ નથી હોતો. ને વળી બુદ્ધ-કપિલ વગેરે બધા જ સર્વજ્ઞ છે, તો તેઓની દેશનામાં ભેદ કેમ પડ્યો ?

**સમાધાન** – શ્રીઅરિહંત હોય, ગૌતમબુદ્ધ હોય કે કપિલ હોય... આ બધા જ ભવવ્યાધિભિષગ્વરા છે. અર્થાત્ સંસારરૂપી રોગને મટાડનારા શ્રેષ્ઠ વૈદ્યો છે. જેમ વૈદ્ય બાળ-યુવાન વગેરે રોગીને એક જ ઔષધ નથી આપતા, પણ યથાયોગ્ય જુદું જુદું આપે છે, તે રીતે આ શ્રેષ્ઠ વૈદ્યોએ શિષ્યની ભૂમિકા-અભિપ્રાયને અનુસરીને જુદી-જુદી દેશના આપી છે. કપિલાદિએ કાળાન્તરમાં સંભવિત આફતોને વિચારી ડરનારા શિષ્યોને નજરમાં રાખીને પર્યાયને ગૌણ કરનારી દેશના આપી. જ્યારે સુગતાદિએ ભોગમાં આસ્થા રાખનારા જીવોને નજરમાં રાખીને દ્રવ્યને ગૌણ કરનાર અને પર્યાયને મુખ્ય કરનાર દેશના આપી. તેઓ વસ્તુ અન્વય-વ્યતિરેકવાળી = દ્રવ્ય - પર્યાયવાળી હોય છે.. એવું જાણતા ન હોતા એવું નથી, નહીંતરતો એમની સર્વજ્ઞતા જ અસંગત થઈ જાય.

કહેવાનો સાર એ છે કે - કપિલની સામે એવા શ્રોતા હતા જેઓ ભવિષ્યમાં આવનાર રોગ-મૃત્યુ વગેરેથી ડરતા હતા. એટલે તેઓનો ડર દૂર થાય ને સ્વસ્થતાથી સાધના કરી શકે એ માટે આત્મા તો અજર-અમર-નિત્ય છે, એને રોગ-શોક-ડર વગેરે કશું અડતું નથી.. વગેરે રૂપ દ્રવ્યને પ્રધાન કરનારી દેશના આપી. એનો અર્થ એવો નથી કે એમને પર્યાયની અપેક્ષાએ રહેલ વિનશ્વરતાનો બોધ

નહોતો. જો એમ હોય તો તો તેઓ 'સર્વજ્ઞ' તરીકે પ્રસિદ્ધ જ કેમ થાય ?

એમ સુગત વગેરેની સમક્ષ એવા શ્રોતા હતા જેઓ ભોગવિલાસની રુચિ ધરાવતા હતા. એટલે 'આ બધું ક્ષણભંગુર છે, એમાં રાગ-આસક્તિ શું કરવા ?' વગેરે રૂપે વૈરાગ્યજનક દેશના આપી, જેમાં દ્રવ્યને ગૌણ અને પર્યાયને પ્રધાન કરવામાં આવ્યા છે. આવી દેશનાથી એમની રાગ-આસક્તિ છૂટે તો વિષયવિલાસ છોડી સ્વસ્થતાથી સાધના કરી શકે ને આત્મહિત સાધી શકે એ જ એમનો અભિપ્રાય હતો. પણ એ દેશનાનો અર્થ એવો નથી કે તેઓને વસ્તુના દ્રવ્યાંશનું જ્ઞાન જ નહોતું, કેમકે 'તો તો તેઓ સર્વજ્ઞ હતા' એમ પ્રસિદ્ધ જ કેમ થાય ?

ગ્રંથકાર કપિલ-બુદ્ધ વગેરે માટે આ વાત એ રીતે કહે છે કે 'તેઓ અન્વય-વ્યતિરેકવાળી વસ્તુના (અર્થાત્ દ્રવ્ય-પર્યાયમય વસ્તુના) જાણકાર નહોતા એવું નથી, કારણ કે તો પછી એમની સર્વજ્ઞતા અસંગત થઈ જાય. ક્ષણિકતાનું નિરૂપણ કરનારા ગૌતમબુદ્ધે પણ કહ્યું જ છે કે "*હે ભિક્ષુઓ ! અહીંથી એકાણુમાં ભવમાં મારા વડે શક્તિથી એક પુરુષ હણાયેલો. તેના કારણે અત્યારે હું પગમાં કાંટાથી વીંધાયેલો છું.*" જો તેઓ દ્રવ્યાંશને ન માનતા હોય તો એકાણુભવ સુધીની વાત શી રીતે કરે ? એ જ રીતે વ્યાસે પતંજલિના યોગસૂત્રના ભાષ્યમાં (૩/૯૩) જણાવ્યું છે કે '*અવસ્થિતદ્રવ્યનો પૂર્વધર્મનિવૃત્ત થવા પર નવો ધર્મ ઉત્પન્ન થવો એ પરિણામ છે.*' જો તેઓ ઉત્પાદ-વ્યયઅંશ (=પર્યાય) જાણતા જ ન હોય તો આવું શી રીતે કહી શકે ? એટલે દ્રવ્યાંશને કહેનાર કપિલાદિ કે પર્યાયાંશને કહેનાર બુદ્ધાદિ ઇતરાંશને જાણતા જ હોવાથી સર્વજ્ઞ હોવામાં કોઈ અસંગતિ નથી, ને તેથી એ બધાનો એક જ માર્ગ છે.

દિલ્હી જવાના ઇચ્છુક મુંબઈ સ્થિત પ્રવાસીને ત્યાંના આપ્તપુરુષ (અ) કહે કે ઉત્તરમાં જા. ને કાશ્મીર સ્થિત પ્રવાસીને ત્યાનાં આપ્તપુરુષ (બ) કહે કે દક્ષિણમાં જા. આમ બંનેનું કથન અલગ હોવા છતાં બંને દિલ્હીનો જ માર્ગ બતાવી રહ્યા છે, ને તેથી એ દૃષ્ટિએ બંનેનો એક જ માર્ગ છે. વળી (અ) જાણે જ છે કે જો પ્રવાસી કાશ્મીરમાં રહ્યો હોય તો દક્ષિણ તરફનો માર્ગ મંઝિલે પહોંચાડે. એમ (બ) પણ જાણે જ છે કે પ્રવાસી જો મુંબઈમાં રહ્યો હોય તો ઉત્તરગામી માર્ગ કાર્યસાધક છે, તેઓ આ વાત નથી જાણતા એમ નથી. પણ પ્રવાસીની ભૂમિકા પ્રમાણે અલગ-અલગ માર્ગ દર્શાવે છે. આવું જ પ્રસ્તુતમાં જાણવું.

વળી આવી ચિત્રા = જુદા જુદા પ્રકારની દેશનાથી જ બીજાધાનાદિ દ્વારા યથાભવ્ય ઉપકાર થાય છે. અથવા અચિંત્યપુણ્યના સામર્થ્યથી એક જ દેશનાનો વિભેદ થાય છે.

જે જીવને જે રીતે સાનુબંધ બીજાધાનાદિનો સંભવ હોય એ રીતે એને એ થાય એવી દેશના એ જીવને આપી. બીજા જીવને બીજી રીતે એ સંભવ હોય તો એને એ રીતે ઉપદેશ આપ્યો. આમ જીવંભેદે દેશનાભેદ થઈ જાય છે. વસ્તુતઃ શ્રીતીર્થંકરના અચિંત્યપુણ્ય સામર્થ્યથી એક જ દેશના અનેકરૂપ બની જાય છે. પ્રભુનું જિનનામકર્મપુણ્ય શ્રોતાઓને બોધ કરાવવામાં દેશના અમોઘ બની જાય એવું સામર્થ્ય પેદા કરે છે. એટલે જે શ્રોતાને જે રીતે બોધ થવાનો હોય એ રીતે એ જીવને એ દેશના પરિણમે છે. અહીં આવું વિચારી શકાય છે કે જેમ અચિંત્યપુણ્યપ્રભાવે પ્રભુની એક જ ભાષામાં અપાયેલી દેશના શ્રોતાને પામીને તે તે ભાષામાં પરિણમે છે ને તેથી શ્રોતાને સરળતાથી સમજાય છે. એમ તે તે શ્રોતાને પામીને એની એ જ દેશના, એ શ્રોતાની જેવી ભૂમિકા હોય એ

મુજબ પરિણમી જાય છે, ને તેથી દરેક શ્રોતાને પોતપોતાની યોગ્યતા મુજબ બીજાધાન થવું વગેરે ઉપકાર થાય છે. આ રીતે દેશનાનું અવંધ્યત્વ પણ સર્વત્ર નિશ્ચિત થાય છે. એટલે, દેશનામાં વૈચિત્ર્ય જોવા મળે એટલા માત્રથી એને કહેનાર સર્વજ્ઞનું વૈચિત્ર્ય સિદ્ધ થતું નથી.

વળી, અંધપુરુષે ચંદ્રમાં ભેદની કલ્પના કરવી જેમ અસંગત છે, એમ છદ્મસ્થે સર્વજ્ઞમાં ભેદની કલ્પના કરવી એ અસંગત છે, કારણ કે આ વિષયમાં છદ્મસ્થજીવ અંધપુરુષતુલ્ય છે.

આ વાતનો વિસ્તાર તથા આ બત્રીશીમાં આવેલી વાતોના રહસ્યનો કંઈક વિચાર આગામી લેખમાં કરીને આ બત્રીશીની વિચારણા આપણે પૂરી કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૩૫

મૂળ તો સંસારથી પાર ઉતારવાના અભિપ્રાયથી અપાયેલી બધી દેશના સર્વજ્ઞમૂલક જ છે... અર્થાત્ તે તે ઉપદેશના મૂળભૂત ઉપદેશક સર્વજ્ઞ જ છે. પણ ઋષિઓએ દેશ-કાળાદિને તથા શ્રોતાની ભૂમિકાને જોઈને દ્રવ્યાર્થિક વગેરે નયની અપેક્ષાએ દેશના આપી. તેથી દેશ-કાળાદિ ભિન્ન ભિન્ન હોવાથી દેશનામાં પણ ભેદ પડ્યો. માટે, 'આ તે તે ઋષિનો પોતાનો અભિપ્રાય નથી, પણ સર્વજ્ઞનો જ અભિપ્રાય છે' એમ જાણવું જોઈએ. એના બદલે છદ્મસ્થજીવો જો 'આ સર્વજ્ઞની દેશના નથી' એ રીતે કે 'એના મૂળ ઉપદેશક સર્વજ્ઞ નહોતા' એ રીતે અપલાપ કરે તો એ યોગ્ય નથી, કારણ કે એ અપલાપ મહાન્ અનર્થને કરનાર છે.

જેમ અંધપુરુષોએ ચંદ્રનો અપલાપ કરવો અને ચંદ્રના ભેદની (અથવા ચંદ્રની ચાંદનીના ભેદની) કલ્પના કરવી એ અસંગત છે. એમ છદ્મસ્થોએ સર્વજ્ઞનો ભેદ કલ્પવો અસંગત છે. (સર્વજ્ઞના નિશ્ચય અંગે છદ્મસ્થો જન્માંધ આદમી જેવા છે. પછી, 'સર્વજ્ઞ હોય જ નહીં' એ રીતે કે 'કપિલ વગેરે ફલાણી વ્યક્તિ સર્વજ્ઞ નહોતી' એ રીતે સર્વજ્ઞનો વિરોધ કરવો કે વિવિધતા ભરેલી દેશનાઓ માટે 'આ સર્વજ્ઞની દેશના નથી' એ રીતે અપલાપ કરવો એ છદ્મસ્થો માટે ઉચિત નથી.) એક સામાન્ય વ્યક્તિનો અપલાપ-પ્રતિક્ષેપ કરવો પણ જો સજ્જનો માટે યોગ્ય નથી તો આર્યપુરુષનો અપવાદ કરવો એ જીહ્વાછેદથી પણ અધિક ખરાબ મનાયેલો છે. કોઈપણ વિષયમાં જે વ્યવસ્થિત જોયું ન હોય કે નિશ્ચિત કરેલું ન હોય તેને સજ્જનો પ્રાયઃ બોલતા નથી. પરંતુ જે નિશ્ચિત હોય, સારભૂત હોય ને જીવોનું હિત કરનાર હોય એવું જ વચન હમેંશા બોલે છે. અહીં આવો અભિપ્રાય સમજાય છે કે -

સર્વજ્ઞ ભગવાન્ તો સાતનય, ચાર નિક્ષેપ, સપ્તભંગીથી ગૂંથાયેલી એકસરખી દેશના આપે છે. પણ દેશ-કાળના પ્રભાવે જીવોની થયેલી ભૂમિકાના આધારે જે જીવોનું જે રીતે આત્મહિત થાય એ રીતે કપિલ વગેરેએ દ્રવ્યાસ્તિકનય વગેરેને મુખ્ય કરનાર દેશના આપી ને તેથી એ દેશના વિવિધતાને પામી. પણ એટલા માત્રથી 'એ સર્વજ્ઞમૂલક નથી' કે 'એનાથી સર્વજ્ઞવચનવત્ આત્મહિત ન થાય'... વગેરે કહેવું એ સર્વજ્ઞના અપલાપ રૂપ હોવાથી બહુ નુકશાન કરનાર છે. કપિલ વગેરે પણ ભવવ્યાધિભિષગ્વર... મહર્ષિઓ હતા. એટલે એમની દેશનાના વચનો સુનિશ્ચિત અર્થને જણાવનાર, સારભૂત ને હિતકર જ હોય. પછી એ વચનો સર્વજ્ઞને માન્ય ન હોય એ સંભવે જ શી રીતે ?

આને બીજી રીતે કહીએ તો, મૂળભૂત તો જૈન દર્શનના દરેક સૂત્રો ચારે અનુયોગમય હતા. પણ કાળક્રમે મેધા વગેરેની હાનિ થવાથી શ્રી આર્યરક્ષિતસૂરિ મહારાજે ચાર અનુયોગ પૃથગ્ કર્યા. એટલે હવે શ્રી આચારાંગજી માત્ર ચરણકરણાનુયોગ તરીકે જ રહ્યું છે. જ્યારે શ્રી તીર્થંકરદેવે (અર્થથી) (અને શ્રીગણધરોએ સૂત્રથી)તો ચારે અનુયોગમય આચારાંગજી પ્રકાશેલ હતું. પણ એટલા માત્રથી આચારાંગજી ભિન્ન નથી કહેવાતું, એ જ સર્વજ્ઞકથિત કહેવાય છે. એમ પ્રસ્તુતમાં જાણવું જોઈએ. સર્વજ્ઞની સર્વનયમયદેશનાને શ્રોતાની ભૂમિકાને અનુસરીને એકનયરૂપે પ્રરૂપણા કરાય એટલા માત્રથી એ દેશના સર્વજ્ઞમૂલક હોવી મટી જતી નથી.

આ બધી વાતો પરથી નિશ્ચિત એ થાય છે કે આત્મા વગેરે અતીન્દ્રિયતત્ત્વો અંગે સર્વજ્ઞમૂલક એવા શાસ્ત્રવચનોને જ અનુસરવું જોઈએ. પણ, શાસ્ત્રવચનો ને શાસ્ત્રકારોનો ભેદ છે તો શાસ્ત્રશ્રદ્ધા કેમ થાય ? વગેરે વિવાદ ઊભા કરીને એના કરતાં 'અનુમાનદ્વારા આત્મા વગેરે તત્ત્વોનો નિશ્ચય કરવો જોઈએ' એ રીતે અનુમાનને મહત્ત્વ આપવું નહીં. કારણ કે જે અનુમાન વગેરે સર્વજ્ઞને-સર્વજ્ઞવચનને અનુસરનારા ન હોય તે અવ્યવસ્થિત હોય છે. આ બાબતમાં ભર્તૃહરિએ પણ કહ્યું છે કે - અનુમાન કરનારા કુશળ અનુમાતાઓ વડે અસિદ્ધત્વાદિ દોષો ટળે એવા પ્રયત્નપૂર્વક જે અનુમાન કરાયેલું હોય છે, તેમાં એમના કરતાં પણ વધારે હોંશિયાર અનુમાતાઓ દોષ દર્શાવી અન્ય રીતે જ અનુમાન કરી દેખાડે છે.

જો સર્વજ્ઞના વચનને અનુસરવાનું નથી તો પછી બાકી તો બુદ્ધિને અનુસરવાનું રહે છે. ને બુદ્ધિ તો કોના બાપની ? શેરના માથે સવાશેર હોય જ છે. પૂર્વ અનુમાતાઓએ પોતાના અનુમાનમાં અસિદ્ધત્વ-અનૈકાંતિકત્વ વગેરે દોષો ન રહે એવી કાળજીપૂર્વક જેની

સિદ્ધિ કરી દેખાડી હોય છે, એને વધારે સૂક્ષ્મબુદ્ધિવાળા અન્ય અનુમાતાઓ અસિદ્ધત્વાદિ દોષોથી ગ્રસ્ત તરીકે સાબિત કરી દેખાડે છે. સર્વજ્ઞે તો સ્વજ્ઞાનથી પ્રત્યક્ષ જોયેલું જ કહ્યું હોવાથી એને કોઈ અન્યથા સિદ્ધ કરી શકતું નથી. માટે સર્વજ્ઞના વચનોને અનુસરવામાં જ કલ્યાણ છે.

વળી, જો અતીન્દ્રિય પદાર્થો હેતુવાદથી = તર્કવાદથી = અનુમાનથી જાણી શકાતા હોત તો આટલા પસાર થઈ ગયેલા કાળમાં તાર્કિક વિદ્વાનોએ એનો નિશ્ચય કરી જ દીધો હોત, કારણ કે ઉત્તરોત્તર તર્ક વધારે પ્રબળ બન્યો હોય. ધારો કે એક અતીન્દ્રિય પદાર્થ આત્મા અંગે એક તાર્કિક પુરુષે કંઈક અનુમાન કર્યું. કાળ પસાર થવા પર એના કરતાં સૂક્ષ્મબુદ્ધિવાળા અન્ય અનુમાતાએ અનુમાનમાં કોઈ દોષ જોયો, ને એ દોષ દૂર થાય એવું નવું અનુમાન કર્યું. વળી કાળાન્તરે સૂક્ષ્મતરબુદ્ધિમાન્ કોઈક બીજા તાર્કિકે એમાં પણ દોષ દર્શાવી એ દૂર કર્યો... પાછો કેટલાક કાળ પછી કોઈક સૂક્ષ્મતમ બુદ્ધિમાન્ તાર્કિક એ અનુમાનપ્રયોગને પણ કંઈક દોષ દર્શાવી એ દૂર કરી નવો નિર્દોષ અનુમાન પ્રયોગ આપે. પૂર્વપૂર્વના પુરુષોએ આપેલા તર્ક પાછળના પુરુષોને તો મળતા જ રહે છે, ને પોતાની સૂક્ષ્મબુદ્ધિથી નવા પણ તર્ક ઉદ્ભવે છે, એટલે કાળ વીતતાં વીતતાં ખૂબ બળવાન્ તર્ક સંપન્ન થઈ ગયા. હવે બે વિકલ્પો ઉદ્ભવે છે - પ્રથમ - ગમે એટલો કાળ વીતે... ઉત્તરોત્તર અધિક બળવાન્ તર્કો મળતાં જ રહે છે. બીજો... ક્યાંક એ બળવત્તાનો અંત આવી જાય છે, હવે પછી એનાથી પણ બળવાન્ હોય એવો કોઈ તર્ક સંભવતો નથી. જો પ્રથમ વિકલ્પ માનવાનો હોય તો એનો અર્થ એ જ થાય કે આ રીતે હેતુવાદથી = અનુમાનથી ક્યારેય અતીન્દ્રિય પદાર્થના સ્વરૂપ વગેરેનો નિશ્ચય થઈ શકે નહીં, કારણ કે છેલ્લો જે

નિશ્ચય થયો હોય તે ભવિષ્યના અધિક બળવાન્ તર્કથી ખોટો સાબિત થઈ જ જવાનો છે. અને જો બીજો વિકલ્પ માનવાનો હોય તો સૌથી અધિક બળવત્તર તર્કથી જે સિદ્ધ થાય એમાં હવે પછી કોઈ નવો તર્ક દોષનું ઉદ્ભાવન કરી શકવાનો ન હોવાથી એ નિર્દોષ રહેવાના કારણે સર્વકાળમાં સર્વમાન્ય બની જ રહે. અને તો પછી વર્તમાનમાં સર્વત્ર એની જ પ્રરૂપણા હોત... ને આ વિષયમાં કોઈ જ વાદને અવકાશ હોત જ નહીં. પણ વાસ્તવિકતા આ નથી. તેથી પ્રથમ વિકલ્પ જ માનવાનો રહે છે કે સર્વજ્ઞના વચનથી અનુપબૃંહિત એવા અનુમાનથી અતીન્દ્રિય પદાર્થોનો નિશ્ચય થઈ શકતો નથી.

તેથી આગમમાં દૃષ્ટિપાત કરીને સાધકે કુતર્કગ્રહનો = શુષ્કતર્કના અભિનિવેશનો ત્યાગ કરવો જોઈએ. પરમાનંદ મોક્ષની પ્રાપ્તિ માટે પ્રાયઃ ક્ષાયોપશમિક ક્ષમા વગેરે ધર્મો પણ જો ત્યાજ્ય છે તો કુતર્કગ્રહ તો સુતરાં ત્યાજ્ય જ છે. કારણ કે કોઈપણ વિષયમાં આગ્રહ એ અસંગ અનુષ્ઠાનનો વિરોધી હોવાથી અનિષ્ટ જ છે. પ્રાયઃ શબ્દ ક્ષાયિક ગુણોના વ્યવચ્છેદ માટે છે. એટલે કે ક્ષાયિકગુણોનો ત્યાગ થતો નથી. અહીં આવો આશય વિચારી શકાય છે -

આગ્રહ એ સ્વમાન્યતાના અભિષ્વંગરૂપ બને છે. ને તેથી અસંગઅનુષ્ઠાનમાં કે જેમાં કરાઈ રહેલા સદનુષ્ઠાનનો સંગ પણ સંમત નથી તો એમાં કુતર્કનો સંગ તો શી રીતે સંગત બને ?

આપણે પૂર્વે જોઈ ગયા છીએ કે ધર્મ ત્રણ પ્રકારનો છે. ક્રિયાયોગરૂપ ધર્મ, જ્ઞાનયોગરૂપ ધર્મ અને સ્વભાવભૂતધર્મ... આમાંથી પ્રવ્રજ્યાના સ્વીકારકાળે ક્રિયાયોગ રૂપ ધર્મ છૂટે છે. દ્વિતીય અપૂર્વકરણકાળે તાત્ત્વિકધર્મસંન્યાસ થાય છે ત્યારે ક્ષાયોપશમિક ક્ષમા વગેરે છૂટે છે ને મોક્ષમાં તો માત્ર સ્વભાવભૂતધર્મો (ક્ષાયિકભાવો) રહે છે.

આ બત્રીશી પર કંઈક વિચારણા...

**શંકા** – આ બત્રીશીમાં 'બધાં શાસ્ત્રો એક છે, શાસ્ત્રકારો એક છે, માટે કોઈનો અપલાપ કરવો નહીં' વગેરે વાતો છે. જ્યારે મુહપત્તિના બોલ વગેરેમાં 'કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું' વગેરે જણાવેલ છે. એમાં કુદેવ વગેરે રૂપે જે ઉલ્લેખ કરેલો છે તે એક પ્રકારની નિંદા-અપલાપરૂપ જ છે ને ! વળી એનો પરિહાર કરવાનું પણ જણાવેલ છે. જો બધું સર્વજ્ઞોક્ત જ છે તો પરિહાર શા માટે ?

**સમાધાન** – જેઓને અસદ્અભિનિવેશ નથી એવા મધ્યસ્થ જીવો માટે આ બત્રીશીની વાતો છે. એટલે જ એમનાં શાસ્ત્રવચનો એવા જીવોને સુનયરૂપ બને છે. પણ જેઓને અસદ્અભિનિવેશ છે એવા જીવો કુતીર્થિક બને છે. એમના માટે એ જ કપિલાદિ કુદેવ વગેરે રૂપ બને છે. ને એમનાં શાસ્ત્રવચનો દુર્નયરૂપ હોવાથી મિથ્યાશ્રુત બને છે.

**શંકા** – મુહપત્તિના બોલ વગેરેમાં માત્ર 'કુદેવ' વગેરે તરીકે ઉલ્લેખ ને પરિહારની જ વાતો છે. આ બત્રીશીમાં કહેલી વાતો પ્રાયઃ અન્યત્ર જોવા મળતી નથી.

**સમાધાન** – અન્યદર્શનમાં રહેલા મોટા ભાગના જીવો સ્વ-સ્વ દર્શનના ગાઢ અભિનિવેશવાળા હોય છે. મધ્યસ્થ જીવ તો કોઈક રડ્યોખડ્યો વિરલ જ હોય છે. એટલે એને ગૌણ કરી, મોટાભાગના જીવોને નજરમાં રાખી એ બધી વાતો છે.

**શંકા** – પણ મુહપત્તિના બોલ વગેરે બોલનાર તો જૈનદર્શનમાં રહેલા સમ્યક્ત્વી વગેરે જીવો છે. એમને તો અસદ્અભિનિવેશ હોતો નથી જ. વળી, શ્રીહરિભદ્રસૂરિ મહારાજ ખુદ કહે છે - पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु । युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ।

લોકતત્ત્વનિર્ણયમાં તેઓએ આ કહ્યું છે કે - *મને શ્રી વીરપ્રભુ પર પક્ષપાત નથી કે કપિલ વગેરે પર દ્વેષ નથી. પણ જેમનું વચન યુક્તિસંગત છે તેનો સ્વીકાર કરવો જોઈએ.* (અને તેથી શ્રી વીરપ્રભુનાં વચનોનો હું સ્વીકાર કરું છું... ને કપિલાદિનાં વચનો યુક્તિ સંગત ન ભાસવાથી એનો હું સ્વીકાર કરતો નથી.) વળી એટલે જ તેઓએ અનેક ગ્રંથોમાં કપિલાદિના વચનોનું ખંડન કર્યું છે. તો પછી કપિલાદિ પણ સર્વજ્ઞ હતા... વગેરે વાતો સાથે આ વાતોનો મેળ કેમ ખાય ?

**સમાધાન** – તમારી શંકા બરાબર છે. આનો કોઈ યોગ્ય સમન્વય ખોળી કાઢવો જોઈએ. મને એમ લાગે છે કે જુદી જુદી વિવક્ષાથી આ વાતો કરાયેલી છે. ધારોકે દક્ષિણના એક મૂળસ્થાનથી ઉત્તરના ગંતવ્યસ્થાને એક મુખ્ય રાજમાર્ગ (હાઈવે) જાય છે. એની આસપાસ અનેક કેડીઓ છે. એ કેડીઓ આડી-અવળી ગમે ત્યાં ફંટાઈ જાય છે ને ફંટાઈ ગયેલી કેડી પર ચઢી ગયેલો મુસાફર પછી ઘોર અટવીમાં ક્યાં ભટકાઈ જાય એ કહી શકાતું નથી. એમાંની અમુક જ કેડી એવી હોય છે જે થોડી ઉત્તરમાં જઈને પછી આ રાજમાર્ગને મળી જાય છે. પણ એવી કેડીઓ જુજ છે ને એમાંથી પણ ડગલે ને પગલે આડી-અવળી ઢગલાબંધ કેડીઓ ફંટાતી હોય છે જે મુસાફરને અટવીમાં જ ભટકાવી દેનારી હોય. ગંતવ્યસ્થાનની નજીક પણ આવી અનેક કેડીઓ છે જેમાંની કો'ક કેડી સીધી ગંતવ્યસ્થાન પર પહોંચાડે છે. પણ એવી કોઈ કેડી નથી જે મૂળસ્થાનથી ઠેઠ મંઝિલ સુધી પહોંચાડતી હોય. તથા એવો એક પણ મુસાફર નથી જેણે મંઝિલ સુધી પહોંચવામાં રાજમાર્ગનો ક્યાંય આશ્રય લીધો ન હોય ને માત્ર જુદી જુદી કેડીઓનું અનુસંધાન કરીને જ બધો માર્ગ કાપ્યો હોય. ટૂંકમાં મંઝિલે પહોંચવા માટે રાજમાર્ગનો આશ્રય અતિઆવશ્યક છે. કોઈક મુસાફર સંપૂર્ણ પ્રવાસ રાજમાર્ગ પર જ કરે

છે. કોઈક ક્યાંક કો'ક કેડી દ્વારા પણ થોડું અંતર કાપે છે. છતાં મુખ્ય અંતર તો રાજમાર્ગ દ્વારા જ કપાય છે.

આ દૃષ્ટાંતની ઘટના કરીએ. મોક્ષ એ મંઝિલ છે. જિનોક્ત માર્ગ એ આ મંઝિલે પહોંચવાનો રાજમાર્ગ છે. એ સિવાયના દર્શનોક્ત માર્ગ કેડી જેવા છે. કેડી માર્ગે ચઢી જનાર ઘણું ખરું સંસાર અટવીમાં જ ભટકી જાય છે. વળી કોઈપણ દર્શનોક્તમાર્ગ એવો નથી કે માત્ર એ માર્ગના જ આલંબને જીવ ઠેઠ મોક્ષ સુધી પહોંચી જાય. જિનોક્તમાર્ગનું આલંબન લેવું જ પડે છે ને એ પણ ઘણો ખરો માર્ગ કાપવા માટે. કોઈક જીવો છેલ્લે કેડી દ્વારા મોક્ષે પહોંચી જાય એવું પણ સંભવે છે, છતાં એ જીવે મોટા ભાગનો માર્ગ તો પૂર્વભવોમાં જિનોક્તમાર્ગે જ કાપ્યો હોય છે. કોઈક જીવ પ્રારંભ અન્યદર્શનોક્ત કેડીથી કરે છે ને પછી રાજમાર્ગે ચઢી જાય છે. કોઇક જીવ રાજમાર્ગથી પ્રારંભ કરી વચ્ચે ક્યાંક કેડી પર ઉતરી પાછો રાજમાર્ગ પર ચઢી જાય છે. આવી અનેક સંભાવનાઓ હોવા છતાં, અન્યદર્શનમાં રહેલા ઘણા મોટા ભાગના જીવો આડા-અવળા ફંટાઈને સંસાર અટવીમાં જ ભટકી જાય છે. માટે એ કુતીર્થ કહેવાય છે. ને એટલે જ ખુદ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પણ સ્વગ્રંથોમાં અન્યદર્શનના શાસ્ત્રોનું ખંડન કર્યું જ છે.

રાજમાર્ગની અપેક્ષાએ કેડી ત્યાજય છે. એટલે જેમને રાજમાર્ગ મળી ગયો છે કે મળી જવાની સંભાવના છે. એવા જીવોને કેડીના ગુણગાન સાંભળી કેડીનું આકર્ષણ ન થઈ જાય કે રાજમાર્ગનું આકર્ષણ ઘટી ન જાય. એ માટે કેડીમાર્ગને વખોડવો... એમાં સંભવિત નુકશાન વર્ણવવા આવશ્યક બને છે. એ જ રીતે રાજમાર્ગ પામેલાને, એ પામવાનું ગૌરવ જણાય અને તેથી એને આરાધવામાં ઉલ્લાસ-બહુમાન વધે એ માટે કેડીને વખોડવામાં આવે છે. (અન્ય

દર્શનોના ક્ષતિયુક્ત વિધાનોને વખોડવામાં આવે છે.) પણ આ વખોડવામાં એ મહાપુરુષોને એ દર્શનો પ્રત્યે કે દર્શનોના પ્રણેતા-શાસ્ત્રકારો પ્રત્યે કોઈ દ્વેષ હોતો નથી. આ દ્વેષ હોતો નથી. માટે જ, કેડી દ્વારા પણ (તે તે દર્શન દ્વારા) પણ કોઈ જીવને અમુક લાભ થઈ શકે છે, થાય છે એ વાતનો પણ તેઓ સ્વીકાર કરે છે.

પણ 'આત્મા' એવું દ્રવ્ય છે કે સર્વજ્ઞના વચનનું આલંબન ન હોય તો, ભવાભિનંદી જીવોને તો નહીં, અપુનર્બંધક બનેલા જીવોને પણ આત્માનો અણસાર સુદ્ધાં આવવો શક્ય જ નથી. જો સર્વજ્ઞનાં વચનો ન હોત તો આખું વિશ્વ આત્માના વિષયમાં ઘોર અંધકારમાં અટવાતું હોત. એટલે આત્માની વાતો, આત્મહિતની વાતો વગેરે સર્વજ્ઞમૂલક હોવી જ સંભવે છે. આપણા અર્વાચીન શાસ્ત્રકારોએ કરેલી વાતો પણ ગુરુપર્વક્રમ સંબંધ દ્વારા સર્વજ્ઞમૂલક હોય જ છે. પણ કપિલ વગેરેએ કરેલી વાતો એ સંબંધ દ્વારા પણ એવી હોવી સંભવતી ન હોવાથી એ અંશમાં તેઓ પણ 'સર્વજ્ઞ' હતા એમ સાબિત કરવામાં આવે છે. એ કરવા પાછળ, એ દર્શનોક્તમાર્ગમાં (કેડી પર) રહેલા મધ્યસ્થ સાધકો એ માર્ગને છોડીને સાવ માર્ગવિહોણા થઈ શક્ય લાભથી પણ વંચિત ન રહી જાય.. એવી કરુણા હોય છે.. ને જિનોક્ત માર્ગમાં રહેલા સાધકો એ દર્શનનો 'આ દર્શન સાવ નિરર્થક' વગેરે રૂપે અપલાપ કરી સ્વયં અભિનિવિષ્ટ થવા દ્વારા સાધનાભ્રષ્ટ ન થઈ જાય એવી કરુણા છે.

એક વાત એવી સમજાય છે કે કપિલ-બુદ્ધ વગેરે પણ પૂર્વજન્મોમાં જૈનશાસન પામેલ હોવા જોઈએ. એનાથી તેઓ સાધના દ્વારા પોતાના આત્માની ભૂમિકા ઘણી ઊંચે લઈ ગયા હોય. પણ કોઈક અનાલોચિત વિરાધનાના પ્રભાવે જન્માન્તરમાં જૈનદર્શન ન પામ્યા... ને છતાં સાધનારત થયા. અંદર અંતરાત્મામાંથી જેવી

સ્ફુરણા થઈ એવો સાધનામાર્ગ બતાવ્યો. હા, લક્ષ્ય આત્મહિત જ હતું. કોઈ અંગત સ્વાર્થ-ભેળસેળ વગેરે મલિન આશય નહોતો. કારણ કે એમને પણ આત્મહિત જ કોઈપણ ભોગે કર્તવ્ય લાગેલું. એની સામે ચક્રવર્તીના છ ખંડ પણ ફીકા લાખેલા. માટે જ તે તે ભૂમિકાવાળા જીવોનું એનાથી પણ આત્મહિત સંભવિત બન્યું. એટલે એમના વચનને અનુસરીને આત્મહિત થવામાં પણ, સાક્ષાત્ નહીં તો પરંપરાએ... સર્વજ્ઞનો પ્રભાવ હોય જ છે. એટલે કે દરેક આત્મહિત સર્વજ્ઞમૂલક હોય છે એ વાત નિઃશંક જાણવી.

આમ આ લેખ પૂર્ણ થવા સાથે ત્રેવીશમી કુતર્કગ્રહનિવૃત્તિ-દ્વાત્રિંશિકા પૂર્ણ થઈ. હવે આગામી લેખથી ચોવીશમી સદ્દૃષ્ટિ-દ્વાત્રિંશિકાની વિચારણાનો પ્રારંભ કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૩૯

ગયા લેખમાં ત્રેવીશમી બત્રીશી પૂર્ણ થઈ. એ બત્રીશીમાં અવેદ્યસંવેદ્યપદના જયથી કુતર્કની નિવૃત્તિ થાય છે ને એ જ કરવા જેવી છે એ વાત કરેલી. એટલે હવે ચોવીશમી બત્રીશીમાં કુતર્કગ્રહની નિવૃત્તિથી જે સદ્દૃષ્ટિઓની પ્રાપ્તિ થાય છે એ સદ્દૃષ્ટિઓનું નિરૂપણ કરવાનું છે. સદ્દૃષ્ટિઓ સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા... આમ ચાર છે. માટે આ ચારનું આ બત્રીશીમાં વર્ણન કરવામાં આવશે. આ ચાર દૃષ્ટિઓમાં બોધ ક્રમશઃ રત્નની, તારાની, સૂર્યની ને ચંદ્રની પ્રભા જેવો હોય છે. તેમજ યોગાંગ ક્રમશઃ પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ હોય છે. વળી ક્રમશઃ સૂક્ષ્મબોધ, મીમાંસા, પરિશુદ્ધપ્રતિપત્તિ અને

તત્ત્વવિષયકપ્રવૃત્તિ... એમ ગુણપ્રાપ્તિ થાય છે. તથા ભ્રાન્તિ, અન્યમુદ્, રોગ અને આસંગદોષ ક્રમશઃ નિવૃત્ત થયા હોય છે.

ઓઘદષ્ટિમાં તત્ત્વનો બોધ હતો જ નહીં, પછી તૃણાગ્નિકણ સમાન બોધ થયો એટલે જીવ મિત્રાદષ્ટિમાં આવ્યો... યોગદષ્ટિઓનો પ્રારંભ થયો. આ બોધ વધતાં વધતાં ચોથી દીપ્રાદષ્ટિ સુધી જીવ પહોંચ્યો. પણ હજુ અવેદ્યસંવેદ્યપદ હોવાથી સૂક્ષ્મબોધ નહોતો. આ અવેદ્યસંવેદ્યપદ પર વિજય મેળવવાથી કુતર્કગ્રહની નિવૃત્તિ થઈ. જેના પ્રભાવે જીવ સદ્દષ્ટિઓ પામે છે. એમાં સૌ પ્રથમ સ્થિરાદષ્ટિ હોવાથી ગ્રંથકાર સૌ પ્રથમ એનું વર્ણન કરે છે.

આ સ્થિરાદષ્ટિમાં પ્રત્યાહારનામે પાંચમું યોગાંગ પ્રાપ્ત થાય છે જેનું વર્ણન આપણે આગળ જોઈશું. વળી આ સ્થિરાદષ્ટિ નિરતિચાર અને સાતિચાર એમ બે પ્રકારે હોય છે. આમાં જે નિરતિચાર સ્થિરાદષ્ટિ છે તેમાં દર્શન = તત્ત્વબોધ નિત્ય હોય છે. ક્યારેય વિલય પામતો નથી. એટલે જણાય છે કે આ નિરતિચાર ક્ષાયિકસમ્યક્ત્વી જીવોને જ હોય છે. એ સિવાયના સમ્યક્ત્વી જીવોને ગ્રંથિભેદ કર્યો હોવાથી સ્થિરાદષ્ટિ હોય છે, પણ શંકા-કાંક્ષા વગેરે અતિચારોની સંભાવના હોવાથી એ સાતિચાર હોય છે. જેમ કમળો વગેરે રોગના કારણે આંખ પર પિત્ત-પીળાશનું પડલ બાઝવું વગેરે દોષો થયેલા હોય તો સ્પષ્ટદર્શન થતું નથી. એ દોષો ક્ષીણ થઈ જવા પર દર્શન વિશદ થાય છે. પણ પાછો જો એ દોષોનો પ્રકોપ થાય તો પાછું દર્શન ઝાંખું પડી જાય છે. એમ શંકા વગેરે દોષોના કારણે સ્થિરાદષ્ટિનો બોધ ધુંધળો થાય છે. આવું ધુંધળાપણું એ જ એની અનિત્યતા જાણવી. બાકી સ્થિરાદષ્ટિ છે ત્યાં સુધી બોધ સર્વથા વિચ્છેદ પામતો નથી.

પૂર્વે તારાદિત્રયદ્વાત્રિંશિકામાં આવેલું છે કે ભવાભિનંદી જીવોને અવેદ્યસંવેદ્યપદ હોય છે. મિત્રાદષ્ટિવાળા જીવોને ઉપચારથી વેદ્યસંવેદ્ય

પદ હોય છે. પ્રતિપાતવાળા સમ્યક્ત્વીજીવોને વ્યવહારથી વેદ્યસંવેદ્યપદ હોય છે ને અપ્રતિપાતી સમ્યક્ત્વી જીવોને નિશ્ચયથી વેદ્યસંવેદ્યપદ હોય છે. આના પરથી સ્થિરાદૃષ્ટિ અંગે પણ આવી કલ્પના કરી શકાય છે કે મિથ્યાત્વીજીવોને તો સ્થિરાદૃષ્ટિનો અભાવ હોય છે. પ્રતિપાતી સમ્યક્ત્વી જીવોને વ્યવહારથી સ્થિરાદૃષ્ટિ હોય છે. અપ્રતિપાતી ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવોને નિશ્ચયથી સાતિચાર સ્થિરાદૃષ્ટિ હોય છે. ને ક્ષાયિક સમ્યક્ત્વી જીવોને નિશ્ચયથી સ્થિરાદૃષ્ટિ હોય છે. આમાંથી વ્યવહારથી સ્થિરાદૃષ્ટિવાળાનો બોધ, સમ્યક્ત્વ ચાલ્યું જાય ત્યારે સ્થિરાદૃષ્ટિ પણ ચાલી જવાથી સર્વથા વિચ્છેદ પામી જાય છે. જ્યારે નિશ્ચયથી સ્થિરાદૃષ્ટિવાળાનો બોધ શાશ્વત-નિત્ય હોય છે, સર્વથા વિચ્છેદપામતો નથી. પણ જો એ સાતિચાર હોય તો ધુંધળો થાય છે ને જો દૃષ્ટિ નિરતિચાર હોય તો એ હમેંશા વિશદ પણ રહે જ છે. આવું રહસ્ય અહીં સમજાય છે.

**શંકા** - સમ્યક્ત્વ ચાલ્યા જવાથી જે ચાલી જાય એને 'સ્થિરાદૃષ્ટિ' કહેવી ન જોઈએ. કારણકે એ 'સ્થિર' નથી.

**સમધાન** - મિત્રાદિદૃષ્ટિ કરતાં વિશદ બોધ ધરાવનાર હોવાથી એને ઓઘદૃષ્ટિ તો કહી શકાતી નથી. એને મિત્રાદિદૃષ્ટિરૂપે પણ કહી શકાતી નથી, કારણકે પ્રથમ ચાર દૃષ્ટિઓ મિથ્યાત્વીજીવોને કહી છે. માટે એને સ્થિરાદૃષ્ટિ કહેવી તો પડે જ છે. છતાં એ રત્નની પ્રભાની જેમ સ્થિર નથી. તેથી એને નિશ્ચયથી સ્થિરાદૃષ્ટિ કહી શકાતી ન હોવાથી વ્યવહારથી સ્થિરાદૃષ્ટિ કહેવી જોઈએ એમ લાગે છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વીજીવોને દર્શનમોહનીયકર્મમાંથી મિથ્યાત્વમોહનીયનો તથા મિશ્રમોહનીયનો અંશ માત્ર પણ વિપાકોદય હોતો નથી (આ જ એ બેનો ક્ષયોપશમ છે). તથા સમ્યક્ત્વ

મોહનીયનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય છે. અર્થાત્ અલ્પરસવાળા દલિકોનો વિપાકોદય છે ને અધિક રસવાળા દલિકોનો ક્ષયોપશમ હોય છે. આ જે વિપાકોદય હોય છે તે સમ્યક્ત્વને આવરી શકતો ન હોવાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ જળવાઈ રહે છે. પણ એ શંકાદિ અતિચાર લગાડી શકે છે. એટલે જીવ જો સાવધ ન રહે તો આ વિપાકોદયના પ્રભાવે શંકાદિ અતિચાર લાગી શકે છે જે સમ્યક્ત્વને મલિન કરી શકે છે, પણ નષ્ટ કરી શકતા નથી.

પૂર્વે એવી વાત આવેલી હતી કે પ્રથમ ચાર દૃષ્ટિઓ સપાત છે ને સ્થિરા વગેરે ચાર દૃષ્ટિઓ અપાત છે. આનો અર્થ આપણે એ રીતે જોઈ ગયા છીએ કે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્તિકાળે નિકાચિતતા નીકળી જતી હોવાથી નિકાચિત મિથ્યાત્વમોહનીય જીવનું પતન કરાવી દે એ સંભવતું નથી. પણ જીવ પોતે ગફલત કરે ને શંકાદિ કરે તો સમ્યક્ત્વને મલિન પણ કરી શકે છે ને ગુમાવી પણ શકે છે. પણ જીવ જો ગફલત ન કરે-પ્રમાદ ન કરે તો સમ્યક્ત્વ-બોધ-દૃષ્ટિ સ્થિર રહી શકે છે, માટે આ દૃષ્ટિને સ્થિરા કહી છે.

વળી આ દૃષ્ટિમાં રહેલા સાધકને હેય-ઉપાદેય વગેરે તત્ત્વનું દર્શન ક્યારેય ભ્રાન્ત હોતું નથી, કારણકે ભ્રમદોષ રવાના થયેલો છે. આનો અર્થ એવો નથી કે એને સ્થાણુમાં ક્યારેય પુરુષનો ભ્રમ થાય નહીં. જ્ઞાનાવરણીયકર્મનો અપરાધ, આંખની (ઇન્દ્રિયની) કચાશ, દૂરત્વ, પ્રકાશની કચાશ વગેરે કારણે આવા ભ્રમ તો એને થઈ શકે છે. એટલે જ એને ગુરુકુલવાસ, શાસ્ત્રઅભ્યાસ વગેરે જરૂરી છે. પણ દર્શનમોહનીયકર્મના પ્રભાવે થતો ભ્રમ એને ક્યારેય થતો નથી.

**શંકા** - પણ સાતિચારસ્થિરાદૃષ્ટિવાળાને તો એ ભ્રમ થાય ને ?

**સમાધાન** - ના, સાતિચારદશામાં દર્શનને ધૂંધળું કહ્યું છે, ભ્રાન્ત નથી કહ્યું. ઠુંઠુ 'ઠુંઠાં' તરીકે જ દેખાતું હોય પણ ઝાંખું દેખાતું

હોય. 'પુરુષ' તરીકે ન દેખાતું હોય... આવું આમાં સમજવું જોઈએ. એટલે ભ્રમદોષ તો હોતો નથી જ.

હવે આ દૃષ્ટિમાં પ્રાપ્ત થતા પ્રત્યાહાર યોગાંગને વિચારીએ-

નગરની બહાર ઘાસનું વિશાળ મેદાન. લીલુંછમ ઘાસ. તાજુ ઘાસ, બકરીઓને બેરોકટોક ઈચ્છામુજબ ચરવાની સગવડ. આખો દિવસ સીમમાં આ રીતે ઘાસ ચર્યા પછી સાંજે ગામમાં પાછી ફરેલી બકરીઓ ગામમાં માર્ગમાં ઘાસ જોયું નથી ને મોં નાખ્યું નથી. આ વાસ્તવિકતાને જોઈને રાજાએ એક યોજના જાહેર કરી. રાજા બકરી સામે લીલું ઘાસ ધરશે. જેની બકરી એમાં મોં નહીં નાખે એને રાજા તરફથી ૧૦૦૦ સોનામહોર ઈનામ. ને જો બકરી મોં નાખશે તો એ બકરી રાજાને આપી દેવાની. એક બકરીપાલક પોતાની બકરીને ભરપેટ લીલું ઘાસ ખવડાવી... પછી રાજા પાસે લાવ્યો. પણ જેવું રાજાએ ઘાસ ધર્યું કે તરત બકરીએ મુખ એમાં નાખ્યું જ. ને બકરી રાજાને આપી દેવી પડી. આવો અનેક બકરીપાલકોને અનુભવ થયા પછી બકરીપાલકો આવતા બંધ થઈ ગયા. થોડા દિવસો બાદ એક બકરીપાલક પોતાની બકરી લઈને આવ્યો. રાજાએ એને ચેતવ્યો. 'અલ્યા ! તારે તારી બકરી ગુમાવવી છે ? આજ સુધીના બધા પાલકો ગુમાવીને ગયા છે.' એ બકરી પાલકે રાજાને કહ્યું : 'ના, નામદાર ! હું તો એક હજાર સોનામહોર જીતીને જઈશ... આપ ઘાસ ધરો.' જેવું રાજાએ ઘાસ ધર્યું કે આ પાલક બાજુમાં જ, બકરીને દેખાય એ રીતે દંડો ઊગામીને ઊભો. રાજાના આશ્ચર્ય વચ્ચે બકરીએ મુખ નાખ્યું નહીં. રાજાએ ઘણી લલચાવવા છતાં પણ સ્થિર રહી ત્યારે રાજાએ ૧૦૦૦ સોનામહોર પાલકને ઈનામ આપ્યું. પણ પછી આનું રહસ્ય પૂછ્યું.

પાલકે રહસ્યનો સ્ફોટ કરતાં કહ્યું કે : હું આપની જેમ બકરીને લીલું ઘાસ ધરતો ને જેવી એ મુખ નાખે કે તરત જોરથી દંડો ફટકારતો.

આવું કેટલાક દિવસ કર્યું. એટલે બકરીને દંડાનો ભય પેસી ગયો. ઘાસ ગમે એવું લીલું ને તાજુ દેખાય પણ બાજુમાં દંડો જુએ તો મુખ નાખવાનું એણે બંધ કર્યું. દંડો દેખાવા પર એ મુખ નાખતી નથી આવો અનેકવાર અનુભવ થયા પછી હું આજે આપની પાસે બકરી લાવ્યો. દંડો લઈને ઊભો રહ્યો ને ૧૦૦૦ સોનામહોર જીતી લીધી.

ઇન્દ્રિયો બકરી જેવી છે ને વિષયો ઘાસ જેવા છે. ગમે એટલા વિષયો ભોગવ્યા પછી પણ, નવો વિષય ઉપસ્થિત થયો નથી ને ઇન્દ્રિયો એમાં દોડી નથી... આવી અનાદિકાળથી પરિસ્થિતિ છે. વિષયોની ક્ષણભંગુરતા-વિપાકદારૂણતા વગેરેનું દર્શન એ દંડાનું દર્શન છે. વારંવાર આ દર્શન-ભાવનથી જીવને વિષયસુખનો ડર પેદા થાય છે. એટલે વિષયોને ભોગવી લેવા માટે લાલાયિત થઈ ગયેલી ઇન્દ્રિયોને પણ જીવ વિષયોમાં જતી રુંધે છે, અટકાવે છે. ઇન્દ્રિયોને આ રીતે રુંધવી એ ઇન્દ્રિયોનો પ્રત્યાહાર છે.

આ પ્રત્યાહારનો જેમ જેમ અભ્યાસ થતો જાય છે તેમ તેમ ઇન્દ્રિયોની વિષયોમાં દોડી જવાની લાલાયિતતા-તત્પરતા ઘટતી જાય છે. એ ઘટતાં ઘટતાં પછી એક એવી અવસ્થા આવે છે કે હવે શ્રેષ્ઠ વિષયો ઉપસ્થિત થાય તો પણ ઇન્દ્રિય એમાં લાલાયિત થતી નથી. ઇન્દ્રિયોને હવે વિષયો ભોગવી લેવાની કોઈ તત્પરતા જ રહેતી નથી. હવે ઇન્દ્રિયો સંપૂર્ણ રીતે જીવને વશ થઈ ગઈ હોય છે. એની આ વશ્યતા એ પ્રત્યાહારનું ફળ છે.

પ્રત્યાહારના પ્રભાવે ઇન્દ્રિયો જેમ સ્વવશ થાય છે એમ પ્રત્યાહારના પ્રભાવે બધી ભવચેષ્ટાઓ = વિષયભોગ વગેરે બધી સંસારક્રિયાઓ બાળક્રીડા જેવી લજ્જાસ્પદ ભાસે છે.

આશય એ છે કે ગ્રંથિનો વિશેષ પ્રકારે ભેદ થયો હોવાના કારણે જેઓનું ચિત્ત વિવેકવાળું બન્યું છે તેવા યોગીઓને આ

પ્રત્યાહારના પ્રભાવે, ચક્રવર્તીનું સુખ વગેરે રૂપ સંપૂર્ણ ભવચેષ્ટા બાળક્રીડા જેવી ભાસે છે, એટલે કે બાળક ધૂળમાં ઘર બનાવવાની જે ક્રીડા કરે છે એવી ભાસે છે, કારણ કે એ પ્રકૃતિથી અસુંદર છે. ને અસ્થિર છે. ને તેથી બધી જ ભવચેષ્ટા લજ્જાસ્પદ ભાસે છે.

આમાં આવું તાત્પર્ય જાણવું. *સુખ વિષયનું અલ્પ, અપાય અનંત...* વિષયસુખથી તૃપ્તિનો નહીં, અતૃપ્તિનો ઘેરાવો વધે છે. આવો બધો વિવેક એ અહીં 'વિવેક' તરીકે અભિપ્રેત છે. ગ્રંથિનો વિભેદ થવાથી આવો વિવેક જાગ્રત થાય છે. એક બાજુ આ વિવેક છે ને વળી ઇન્દ્રિયોને વિષયોમાં જતી રોકવાના અભ્યાસથી પ્રત્યાહાર કેળવાયેલો છે. એટલે ઇન્દ્રિયો વિષયસુખ માટે લાલાયિત નથી. તેથી વિષયસુખને ભોગવવા વગેરે રૂપ બધી સંસારક્રિયાઓ બાળક્રીડા તુલ્ય લજ્જાસ્પદ ભાસે છે.

બાળક ધૂળમાં જે ઘર બનાવે તે, 'ઘર' બનાવવાનું જે પ્રયોજન 'એમાં વસવાટ કરી શકાય' તે પ્રયોજન સારી શકતું ન હોવાથી પ્રકૃતિથી અસુંદર છે - પ્રકૃતિથી અસાર છે. એમ જીવ વિષયતૃષ્ણાને તૃપ્ત કરવા માટે વિષયોમાં પ્રવૃત્તિ કરે છે. પણ આ ભોગસુખની ક્રિયાથી પરિણામે તૃપ્તિના બદલે અતૃપ્તિ જ વધતી જાય છે. માટે આ ભવચેષ્ટા પ્રકૃતિથી અસુંદર હોવાથી બાળક્રીડા સમાન છે. એમ જીવ સુખ માટે વિષયપ્રવૃત્તિ કરે છે, પણ પરિણામે સુખ કરતાં હજારો-લાખો ગણું દુઃખ મેળવે છે. જે મધુર આસ્વાદ કે ક્ષુધાશમનનું સુખ આપવા છતાં પરિણામે મોત લાવનાર છે એવી વિષમિશ્રિત મોદક ભક્ષણની પ્રવૃત્તિ શું પ્રકૃતિ અસુંદર નથી ?

સુખ બધા જીવોને જોઈએ છે. પણ કેવું સુખ જોઈએ છે ? આ પ્રશ્નના જવાબમાં કોઈને ક્ષણભંગુર-પરાધીન-દુઃખમિશ્રિત સુખ જોઈતું નથી. પણ શાશ્વત-સ્વાધીન-સંપૂર્ણ રીતે દુઃખમુક્ત સુખ જોઈએ છે.

વિષયપ્રવૃત્તિ આવું સુખ આપી શકતી નથી, માટે પ્રકૃતિઅસુંદર કેમ ન કહેવાય ?

બાળકે ધૂળમાં બનાવેલું ઘર એમાં આખી જિંદગી રહી શકાય એટલું તો ટકતું નથી, પણ બે-ચાર વરસ કે બે-ચાર દિવસ રહી શકાય એટલું પણ ટકતું નથી. પવનની એક લહેર આવે ને જમીનદોસ્ત થઈ જાય. અરે ! પોતે અંદર પ્રવેશવા પગ મૂકે ને કડડભૂસ થઈ જાય. આમ અસ્થાયી છે. એ જ રીતે વિષયસુખ પણ અસ્થાયી = ક્ષણભંગુર છે. વિષયસુખો વિખૂટાં પડી જાય છે. ઝાંખા પડે છે, ઘસાય છે. અરે ! પરિસ્થિતિ કે કલ્પના બદલાઈ જવા પર સુખના બદલે દુઃખરૂપે અનુભવાય છે. તેથી સુખરૂપે અસ્થાયી હોવાથી બાળકની ક્રીડા સમાન છે.

બાલ્યાવસ્થામાં ધૂળમાંથી ઘર બનાવવાની ચેષ્ટાઓ હોંશથી આનંદથી કરી હતી. પણ બુદ્ધિનો વિકાસ થવા પર આ ચેષ્ટાઓ લજ્જાસ્પદ ભાસે છે. એમ વિવેક જાગ્રત થવા પર ઇન્દ્રિયોનો પ્રત્યાહાર થવાથી બધી વિષયચેષ્ટાઓ લજ્જાસ્પદ ભાસે છે.

વેદ્યસંવેદ્યપદ પ્રાપ્ત થયું હોવાના કારણે તત્ત્વભૂત આત્માના વાસ્તવિકસ્વરૂપનું દર્શન થાય છે. એ અદ્ભુત-અલૌકિક હોવાથી ચિત્ત એમાં જ ઠરે છે ને ચિત્ત એમાં ઠરે છે તેથી બહારનું કોઈ આકર્ષણ નથી. તેથી ભવચેષ્ટાઓ બાળક્રીડા તુલ્ય ભાસે છે. છતાં સાતિચાર સ્થિરાદૃષ્ટિમાં ધૂળ વગેરે ઉપદ્રવના કારણે અનવબોધ થાય છે, વિવેક ખસે છે ને તેથી ભવચેષ્ટા થાય છે. પાછો વિવેક આવે ત્યારે આત્મતત્ત્વનું અલૌકિક દર્શન થવા પર પોતે કરેલી ભવચેષ્ટા પર લજ્જાનો અનુભવ થાય છે.

જીવને હું કાળો-હું ગોરો, હું રોગી-હું નિરોગી, હું પિતા-હું પુત્ર, હું પતિ, હું વેપારી, હું ફલાણો... આવું બધું 'હું' 'હું' તરીકે

જે ભાસે છે તે, અને મારી પત્ની, મારો પરિવાર, મારી સંપત્તિ, મારું ઘર, આવું બધું 'મારા' 'મારા' તરીકે જે ભાસે છે આ 'હું' અને 'મારું' નું જે વિશ્વ એ ભવપ્રપંચ છે. કલ્પના બદલવા માત્રથી એ બદલાઈ જાય છે. એટલે જણાય છે કે એ પ્રપંચ કલ્પનાના બળ પર ઊભો થયેલો છે. અને તેથી એ આખો ભ્રમ છે, કારણ કે 'હું' અને 'મારું' તરીકે આ જે-જે દેખાય છે તેમાંનું કશું જ પરમાર્થથી 'હું' નથી કે પરમાર્થથી 'મારું' નથી. નહીંતર એ ત્રણે કાળમાં ક્યારેય બદલાય નહીં. એટલે જ્ઞસ્વભાવવાળો પરંજ્યોતિર્મય શુદ્ધ આત્મા એ જ પરમાર્થથી 'હું' છે ને એનો સ્વભાવ એ જ પરમાર્થથી 'મારું' છે.

પાંચમી સ્થિરાદષ્ટિમાં રહેલા યોગીને ભવપ્રપંચ ભ્રમરૂપ ભાસે છે એ વિચાર્યું. હવે વિષયભોગ કેવો ભાસે છે ? એ વિચારીએ...

ઇન્દ્રિયના રૂપ-રસાદિ વિષયો એ અર્થ છે. ઇન્દ્રિય અને અર્થનો સુખજનક સંબંધ એ ભોગ છે. સ્થિરાદષ્ટિ પામેલા યોગીને આ ભોગ (ભોગસુખ) સંસારરૂપી સાપની ફણાના ફેલાવારૂપ ભાસે છે, કારણ કે પરિણામે પ્રચુર દુઃખનું કારણ છે. અહીં આશય એ છે કે સાપની ફેણનો વિસ્તાર જોવો ગમે... સ્પર્શવામાં સુંવાળો લાગે... પણ મૃત્યુના દારૂણ દુઃખને નોંતરી લાવે... એમ સ્થિરાદષ્ટિમાં રહેલા યોગીને ભોગસુખ સંસારરૂપી સાપની વિસ્તરેલી ફણા જેવું લાગે છે. કારણ કે ક્ષણભર સુખ આપ્યા પછી પ્રચુર દુઃખની પરંપરા ચલાવનારું છે. કોઈ પણ વિષયસુખને પામવામાં જાતજાતની હિંસા આચરવી પડે છે જે પાપકર્મ બંધ કરાવી ભવિષ્યમાં દારૂણ દુઃખને નોંતરે છે. ક્યારેક પરના દ્રવ્યપ્રાણની હિંસા ન હોય તો પણ, ભોગસુખમાં પોતાના ભાવપ્રાણની હિંસા તો હોય જ છે. ને એ જ તો પાપબંધનું મુખ્ય કારણ છે. એટલે દારૂણ દુઃખની પરંપરા તો ચાલે જ છે.

**શંકા** – કોઈપણ ભોગસુખની પ્રાપ્તિ પુણ્યથી થાય છે ને પુણ્ય ધર્મથી ઉત્પન્ન થયેલું હોય છે. એટલે ભોગસુખ પણ ધર્મજન્ય હોય છે. વળી 'सुखं धर्मात् दुःखं पापात् सर्वशास्त्रेषु संस्थितिः' *ધર્મથી સુખ મળે છે, પાપથી દુઃખ આવે છે... આવું દરેક ધર્મશાસ્ત્રોમાં કહેલ છે.* એટલે ધર્મથી પ્રાપ્ત થનાર ભોગ સુખદ જ હોય, દુઃખદ ન હોય શકે.

**સમાધાન** – તમારી વાત બરાબર નથી, કારણ કે પુણ્ય કે પાપ.. આ બેમાંથી એકેયનું ફળ આત્મધર્મરૂપ નથી... બંનેનું ફળ અનાત્મધર્મરૂપ છે... ને તેથી એ દૃષ્ટિએ બંને સમાન જ છે.

**શંકા** – પુણ્યથી ઇષ્ટ-મનોજ્ઞ વિષયોની પ્રાપ્તિ થાય છે. એટલે કે પુણ્યનું ફળ સારા સ્વરૂપવાળા = સારા સ્વભાવવાળા = સુશીલ વિષયો છે. જ્યારે પાપથી અનિષ્ટ-અમનોજ્ઞ વિષયોની પ્રાપ્તિ થાય છે. એટલે કે પાપનું ફળ કુત્સિત-ખરાબ સ્વરૂપવાળા = કુશીલ વિષયો છે. આમ, સુશીલત્વ-કુશીલત્વની અપેક્ષાએ પુણ્ય-પાપના ફળમાં વિભેદ છે જ, બંને સમાન નથી.

**સમાધાન** – પુણ્ય-પાપના ફળરૂપે પ્રાપ્ત થતાં વિષયોમાં સુશીલત્વ (મનોજ્ઞત્વ)-કુશીલત્વ (અમનોજ્ઞત્વ) આવો બધો ભેદ લોકદૃષ્ટિએ થાય છે. માટે એ ભેદ વ્યવહારનયથી થાય છે. પણ નિશ્ચય તો એના પરમાર્થસ્વરૂપને જોનાર છે. મનોજ્ઞત્વ-અમનોજ્ઞત્વ એ વિષયોનું પરમાર્થસ્વરૂપ નથી, કારણ કે કલ્પના બદલાઈ જવા પર મનોજ્ઞત્વ અમનોજ્ઞત્વ ફેરવાઈ જાય છે. પ્રશમરતિપ્રકરણ(પર)માં કહ્યું જ છે કે - तानेवार्थान्द्विषतस्तानेवार्थान् प्रलीयमानस्य । निश्चयतोऽस्यानिष्टं न विद्यते किञ्चिदिष्टं वा ॥

**શંકા** – સુશીલત્વ-કુશીલત્વ... જો વિષયોનું પરમાર્થસ્વરૂપ નથી, તો એનું પરમાર્થસ્વરૂપ શું છે ?

**સમાધાન –** પરમાર્થસ્વરૂપ એ નિશ્ચયનયનો વિષય છે. નિશ્ચયનય દરેક બાબતને આત્માના સંદર્ભમાં મૂલવે છે ને જ્યારે આત્મસંદર્ભમાં વિચારવામાં આવે, ત્યારે પાપફળરૂપ અમનોજ્ઞવિષયો જેમ આત્મધર્મરૂપ નથી એમ પુણ્યફલરૂપ મનોજ્ઞવિષયો પણ આત્મધર્મરૂપ નથી જ. એટલે નિશ્ચયનયથી બંને અનાત્મધર્મરૂપ હોવા સમાન જ છે. વળી ઇષ્ટવિષયો રાગ કરાવીને ને અનિષ્ટ વિષયો દ્વેષ કરાવીને જીવને ચતુર્ગતિક સંસારમાં ભટકાવે છે. આમ સંસારપ્રવેશક રૂપે બંને સમાન છે. સોનાની બેડી કે લોખંડની બેડી... સોના-લોખંડરૂપે અસમાન હોવા છતાં કેદીની દૃષ્ટિએ-બેડીરૂપે બંને સમાન જ છે, કારણ કે બંને જેલમાં જકડી રાખનાર છે. એમ પ્રસ્તુતમાં પુણ્યફળ કે પાપફળ... બંને જીવને સંસારમાં જકડી રાખનાર હોવાથી 'કુશીલ' જ છે. ને તેથી સમાન જ છે. (સુશીલ તો સમ્યગ્જ્ઞાનાદિ છે. કારણ કે સંસારમોચક છે.)

'ધર્મપ્રાપ્ત એવા પણ ભોગ કુશીલ છે' આ વાતને હવે દૃષ્ટાંતથી સમજવાની છે. જે આપણે આગામી લેખમાં સમજીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૩૭

સ્થિરાદૃષ્ટિમાં રહેલા યોગીને ભોગસુખ સંસારરૂપી સાપની ફણાના વિસ્તાર જેવું ભાસે છે, કારણ કે છેવટે ધર્મપ્રાપ્ત ભોગો પણ કુશીલ છે. આ વાત ગયા લેખમાં છેલ્લે આપણે જોયેલી છે. હવે આ લેખમાં, ધર્મપ્રાપ્ત ભોગો પણ કુશીલ છે એ વાતને દૃષ્ટાંત સાથે સમજીએ.

ધર્મથી પણ પ્રાપ્ત થતો ભોગ દેવલોકાદિમાં પ્રાયઃ (ઘણું ખરું) જીવોના અનર્થ માટે થાય છે. જેમકે ચંદનમાંથી ઊઠેલો અગ્નિ

પણ બાળે જ છે.

**શંકા** – તમે ધર્મથી પણ પ્રાપ્ત થતો ભોગ... આવું જે જણાવ્યું છે એમાં આ 'પણ' શબ્દ કોનો સમાવેશ કરવા માટે છે ? શું અધર્મથી પણ ભોગસુખ પ્રાપ્ત થાય છે કે જેથી એનો સમુચ્ચય કરવા આ 'પણ' શબ્દ છે ?

**સમાધાન** – ના, અધર્મથી ક્યારેય સુખ મળતું નથી - મળી શકતું નથી. યુગલિકો આયુષ્ય પૂર્ણ થયા બાદ દેવલોકમાં જાય છે ને ત્યાં ભોગસુખ પામે છે. આ પ્રાપ્તિમાં એમની યુગલિક ક્ષેત્ર કે યુગલિકકાળના પ્રભાવે થયેલી કષાયમંદતા કારણ હોય છે. આ કષાયમંદતા પણ એક પ્રકારનો ધર્મ જ છે. છતાં એ ક્ષેત્રાદિપ્રભાવે થઈ ગયેલ હોય છે. 'હું ધર્મ કરું' એવી બુદ્ધિથી સેવાયેલો ધર્મ હોતો નથી. 'धर्मादपि...' માં ધર્મ તરીકે જિનપૂજાદિ ધર્મના આલંબનથી સેવેલા ધર્મની વાત છે ને अपि શબ્દથી ક્ષેત્રાદિ પ્રભાવે થયેલ કષાયમંદતાથી મળતા ભોગસુખનો સમાવેશ છે એમ જાણવું.

એટલે, ટૂંકમાં, કોઈપણ ધર્મથી પ્રાપ્ત થતો ભોગ પ્રાયઃ = ઘણું ખરું જીવોના અનર્થ માટે થાય છે એવો અર્થ મળે છે. આમાં પ્રાયઃ શબ્દ કોની બાદબાકી માટે છે ? એ હવે વિચારવાનું છે.

અહીં બે રીતે પાઠ મળે છે. (૧) શુદ્ધ ધર્મ જે સેવેલો હોય એનાથી મળેલા ભોગ અને (૨) જે શુદ્ધ ધર્મને લાવી આપનાર હોય એવા ભોગ. આ બંને રીતે પાઠ યોગ્ય હોવાથી બંને પાઠનો અર્થ લઈ શકાય છે. એટલે કે આવા બંને પ્રકારના ભોગસુખની બાદબાકી માટે અહીં પ્રાયઃ (= ઘણુંખરું) શબ્દ છે. એટલે કે આ પાઠ મુજબનું જે ભોગસુખ હોય એ અનર્થકર બનતું નથી, આ સિવાયનું બાકીનું બધું ભોગસુખ જીવને અનર્થકર થાય છે.

પ્રથમપાઠ મુજબ વિચારીએ તો - પૂર્વજન્મમાં શુદ્ધ ધર્મ આચરેલો છે. પ્રાયઃ શબ્દ એનાથી મળનાર ભોગની બાદબાકી કરે છે. કારણ કે એ ભોગ પ્રમાદનું બીજ બની શકતો નથી. અર્થાત્ ભોગસેવનકાળે પણ પ્રમાદજનક બનતો ન હોવાથી એ ભોગ અનર્થકર નીવડતો નથી. આશય એ છે કે પુણ્યના ફળરૂપે મળતી તીર્થંકરપણાની સમૃદ્ધિ વગેરે અંશમાત્ર પણ પાપજનક હોતી નથી. માટે આ શુદ્ધ ફળ છે. એ શુદ્ધ છે એટલે એના જનક પુણ્યને પણ શુદ્ધ માનવાનું રહે છે ને એ શુદ્ધ છે તો એના જનક ધર્મને પણ શુદ્ધ માનવાનો રહે છે.

**પ્રશ્ન :** કયો ધર્મ શુદ્ધ ધર્મ તરીકે અભિપ્રેત છે ?

**ઉત્તર :** ધર્મસાર ચિત્તથી થયેલો ધર્મ શુદ્ધધર્મ બને છે. આશય એ છે કે 'મારે આગમને અનુસરવું' આવા આગ્રહના કારણે, કરવામાં આવતો ધર્મ આગમાનુસારે થયા કરે છે. આવું ધર્મસેવન કરાવનાર ચિત્તમાં ધર્મની-જિનવચનની જ પ્રધાનતા હોય છે. એ જ સારભૂત ભાસતા હોય છે. એના જ પ્રત્યે ઉછળતો સદ્ભાવ-ભક્તિભાવ હોય છે... બીજી કોઈ આસક્તિ હોતી નથી. આવું ચિત્ત એ ધર્મસારચિત્ત છે. એનાથી થયેલો ધર્મ શુદ્ધ ધર્મ છે. એનાથી મળેલા ભોગ પ્રમાદજનક બનતા ન હોવાથી અનર્થકર નીવડતા નથી.

બીજા પાઠ મુજબ વિચારીએ તો - ધર્મથી પ્રાપ્ત થતા ભોગ બે પ્રકારે છે. (૧) પ્રમાદજનક અને (૨) શુદ્ધધર્મજનક. મોટા ભાગે પ્રથમપ્રકારનો ભોગ મળતો હોવાથી એ પ્રમાદને ખેંચી લાવે છે ને પરિણામે અનર્થકર નીવડે છે. ભોગ શુદ્ધધર્મને ખેંચી લાવે એવા બહુ જ વિરલ કિસ્સા હોય છે. પ્રાયઃ શબ્દ એની બાદબાકી કરવા માટે છે.

આના પર વિચાર કરીએ તો જણાય છે કે બંને પાઠથી વાસ્તવિકતા એક જ ધ્વનિત થાય છે ને તે એ છે કે - શુદ્ધ ધર્મથી પ્રાપ્ત થયેલ ભોગ આગળ પણ શુદ્ધ ધર્મને ખેંચી લાવનાર હોવાથી-પ્રમાદને ખેંચી લાવનાર ન હોવાથી-અનર્થકર નીવડતા નથી. એની બાદબાકી માટે 'પ્રાયઃ' શબ્દ છે.

ધર્મથી પ્રાપ્ત થતા ભોગ અંગે ગ્રંથકારે ચંદનથી ઊઠતા અગ્નિનું દૃષ્ટાંત આપ્યું છે. તે હવે વિચારીએ. ચંદન સ્વયં શીતપ્રકૃતિવાળું છે. છતાં એમાંથી ઊઠતો અગ્નિ દાહ કરવાના સ્વભાવવાળો છે. એમ ધર્મ જીવનું હિત કરવાના સ્વભાવવાળો હોવા છતાં એનાથી મળેલા ભોગો જીવનું અહિત કરનારા હોય છે. ચંદનથી ઊઠેલો અગ્નિ પણ જો યોગ્ય મંત્રથી અભિસંસ્કૃત કરવામાં આવેલો હોય તો દાહ કરવાના પોતાના સ્વભાવને છોડી દાહ કરતો નથી. એમ, શ્રી તીર્થંકરદેવો વગેરેને મળેલી ભોગસમૃદ્ધિ, તેના જનક પુણ્યના ઉપાર્જનકાળે રહેલા ધર્મસારચિત્તના પ્રભાવે પોતાનો અનર્થકારિત્વ સ્વભાવ છોડી દે છે ને તેથી અનર્થકર નીવડતી નથી. ચંદનજન્ય અગ્નિની વાત સકળ લોકમાં પ્રસિદ્ધ છે. એટલે કે આ વાત વ્યવહારનયે કરવામાં આવી છે, કારણ કે લોકને અનુસરનારો નય એ છે.

**શંકા** – ધર્મસારચિત્ત એટલે આગમના અનુસરણવાળું ચિત્ત. એટલે કે સમ્યગ્જ્ઞાનાદિથી રંગાયેલું ચિત્ત... શું આ સમ્યગ્જ્ઞાનાદિ કર્મબંધના કારક બને ? કારણ કે એ તો મોક્ષના કારણ તરીકે કહેવાયેલા હોવાથી નિર્જરાજનક તરીકે અભિપ્રેત છે.

**સમાધાન** – શ્રી શિવશર્મસૂરિ મહારાજે બંધશતક (૪૫) ગ્રંથમાં કહ્યું છે : सम्मत्तगुणनिमित्त तित्थयर, संजमेण आहारं । અર્થ : *તીર્થંકરનામકર્મ સમ્યક્ત્વગુણનિમિત્તે બંધાય છે ને આહારકદ્વિક*

*સંયમનિમિત્તે બંધાય છે.* આમ સમ્યક્ત્વાદિને પણ કર્મબંધકારક કહ્યા જ છે ને ? પણ આ વાત વ્યવહારનયે જાણવી. નિશ્ચયનય તો એમ કહે છે કે જે અંશે જ્ઞાનાદિ છે તે અંશે અબંધકત્વ જ છે, જે અંશે પ્રમાદાદિ છે તે અંશે બંધકત્વ જ છે. એટલે જિનનામકર્મના બંધકાળે સમ્યક્ત્વની સાથે ને સાથે યોગ અને કષાય પણ હોય છે જ. આ જે યોગ-કષાય હોય છે તે સમ્યક્ત્વના પ્રભાવે જિનનામકર્મના બંધક બને છે. સમ્યક્ત્વની ગેરહાજરીમાં યોગ-કષાય ક્યારેય જિનનામના બંધક બની શકતા નથી. તેથી યોગ-કષાયમાં રહેલ બંધકત્વનો સમ્યક્ત્વાદિમાં ઉપચાર કરાય છે. ઉપચાર એ વ્યવહારનયની રીત છે. તેથી વ્યવહારનય ઉપચાર કરીને સમ્યક્ત્વાદિને બંધક કહે છે. નિશ્ચયનયે તો સમ્યક્ત્વાદિ સંવર અને નિર્જરાકારક જ છે.

એ ધ્યાનમાં રાખવા જેવું છે કે સામાન્યથી મિથ્યાત્વાદિ અશુભઆશ્રવનો નિરોધ કરનાર સમ્યક્ત્વાદિરૂપ જે સંવર હોય છે તે નિર્જરાકારક પણ હોય છે જ ને શુભપ્રવૃત્તિરૂપે પુણ્યોપાર્જક પણ હોય છે જ. એટલે કે એ શુભ આશ્રવરૂપ પણ હોય જ છે. પણ આ આશ્રવ-સંવર-નિર્જરા... વિભાગ વ્યવહારનયે જાણવો.

એટલે નિશ્ચિત એ થયું કે જ્ઞાનાદિસહકૃત યોગ-કષાય શુભઆશ્રવરૂપ છે, પુણ્યબંધજનક છે.

**શંકા** – અહીં 'જે અંશે જ્ઞાનાદિ છે તે અંશે અબંધકત્વ... ને જે અંશે પ્રમાદાદિ છે તે અંશે બંધકત્વ...' એવું તમે કહી ગયા છો... તો જિનનામકર્મ વગેરે બંધાવી આપનાર યોગ-કષાયને પણ 'પ્રમાદ' રૂપ કહેવાના ?

**સમાધાન** – ઇચ્છાપૂર્વકનો શુભયોગ પણ સ્વભાવઅવસ્થાથી ભિન્ન છે, માટે પ્રમાદરૂપે કહી શકાય. એટલે જ પ્રતિક્રમણાદિનો પ્રારંભ ૭મે નથી કહ્યો, છટ્ઠે ગુણઠાણે જ કહ્યો છે.

**શંકા** – જો આ પણ પ્રમાદરૂપ છે તો સમવસરણાદિ સમૃદ્ધિ પણ અનર્થકર માનવી પડશે, કારણકે અન્ય ભોગસુખમાં ને એમાં યોગ-કષાયરૂપપ્રમાદજન્યત્વ સમાન જ છે.

**સમાધાન** – શુદ્ધધર્મથી સહકૃત યોગ-કષાય અને એનાથી અસહકૃત યોગ-કષાય... આ બંને પ્રમાદરૂપ હોવા છતાં બંનેમાં ભેદ છે. પ્રથમ પ્રમાદ એવા પુણ્ય દ્વારા એવા ભોગને પેદા કરે છે જે પોતાની પ્રાપ્તિકાળે જીવને પ્રમાદમાં પડવા દેતો નથી. જ્યારે બીજો પ્રમાદ એવા પુણ્ય દ્વારા એવા ભોગને પેદા કરે છે જે પોતાની પ્રાપ્તિકાળે જીવને પ્રમાદમાં તાણી જાય છે ને તેથી અનર્થકર બને છે.

આમ, જ્ઞાનાદિથી અબંધકત્વ (સંવર-નિર્જરા) અને પ્રમાદથી (યોગ-કષાયથી) બંધકત્વ એમ નિશ્ચિત થયું. 'સમ્યક્ત્વથી જિનનામ કર્મબંધ થાય છે' વગેરે વાક્યોમાં પણ આવો વિભાગ જાણવો.

અનાસક્ત જીવો 'ભોગ ભોગવીને પણ કર્મ ખપાવે છે' આવું જે કહેવાય છે એમાં પણ આવો વિભાગ જાણવો. એટલે કે તત્કાલીન જ્ઞાનાદિથી કર્મનિર્જરા થાય છે ને એનો ઉપચાર ભોગમાં થાય છે.

એટલે ટૂંકમાં આસક્તિ + ભોગ... કર્મબંધ.
અનાસક્તિ + ભોગ... કર્મનિર્જરા.

**શંકા** – તો જે જીવોને આસક્તિ પણ નથી, અનાસક્તિ પણ નથી (= ઝળહળતો વિરક્તભાવ પણ નથી), પણ ઉપેક્ષાભાવ છે એમને શું થશે ?

**સમાધાન** – એ જીવોને એ ભોગથી = ઇન્દ્રિયાર્થસંબંધથી નથી કર્મબંધ થતો, નથી કર્મનિર્જરા થતી... માટે ઇન્દ્રિયાર્થસંબંધ વગેરે 'ઉદાસીન' છે. એમ અહીં જણાવ્યું છે.

**શંકા** – ભૂખ લાગી, ભોજનની ઇચ્છા થઈ... ભોજન કરી લીધું, ઇચ્છા શાંત થઈ ગઈ. આ રીતે વાસના જાગી, ભોગની ઇચ્છા થઈ, ભોગ ભોગવી લીધા, ઇચ્છા શાંત થઈ ગઈ. આમ ભોગથી પણ ભોગેચ્છા શાંત થવારૂપે લાભ જ થાય છે, પછી એને અનર્થકર કેમ કહેવાય ?

**સમાધાન** – ભોગપ્રવૃત્તિથી થતી ઇચ્છાની શાંતિ તાત્ત્વિકી હોતી નથી, અતાત્ત્વિકી હોય છે, જેમકે મજુર ભારને એકખભા પરથી બીજા ખભા પર મૂકે ત્યારે પ્રથમખભાની અપેક્ષાએ એને થતો હળવાશનો અનુભવ. આ અનુભવ તાત્ત્વિક એટલા માટે નથી કે બીજા ખભા પર ભાર આવી જવાથી ભાર વેંઢારવાનું તો ઊભું જ રહ્યું હોય છે. એ જ રીતે ભોગને ભોગવવા દ્વારા ભોગેચ્છાને શમાવવાની મહેનત કરવામાં તત્કાલીન ઇચ્છા શાંત થતી જણાય છે, પણ વળી કાળાન્તરે નવી ઇચ્છા ઊભી થાય જ છે, કારણ કે ઇચ્છાજનક સંસ્કારો એવા ને એવા અકબંધ રહ્યા હોય છે. તેથી ઇચ્છાની તત્કાલીન શાંતિ-વિરામ વાસ્તવિક હોતી નથી.

જીવ જે ભોગપ્રવૃત્તિ કરે છે એના પ્રભાવે બે કાર્યો થાય છે - (૧) કર્મબંધ અને (૨) કાળાન્તરે ભોગેચ્છા જગાડનાર સંસ્કાર. બંધાયેલા કર્મના ઉદયથી આવેલા દુઃખને ભોગવી લેવાથી તે કર્મ તો ખરી પડે છે. પણ સંસ્કાર એમ નાશ પામતા નથી. ઉપરથી નવી-નવી-ભોગપ્રવૃત્તિ કરાવવા દ્વારા નવા નવા ભોગસંસ્કારને પેદા કરીને જુના સંસ્કારને ગાઢ બનાવે છે.

**શંકા** – તમે કહ્યું કે ભોગપ્રવૃત્તિથી ભોગ સંસ્કાર પેદા થાય છે, ગાઢ થાય છે. તો ભોગપ્રવૃત્તિનો વિચ્છેદ કરી દેવાથી... એટલે કે સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં ઇન્દ્રિયોનું દમન કરવા દ્વારા કે દરિદ્રતાદિ કારણે ભોગથી દૂર રહેવા દ્વારા અર્થાત્ ઇન્દ્રિયો કૂદાકૂદ કરતી હોય

તો પણ એને ભોગપ્રવૃત્તિથી દૂર રાખવા દ્વારા અને એકેન્દ્રિયાદિ ભવમાં ભોગપ્રવૃત્તિઓને પ્રસુપ્તતા = સુષુપ્ત કરી દેવા દ્વારા... ભોગપ્રવૃત્તિ અટકી જાય છે. એટલે ભોગપ્રવૃત્તિ ન થવાથી ભોગસંસ્કાર પેદા નહીં થાય, ગાઢ નહીં થાય. એટલે ધીમે ધીમે નાશ પામી જાય ને ! જેમકે ગોખેલું સૂત્ર પુનરાવર્તન ન કરવામાં આવે તો એના સંસ્કાર નાશ પામી જવાથી પછી સૂત્ર યાદ આવતું નથી, એમ.

**સમાધાન** – અનિષ્ટ એવા ભોગ સંસ્કારનો નાશ એ સંસ્કારોને ઘસતા જવાથી = પાતળા કરતા જવાથી થાય છે. ને એની ઘસાઈ આ રીતે વિચ્છેદ કરવાથી કે પ્રસુપ્તતા માત્રથી થતી નથી. વિચ્છેદ કરનારને = દમન કરનારને પછી દમન ખસી જાય ત્યારે ઇન્દ્રિયો સ્પ્રિંગની જેમ ઉછળે છે ને પછી ભોગપ્રવૃત્તિમાં બેફામ બને છે. ચાર-છ મહિના માટે બ્રહ્મચર્યનો નિયમ લેનારને જો પ્રતિપક્ષભાવના ન કરી હોય તો એ ૪-૬ મહિના પછી વાસના ઉછળે છે. એમ પ્રસુપ્તતામાત્રથી જો સંસ્કાર ઘસાઈ જતા હોય તો તો એકેન્દ્રિયમાં દીર્ઘકાળ રહી આવનાર બધા જીવો વાસનામુક્ત જ થઈ ગયા હોય ! પણ એવું બનતું નથી. એટલે વિચ્છેદથી કે પ્રસુપ્તતામાત્રથી નહીં, પણ ભોગની પ્રતિપક્ષભાવનાઓથી જ = એટલે કે વિષયો ક્ષણભંગુર છે. વિપાકદારૂણ છે... વગેરે ભાવનાઓથી જ અનિષ્ટ એવા ભોગસંસ્કારો ઘસાતા જાય છે ને ક્રમશઃ નાશ પામતા જાય છે. આવી ભાવના એ સમ્યક્ત્વનું માહાત્મ્ય છે અને એ જ વિરતિને ખેંચી લાવે છે.

ભોગસુખો અસાર છે-તુચ્છ છે... આવી ભાવના કરવાથી સ્થિરાદૃષ્ટિ સ્થિર થાય છે. આશય એ છે કે શંકાની જેમ કાંક્ષા પણ સમ્યક્ત્વનો અતિચાર છે અને કાંક્ષા તરીકે અન્ય દર્શનની કાંક્ષાની જેમ વિષયકાંક્ષા પણ અભિપ્રેત છે. (માનવભવમાં સમ્યક્ત્વ જાળવીને

દેવલોકમાં ગયેલા ઘણા દેવો વિષયકાંક્ષાના કારણે સમ્યક્ત્વને મલિન કરે છે ને ક્રમશઃ ગુમાવી દે છે). વિષયભોગની અસારતાને ભાવિત કરવાથી વિષયકાંક્ષા માથુ ઉંચકી શકતી નથી. તેથી અતિચારની સંભાવના ઘટી જવાથી સમ્યક્ત્વની સાથે સ્થિરાદષ્ટિ પણ સ્થિર થાય છે.

સ્થિરાદષ્ટિ સ્થિર થાય એટલે યોગના મહિમારૂપે અલોલતા વગેરે ગુણો પ્રગટ થાય છે. તે આ મુજબ (૧) અલોલતા : વિષય-સત્તા વગેરેની લોલુપતાનો અભાવ. (૨) આરોગ્ય જળવાઈ રહે છે. ગાઢનિકાચિત કર્મના ઉદય વિના રોગ થતા નથી. (૩) અનિષ્ઠુરતા : સત્તાની લોલુપતાથી નિષ્ઠુરતા આવે છે. એ ન હોવાથી કોમળ-દયાળુ પરિણામ રૂપ અનિષ્ઠુરતા આવે છે. (૪) શુભગંધ : આહારની પરિમિતતા અને અધ્યવસાયની શુભતાના પ્રભાવે શરીરની ગંધ શુભ થાય છે અને આ જ કારણોએ (૫) મળ-મૂત્રની અલ્પતા થાય છે. (૬) અનુપમ કાંતિ : શુભ અધ્યવસાયથી શુભલેશ્યાની પરિણતિના પ્રભાવે શરીરની કાંતિ અનુપમ થાય છે. અશુભઅધ્યવસાયવાળાને વિશિષ્ટ પુણ્યોદય હોય તો વાત જુદી. બાકી અંદરની કાંતિ-તેજ-ગંધ વગેરે અશુભ પરિણમે છે. (૭) મુખ સદા પ્રસન્ન : અંદર સતત અનુભવાયા કરતો આનંદ, બહારની બધી જ વિષમ પરિસ્થિતિઓને પણ ગૌણ કરી મુખ પર પ્રસન્નતા રેલાવ્યા જ કરે છે. (૮) સ્વરની સૌમ્યતા : ક્રોધ-અહંકાર વગેરેના તોફાનો ન હોવાથી ઊંચા સાદે-કર્કશ શબ્દો ક્યારેય બોલવાના થતા ન હોવાથી સ્વર સૌમ્ય રહે છે. ઊંચા સાદે બોલાતા કર્કશ શબ્દો સ્વરપેટી પર પોતાની એવી અસર મૂકી જાય છે કે જેથી પછી સ્વર સૌમ્ય રહી શકતો નથી. આ બધું યોગપ્રવૃત્તિનું પ્રથમ ચિહ્ન છે. એ પછી ચિત્ત (૯) મૈત્રી-પ્રમોદ-કરુણા-ઉપેક્ષાભાવનાઓથી યુક્ત થાય છે. (૧૦) વિષયોમાં જાણે કે

જડ જેવું બની જાય છે. (૧૧) પ્રભાવવંતુ બને છે અને (૧૨) ધૈર્યવંતુ બને છે. વળી હવે જીવ (૧૩) અનુકૂળતા-પ્રતિકૂળતા, રતિ-અરતિ વગેરે દ્વંદ્વોની અસરથી મુક્ત થાય છે. (૧૪) જ્યારે જે અભીષ્ટ હોય = આવશ્યક હોય એનો સહજ લાભ થઈ જાય છે. (૧૫) લોકપ્રિયતા થાય છે તથા (૧૬) દોષો વિશેષરૂપે દૂર થાય છે (૧૭) પરમતૃપ્તિ થાય છે. એટલે કે ભોગસુખથી થતી તૃપ્તિ કરતાં સાવ વિલક્ષણ અનુપમ અલૌકિક તૃપ્તિ થાય છે. (૧૮) ઔચિત્યયોગ... સર્વત્ર વિશેષ પ્રકારે ઔચિત્ય જળવાઈ રહે એવી પ્રવૃત્તિ થાય છે. (૧૯) શ્રેષ્ઠ કોટિની સમતા વર્તે છે. (૨૦) એમના સાંનિધ્યમાં જીવોના વૈરાદિનો નાશ થાય છે અને (૨૧) ઋતંભરાપ્રજ્ઞા પ્રગટે છે. જે યોગીઓને યોગ નિષ્પન્ન થયો છે એમના આવા ગુણો કહેવાયેલા છે. સ્થિરાદષ્ટિથી આ ગુણો અકૃત્રિમ = વાસ્તવિક બને અથવા કંઈક પ્રાધાન્યવાળા બને છે. ગુણો સ્થિરતાવાળા બનવા એ જ અહીં પ્રાધાન્ય તરીકે જાણવું.

આ રીતે સ્થિરાદષ્ટિની વિચારણા પૂર્ણ થઈ. હવે ક્રમ પ્રાપ્ત કાન્તાદષ્ટિને વિચારીએ.

કાન્તાદષ્ટિમાં તત્ત્વનું નિત્યદર્શન હોય છે, ધારણા યોગાંગ હોય છે જે અન્યને પ્રીતિ ઉપજાવે છે, સ્થિરભાવના કારણે ચાલી રહેલા અનુષ્ઠાન સિવાય અન્યત્ર ક્યાંય મુદ્ = હર્ષનો અનુભવ-પ્રતિભાસ હોતો નથી અને સમ્યગ્જ્ઞાનરૂપ ફળવાળી સદ્વિચારાત્મક મીમાંસા હોય છે. આશય એ છે કે

(૧) સ્થિરાદષ્ટિમાં તત્ત્વનું જે દર્શન હોય છે તેમાં ક્યારેક વિક્ષેપ આવે છે, અહીં એવો કોઈ વિક્ષેપ ન હોવાથી નિત્યદર્શન હોય છે.

(૨) યોગના યમ, નિયમ વગેરે આઠ અંગોમાંથી છઠ્ઠો ધારણા નામનો યોગાંગ હોય છે. ખેદ-ઉદ્વેગ વગેરે આઠ દોષોમાંથી છઠ્ઠો અન્યમુદ્દોષ અહીં રવાના થયો હોય છે. તેમજ અદ્વેષ વગેરે આઠ ગુણોમાંથી મીમાંસાગુણ પ્રગટ થયો હોય છે.

(૩) હર્ષના કારણ તરીકે જેમ વિષયનો પ્રતિભાસ હોતો નથી એમ અધિકૃત અનુષ્ઠાનથી ભિન્ન અનુષ્ઠાનનો પણ પ્રતિભાસ હોતો નથી. એટલે એ અન્યમાં મુદ્ = આનંદ હોતો નથી. (૪) જે મીમાંસા ચાલે છે તે સમ્યગ્નિર્ણય = હિતકર નિર્ણય કરાવે છે. દોષકર નિર્ણય કરાવતી નથી. માટે એને સમ્યગ્જ્ઞાન કળા કહી છે. એટલે અહીં સમ્યગ્નો અર્થ હિતકર છે, પણ 'સાચો' નથી. સાચા નિર્ણય પણ બધા કાંઈ હિતકર હોતા નથી. જેમકે-

શિષ્ય ગુરુને કંઈક પૂછવા આવે એમાં મોટું નુકશાન ભાસે તો તો ના પાડીને અટકાવે... પણ સામાન્ય નુકશાન ભાસતું હોય તો ના ન પણ પાડે, એની ઇચ્છા ન તૂટે એ માટે. નાની નાની વાતમાં નિષેધ કરવા પર 'અપ્રિય' બનાય, જેથી ભવિષ્યમાં મોટા નુકશાનને અટકાવવું પણ કઠિન બની જાય. એટલે કે શિષ્ય જે કરવા માગે છે તે પ્રવૃત્તિ સામાન્ય નુકશાનકારક હોવાથી 'તારે આ પ્રવૃત્તિ કરવી નહીં' એવો નિર્ણય સાચો હોવા છતાં હિતકર નથી.

**પ્રશ્ન :** એ પ્રવૃત્તિ માટે ના ન પાડે તો શું હા પાડે ? ભલે ને થોડું, પણ નુકશાન ભાસી રહ્યું છે તો હા કેમ પાડે ?

**ઉત્તર :** હા પણ ન પાડે. જહા સુખં કહે... જહાસુખં એ અનિર્ણયાત્મક જવાબ છે.

**પ્રશ્ન :** આ દૃષ્ટિમાં પ્રાપ્ત થતું ધારણા યોગાંગ શું છે ?

**ઉત્તર :** નાસાગ્ર-નાભિચક્ર વગેરે કોઈ એક સ્થાન પર વિષયાંતરનો પરિહાર થાય એ રીતે ચિત્તને ધારી રાખવું એ ધારણા

યોગાંગ છે. આ ધારણાને સારી રીતે આત્મસાત્ કરનાર સાધક લોકોને પ્રિય બને છે. અહીં નાસાગ્ર જે કહેલ છે તે આપણા મતે કહેલ છે અને નાભિચક્ર વગેરે જે કહેલ છે તે પાતંજલયોગદર્શનના મતે કહેલ છે તે જાણવું.

(૧) મૈત્રી-પ્રમોદ વગેરે ભાવનાઓ ચિત્તનું પરિકર્મ છે. આ પરિકર્મથી અંતઃકરણ વાસિત છે. (૨) અહિંસા વગેરે પાંચ યમોનો અને (૩) શૌચ આદિ નિયમોનો... એટલે કે પહેલી અને બીજી દૃષ્ટિના યોગાંગોનો સારી રીતે અભ્યાસ થયેલો છે. (૪) પદ્માસન વગેરે આસનો (એટલે કે ત્રીજી દૃષ્ટિનું આસન યોગાંગ) પણ સુઅભ્યસ્ત છે. (૫) ચોથી દૃષ્ટિના યોગાંગ પ્રાણાયામની કુશળતાથી પ્રાણવિક્ષેપનો પરિહાર થયેલો છે. (૬) ઈન્દ્રિય સમૂહોનો પ્રત્યાહાર સાધેલો છે. એટલે કે પાંચમી દૃષ્ટિનું યોગાંગ પણ આત્મસાત્ થયેલ છે. (૭) શરીર ઋજુ છે. (૮) ઠંડી-ગરમી-રતિ-અરતિ વગેરે દ્વંદ્વો પર વિજય મેળવ્યો છે. એટલે કે આ દ્વંદ્વો કશી અસર ન કરી શકે એવી રીતે જાતને કેળવી છે અને (૯) સંપ્રજ્ઞાતયોગનો અભ્યાસ કરવામાં ચિત્તને પરોવેલું છે. આ નવ કારણે સાધક ધારણામાં સુસ્થિત = સમ્યગ્ રીતે વ્યવસ્થિત રહે છે. તથા ધર્મમાં એનું મન એકાગ્ર-દૃઢ બને છે.

મૈત્રી વગેરેના બદલે દ્વેષાદિ હોય તો એ દ્વેષાદિ ખળભળાટ કરીને સુસ્થિત ન થવા દે. તેથી મૈત્રી વગેરે ભાવોને આત્મસાત્ કરવા પણ આવશ્યક છે. શરીર અક્કડ હોય તો એની અસર ચિત્ત પર પડે અને દ્વંદ્વસહિષ્ણુતા ન હોય તો પરિસ્થિતિ પલટાવા પર સ્થિરતા રહી ન શકે. એટલે આ બધા કારણો હોય તો ધારણામાં સ્થિરતા આવે એ સ્પષ્ટ છે.

પાંચમી દૃષ્ટિમાં જ શરીરની કાંતિ, સ્વરની સૌમ્યતા, મુખની પ્રસન્નતા વગેરે પ્રગટ હોય છે. ધારણામાં સુસ્થિત થવાથી આ બધા

ઓર વધે છે. વળી સર્વત્ર ઔચિત્યની વિશેષ પ્રકારે જાળવણી છે તથા શુભ અધ્યવસાયના પ્રભાવે સૌભાગ્ય-આદેય-યશ વગેરે નામકર્મનો ઉદય થાય છે. આ બધાના પ્રભાવે સાધક સર્વત્ર લોકપ્રિય થાય છે.

આમ કાન્તાદૃષ્ટિના ધારણા યોગાંગને આપણે વિચાર્યું. કાન્તાદૃષ્ટિની જ અન્ય વાતો હવે આપણે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૩૮

યોગની છટ્ઠી કાન્તાદૃષ્ટિની આપણે વિચારણા કરી રહ્યા છીએ. એમાં પ્રાપ્ત થતાં છટ્ઠા યોગાંગ ધારણાની વાત ગયા લેખના અંત ભાગે આપણે જોયેલી. કાન્તાદૃષ્ટિની જ શેષ વાતો હવે આપણે આ લેખમાં વિચારીશું.

સ્થિરાદૃષ્ટિમાં ભોગસુખો સંસારરૂપી સાપની ફેણના વિસ્તાર જેવા ભાસતા હોય છે. જ્યારે અહીં કાન્તાદૃષ્ટિમાં એ સંસારના કારણ જ ભાસતા નથી ને તેથી એનો કોઈ ભય હોતો નથી.

અહીં કાન્તાદૃષ્ટિમાં રહેલા યોગીનું મન, ભોગપ્રવૃત્તિ કાળે પણ આગમરૂપ શ્રુતધર્મમાં જ જોડાયેલું રહે છે અને તેથી એ ઇન્દ્રિયના વિષયના રૂપ-રસાદિમાં જોડાતું નથી. તેથી આક્ષેપકજ્ઞાનના પ્રભાવે ભોગસુખ ભવનું કારણ બનતા નથી, કારણ કે મનની નિર્મળતા હોવાથી ચેષ્ટા = પ્રવૃત્તિ શુદ્ધ હોય છે. આમાં, ચિત્તને નિત્ય એવા શુદ્ધઆત્મસ્વરૂપમાં પકડી રાખે એવું જ્ઞાન કે શુદ્ધઆત્મસ્વરૂપમાં નિત્ય પકડી રાખે એવું જ્ઞાન એ આક્ષેપક જ્ઞાન છે. કાયચેષ્ટા ભલે વિષયપ્રવૃત્તિની હોય, પણ મન જો રાગ-દ્વેષથી રંગાય તો જ એ

ચેષ્ટા અશુદ્ધ થાય. આ દૃષ્ટિમાં રહેલા સાધકનું, શ્રુતધર્મમાં જોડાઈ રહેલું મન શુદ્ધઆત્મસ્વરૂપમાં રમ્યા કરતું હોવાથી રૂપ-રસ વગેરેમાં જોડાતું ન હોવાના કારણે રાગ-દ્વેષથી ખરડાતું નથી. તેથી મનની આ નિર્મળતાના કારણે ચેષ્ટા શુદ્ધ જ રહે છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે યોગદૃષ્ટિસમુચ્ચયગ્રંથમાં કહ્યું છે :

*માયાજળને = મૃગજળને જે પ્રવાસી મૃગજળ તરીકે જુએ છે તે એનાથી ઉદ્વિગ્ન થતો નથી અને તેથી એ મૃગજળમાંથી વગર સ્ખલનાએ શીઘ્ર પસાર થઈ જ જાય છે, અટકતો નથી. જે એને સાક્ષાત્ જળ તરીકે જુએ છે એ તો સ્ખલનાની કલ્પનાથી અટકી જ જવાનો છે. આવું એને મૃગજળ તરીકે જોનારને થતું નથી. એટલે મૃગજળ સ્ખલના માટે ને તૃષાશમન કરવા માટે અસમર્થ હોવાથી અસાર હોય છે.*

આ જ રીતે ઇન્દ્રિય અને વિષયના સંબંધરૂપ ભોગસુખને જે 'સુખ'રૂપે માને છે એ જીવ મોક્ષમાર્ગ પર પ્રયાણ કરી શકતો નથી, એ આ ભોગસુખમાં જ અટવાઈ જાય છે. પણ જે એને 'તાત્ત્વિક રીતે આ સુખ નથી, પણ માત્ર સુખનો આભાસ છે' આ રીતે સુખાભાસરૂપે જુએ છે એ એમાં અટવાતો નથી. એટલે કે ભોગસુખ મોક્ષમાર્ગના પ્રવાસમાં સ્ખલના પેદા કરી શકતું નથી, ને તેથી સાધક એની વચમાંથી પણ મોક્ષમાર્ગ પર આગળ વધી જ જાય છે. તેથી ભોગસુખમાં, મોક્ષમાર્ગની સાધનામાં સ્ખલના કરવાનું સામર્થ્ય નથી. વળી તૃષ્ણાશમનનું પણ એનામાં સામર્થ્ય નથી જ. નહીંતર તો અનંતકાળ પૂર્વે જ તૃષ્ણા શાંત થઈ જ ગઈ હોત. એટલે આ બંને રીતે અસમર્થ એવું તે મૃગજળની જેમ અસાર છે.

**પ્રશ્ન :** મૃગજળને 'મૃગજળ' તરીકે (જળાભાસ તરીકે) જોનારો પથિક એને પીવાની નથી ઇચ્છા કરતો, નથી પ્રવૃત્તિ કરતો. તો

છઠ્ઠી દૃષ્ટિમાં રહેલો સાધક ભોગસુખોને જો મૃગજળસમાન આભાસમાત્ર માને છે તો એની ઇચ્છા ને પ્રવૃત્તિ શા માટે કરે ?

**ઉત્તર :** એ સાધક ભોગસુખની ઇચ્છા તો કરતો જ નથી. પ્રવૃત્તિ પણ સ્વયં નથી કરતો, પણ કર્મોદય એની પાસે કરાવે છે. કર્મના ઉદયથી ઉપસ્થિત થયેલા ભોગોને ભોગવવા છતાં એ એમાં અસંગ રહે છે - નિર્લેપ રહે છે ને તેથી મોક્ષમાર્ગ પરનું પ્રયાણ ચાલુ રહેવાથી એ પરમપદ પણ ક્રમશઃ પામે જ છે. અભિષ્વંગ ન હોવાના કારણે એ ભોગને પરવશ બનતો નથી.

**પ્રશ્ન :** અહીં 'કર્મોદયથી ઉપસ્થિત થયેલા વિષયોને...' એમ જે જણાવ્યું છે એમાં કર્મ તરીકે નિકાચિત કર્મ લેવાના છે કે અનિકાચિત ?

**ઉત્તર :** આગળ ૧૫મી ગાથાની વૃત્તિમાં અવશ્યભોગ્યકર્મની વાત કરવાના છે એનાથી જણાય છે કે અહીં નિકાચિત કર્મ લેવાના છે.

**પ્રશ્ન :** એ નિકાચિત કર્મ તરીકે કયું કર્મ હોય ?

**ઉત્તર :** 'અવશ્યભોગ્યકર્મ' શબ્દ જે વાપર્યો છે તે ભોગજનક એવું વેદમોહનીયકર્મ જણાવે છે એટલે જ એને નિકાચિત ભોગાવલિકર્મ પણ કહેવાય છે. પણ જેમ સ્ત્રી ભોગવી વગેરે કહેવાય છે એમ 'રાજ્ય ભોગવ્યું' વગેરે પણ કહેવાય છે. એટલે ભોગ તરીકે રાજ્ય વગેરે પણ લઈ શકાતા હોવાથી સૌભાગ્ય-ચક્રવર્તીપણું વગેરેના જનક કર્મો પણ અહીં સમજવા જોઈએ. જેમને ગૃહસ્થપણું દીર્ઘકાલીન વહન કરવાનું છે તેમને જીવનવ્યવહાર નિકાચિત છે. એને અંતર્ગત ભોગાવલી પણ નિકાચિત છે એમ આરોપ કરવો. દીર્ઘકાળ ગૃહસ્થપણામાં રહેનારા ઉત્તમ પુરુષો વાંઢા રહે એ વ્યવહારથી અનુચિત

છે. એટલે વાસનાનું જોર ન હોવા છતાં લોકાચાર મુજબ વ્યવહાર નિભાવવા લગ્ન કરે, ભોગપ્રવૃત્તિ કરે ને છતાં નિર્લેપ રહે છે.

**પ્રશ્ન :** આ મહાપુરુષો દીર્ઘકાળ સુધી વાંઢા ન રહે એ બરાબર... પણ બ્રહ્મચારી તો રહી શકે ને ! જેમકે ભીષ્મ પિતામહ.

**ઉત્તર :** એવા કિસ્સા ક્યારેક જ બને. ઘણું ખરું તો લોકવ્યવહારને અનુસરનારા જ હોય છે. ને એને અનુસરીને સ્વકર્તવ્ય સમજી જે આવશ્યક હોય એ બધું જ નિર્લેપ ભાવે કરનારા હોય છે. કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર પ્રથમ પર્વ બીજા સર્ગની ૯૭૧મી ગાથામાં શ્રી ઋષભદેવ ભગવાનના ચરિત્રમાં જણાવ્યું છે કે - एतत्सर्वं सावद्यमपि लोकानुकम्पया । स्वामी प्रवर्तयामास जानन्कर्तव्यमात्मनः ॥९७१॥ **અર્થ :** *'પોતાનું કર્તવ્ય છે' એમ જાણીને શ્રી ઋષભદેવસ્વામીએ લોકો પરની કરુણાથી, 'આ બધું જ સાવદ્ય છે' એવું જાણવા છતાં પ્રવર્તાવ્યું...* પેલી રાજા અને ભાઈ મહારાજની પણ વાત આવે છે ને - રાજાએ રાણીને કહ્યું કે - 'નદીને જઈને વિનંતી કરજે કે મારો પતિ બ્રહ્મચારી હોય તો હે નદી ! મને માર્ગ આપ...' અને નદીએ માર્ગ આપ્યો. ગોચરી વાપરી હોવા છતાં ભાઈ મહારાજે નદીને વિનંતી કરવા કહ્યું કે 'આ મહારાજ જો ઉપવાસી હોય તો હે નદી ! માર્ગ આપ...' ને નદીએ માર્ગ આપી દીધો.

**પ્રશ્ન :** પણ જે છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીને નિકાચિત કર્મ તરીકે નિકાચિત ભોગકર્મ જ (વેદમોહનીય વગેરે મોહનીયકર્મ જ) છે એમને તો એ કર્મ ઉદયમાં આવીને રાગ-દ્વેષ કરાવશે જ ને !

**ઉત્તર :** છઠ્ઠી દૃષ્ટિમાં મોહનીયકર્મની નિકાચિતતા હોતી નથી. જ્ઞાનયોગની તીવ્રતા નિકાચિતપણાંને તોડી નાખે છે. જ્ઞાનયોગ

રાગદ્વેષને તોડી પ્રબળ વૈરાગી બનાવે છે અને તેથી ભોગપ્રવૃત્તિ યોગી જીવને બાધા માટે થતી નથી. અધ્યાત્મસારના પાંચમા વૈરાગ્યસંભવઅધિકારની ૩૩મી ગાથામાં જણાવ્યું છે કે -

दारुयन्त्रस्थपाञ्चालीनृत्यतुल्याः प्रवृत्तयः ।

योगिनो नैव बाधायै ज्ञानिनो लोकवर्तिनः ॥३३॥ **અર્થ :** *ભોગ પ્રવૃત્તિઓ કાષ્ઠયંત્ર પર રહેલી પૂતળીના નૃત્યતુલ્ય હોવાથી લોકમાં રહેલા જ્ઞાની યોગીઓને બાધા પહોંચાડનારી બનતી નથી.* આ ‘બાધા પહોંચાડનારી નથી’ એવું જે કહ્યું એનો અર્થ જ કે એ પ્રવૃત્તિ રાગદ્વેષ કરાવતી નથી. અરે ! રાગ-દ્વેષની વાત ક્યાં ? આ પ્રવૃત્તિ પણ એમના વૈરાગ્યરૂપ જ હોય છે એવું વીતરાગસ્તોત્રમાં કહ્યું છે :-

यदा मरुन्नरेन्द्रश्रीस्त्वया नाथोपभुज्यते । यत्र तत्र रतिर्नाम विरक्तत्वं तदाऽपि ते ॥ **અર્થ :** *હે નાથ ! જ્યારે દેવેન્દ્ર કે નરેન્દ્રના ઐશ્વર્યને આપ ભોગવો છો ત્યારે પણ, જ્યાં જ્યાં સામાન્ય જીવોને રતિ થાય છે ત્યાં ત્યાં તમને વૈરાગ્ય જ અનુભવાય છે અથવા વૈરાગ્ય એ જ આપની રતિ છે.*

**પ્રશ્ન :** જો આ રીતે રાગ-દ્વેષ થતા નથી... વૈરાગ્ય એ જ રતિ છે... તો એ ભોગકર્મમાં નિકાચિતતા શું રહી ?

**ઉત્તર :** ભોગપ્રવૃત્તિ કરાવવી એ જ એ ભોગકર્મની નિકાચિતતા છે ને પ્રવૃત્તિ કરવા છતાં રાગ-દ્વેષ ન થવા... અસંગનો અનુભવ થવો... આ એ કર્મની અનિકાચિતતા છે જે જ્ઞાનયોગથી નિકાચિતતા તૂટવાના કારણે થયેલી છે એમ વિભાગ કરવો યોગ્ય લાગે છે.

જો કે અધ્યાત્મસારના પાંચમા વૈરાગ્યસંભવઅધિકારમાં ગ્રંથકારે કહ્યું છે કે भवेच्छा यस्य विच्छिन्ना प्रवृत्तिः कर्मभावजा रतिस्तस्य विरक्तस्य सर्वत्र शुभवेद्यतः ॥१४॥ **અર્થ :** *જે યોગીની ભવેચ્છા = ભોગેચ્છા*

*વિચ્છેદ = નાશ પામેલી છે એની પ્રવૃત્તિ = ભોગપ્રવૃત્તિ કર્મભાવજન્ય = કર્મના ઉદયજન્ય હોય છે. તે વિરક્ત આત્માની એ સર્વમાં રતિ = પ્રવૃત્તિ શુભવેદ્યથી = શાતાવેદનીય કર્મથી હોય છે.* એટલે નિકાચિત ભોગાવલી કર્મ તરીકે શાતાવેદનીયકર્મ લેવાનું હોવાથી રાગ-દ્વેષનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

એ જ અધિકારની ૨૬મી ગાથામાં ઐશ્વર્યને = ભોગવૈભવને મહાપુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલ જે કહેલ છે તેનાથી પણ આ જ વાતનું સમર્થન છે. મહાપુણ્ય તરીકે શાતાવેદનીયકર્મ આવે. વેદમોહનીય વગેરે મોહનીયકર્મરૂપ પાપ નહીં, એ તો સ્પષ્ટ જ છે.

રાગ-દ્વેષ નથી થતાં, માટે જ યોગીપુરુષો વિષયપ્રવૃત્તિથી બંધાતા નથી. અધ્યાત્મસારના એ જ અધિકારની ૨૧મી ગાથામાં કહ્યું છે કે - बध्यते बाढमासक्तो यथा श्लेष्मणि मक्षिका । शुष्कगोलवदश्लिष्टो विषयेभ्यो न बध्यते ॥२१॥ *વિષયોમાં આસક્ત થતો જીવ કર્મથી બંધાય છે જેમકે શ્લેષ્મમાં માખી, જે અનાસક્ત છે તે રાગની ચીકાશ વિનાનો હોવાથી બંધાતો નથી. જેમકે ભીંતે અફળાતો સૂકો ગોળો.* આ જ વાત શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫મા અધ્યયનની ૪૦, ૪૫મી ગાથામાં આ રીતે કહી છે - उल्लो सुक्को य दो छूढा गोलया मट्टियामया । दो वि आवडिया कुड्डु जो उल्लो सोऽत्थ लग्गई ॥४०॥ एवं लग्गंति डुम्मेल जे नरा कामलालसा । विरत्ता उ न लग्गंति जहा से सुक्कगोलए ॥४१॥ **અર્થ :** *એક ભીનો અને એક સૂકો... એવા બે માટીના ગોલા ભીંત પર ફેંકાયા. એમાંથી જે આર્દ્ર છે તે ત્યાં ચોંટે છે. એ રીતે જે કામભોગની લાલસાવાળા દુર્બુદ્ધિ જીવો છે તે તેમાં ચોંટે છે. જે જીવો વૈરાગી છે. તે ચોંટતા નથી, જેમકે સૂકો ગોલો.*

એટલે, અહીં આ રહસ્ય છે - विषयाणां ततो बन्धजनने

**અર્થ :** *આમ વિષયપ્રવૃત્તિ કરે એને કર્મબંધ થાય જ, અને ન કરે એને ન જ થાય એવો નિયમ નથી, પણ જે અજ્ઞાની છે - વિષયોમાં આસક્ત છે એ વિષયપ્રવૃત્તિ ન કરે તો પણ એને કર્મબંધ થાય જ છે, જે જ્ઞાની છે - અનાસક્ત છે તે વિષયપ્રવૃત્તિ કરે તો પણ એને કર્મબંધ થતો નથી.*

છઠ્ઠી દૃષ્ટિમાં રહેલા જીવ જ્ઞાની હોવાથી આવશ્યક વિષય પ્રવૃત્તિ કરવા છતાં અધ્યાત્મસારની આ (૫-૨૪મી) ગાથાને અનુસારે કર્મથી બંધાતા નથી. અનાવશ્યક ભોગપ્રવૃત્તિને તો આ સાધકો ટાળી જ દે છે. જે ટાળી શકાય એવી ન હોય એને જ અસંગપણે કરે છે. જે ટાળી શકાય એવી હોય એ ભોગપ્રવૃત્તિ અનાવશ્યક છે. અનાવશ્યકપ્રવૃત્તિ પોતાની ઇચ્છા વગર થઈ શકતી નથી ને ઇચ્છાથી ભોગવાય એટલે એમાં આસક્તિ થાય જ, અસંગપણું જળવાઈ શકે નહીં.

જે જીવ ભોગસુખને 'સુખ' માને છે એ તો એમાં મોહાઈ જ જવાનો છે. ને તેથી ત્યાં જ ઊભો રહી જવાથી મોક્ષમાર્ગ પર આગળ વધતો નથી, પછી મોક્ષ શી રીતે પામે ? જે મૃગજળને વાૅસ્તવિક 'જળ' રૂપે જુએ છે એ તો 'આમાં હું ડૂબી જઈશ, લપસી જઈશ' આવા બધા ભયથી ઉદ્વિગ્ન થઈ = ભયભીત થઈ આગળ વધે જ નહીં, એ વાત નિઃશંક છે. પણ કાંતાદૃષ્ટિમાં રહેલો સાધક તો ભોગને 'સુખ'રૂપ માનતો જ નથી, માટે એણે ઊભા રહી જવાની જરૂર ન હોવાથી એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પર આગળ વધે જ છે.

**પ્રશ્ન :** અનાદિકાળથી જીવને ભોગશક્તિ મળી છે, જે ભોગસુખની સામગ્રી હાજર થાય એટલે જીવ પાસે ભોગપ્રવૃત્તિ કરાવે છે. પરિણામ એ આવે છે કે એ જ વખતે ધર્મ કરવાનો અવસર

હોય તો પણ જીવ ભોગમાં પ્રવૃત્ત થાય છે ને તેથી જીવ ધર્મશક્તિ હોવા છતાં ધર્મપ્રવૃત્તિ કરતો નથી. આનો અર્થ થયો કે ભોગશક્તિએ ધર્મશક્તિને હણી નાખી. એટલે કાંતાદૃષ્ટિમાં રહેલા સાધકની પણ ભોગશક્તિ ધર્મશક્તિને હણી નાખશે. તો જીવ મોક્ષમાર્ગ પર આગળ શી રીતે વધશે ?

**ઉત્તર :** કાન્તાદૃષ્ટિમાં ધર્મશક્તિ ખૂબ બળવાન થઈ ગઈ હોય છે. એની અપેક્ષાએ નિર્બળ એવી ભોગશક્તિ એ ધર્મશક્તિને હણી શકતી નથી. દીવાને બૂઝવી નાખનારો પવન અત્યંત બળવાન્ એવા દાવાનળને કાંઈ બૂઝવી શકતો નથી.

અત્યાર સુધી ભોગપ્રવૃત્તિ સ્વઇચ્છાથી થતી હતી. એટલે ભોગશક્તિ બળવાન્ હતી. કાન્તાદૃષ્ટિમાં આવેલો સાધક ભોગપ્રવૃત્તિ સ્વઇચ્છાથી નથી કરતો, પણ કર્મોદય એની પાસે કરાવે છે. એટલે જણાય છે કે એની ભોગશક્તિ નબળી છે. જ્યારે ધર્મપ્રવૃત્તિ આ જીવ સ્વરસથી કરે છે. તેથી ધર્મશક્તિ ખૂબ જ બળવાન્ હોય છે. એટલે દીવાને બૂઝવી નાખનારો પવન, જેમ દાવાનળને બૂઝવી શકતો નથી, પણ ઉપરથી એને બળવામાં-પ્રસરવામાં સહાયક બને છે એમ ભોગશક્તિ બળવાન્ એવી ધર્મશક્તિને હણતી તો નથી પણ ઉપરથી સહાયક બને છે.

**પ્રશ્ન :** પૂર્વાવસ્થામાં ભોગશક્તિ બળવાન્ હોય છે ને તેથી ધર્મશક્તિને હણે છે. તો તો કોઈ જીવ ધર્મપ્રવૃત્તિ કરી જ ન શકવાથી કાન્તાદૃષ્ટિ સુધી પહોંચશે શી રીતે ?

**ઉત્તર :** જેમ કાન્તાદૃષ્ટિમાં ધર્મશક્તિ અતિપ્રબળ હોવા છતાં કર્મો જીવ પાસે ભોગપ્રવૃત્તિ કરાવે છે એમ પૂર્વાવસ્થામાં ભોગશક્તિ બળવાન્ હોવા છતાં જીવ મક્કમ બનીને જેટલા પ્રમાણમાં

ભોગશક્તિનો નિગ્રહ કરે છે એટલા પ્રમાણમાં ધર્મપ્રવૃત્તિ કરી શકે છે. આવું વારંવાર થવાથી ભોગશક્તિ નબળી પડતી જાય છે, ધર્મશક્તિ બળવાન્ થતી જાય છે અને જીવ ક્રમશઃ કાન્તાદષ્ટિ સુધી પહોંચે છે.

**પ્રશ્ન :** તમે ઉપર જણાવ્યું કે કાન્તાદષ્ટિમાં જીવ સ્વરસથી ધર્મપ્રવૃત્તિ કરે છે, માટે ધર્મશક્તિ બળવાન્ હોય છે. આમાં સ્વરસથી એટલે શું ?

**ઉત્તર :** અહીં 'સ્વરસથી' એટલે રસપૂર્વક અને સ્વાભાવિક એમ બે અર્થ છે. આમાં રસપૂર્વકમાં રસ એટલે શાસ્ત્રવચનોના શ્રવણાદિથી વચનને અનુસરવાનો (વચનાનુસારે અનુષ્ઠાન કરવાનો) પેદા થયેલો રસ. આ પ્રથમભૂમિકામાં હોય છે ને તેથી અનુષ્ઠાન વચનને અનુસરીને થતું હોવાથી વચનાનુષ્ઠાન બને છે. એના ફરી ફરી અભ્યાસથી અનુષ્ઠાન જ્યારે ચંદન-ગંધન્યાયે આત્મસાત્ થઈ જાય છે-સ્વભાવભૂત બની જાય છે ત્યારે બીજી ભૂમિકા આવે છે. એમાં અસંગઅનુષ્ઠાન થાય છે. આ બંને અનુષ્ઠાન સ્વરસથી થતાં હોવાથી એને કરાવનાર ધર્મશક્તિ ખૂબ બળવાન્ હોય છે. આ બળવાન્ ધર્મશક્તિને ભોગશક્તિ હણતી નથી, પણ ઉપરથી કર્મક્ષય કરવાના એના કાર્યમાં સહાયક બને છે. આશય એ છે કે જે કર્મ નાશ પામવાનું જ નથી એ અવશ્ય ભોગ્યકર્મનો નાશ ભોગપ્રવૃત્તિ દ્વારા જ શક્ય હોય છે. ભોગશક્તિ આ ભોગપ્રવૃત્તિ કરાવવા દ્વારા એ કર્મનો નાશ કરે છે. આ નાશ થાય તો જ ધર્મશક્તિનું સર્વકર્મનાશાત્મક કાર્ય સંપન્ન થઈ શકે છે. માટે ભોગશક્તિ ધર્મશક્તિને સહાયક બને છે એ વાત સિદ્ધ થાય છે. એટલે જ કહેવાય છે કે પ્રભુને મળેલ રૂપ ઐશ્વર્ય વગેરે ધર્મમાં સહાયક બને છે.

આમ ભોગશક્તિથી થતી ભોગપ્રવૃત્તિકાળે પણ જીવ રાગદ્વેષ કરતો ન હોવાથી નવો કર્મબંધ થતો નથી અને જે ભોગ્યકર્મના ઉદયથી એ પ્રવૃત્તિ થઈ છે એ કર્મનો નાશ તો થઈ જ જાય છે. તેથી ધર્મપ્રવૃત્તિની જેમ જ ભોગપ્રવૃત્તિ પણ કર્મનિર્જરાજનક હોવાથી મોક્ષમાર્ગ પર પ્રયાણ અસ્ખલિત રહે છે.

**પ્રશ્ન :** ભવાભિનંદીથી લઈને ઠેઠ સ્થિરાદષ્ટિમાં જીવ પહોંચ્યો. તો પણ ભોગપ્રવૃત્તિકાળે રાગ થતો હતો. હવે કેમ નથી થતો ?

**ઉત્તર :** કાન્તાદષ્ટિમાં ધારણાના પ્રભાવે જ્ઞાનનો ઉત્કર્ષ થયો હોવાથી રાગ થઈ શકતો નથી. આશય એ છે કે ધારણામાં ચિત્તની વધુ ને વધુ એકાગ્રતા હોવાથી તત્ત્વસંવેદન = શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ ખૂબ જ નિર્મળ અને દઢ હોય છે. આ નિર્મળતા અને દઢતા એવા હોય છે કે શરીર ભોગવિલાસમાં જોડાયેલું હોય ત્યારે પણ આ અનુભવ ખસતો નથી. વળી શુદ્ધ આત્મામાં તો અલૌકિક અવર્ણનીય આનંદનો અનુભવ હોય છે. એટલે ચિત્ત એમાં જ રમ્યા કરતું હોવાથી ભોગવાઈ રહેલા પુદ્ગલના સ્પર્શાદિ ગુણોમાં રમતું નથી. તેથી આસંગ = અભિષ્વંગ = રાગસ્વરૂપ પ્રમાદ અંશથી પણ સ્પર્શતો નથી. એટલે જેમ સાધુને પુદ્ગલમાં રમણતા હોતી નથી એમ છઠ્ઠી દષ્ટિમાં રહેલા ગૃહસ્થને પણ એ રમણતા હોતી નથી. માટે એ ઉપચારથી સાધુ કહેવાય છે. (એટલે જ રાજાએ રાણી સાથે અબ્રહ્મસેવન હોવા છતાં પોતાની જાતને બ્રહ્મચારી કહી અને ભાઈ મહારાજે ગોચરી વાપરી હોવા છતાં પોતાની જાતને ઉપવાસી કહી).

**પ્રશ્ન :** જો રાગદ્વેષ સ્પર્શતા નથી તો ઉપચારથી સાધુ કેમ કહો છો ?

**ઉત્તર :** કારણ કે એ ગૃહસ્થને, સંયમના અસંખ્ય સંયમ સ્થાનોમાંના એક પણ સંયમસ્થાનની પ્રાપ્તિ થઈ હોતી નથી. મૌલિક રીતે તો સાધુ એ જ કહેવાય જેમને કોઈને કોઈ સંયમસ્થાન પ્રાપ્ત થયું હોય.

**પ્રશ્ન :** એ ગૃહસ્થોને સંયમસ્થાન કેમ પ્રાપ્ત થતું નથી ?

**ઉત્તર :** કારણ કે અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ કષાય રૂપ ચારિત્રમોહનીયનો એને વિપાકોદય છે. સામાન્યથી ગૃહસ્થોને (= છટ્ઠી દૃષ્ટિ નહીં પામેલા ગૃહસ્થોને) સંયમસ્થાનની જે અપ્રાપ્તિ હોય છે તેમાં ચારિત્રમોહનીયકર્મનો ઉદય અને ભોગવાતા ભોગમાં ઓછીવત્તી આસક્તિ... આ બન્ને કારણભૂત હોય છે. પણ આ છટ્ઠી દૃષ્ટિ પામેલા ગૃહસ્થને એ અપ્રાપ્તિમાં માત્ર ચારિત્રમોહકર્મોદય જ કારણ હોય છે, સંયમસ્થાનના વિરોધી પરિણામરૂપે ભોગમાં આસક્તિનો તો અંશમાત્ર પણ કારણભૂત હોતો નથી, કારણ કે હોતો જ નથી, આવો ૧૪૪૪ ગ્રંથ પ્રણેતા આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજનો આશય છે.

**શંકા** – આ નિરૂપણ પરથી સમજાય છે કે સંયમસ્થાનના વિરોધી બે છે - (૧) ચારિત્ર મોહનીય કર્મનો વિપાકોદય અને (૨) ભોગસુખમાં આસક્તિ... છટ્ઠીદૃષ્ટિમાં રહેલા ગૃહસ્થ ભોગપ્રવૃત્તિ કરવા છતાં આસક્તિથી દૂર રહી શકે છે તો એ રીતે આરંભ-સમારંભાદિ કરવા છતાં ચારિત્રમોહનીયકર્મના વિપાકોદયને ટાળી પણ શકે ને ? ને તો પછી સંયમસ્થાન કેમ ન પામી શકે ?

**સમાધાન** – અધ્યવસાયના બળ પર કોઈક ગૃહસ્થ છટ્ઠું-સાતમું ગુણઠાણું-સંયમસ્થાન પામી શકે છે. પણ એ અંતર્મુહૂર્તથી વધારે કાળ માટે ટકતું નથી, ટકી શકતું નથી, કારણ કે આરંભ-સમારંભાદિની ચેષ્ટા એ સંયમસ્થાનને ટકવા દેતી નથી.

**શંકા** – ભોગપ્રવૃત્તિ હોવા છતાં સંયમસ્થાનવિરોધી એવા ભોગાસક્તિ પરિણામથી જીવ દીર્ઘકાળ માટે મુક્ત રહી શકે છે. એમ આરંભાદિની ચેષ્ટા હોવા છતાં સંયમસ્થાન વિરોધી એવા ચારિત્ર મોહોદયથી પણ જીવ દીર્ઘકાળ માટે મુક્ત ન રહી શકે ?

**સમાધાન** – તથાસ્વભાવે નહીં રહી શકતો હોય એવું આવા શાસ્ત્રવચનો પરથી નિશ્ચિત કરવું જોઈએ.

**શંકા** – સાધુ, નદી ઉતરવી વગેરેમાં હિંસાનુકૂળ પ્રવૃત્તિ હોવા છતાં અંતર્મુહૂર્ત કરતાં વધારે કાળ માટે પણ ચારિત્રમોહોદયથી મુક્ત રહી શકે છે ને !

**સમાધાન** – સાધુને, સામાન્ય રીતે હિંસાનુકૂળ પ્રવૃત્તિનો અભાવ જેમ સંયમપાલન માટે હોય છે એમ અપવાદ પદે નદી ઉતરવી વગેરે રૂપ હિંસાનુકૂળ પ્રવૃત્તિ પણ સંયમપાલન માટે જ હોય છે. ગૃહસ્થ જે આરંભ સમારંભ કરે છે તે સંયમપાલન માટે નહીં. તેથી સંયમ પરિણામ ટકી શકતો નથી.

આમ છઠ્ઠી કાન્તાદષ્ટિને આપણે વિચારી. એની થોડી અવશિષ્ટ વાતો આગામી લેખમાં વિચારી પછી સાતમી દૃષ્ટિ વિચારીશું.

❖ ❖ ❖

**લેખાંક ૧૩૯**

ગયા લેખમાં કાન્તાદષ્ટિની ઘણી વાતો જોઈ. થોડી વાતો આ લેખમાં જોઈ પછી પ્રભાદષ્ટિ વિચારવાની છે. પણ એ પહેલાં એક પ્રશ્ન-ઉત્તર જોઈ લઈએ.

**પ્રશ્ન :** કાન્તાદૃષ્ટિમાં રહેલા સાધક માટે 'કર્મોદયથી ખેંચાઈ આવેલા ભોગને ભોગવે છે' વગેરે જે કહ્યું છે એનાથી જણાય છે કે સ્થિરાદૃષ્ટિમાં રહેલો સાધક, જે કર્મોદયથી ખેંચાઈ આવેલા નથી એવા ભોગને પણ પોતાની ઇચ્છાથી ભોગવે છે. તો આ ભોગપ્રવૃત્તિ દરમ્યાન એને રાગ પણ થશે જ. આ રાગ એના સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શનને અસર કરશે જ ને ?

**ઉત્તર :** સ્થિરાદૃષ્ટિમાં ભોગપ્રવૃત્તિ જ્ઞાનઅંશે અકિંચિત્કર (= બિનઅસરકારક) હોય છે જ્યારે ચારિત્રઅંશે પ્રમાદની સહકારી પણ બને છે (એટલે કે રાગ-દ્વેષ કરાવે છે). આશય એ છે કે સ્થિરાદૃષ્ટિમાં રહેલા આત્મપરિણતિમત્ જ્ઞાનનો, ભોગો નથી નાશ કરી શકતા કે નથી એને મલિન કરી શકતા. અર્થાત્ ભોગો ભોગવવા છતાં સમ્યક્ત્વ એવું ને એવું નિર્મળ રહી શકે છે, જેમકે શ્રેણિક મહારાજાને. માટે આ સંદર્ભમાં ભોગો અકિંચિત્કર છે. પણ એ વખતે અનાસક્તિ પણ એવી ને એવી અખંડ રહે એ તો છઠ્ઠી દૃષ્ટિની ભૂમિકા છે. આનો અર્થ જ પાંચમી દૃષ્ટિમાં ભોગ ભોગવતી વખતે આસક્તિ થતી હોય છે. આ પ્રમાદ છે. એટલે ભોગ આ પ્રમાદ કરાવવામાં જીવના સહકારી બન્યા.

**શંકા** – પણ પાંચમી દૃષ્ટિમાં પણ વેદ્યસંવેદ્યપદ છે. એ હેય ઉપાદેયનો વિવેક આપવા દ્વારા વિષયોનું હેય તરીકે = બળવદ્ અનિષ્ટાનુબંધી તરીકે સંવેદન કરાવશે જ. આશય એ છે કે વિષ મિશ્રિત દૂધપાક ભૂખશમનરૂપી જેટલું ઇષ્ટ કરે છે એના કરતાં ઘણું ઘણું મોટું અનિષ્ટ એવું મૃત્યુ કરે છે. એટલે એને જોઈને 'આ મારું મોટું અનિષ્ટ કરનાર છે' એવું સંવેદન થાય છે એ બળવદનિષ્ટાનુ-બંધિત્વ જ્ઞાન કહેવાય છે. સમ્યક્ત્વ વિષયોમાં જીવને આવું બળવદનિષ્ટાનુબંધિત્વ જ્ઞાન કરાવે છે. એટલે કે 'વિષયભોગમાં જે

ક્ષણિકસુખ મળશે એના કરતાં હજારોગણું નરકાદિ દુર્ગતિઓનું દુઃખ ભવિષ્યમાં થશે, માટે એ હેય = ત્યાજ્ય છે.' આવું હેયત્વનું સંવેદન કરાવશે. આ હેયત્વનો બોધ છે. એટલે નિકાચિતકર્મોની શિરજોરી ન હોય તો એ યોગી એનો ત્યાગ કરી જ દે ને !

**સમાધાન** – શાસ્ત્રોમાંથી આના બે સમાધાન મળે છે - (૧) સ્થિરાદષ્ટિ-વેદ્યસંવેદ્યપદ-સમ્યક્ત્વ... આ બધું બળવદનિષ્ટાનુબંધિત્વનો બોધ કરાવવા દ્વારા ભોગપ્રવૃત્તિમાં પ્રતિબંધક બને છે. પણ અપ્રત્યાખ્યાનાવરણ-પ્રત્યાખ્યાનાવરણ કક્ષાના રાગદ્વેષ એમાં ઉત્તેજક બની જીવ પાસે પ્રવૃત્તિ કરાવે છે. આશય એ છે કે દાહ કરવો એ અગ્નિનું કાર્ય છે. પણ ચંદ્રકાન્તમણિ સાથે હાથ અગ્નિમાં નાખવામાં આવ્યો હોય તો અગ્નિને અડવા છતાં દાહ થતો નથી. એટલે ચંદ્રકાંતમણિ દાહમાં પ્રતિબંધક છે. પણ જો ભેગો સૂર્યકાંતમણિ પણ હાજર હોય તો પાછો દાહ થાય જ છે. એટલે સૂર્યકાન્તમણિ ઉત્તેજક છે. એમ સમ્યક્ત્વ ભોગપ્રવૃત્તિમાં પ્રતિબંધક છે. પણ અપ્રત્યાખ્યાના-વરણાદિ રાગ ઉત્તેજક છે. ને તેથી એ સમ્યક્ત્વીજીવ પાસે પણ ભોગપ્રવૃત્તિ કરાવે છે. અથવા (૨) આ કક્ષાના રાગ-દ્વેષનો ઉદય વિવેકને = બળવદનિષ્ટાનુબંધિત્વ જ્ઞાનને = હેયત્વના સંવેદનને તત્કાળ પૂરતું દબાવી દે છે. ને તેથી જીવ ભોગપ્રવૃત્તિ કરી લે છે.

જેવું આ રાગ-દ્વેષનું જોર ઘટે છે એટલે પાછો વિવેક જાગ્રત થાય છે. ને તેથી આ દૃષ્ટિમાં રહેલા સાધકને આ પ્રવૃત્તિ લજ્જાસ્પદ ભાસે છે. ને તેથી એનો પશ્ચાત્તાપ જાગે છે. જો પશ્ચાત્તાપ ન જાગે તો સમ્યક્ત્વ ટકી શકતું નથી, મિથ્યાત્વ આવી જાય છે.

**પ્રશ્ન :** પાંચમી સ્થિરાદષ્ટિમાં પણ દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમાદિ રૂપ શુદ્ધિ હોય છે. આ શુદ્ધિના પ્રભાવે જ, ઉત્તેજક તરીકે તમે કહેલ ચારિત્રમોહનીયકર્મ તૂટી નહીં જાય ?

**ઉત્તર :** ના, એને તોડવા માટે પ્રચંડ સત્ત્વની જરૂર પડે છે જે સમ્યક્ત્વની શુદ્ધિમાત્રથી આવતું નથી. હા, સમ્યક્ત્વ જાળવી રાખવાનો જીવ પુરુષાર્થ કરે તો કાળક્રમે જરૂર પ્રબળ પુરુષાર્થ સ્ફુરાયમાણ થાય છે. આ પુરુષાર્થથી ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ થવાના કારણે જોર ઘટવાથી જીવ ભોગપ્રવૃત્તિથી વિરક્ત-વિરત બને છે. માટે કહેવાય છે કે સમ્યક્ત્વ વિરતિને ખેંચી લાવે છે.

**પ્રશ્ન :** 'મોક્ષ સિવાયનો આ આખો સંસાર હેય છે' આવું સંવેદન એ મોક્ષનું પ્રણિધાન છે. સ્થિરાદૃષ્ટિમાં રહેલા સમ્યક્ત્વીને પણ આ પ્રણિધાન ભોગપ્રવૃત્તિકાળે પણ સંસ્કારરૂપે તો વિદ્યમાન હોય છે. ને તેથી જ સમ્યક્ત્વીજીવો સદા મોક્ષાકાંક્ષાક્ષણિકચિત્ત હોય છે. ને એટલે એમની અર્થ-કામપ્રવૃત્તિ પણ મોક્ષપર્યવસાનૈકફલિકા હોય છે. આ વાત પૂર્વે ચૌદમી બત્રીશીમાં આવી ગઈ છે. આમ, પાંચમી સ્થિરાદૃષ્ટિમાં રહેલા સાધકને પણ ભોગપ્રવૃત્તિ છેવટે મોક્ષે પહોંચાડે છે ને છઠ્ઠી કાન્તાદૃષ્ટિમાં રહેલા, ભોગને મૃગજળ જેવા માનતા સાધકને પણ ભોગપ્રવૃત્તિ મોક્ષે પહોંચાડે છે, તો બેમાં ફરક ક્યાં રહ્યો ?

**ઉત્તર :** છઠ્ઠી કાન્તાદૃષ્ટિમાં રહેલા સાધકને ભોગપ્રવૃત્તિ પોતાની ઇચ્છાથી નથી હોતી, પણ કર્મોદયથી હોય છે, ને તેથી એમાં રાગ-દ્વેષ થતા નથી. અનાસક્તિ હોય છે. રાગ-દ્વેષ નથી માટે પાપબંધ થતો નથી ને રાગ-દ્વેષ નથી માટે એ પ્રવૃત્તિમાં લજ્જાસ્પદતાનો અનુભવ હોતો નથી કે મુખ્ય પશ્ચાત્તાપ હોતો નથી. એ પ્રવૃત્તિ કર્મનિર્જરા કરાવતી હોવાથી સાક્ષાત્ મોક્ષમાર્ગ પર પ્રયાણરૂપી જ હોય છે ને તેથી જીવને મોક્ષે પહોંચાડે છે.

સ્થિરાદૃષ્ટિમાં આનાથી અલગ હોય છે. ભોગપ્રવૃત્તિ કર્મોદયથી નહીં, પણ સ્વેચ્છાથી હોય છે ને તેથી જ એમાં જીવને રાગ-દ્વેષ થાય

છે. આસક્તિ હોય છે. રાગ-દ્વેષ અનુભવાય છે, માટે પાપબંધ થાય છે. રાગ-દ્વેષ થાય છે માટે પાછળથી લજ્જા અનુભવાય છે, પશ્ચાત્તાપ થાય છે. ભોગપ્રવૃત્તિ પાપબંધજનક છે (એટલે જ તો શ્રીવંદિત્તાસૂત્રમાં કહ્યું છે કે अप्पोसि होइ बंधो... ભલે અલ્પ, પણ પાપબંધ હોય તો છે જ). માટે એ આશ્રવરૂપ છે ને એ આશ્રવરૂપ છે માટે જ સંસારનું કારણ છે, મોક્ષમાર્ગરૂપ નથી (आश्रवो भवहेतुः स्यात्-वीतरागस्तोत्र). તેથી ભોગસુખમાં મૂંઝાયેલો જીવ અટકી જાય છે, પણ મોક્ષમાર્ગ પર પ્રયાણ કરતો નથી.

**પ્રશ્ન :** તો પછી એની અર્થ-કામની પ્રવૃત્તિને પણ મોક્ષપર્યવસાનૈકફલિકા કેમ કહી ?

**ઉત્તર :** આ મોક્ષાકાંક્ષાક્ષણિકચિત્તનો = મોક્ષપ્રણિધાનનો પ્રભાવ છે. ભોગપ્રવૃત્તિ જે પાપબંધ કરાવે છે એમાં આ પ્રણિધાનના પ્રભાવે પુણ્યાનુબંધ ઊભા થાય છે જે ભવિષ્યમાં પાપના ઉદયકાળે જીવને સદ્બુદ્ધિ આપીને મોક્ષમાર્ગ પર આગળ વધારી દે છે.

કાન્તાદૃષ્ટિમાં સદ્વિચારણારૂપ મીમાંસા હોય છે. આ મીમાંસા તત્ત્વનો = પરમાર્થનો પ્રકાશ કરવા દ્વારા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરી દે છે. તેથી આ દૃષ્ટિમાં રહેલા સાધક દ્વારા અસમંજસ = અનુચિત પ્રવૃત્તિ થતી નથી, કારણ કે અસમંજસતાનું જનક જ અજ્ઞાન છે જે દૂર થઈ ગયું છે. અલબત્ આ દૃષ્ટિમાં રહેલા ગૃહસ્થને અર્થ-કામની પ્રવૃત્તિઓ હોય છે. પણ મીમાંસાના કારણે શુદ્ધઆત્મતત્ત્વનો પ્રકાશ જે સ્ફુરાયમાણ રહેતો હોય છે એના પ્રભાવે, રાગ-દ્વેષ થવારૂપ અનૌચિત્ય સંભવી શકતું નથી. માટે કોઈ જ પ્રકારનું અસમંજસપણું સંભવતું નથી.

આ રીતે છઠ્ઠી કાન્તાદૃષ્ટિની વિચારણા પૂર્ણ થઈ. હવે ક્રમપ્રાપ્ત સાતમી **પ્રભાદૃષ્ટિને** વિચારીએ.

સાતમી પ્રભાદષ્ટિ ધ્યાનસારા હોય છે, તત્ત્વપ્રતિપત્તિથી યુક્ત હોય છે, રોગદોષથી મુક્ત હોય છે અને સત્પ્રવૃત્તિપદાવહા હોય છે. આશય એ છે કે છટ્ઠી દષ્ટિમાં ધારણાનો અભ્યાસ વધારતાં વધારતાં ધ્યાનની ભૂમિકા આવે છે, ને તેથી સાતમી દષ્ટિમાં જીવ ધ્યાન નામનું સાતમું યોગાંગ પામે છે. ધારણાના વિષયમાં મનના ઉપયોગની એકતાનતા એ ધ્યાન છે. આમાં, વિસદશ પરિણામોનો પરિહાર કરીને સદશપરિણામની ધારા ટકાવી રાખવી અર્થાત્ એકસરખો ઉપયોગ ચલાવવો એ ઉપયોગની એકતાનતા છે. આ ધ્યાનના પ્રભાવે, જે પરાધીન ન હોય એવું સ્વાધીન ઉત્કૃષ્ટ સુખ થાય છે. જે કાંઈ પરાધીન છે એ બધું દુઃખરૂપ છે. જે કાંઈ સ્વાધીન છે એ જ વસ્તુતઃ સુખરૂપ છે. આ રીતે ધ્યાનજન્ય સુખ એ જ તત્ત્વતઃ સુખ છે, એ સિવાયનું પુણ્યોદયજન્ય સુખ પણ તત્ત્વતઃ સુખ નથી.

આશય એ છે કે સાકરની મધુરતા એ સાકરનો પોતાનો ગુણધર્મ છે. એ માટે સાકરને કોઈની અપેક્ષા ન જ હોય એ સ્પષ્ટ છે. જે બીજા દ્વારા સાકરને પ્રાપ્ત થાય એ 'સાકર-મિઠાશ' ન જ હોય. એમ 'સુખ' એ આત્માનો પોતાનો ગુણધર્મ છે, એટલે આ સુખ માટે આત્માને કોઈની અપેક્ષા ન જ હોય એ સ્પષ્ટ છે. જે બીજા દ્વારા આત્માને પ્રાપ્ત થાય એ 'સુખ' ન જ હોય, માટે દુઃખરૂપ જ હોય. એટલે પુણ્યજન્ય પુદ્ગલ સાપેક્ષ બધાં જ સુખો વાસ્તવિક રીતે દુઃખરૂપ જ છે.

**શંકા** – 'સાકરની મિઠાશ' તો સાકર હોય ત્યારથી હોય જ છે. એણે પાછળથી ઉત્પન્ન થવાનું હોતું નથી. એમ સુખ જો આત્મધર્મ છે તો એ ધ્યાનજન્ય હોવું ન જોઈએ.

**સમાધાન** – સાકરમાં કોઈ ભેળસેળ થઈ હોય તો એની મિઠાશ દબાઈ જાય છે. પછી કોઈક પ્રક્રિયા દ્વારા એ ભેળસેળ દૂર

કરવામાં આવે તો મિઠાશ પાછી પ્રગટ થાય છે ત્યારે એ મિઠાશને એ પ્રક્રિયાજન્ય કહી શકાય છે. એમ આત્મામાં પુદ્‌ગલતત્ત્વનો પ્રવેશ થયો હોવાથી એનો મૂળભૂત સુખ નામનો ગુણધર્મ દબાઈ ગયો છે. ધ્યાન એ એક પ્રકારનો અગ્નિ છે જે અશુદ્ધિને બાળે છે ને તેથી સુખ નામનો આત્મધર્મ પ્રગટ થાય છે. તેથી એ ધ્યાનજન્ય કહેવાય છે. બાકી મૂળભૂત રીતે એ આત્મધર્મ જ છે.

આવા પરમાર્થથી સુખનું જનક ધ્યાન પ્રભાદૃષ્ટિમાં રહેલા સાધકને સદા સ્ફુરાયમાણ હોય છે. આશય એ છે કે જ્યાં જ્યાં નિર્મળ બોધ હોય ત્યાં ત્યાં (ત્યારે ત્યારે) ધ્યાન હોય એવી વ્યાપ્તિ છે. સાતમી દૃષ્ટિમાં રહેલા સાધકને નિર્મળબોધ વિદ્યમાન હોવાથી ધ્યાન હંમેશા સ્ફુરાયમાણ હોય છે. જેમકે આકાશ વાદળરહિત હોય તો ઉદય પામેલા ચન્દ્રનો પ્રકાશ પ્રસર્યા જ કરે છે.

**શંકા** – પાંચમી દૃષ્ટિનો અવસ્થાનકાળ સાધિક ૬૬ સાગરોપમ છે. એમાંથી ચોથે ગુણઠાણે સાધિક ૩૩ સાગરોપમ, પાંચમે ગુણઠાણે દેશોનપૂર્વક્રોડ અને છટ્ઠે-સાતમે ગુણઠાણે પણ દેશોનપૂર્વક્રોડ કાળ છે. છટ્ઠી દૃષ્ટિ માટે પણ એ જ રીતે કાળ છે. સાતમી પ્રભા દૃષ્ટિ છટ્ઠે-સાતમે ગુણઠાણે હોય છે. તેથી એનો નિરંતર અવસ્થાનકાળ ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડ છે. આટલા દીર્ઘકાળમાં ભિક્ષાટન વગેરે કેટલીય સાધુ-ક્રિયાઓ હોય તો એ વખતે ધ્યાન શી રીતે પ્રવર્તે ?

**સમાધાન** – જેમ છટ્ઠી દૃષ્ટિમાં રહેલા ગૃહસ્થને ભોગક્રિયા હોવા છતાં મન શુદ્ધઆત્મસ્વરૂપમાં રમ્યા કરતું હોવાથી ભોગરૂપી પુદ્‌ગલના રૂપ-રસાદિ ગુણોમાં રમતું નથી. એમ સાતમી દૃષ્ટિમાં ભિક્ષાટનાદિ ક્રિયા દરમ્યાન પણ ચિત્ત તો શુદ્ધ આત્મતત્ત્વમાં જ રમ્યા કરતું હોવાથી ભિક્ષાટનાદિ વિવિધ ક્રિયાઓમાં જતું ન હોવાના કારણે ધ્યાન ચાલુ રહેવામાં કાંઈ વાંધો આવતો નથી. એ ધ્યાન

રાખવું કે છઠ્ઠી દૃષ્ટિમાં આત્મરમણતા ધારણા કક્ષાની હોય છે જે સાતમી દૃષ્ટિમાં ધ્યાન કક્ષાની બને છે.

**શંકા** – સાતમી દૃષ્ટિમાં યોગીનું ચિત્ત ભિક્ષાટનાદિ ક્રિયામાં રમતું નથી, તો ભિક્ષાટનાદિ ક્રિયા ગરબડવાળી થશે, શાસ્ત્રાનુસારી નહીં થાય. મન બીજે હોય તો ક્રિયામાં ભલીવાર ન આવે એ વાત પ્રસિદ્ધ જ છે ને !

**સમાધાન** – આ સાતમી દૃષ્ટિમાં સત્પ્રવૃત્તિપદ = અસંગાનુષ્ઠાન હોય છે. એટલે કે ચંદનગંધન્યાયે આત્મસાત્ થયેલું શાસ્ત્રાનુસારી અનુષ્ઠાન હોય છે. તેથી કોઈ જ ક્રિયા ગરબડવાળી થતી નથી. આશય એ છે કે સત્પ્રવૃત્તિ એટલે યથાર્થ પ્રવૃત્તિ. એટલે કે શાસ્ત્રમાં જે રીતે અભિપ્રેત છે એ રીતની જ ભિક્ષાટનાદિ પ્રવૃત્તિ. 'પદ' એટલે સ્થાન. ભિક્ષાટનાદિ તે તે પ્રવૃત્તિ સહજ રીતે જ શાસ્ત્રાનુસારી થયા કરે એવી આત્માની સ્થિતિ = આત્માની ભૂમિકા એ સત્પ્રવૃત્તિપદ. પ્રભાદૃષ્ટિ આવા સત્પ્રવૃત્તિપદને લાવી આપનારી છે માટે સત્પ્રવૃત્તિ-પદાવહા છે.

આ સત્પ્રવૃત્તિપદનું જ શાસ્ત્રોમાં અસંગઅનુષ્ઠાન એવું નામ છે. દંડ વડે જોરથી ચાકડો ઘુમાવવાથી ચાકડામાં વેગ નામનો સંસ્કાર પેદા થાય છે. એટલે પછી, દંડ કાઢી લીધો હોય તો પણ આ સંસ્કારના પ્રભાવે ચાકડો ઘૂમ્યા કરે છે. એ રીતે પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાન બાદ વચનઅનુષ્ઠાનની ભૂમિકામાં પહોંચેલો સાધક ભિક્ષાટનાદિ તે તે દરેક અનુષ્ઠાન દરેક વખતે શાસ્ત્રવચનને અનુસરીને કરે છે. ફરીફરી આવું કરવાથી એવા સંસ્કારો ઊભા થઈ જાય છે કે જેથી ભિક્ષાટનાદિ તે તે અનુષ્ઠાન વખતે સાધકે શાસ્ત્રવચનને યાદ કરવાનું હોતું નથી કે 'શાસ્ત્રવચનને મારે અનુસરવાનું છે' એવી ઈચ્છા કરવાની હોતી નથી. આવી કોઈપણ પ્રકારની ઈચ્છાથી

રહિતપણે તેવા સંસ્કારથી જ તે તે કાળે તે તે ક્રિયા શાસ્ત્રવચનાનુસાર થયા કરે છે. આમાં સાધક 'આ દોષિત છે, તેથી છોડી દઉં.' 'આ નિર્દોષ છે, માટે ગ્રહણ કરું' વગેરેરૂપ કશી જ ઈચ્છા (રાગ-અભિષ્વંગ) કરતો નથી, ગ્રહણ - ત્યાગાદિ સહજતાથી થયા કરે છે. માટે આ અસંગ અનુષ્ઠાન કહેવાય છે. આમાં, ભિક્ષાટનાદિ ક્રિયામાં ઉપયોગ લઈ જવાની કોઈ જ આવશ્યકતા ન હોવાથી ધ્યાન અખંડિત રહે છે. ને જેમ જમવા બેસેલો માણસ બીજા-ત્રીજા વિચારમાં મશગુલ હોય તો પણ રોજના સંસ્કારવશાત્ કોળિયો મુખમાં જ જાય છે, એમાં ગરબડ થતી નથી, એ રીતે આ સાધકને ભિક્ષાટનાદિમાં ઉપયોગ ન હોવા છતાં તે તે પ્રવૃત્તિ પૂર્વસંસ્કારવશાત્ વચનાનુસારે જ થયા કરે છે, એમાં ગરબડ થતી નથી.

આ અસંગઅનુષ્ઠાનને જુદા જુદા દર્શનકારો જુદા જુદા નામથી જણાવે છે. જેમકે બૌદ્ધો એને '**વિસભાગપરિક્ષય**' કહે છે. બૌદ્ધો ક્ષણભંગુરવાદી છે. તેથી ઘડો પ્રતિક્ષણ અલગ-અલગ હોય છે. છતાં બીજી-ત્રીજી વગેરે ક્ષણોનો ઘડો પ્રથમક્ષણીય ઘટને સદશ જ હોય છે. આ એક સરખી પરંપરાને તેઓ સભાગસંતતિ કહે છે. ધારો કે દસમી ક્ષણે ઘડો ફૂટીને કપાલ (ઠીકરું) બની ગયો તો કપાલ એ ઘટને સદશ ન હોવાથી વિસભાગસંતતિ કહેવાય છે. અગ્યારમી ક્ષણે પણ એ કપાલસ્વરૂપે જ હોવાથી પાછી સભાગસંતતિ કહેવાય છે. ટૂંકમાં સજાતીયસંતતિ એ સભાગસંતતિ, વિજાતીય સંતતિ એ વિસભાગસંતતિ. સંસારમાં રહેલો જીવ ક્રોધ-માન-માયા-લોભ-રતિ-અરતિ વગેરે વિજાતીય પરિણામોને પામ્યા કરે છે. આ વિસભાગસંતતિ છે. આવી જીવની વિસભાગસંતતિનો બધી રીતે ક્ષય એ વિસભાગપરિક્ષય કહેવાય છે. એ થઈ જાય તો પછી જીવની શુદ્ધજ્ઞાન ક્ષણોની એક સરખી પરંપરા ચાલે છે, માત્ર સભાગસંતતિ

ચાલે છે, અસંગભાવમાં રાગદ્વેષ નથી. માટે વિસદૃશપરિણામો રૂપે વિસભાગસંતતિનો પરિક્ષય થયો છે. એટલે અસંગ અનુષ્ઠાનને વિસભાગપરિક્ષય કહી શકાય છે.

શિવના અનુયાયી શૈવો **શિવવર્ત્મ** = મોક્ષનો માર્ગ જે કહે છે તે આ અસંગઅનુષ્ઠાન હોવું જ સમજાય છે. એમ મહાવ્રતિક લોકો ધ્રુવનો = મોક્ષનો અધ્વા = માર્ગ. એમ **ધ્રુવાધ્વા** જે કહે છે તે પણ આ અસંગ-અનુષ્ઠાન જ માનવું યોગ્ય છે, કારણ કે એ જ મોક્ષનો માર્ગ છે.

સાંખ્યદર્શનવાળા જેને **પ્રશાંતવહિતા** કહે છે તે આ અસંગઅનુષ્ઠાન હોવું જ સંભવે છે. બધા વિક્ષેપોનો પરિહાર કર્યો હોવાથી ચિત્તનો એક સરખો પ્રવાહ પરિણામ કે જેમાં બહિર્મુખતાનો વિલય (= નિરોધ) થયો છે ને અંતર્મુખતા પ્રાદુર્ભાવ પામેલી છે તે પ્રશાંતવહિતા છે. ચિત્ત ચંચળ છે. એટલે જુદા-જુદા અર્થોનું ગ્રહણ કર્યા કરે છે. આ વિક્ષેપ છે. એને છોડીને એક જ વિષયમાં સદૃશપરિણામવાળા બનવું એ એકાગ્રતા છે. વિક્ષેપનો ક્ષય અને એકાગ્રતાની પ્રાપ્તિ એ સમાધિ છે. પહેલાં એવી ભૂમિકા હોય છે કે વિક્ષેપનો અભિભવ માત્ર હોય છે ને પછી એવી ભૂમિકા આવે છે કે વિક્ષેપોનો ક્ષય થઈ ગયો હોય છે. હવે પછી વિક્ષેપ માથું ઊંચકી શકે એવી યોગ્યતા જ રહી હોતી નથી. આ બીજી ભૂમિકા એ સમાધિ છે. સાતમી દૃષ્ટિમાં રહેલો યોગી નિરોધ, સમાધિ અને એકાગ્રતા... આ ત્રણે કારણોદ્વારા પ્રશાંતવહિતાને સાધે છે. આ પ્રશાંતવહિતા એ જ અસંગઅનુષ્ઠાન છે, એ જ સત્પ્રવૃત્તિપદ છે. તેથી સાતમીદૃષ્ટિને સત્પ્રવૃત્તિપદાવહા કહી છે.

સાતમી પ્રભાદૃષ્ટિનું નિરૂપણ પુરું થયું. હવે આઠમી **પરાદૃષ્ટિને** વિચારીએ.

આઠમી પરાદૃષ્ટિમાં આઠમું સમાધિ નામનું યોગાંગ હોય છે, આઠમો આસંગદોષ રવાના થયો હોય છે અને આઠમો તત્ત્વપ્રવૃત્તિ ગુણ વિકાસ પામેલો હોય છે. આ તત્ત્વપ્રવૃત્તિ ચંદનગંધન્યાયે આત્મસાત્ થયેલી હોય છે. અર્થાત્ ચંદને ગંધ ફેલાવવા માટે જેમ 'હું ગંધ ફેલાવું' એવો કોઈ વિકલ્પ કરવાનો હોતો નથી, એમ આ યોગીએ ભિક્ષાટનાદિ ક્રિયા માટે એવા કોઈ સંકલ્પ વિકલ્પ કરવાના હોતા નથી. સહજ રીતે અવસરોચિત ક્રિયા થયા કરે છે. તેથી આ યોગીનું મન નિર્વિકલ્પ હોય છે.

જે ધ્યાનમાં ધ્યાનાકાર = જ્ઞાનાકાર (= જ્ઞાનનું સ્વરૂપ) પણ ગૌણ થઈ ગયો છે ને માત્ર ધ્યેયનો નિર્ભાસ = બોધ ઝળહળ્યા કરતો હોય છે. એવું ધ્યાન એ સમાધિ છે. અર્થાત્ જ્ઞાનાકાર કે ધ્યાનાકાર રૂપે ન રહેતાં માત્ર ધ્યેયાકારરૂપે ઉપયોગ સ્ફુરતો હોય છે.

આ દૃષ્ટિમાં રહેલા યોગીને અતિચાર લાગતાં નથી, કારણ કે જે અતિચાર લગાડી શકે એવા સંજ્વલનકષાયોનો ઉદય હોતો નથી. તેમ જ પ્રમાદ પણ હોતો નથી. આ નિરતિચારતા છે. તેથી જેમ જમેલા માણસને ભોજનક્રિયા જરૂરી હોતી નથી. એમ આ દૃષ્ટિમાં પ્રતિક્રમણાદિ આચારો આવશ્યક હોતા નથી. માટે આ દૃષ્ટિમાં સાધક નિરાચારપદ હોય છે. જ્ઞાનાવરણીયાદિ કર્મો ખપાવવા માટે જ્ઞાનાચારાદિ હોય. આ દૃષ્ટિમાં યોગના પ્રભાવે જ એ કર્મો લગભગ ખપી ગયા હોવાથી જ્ઞાનાચારપાલનાદિની ઇચ્છા રહી હોતી નથી.

**પ્રશ્ન :** જો જ્ઞાનાચારાદિ આચાર નથી તો ભિક્ષાટનાદિ આચાર આ પરાદૃષ્ટિમાં કેમ હોય છે ?

**ઉત્તર :** સાંપરાયિક કર્મોનો ક્ષય થઈ ગયો છે. તેથી એના ઉદ્દેશથી પળાતા આચારો હવે હોતા નથી. પણ ભવોપગ્રાહી કર્મોનો

ક્ષય તો હજુ કરવાનો બાકી છે, તેથી એના કારણ તરીકે ભિક્ષાટનાદિ આચારો હોય છે. અહીં એ સમજવું જરૂરી છે કે પહેલાં જે ભિક્ષાટનાદિ આચાર હતા તે સાંપરાયિકકર્મક્ષય કરનારા હતા, હવે જે ભિક્ષાટનાદિ છે તે ભવોપગ્રાહી કર્મોનો ક્ષય કરનાર છે.

**પ્રશ્ન :** કાર્યભેદે કારણભેદ હોય છે. એટલે પરાદૃષ્ટિ પામ્યા પૂર્વેનું ભિક્ષાટનાદિ અને પછીનું ભિક્ષાટનાદિ... આ બંનેનું ફળ (કાર્ય)જો અલગ અલગ છે તો એ બંને ભિક્ષાટનાદિ પણ અલગ માનવા પડે. પણ એ બંને તો એકસરખા દેખાય છે. તો શું બંને અલગ અલગ નથી ?

ઉત્તર : બંને અલગ જ છે. એક રત્નની પરીક્ષા શીખનારો શિખાઉ છે. બીજો રત્નપરીક્ષક છે. બંને બારીકાઈથી રત્નને જોતા હોય ત્યારે જોવાની ક્રિયા એક સરખી દેખાતી હોવા છતાં એમાં ફરક હોય જ છે. આવું જ ભિક્ષાટનાદિ અંગે જાણવું. વળી રત્નપરીક્ષક-રત્નવેત્તા રત્નનો વેપારી શુદ્ધ દૃષ્ટિથી રત્નની પરીક્ષા કરીને પછી વેપાર કરવા દ્વારા કૃતકૃત્ય થાય છે. એમ પરાદૃષ્ટિમાં રહેલા મહામુનિ દ્વિતીય અપૂર્વકરણમાં ધર્મસંન્યાસનો વિનિયોગ કરવા દ્વારા કૃતકૃત્ય થાય છે. જેના પ્રભાવે સર્વલબ્ધિઓના ફળથી યુક્ત એવી કેવલલક્ષ્મી પ્રાપ્ત થાય છે. શ્રેષ્ઠ પરાર્થનું સંપાદન થાય છે. આશય એ છે કે આ દૃષ્ટિમાં રહેલા સાધકને કોઈ જ ઉત્સુકતા રહી હોતી નથી. એટલે *'જે જન અભિલષે રે તે તો તેહથી નાસે... તૃણસમ જે ગણે રે તેહની નિત્ય રહે પાસે...'* ન્યાયે બધી લબ્ધિઓનું ફળ સ્વયં પ્રાપ્ત થયું હોય છે. તથા ધર્મસંન્યાસ થવાથી કેવલલક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. આમ સર્વલબ્ધિફળયુક્ત કેવલલક્ષ્મીને સાધક વરે છે. પછી ભવ્ય જીવોને તેમની ભૂમિકા મુજબ સમ્યક્ત્વાદિ પરાર્થનું સંપાદન કરીને અંતે યોગપર્યંતને મેળવે છે.

યોગપર્યંત એટલે સર્વયોગોમાં અંતિમ અને મુખ્ય એવો શૈલેશી અવસ્થાસ્વરૂપ અયોગયોગ... આ અયોગ યોગથી જીવ ભવોપગ્રાહીકર્મોનો સર્વથા ક્ષય કરી લોકાન્તે પરમાનંદના મંદિર સમાન મોક્ષમાં જાય છે.

આમ પરાદષ્ટિની વિચારણા પૂર્ણ થઈ. એ સાથે સદ્દષ્ટિઓની વિચારણા પૂરી થવાથી હવે આગામી લેખથી પચ્ચીશમી ક્લેશહાનોપાય બત્રીશીની વિચારણા શરૂ કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૪૦

ગયા લેખમાં ચોવીશમી બત્રીશીની વિચારણા પૂરી થયેલી. એ બત્રીશીમાં સ્થિરા વગેરે ચાર સદ્દષ્ટિઓનું સ્વરૂપ જોયું. આ દષ્ટિઓ કર્મરૂપી ક્લેશનો નાશ કરવાના ઉપાયરૂપ છે. તે પણ એટલા માટે કે આ દષ્ટિઓ જ્ઞાન-ક્રિયા ઉભયમય છે. એટલે કે આ સદ્દષ્ટિઓ જે સમ્યગ્જ્ઞાનમય છે અને સદનુષ્ઠાનમય છે, માટે કર્મરૂપી ક્લેશનો નાશ કરવાના ઉપાયભૂત છે. અર્થાત્ આ દષ્ટિઓ બીજા કોઈ સ્વરૂપવાળી હોવાથી કર્મરૂપી ક્લેશનો હાન = નાશ કરવાના ઉપાયભૂત બને છે એવું નથી. આ જૈનમત છે. બૌદ્ધ વગેરે અન્યદર્શનકારો ક્લેશહાનોપાય તરીકે નૈરાત્મ્યદર્શન વગેરે માને છે. એટલે આ બત્રીશીમાં ક્લેશહાનોપાયની વિચારણા કરવામાં આવશે.

જૈન શાસ્ત્રકારો કહે છે કે જ્ઞાન અને ક્રિયાનો સંયોગ થાય તો ફળની સિદ્ધિ થાય છે. માત્ર જ્ઞાનથી પણ ફળની પ્રાપ્તિ થતી નથી અને માત્ર ક્રિયાથી પણ ફળની પ્રાપ્તિ થતી નથી. પણ બે

ભેગા થઈને ફળની પ્રાપ્તિ કરાવે છે. આશય એ છે કે જંગલમાં આગ લાગી હોય ત્યારે એકલો લંગડો પાર પામી શકતો નથી, કારણ કે એની પાસે ભાગવાની ક્રિયા નથી. એકલો આંધળો પણ જંગલનો પાર પામી શકતો નથી, કારણ કે એની પાસે માર્ગની જાણકારી નથી. પણ જો બન્ને ભેગા થાય તો લંગડાનું માર્ગદર્શન ને આંધળાની ગમનક્રિયા ભેગા થવાથી બંને સલામત રીતે જંગલનો પાર પામી શકે છે. એ જ રીતે પ્રસ્તુતમાં સંસાર અટવીમાંથી જ્ઞાન અને ક્રિયા ભેગા થઈને જીવને ઉગારે છે.

જૈનમત દર્શાવ્યો. હવે સર્વથા તર્કવાદી બૌદ્ધોનો મત દર્શાવે છે - બૌદ્ધો એમ કહે છે કે નૈરાત્મ્યદર્શનથી કર્મરૂપી ક્લેશના કારણ દૂર થવાથી ક્લેશની હાનિ થાય છે.

**પ્રશ્ન :** નૈરાત્મ્યદર્શન એટલે શું ?

**ઉત્તર :** આત્મા છે જ નહીં. આત્માનો અભાવ છે. આવું દર્શન કરવું... સંવેદન કરવું એ નૈરાત્મ્યદર્શન છે.

**પ્રશ્ન :** આ નૈરાત્મ્યદર્શનથી કર્મક્લેશના કારણ શી રીતે દૂર થાય ?

**ઉત્તર :** તૃષ્ણા = લોભ = મૂર્ચ્છા = મમતા = 'હું' અને 'મારાં'પણાંની બુદ્ધિ... આ તૃષ્ણા એ પુનર્જન્મનું = કર્મક્લેશનું કારણ છે. એટલે કે આ 'હું' પણાંની બુદ્ધિ હોય તો 'મારાં'પણાની બુદ્ધિરૂપ તૃષ્ણા અવશ્ય આવે જ છે જે કર્મક્લેશનું કારણ છે, જે પુનર્જન્મનું કારણ છે. 'આત્મા છે જ નહીં' આવી પ્રતીતિ થઈ... એટલે કે હવે 'હું' તરીકે કોઈ રહ્યું જ નહીં. 'હું' પણાની બુદ્ધિ જ ખસી ગઈ. તો 'મારું' શું રહે ? 'મારાં' પણાની બુદ્ધિ શામાં રહે ? એટલે નથી 'હું', નથી 'મારું'... પછી, જેમ સજ્જનને પાડોશીના

પૈસા પર મમતા હોતી નથી, ને તેથી એ પૈસો કર્મબંધ કરાવતો નથી, એમ દુન્યવી દૃષ્ટિએ જે પૈસો પોતાનો કહેવાય, એના પર પણ હવે મમતા ન રહેવાથી એ પણ કર્મક્લેશનું કારણ રહેતો નથી.

આત્મદર્શન... કો'ક ચીજમાં 'આ આત્મા છે' 'આ હું છું' આવી પ્રતીતિ થાય, તો પછી જીવ એના સુખ માટે ધન, પત્ની, પરિવાર બધાની પાછળ દોડે... બધાની મમતા કરે ને કર્મ બાંધે આ સ્પષ્ટ છે. વળી આ ધન વગેરે કે સ્વજન વગેરે પર જેટલો મોહ હોય એના કરતાં પણ પોતાની જાત પર જ અત્યંત પ્રબળ મોહ હોય છે. કારણ કે છેવટે ધન વગેરે બધું જ પોતાની જાત માટે જ હોય છે. એટલે જ પોતાની જાત માટે એ પત્ની વગેરે બીજા કોઈના પણ સુખને ધક્કો મારતા અચકાતો નથી. જેમ દીકરા પર પ્રેમ હોવાથી જીવ એના સુખ માટે દોડધામ કર્યા કરતો હોય છે તો પોતાની જાત પર તો સર્વાધિક પ્રેમ છે. એટલે એના સુખ માટે તો એ શું ન કરે ? જે જે દ્વારા સુખ મળવાની કલ્પના આવે એ બધામાં રાગપૂર્વક એ પ્રવૃત્ત થયા જ કરે છે. માટે આત્મદર્શન વૈરાગ્યનું વિરોધી છે. પણ નૈરાત્મ્યદર્શન કરનારને તો કશામાં પોતાનાપણાંની બુદ્ધિ જ રહેતી નથી. એને 'હું' જેવું કશું રહેતું જ નથી. તેથી એ કોઈના પણ સુખ માટે કોઈ પ્રવૃત્તિ કરતો નથી. આમ નૈરાત્મ્યદર્શન વૈરાગ્યનું કારણ બને છે. ને તેથી મોક્ષનું કારણ બને છે. તે એટલા માટે કે પુનર્જન્મના કારણભૂત તૃષ્ણા દૂર થઈ જવાથી પુનર્જન્મ અટકી જાય છે.

'હું' - 'હું'... આવી બુદ્ધિ જે થાય છે તે માત્ર ભ્રમણા છે. વાસ્તવિક 'હું' કશું છે જ નહીં. આ નૈરાત્મ્યદર્શન સર્વયોગોમાં અગ્રેસર હોવાથી સમાધિરાજ છે. અર્થાત્ જુદા જુદા પ્રકારની સમાધિઓમાં એ રાજા સમાન છે. બૌદ્ધમતે આત્માનું અસ્તિત્વ એ અતત્ત્વ છે. આત્માનો અભાવ એ તત્ત્વ છે, પરમાર્થ છે. તેથી

નૈરાત્મ્યદર્શન એ પરમાર્થદર્શનરૂપ છે. અમૃત વિષજન્યમૂર્ચ્છાને દૂર કરનાર હોવાથી 'અમૃત' કહેવાય છે, એમ આ નૈરાત્મ્યદર્શન તૃષ્ણા-મૂર્ચ્છાને દૂર કરનાર હોવાથી ભાવઅમૃત છે.

બૌદ્ધોએ આ નૈરાત્મ્યદર્શન બે રીતે માન્યું છે. (૧) 'આત્મા છે જ નહીં' એમ અભાવરૂપે... અને (૨) 'આત્મા ક્ષણિક છે... એક ક્ષણ માત્ર રહેનાર આત્મા ન હોવા બરાબર જ છે. માટે નૈરાત્મ્ય છે...' આમ ક્ષણિકત્વરૂપે...

આ બંને વિકલ્પમાં વાસ્તવિક રીતે નૈરાત્મ્ય ઘટતું ન હોવાથી બંને વિકલ્પો અસંગત છે એમ ગ્રંથકારનું કહેવું છે. તે આ રીતે -

(૧) પ્રથમ વિકલ્પ... જો વંધ્યાપુત્ર જેવી વસ્તુ જ નથી તો એ રૂપાળો છે કે કદરૂપો ? વગેરે એના ધર્મો વિચારવાના હોતા નથી. એમ જો 'આત્મા' નામે ધર્મી જ નથી, તો એના સદનુષ્ઠાન-મોક્ષ વગેરે ધર્મોનો વિચાર જ અસ્થાને કહેવાય, પણ તમારા ગ્રંથોમાં પણ આ વિચારણા કરેલી જ છે. એનો અર્થ જ કે સદનુષ્ઠાનાત્મક સાધના કરનાર અને એનું મુક્તિરૂપ ફળ મેળવનાર આત્મા તમે માનો જ છો. પછી નૈરાત્મ્ય શી રીતે ? વળી જોનાર-બોલનાર-સાંભળનાર... આ બધું આત્મા વિના શી રીતે સંભવે ? એટલે નૈરાત્મ્યનું દર્શન કરનાર, પ્રતિપાદન કરનાર અને એ પ્રતિપાદન સાંભળનાર તરીકે પણ આત્મા માનવો જ પડે છે.

બૌદ્ધોમાં એક યોગાચાર મત એવો છે કે જેમ સ્વપ્નમાં જોયેલા રાજ્યાદિ માત્ર દેખાય છે, જ્ઞાનરૂપે હોય છે, વાસ્તવિક હોતા નથી, એમ આત્મા-ઘટ-પટ વગેરે જે કાંઈ ભાસે છે એ માત્ર જ્ઞાનરૂપે છે, અન્ય કોઈ પદાર્થ નથી. માટે આત્માનો અભાવ હોવાથી નૈરાત્મ્યદર્શન સંગત છે.

ગ્રંથકાર કહે છે કે - જો કુમારીનો પુત્ર છે જ નહીં તો એનું જ્ઞાન પણ થઈ શકતું નથી, એમ જો મૂળમાં આત્મા જ ન હોય તો એનું જ્ઞાન પણ થઈ શકે નહીં.

**શંકા** – કોઈકના પુત્રને તો કુમારી સ્ત્રી ભ્રમથી પોતાનો પુત્ર માની શકે ને !

**સમાધાન** – ત્યાં આ પુત્ર અને કુમારી એ બંને વાસ્તવિક છે. એટલે એ બેનો આરોપિત સંબંધ સંભવે છે. પ્રસ્તુતમાં મૂળમાં આત્મા જ જો નથી તો એનો પ્રતિપાદક વગેરે કહેવું અસંગત જ રહે છે.

(૨) બીજો વિકલ્પ : આત્માને ક્ષણિક જોવાનો બીજો વિકલ્પ પણ અસંગત છે, કારણ કે આત્મા જો બીજી ક્ષણે છે જ નહીં, તો સદનુષ્ઠાનાત્મિકા સાધના કોણ કરશે ? એમાં ફળ તરીકે મુક્તિ કોની થશે ? વગેરે પ્રશ્નો ઊભા થાય છે.

**બૌદ્ધ** : દરેક પદાર્થ પ્રથમ ક્ષણમાં તો રહેલો જ હોય છે. એટલે કે પ્રથમક્ષણવૃત્તિત્વ સ્વભાવ તો દરેકમાં હોય છે. હવે જો એ જ પદાર્થ દ્વિતીયક્ષણે પણ રહેતો હોય તો એમાં દ્વિતીયક્ષણવૃત્તિત્વ સ્વભાવ પણ માનવો પડશે. પણ, પ્રથમક્ષણવૃત્તિત્વ અને દ્વિતીયક્ષણવૃત્તિત્વ પરસ્પર વિરુદ્ધ છે, માટે એક જ વસ્તુમાં રહી ન શકે. તેથી કોઈ પદાર્થ દ્વિતીયક્ષણવૃત્તિ ન હોવાથી દરેક પદાર્થ ક્ષણિક હોય છે.

**ગ્રંથકાર** : પૂર્વ-પૂર્વક્ષણ નાશ પામે છે ને ઉત્તરોત્તર ક્ષણ ઉત્પન્ન થાય છે. આ વાત તમે ક્ષણિકત્વ કહેવા દ્વારા કહો છો. હવે અમે તમને પૂછીએ છીએ કે પૂર્વક્ષણમાં સ્વનાશકત્વસ્વભાવ છે ? કે ઉત્તરક્ષણોત્પાદકત્વસ્વભાવ છે ? કે તદુભયૈકસ્વભાવ છે ?

**બૌદ્ધ :** સ્વનાશકત્વસ્વભાવ છે.

**ગ્રંથકાર :** તો પછી મનુષ્યક્ષણનો નાશ થયા પછી ઉત્તર દેવક્ષણ ઉત્પન્ન જ નહીં થવાથી ભવપરંપરા ત્યાં જ વિચ્છેદ પામી જશે.

**બૌદ્ધ :** તો પછી ઉત્તરક્ષણોત્પાદકત્વ સ્વભાવ માનશું.

**ગ્રંથકાર :** તો મનુષ્યભવ ને દેવભવ એકસાથે માનવાની આપત્તિ આવશે. કારણ કે દેવક્ષણ ઉત્પન્ન થઈ ગઈ છે ને મનુષ્યક્ષણ નાશ પામી નથી.

**બૌદ્ધ :** બંને સ્વભાવ માની લઈએ તો ?

**ગ્રંથકાર :** નાશકત્વ અને ઉત્પાદકત્વ... આ બે પરસ્પર વિરુદ્ધ હોવા છતાં જો એક પદાર્થમાં રહી શકે છે તો પ્રથમક્ષણવૃત્તિત્વ અને દ્વિતીયક્ષણવૃત્તિત્વ... આ બે પણ એક પદાર્થમાં રહેવામાં કોઈ જ વાંધો ન હોવાથી વસ્તુને ક્ષણિક માનવી જરૂરી નથી.

વળી પ્રત્યભિજ્ઞા વગેરેની સંગતિ માટે પણ એકાંતક્ષણિકત્વનું અન્યત્ર ગ્રંથોમાં ખંડન કરેલ જ છે. આશય એ છે કે - 'આ એ જ આદીશ્વર ભગવાન છે' (જે મેં પૂર્વે જોયેલા છે) આવું જ્ઞાન એ પ્રત્યભિજ્ઞા છે. પૂર્વે દર્શન કરનાર અને અત્યારે સંકલન કરનાર એક જ આત્મા હોય તો જ આ જ્ઞાન નિરુપચરિત રીતે સંગત થાય એ સ્પષ્ટ છે. એટલે પૂર્વોત્તરકાળભાવી એક આત્મા માનવો જરૂરી બનવાથી ક્ષણિકત્વનું ખંડન થાય છે.

એ જ રીતે જે ક્રિયા કરે એ જ ફળ ભોગવે... આ ન્યાય છે. એ પણ ક્રિયાકાળભાવી અને ફળભોગકાળભાવી એક આત્મા હોય તો જ નિરુપચરિતપણે સંગત ઠરે છે એ પણ સ્પષ્ટ છે. માટે

એકાંત ક્ષણિકવાદ અયોગ્ય છે ને તેથી 'આત્મા સાવ ક્ષણિક હોવાથી ન હોવા બરાબર છે' આ પાયા પર કહેવાયેલું નૈરાત્મ્યદર્શન પણ અયોગ્ય છે એ જાણવું.

**શંકા** – નૈરાત્મ્યદર્શનના બદલે આત્મદર્શન કરવામાં આવશે તો આત્મા પ્રત્યે રાગ = મમતા = સ્નેહ થશે.

**સમાધાન** – પોતાની જાત પરનો આ સ્નેહ આત્મદર્શનહેતુક હોતો નથી, કારણ કે નાસ્તિકોને પણ એ હોય છે. પરંતુ એ મોહનીયકર્મના ઉદયના કારણે હોય છે. તેથી આ સ્નેહ હોવામાં આત્મદર્શનનો કોઈ અપરાધ નથી. કોઈ ભાગ નથી. રાગાદિ સંક્લેશ કે જેને બૌદ્ધદર્શનમાં ઉપપ્લવ કહેવાય છે એ જ્ઞાનને વિકૃત કરે છે. આવા ઉપપ્લવ વિના નિત્યઆત્માને જોવામાં આવે તો કોઈ મમતા-સ્નેહ થતા નથી. એટલે 'ક્ષણિક આત્મદર્શન = નૈરાત્મ્યદર્શન વૈરાગ્ય કરાવનાર છે' વગેરે વાતો તુચ્છ છે.

ક્લેશહાનોપાય અંગે બૌદ્ધદર્શનની વાત જોઈ. હવે પાતંજલ યોગદર્શનની વાત જોઈએ. પાતંજલયોગમત આવું માને છે કે - બુદ્ધિ અનાદિકાળથી રજોગુણ અને તમોગુણથી પરાભવ પામેલી હોવાથી બહિર્મુખ હોવાના કારણે चेतनाऽहं कर्त्री... એ રીતે ચેતનત્વ = જ્ઞાતૃત્વ અને કર્તૃત્વના અભિમાનવાળી છે. આમાં ચેતન તો પુરુષ છે. બુદ્ધિ નથી. એટલે બુદ્ધિ પોતાને ચેતન માની લે એ એનો અજ્ઞાનરૂપ ભ્રમ છે. આ અવિદ્યા છે. એટલે જ नाहं चेतना 'હું ચેતના નથી' આવી ભાવના એ પ્રતિપક્ષ ભાવના છે. જે પ્રસંખ્યાન કહેવાય છે. આ પ્રતિપક્ષ ભાવના જ્યારે બળવાન થાય છે ત્યારે અનાદિકાલીન આ અવિદ્યા-અજ્ઞાન રવાના થાય છે અને તેથી બુદ્ધિમાંથી જ્ઞાતૃત્વનું અભિમાન દૂર થાય છે. વળી સત્ત્વગુણ બળવાન બનવાથી રજોગુણ અને તમોગુણથી બુદ્ધિનો પરાભવ થતો અટકી જાય છે. રજોમલ-

તમોમલ દૂર થવાથી બુદ્ધિ નિર્મળ થાય છે. આ નિર્મળ બુદ્ધિ અંતર્મુખ બને છે. એટલે કે અત્યાર સુધી ઘટ-પટાદિ બાહ્યજગતને સન્મુખ હતી. હવે પુરુષને સન્મુખ થાય છે અને તેથી પુરુષનું પ્રતિબિંબ બુદ્ધિમાં પડે છે. આ ચિત્છાયાસંક્રાંતિ છે, આ વિવેકખ્યાતિ છે. પ્રારંભકાળમાં એ પરોક્ષ હોવાથી નિર્બળ હોય છે. એટલે વચ્ચે વચ્ચે અટક્યા કરે છે. આ અટકવું એ ઉપપ્લવ છે. તેથી પ્રારંભકાળે વિવેકખ્યાતિ ઉપપ્લવવાળી હોય છે ને માટે એ ક્લેશોનો ઉચ્છેદ કરી શકતી નથી.

પણ દીર્ઘકાળ સુધી આદરપૂર્વક નિરંતરપણે ધ્યાનસમાધિનો અભ્યાસ કરવાથી થતી વિવેકખ્યાતિ પ્રત્યક્ષરૂપ હોવાના કારણે બળવાન હોય છે. એટલે એ વચ્ચે-વચ્ચે વિચ્છેદ પામતી નથી. અર્થાત્ એ અનુપપ્લવા હોય છે. આવી અનુપપ્લવા વિવેકખ્યાતિ સાક્ષાત્કારરૂપ હોવાથી એનાથી અવિદ્યા = અજ્ઞાન = મિથ્યાજ્ઞાન નિર્મૂળ થઈ જાય છે, એના સંસ્કાર પણ નષ્ટ થઈ જાય છે. અવિદ્યા એ ક્લેશ છે. એટલે આમ અનુપપ્લવા વિવેકખ્યાતિ ક્લેશહાનનો ઉપાય છે.

આ વિવેકખ્યાતિ પ્રાન્તભૂપ્રજ્ઞાસ્વરૂપ છે. એટલે કે બધી જ સાલંબન સમાધિની ચરમ ભૂમિકાએ ઉત્પન્ન થનારી બુદ્ધિરૂપ છે. આ બુદ્ધિ ચાર પ્રકારની કાર્યવિમુક્તિ રૂપ અને ત્રણ પ્રકારની ચિત્તવિમુક્તિરૂપ હોવાથી વિવેકખ્યાતિ સાત પ્રકારે છે. જિજ્ઞાસુએ આ સાત પ્રકારના વિશેષ ભાવાનુવાદમાંથી જોઈ લેવા.

વિવેકખ્યાતિ અવિદ્યા વગેરે ક્લેશોના હાનનો = ઉચ્છેદનો ઉપાય છે. એમાં અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ... આ પાંચ ક્લેશો છે. ઘટાદિ ઘરવખરીની ચીજોથી માંડીને લક્ષ્મી... આ બધું અનિત્ય છે એને નિત્ય માનવું. શરીર અશુચિ છે એને શુચિ

માનવું. વિષયો દુઃખરૂપ છે એને સુખરૂપ માનવા અને અનાત્મામાં આત્માની બુદ્ધિ કરવી. આ બધું **અવિદ્યા** છે. પુરુષ અને સત્ત્વપ્રધાન અંતઃકરણની (બુદ્ધિતત્ત્વની) એકતા માનવી એ **અસ્મિતા** છે. વિષયસુખને અનુભવનારને એ સુખનું ફરી ફરી સ્મરણ થાય, એ મેળવવાની તૃષ્ણા જાગે. એના ઉપાયભૂત વિષયોની તૃષ્ણા જાગે... આ બધું **રાગ** છે. દુઃખ ભોગવ્યા પછી એની યાદ પૂર્વક એના કારણભૂત અનિષ્ટ વિષયોમાં અણગમો-નિંદન અનુભવાય તે **દ્વેષ** છે. શરીરના વિયોગરૂપ મૃત્યુમાં જીવે અકથ્યવેદના ભોગવી હોય છે. એટલે એ વેદના ન વેઠવી પડે એ માટે 'શરીરનો વિયોગ ન થાઓ' 'મારું મૃત્યુ ન થાઓ' એવો અભિલાષ 'હું શરીર કરતાં જુદો છું' એવું જાણનાર પંડિતને પણ રહ્યા જ કરતો હોય છે. ને તેથી 'ક્યાંક મારું મોત ન થઈ જાય' એવો ભય હંમેશા અનુભવાયા કરતો હોય છે. આ ભય એ **'અભિનિવેશ'** છે. 'આ ભય મારે લગાડવો હશે તો લગાડીશ... ન લગાડવો હોય તો નહીં લગાડીશ' આ રીતે ઈચ્છાને આધીન હોતો નથી. પણ સહજ રીતે નિરંતર પ્રવર્તમાન હોય છે.

આ પાંચ ક્લેશોમાંનો પ્રથમ અવિદ્યાક્લેશ પ્રસુપ્ત વગેરે ચાર ભૂમિકાવાળા ક્લેશોનો આધાર છે. વિવેકખ્યાતિ અવિદ્યાનો ઉચ્છેદ કરે છે. એટલે પ્રસુપ્ત વગેરે પણ નામશેષ થાય છે. પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર... આમ ક્લેશોની ચાર ભૂમિકા છે. એમાં ચિત્તભૂમિમાં રમતાં હોવા છતાં ઉદ્બોધક મળ્યો ન હોવાના કારણે જે સૂતેલા રહે છે, સ્વકાર્ય કરતા નથી, તે **પ્રસુપ્ત** છે. જેમકે બાલ્યવયમાં વાસનાના વિકારો...

વિષયો ક્ષણભંગુર છે... વિષયો વિપાકદારૂણ છે... આવો વિરોધી પરિણામ એ પ્રતિપક્ષ છે. એની ફરી ફરી ભાવના કરવાથી

જેની શક્તિ શિથિલ થઈ ગઈ છે એવા ક્લેશો એ **'તનુ'** છે. જેમકે યોગાભ્યાસુ જીવના ક્લેશો... સામાન્ય ઉદ્‌બોધક નહીં, પણ અતિબળવાન્ સામગ્રી મળે તો જ આ ક્લેશો સ્વકાર્ય કરી શકે છે.

અત્યંત બળવાન્ અન્ય ક્લેશ વડે જેની શક્તિ અભિભૂત થઈ ગઈ છે એવા ક્લેશો એ **વિચ્છિન્ન** છે. જેમકે દ્વેષના ઉદયકાળે રાગ.

બધા જ સહકારીઓનું સાંનિધ્ય પામેલા હોવાથી સ્વકાર્યને કરી રહેલા ક્લેશો **ઉદાર** છે. જેમકે વ્યુત્થાનદશામાં રહેલા ક્લેશો.

અવિદ્યા વગેરે ક્લેશોથી કર્માશય થાય છે (કર્મબંધ થાય છે) જે દૃષ્ટજન્મમાં અને અદૃષ્ટજન્મમાં જન્મ-આયુષ્ય-ભોગફલક હોય છે. આ કર્મફળ દુઃખરૂપે અને સુખરૂપે અનુભવાતું હોવાથી બે પ્રકારે હોય છે. પરમાર્થથી તો પરિણામ, તાપ, દ્વેષ અને ગુણવૃત્તિવિરોધના કારણે બન્ને પ્રકાર દુઃખરૂપ જ છે. તે આ રીતે -

**પરિણામથી** - ભોગસુખને ભોગવવાથી ઉત્તરોત્તર ભોગસુખની ગૃદ્ધિ = આસક્તિ વધતી જાય છે જે નવા નવા ભોગસુખ મેળવવાની ભૂતાવળ જગાડે છે. નવા નવા ભોગસાધનો મેળવવાની લ્હાયમાં સ્હેલા જીવ માટે બે વિકલ્પો રહે છે. પુણ્યનો સાથ ન હોય તો એ ભોગસાધનો ન મળવાથી - ભોગસુખ ન મળવાનું દુઃખ ઊભું થાય છે. ઘણી તાલાવેલી ને સખત મહેનત હોવા છતાં આ દુઃખને નિવારી ન શકવાનો **પરિણામ**... અને જો પુણ્યનો સાથ હોય તો ભોગસાધનો મળે છે. જીવ વધારે પાગલ થઈ ભોગસુખ ભોગવવા લાગે છે જે ચીકણાં પાપ બંધાવી ભવિષ્યના લાખો કરોડો ગણા પ્રચંડ દુઃખને નોંતરે છે. આ દુઃખાન્તરજનન સ્વરૂપ બીજો પરિણામ. આ બે પરિણામના કારણે સુખજનક કર્મવિપાક પણ વસ્તુતઃ દુઃખમય છે.

ભોગસુખ પરમાર્થથી દુઃખરૂપ છે એના પરિણામ વગેરે ચાર કારણોમાંથી પ્રથમ પરિણામ કારણ વિચાર્યું. હવે બાકીના ત્રણ કારણો વગેરે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૪૧

પરિણામ, તાપ વગેરે ચાર કારણોથી ભોગસુખ પણ પરમાર્થથી દુઃખરૂપ જ છે એ વાત ગયા લેખમાં છેલ્લે જોયેલી. એમાંથી પરિણામથી કેમ દુઃખરૂપ છે એ ગયા લેખમાં જોયેલું. હવે આ લેખમાં પ્રારંભે, તાપ વગેરેથી એ કેમ દુઃખરૂપ છે એ વિચારવાનું છે.

(૨) **તાપથી (દ્વેષથી) :** સુખના સાધનો ભોગવાઈ રહ્યા હોય... ને એ વખતે સુખાનુભવ થઈ રહ્યો હોય ત્યારે પણ આ ભોગસાધનોના વિરોધી કે અડચણરૂપ બનનાર જીવો પ્રત્યે મનમાં હંમેશા દ્વેષ રમ્યા કરતો હોય છે. આ દ્વેષ પરિણામના કારણે પણ આ ભોગસુખ વસ્તુતઃ દુઃખમય છે.

(૩) **સંસ્કારથી :** ઇચ્છિત વિષયભોગકાળે સુખનું સંવેદન થાય છે અને અનિચ્છિત વિષયના સંપર્કકાળે દુઃખનું સંવેદન થાય છે. આ સંવેદનો ચિત્તમાં સુખસંસ્કારઆશય અને દુઃખસંસ્કારઆશય ઊભા કરે છે. આ આશયો ફરી ઇષ્ટ-અનિષ્ટ વિષય સંપર્ક કાળે સુખ-દુઃખનો અનુભવ કરાવશે. જે નવા સંસ્કારઆશય પેદા કરશે. આમ સંસ્કાર-અનુભવની પરંપરા ચાલ્યા જ કરે છે ને તેથી સંસ્કારોનો ઉચ્છેદ થવાની તો કોઈ જ શક્યતા રહેતી નથી. આ સંસ્કાર અનુચ્છેદરૂપ સંસ્કારથી કર્મવિપાક દુઃખમય છે.

(૪) **ગુણવૃત્તિવિરોધથી :** સત્ત્વ, રજસ્ અને તમસ્... આ ત્રણ ગુણો છે. અને એ ત્રણ ગુણોની ક્રમશઃ સુખરૂપ, દુઃખરૂપ અને મોહરૂપ વૃત્તિઓ છે. ચિત્તમાં આ બધી વૃત્તિઓ રમતી હોય છે. એમાં જે બળવાન હોય છે તે અભિભાવક બની શેષ બેને અભિભાવ્ય બનાવી અભિભૂત કરી દે છે. આમ અભિભાવ્ય-અભિભાવકરૂપે આ વૃત્તિઓ પરસ્પર વિરુદ્ધ છે. પુણ્યવિપાકકાળે સુખાનુભવ હોય છે. અર્થાત્ સત્ત્વની વૃત્તિ વ્યક્ત હોય છે. શેષ બે અવ્યક્ત હોય છે. એટલે કે સત્ત્વગુણવૃત્તિ અભિભાવક છે, શેષ બે ગુણની વૃત્તિઓ અભિભાવ્ય હોય છે. એનો અર્થ છે કે એ વખતે પણ ભલે અવ્યક્તરૂપે, દુઃખ અને મોહ હાજર તો હોય જ છે. એટલે કે કોઈપણ સુખનો અનુભવ, દુઃખ અને મોહથી અનુવિદ્ધ જ હોય છે. માટે એ પરમાર્થથી દુઃખરૂપ જ છે.

આ રીતે સુખમય સંસાર પણ પરિણામાદિ ચાર કારણોએ કરીને પરમાર્થથી દુઃખમય હોવાથી આખો સંસાર-ભવવિપ્લવ દુઃખમય છે. પુરુષ અને બુદ્ધિ તત્ત્વ બંને વચ્ચે અત્યંત ભેદ છે. આ ભેદનું જ્ઞાન એ વિવેકખ્યાતિ છે. આ ભેદનું અજ્ઞાન એ વિવેકઅખ્યાતિ છે. આ વિવેકઅખ્યાતિ સહિતનો પુરુષ + બુદ્ધિતત્ત્વનો સંયોગ એ ભવવિપ્લવનું કારણ છે. વળી આખો ભવવિપ્લવ અવિદ્યાથી નિર્મિત છે. એટલે અવિદ્યાના નાશથી ભવવિપ્લવનો નાશ થાય છે. તે આ રીતે - દગ્-દશ્યનો સંયોગ એ અવિદ્યાનું કાર્ય છે. તેથી અવિદ્યાના નાશે એનો નાશ થાય છે.

આવો ક્લેશહાનોપાય માટે પાતંજલમત છે. પણ ગ્રંથકાર કહે છે કે આ મત યોગ્ય નથી. કારણ કે મોક્ષપુરુષાર્થ રહી શકતો નથી. આશય એ છે કે અવિદ્યાના કારણે બુદ્ધિતત્ત્વનો પુરુષ સાથે

અનાદિકાળથી સંયોગ થયેલો છે. અવિદ્યાનો નાશ થવા પર આ સંયોગ રવાના થાય છે તે પુરુષની મુક્તિ થાય છે. પણ પાતંજલોએ પુરુષને કૂટસ્થનિત્ય-પુષ્કરપલાશવત્ નિર્લેપ માનેલો છે. એટલે સંયોગકાળે પણ એમાં તો કોઈ ફેરફાર હોતો નથી. અર્થાત્ પુરુષ તો નિર્લેપ જ હોય છે. અવિદ્યાદિ ક્લેશની આકાશની જેમ પુરુષને કશી અસર હોતી નથી એવું પાતંજલોએ માન્યું છે. એટલે ગ્રંથકાર કહે છે કે ક્લેશની કશી જ અસર વિનાનું આકાશ જેમ બંધાયેલું નથી કહેવાતું એમ પુરુષ પણ બંધાયેલો કેમ કહેવાય ? વળી એ રીતે તો મુક્તાત્માને પણ બંધાયેલા કહેવા પડે. પુરુષ જો બંધાયેલો જ નથી તો એની મુક્તિ પણ શી રીતે ? મોક્ષ જ જો નથી, તો મોક્ષપુરુષાર્થ જેવું કાંઈ જ રહેશે નહીં ને એ જ જો નથી તો દર્શનની જરૂર જ શી છે ? કારણકે કોઈપણ દર્શન માટે મોક્ષપુરુષાર્થ એ જ પ્રધાન છે.

જો એમ કહેશો કે બુદ્ધિતત્ત્વના સંયોગકાળે પુરુષ લેપાય છે, એને અવિદ્યાદિ ક્લેશોની અસર હોય છે ને પછી એ મુક્ત થાય છે. તો પછી પુરુષનું કૂટસ્થ નિત્યત્વ જે માન્યું છે તે ઊભું રહી નહીં શકે, એ ઊભું નહીં રહે તો પાતંજલયોગદર્શન ઊભું પણ નહીં રહી શકે, કારણ કે પુરુષને પુષ્કરપલાશવન્નિર્લેપ-કૂટસ્થનિત્ય માનવો એ આ દર્શનનો પાયો છે.

વળી પાતંજલમતમાં આત્મા એકાંતે નિત્ય મનાયેલો છે, એટલે કે એમાં ક્યારેય પણ સૂક્ષ્મતમ ફેરફાર પણ થતો નથી. એટલે, બુદ્ધિતત્ત્વનો પારમાર્થિક સંયોગ જો માનવામાં આવે તો પ્રથમ સંયુક્ત પરિણામ હતો અને મોક્ષ થવા પર અસંયુક્તત્વ પરિણામ થયો એવું માનવું પડવાથી કૂટસ્થનિત્યત્વ રહી નહીં શકે. એટલે આત્મામાં આ સંયોગ, એના કારણભૂત અવિદ્યાદિક્લેશો, સંયોગનો નાશ, એના નાશક... આ બધું જ કાલ્પનિક માનવાનું રહે છે.

**પાતંજલ :** એ કાલ્પનિક જ = ઉપચરિત જ છે. પ્રકૃતિ પરિણામી છે. માટે પ્રકૃતિનો પારમાર્થિક મોક્ષ છે ને એનો પુરુષમાં ઉપચાર છે.

**જૈન :** પ્રકૃતિ તો જડ છે. એના મોક્ષ માટે પુરુષ પુરુષાર્થ કરે એ સંભવિત નથી. બુદ્ધિ એ માટે પુરુષાર્થ કરે છે એવું પણ માની શકાતું નથી. કારણકે બુદ્ધિને તો પુરુષનું સાંનિધ્ય કાંઈક પણ ચૈતન્ય લાવનાર હોવાથી ઈષ્ટ હોય, સાવ જડતા તો કોને ઈષ્ટ હોય ? એટલે કોઈનો જ મૌલિક = અનુપચરિત મોક્ષ સંભવિત ન હોવાથી પુરુષમાં ઉપચરિત મોક્ષ પણ કહી શકાતો નથી.

વળી પાતંજલોએ કોઈને રાજા જેવો કહેવાથી સુખાનુભવ... સર્પ ડસ્યો ન હોવા છતાં એનો ભ્રમ થવાથી દુઃખાનુભવ... આવું દૃષ્ટાંત સ્વમતની પુષ્ટિ માટે આપ્યું છે. ગ્રંથકારનું કહેવું છે કે કલ્પના ક્યારેય અર્થસાધક હોતી નથી, માટે આવી વાતો કરવી નિરર્થક છે.

અહીં પાતંજલોનો આશય એ છે કે જે રાજા નથી એને રાજા કહેવાથી સુખનો અનુભવ થાય છે. સાપ કરડ્યો ન હોવા છતાં એનો ભ્રમ થાય તો માણસને દુઃખ થાય છે. આ સુખ-દુઃખ કાલ્પનિક જ છે. પણ જો 'હું કાંઈ રાજા નથી, આ મારી ખુશામત કરે છે, મારે કાંઈ ખુશ થવાની જરૂર નથી...' એવી અને 'મને ડસનાર સાપ નહોતો, ઉંદર હતો... એનું કાંઈ ઝેર ચઢે નહીં... હું કાંઈ મરી જવાનો નથી' એવી સાચી સમજ આવી જાય તો કાલ્પનિક સુખ-દુઃખની ભ્રમણા દૂર થાય છે. એ રીતે બુદ્ધિમાં કર્તૃત્વ-ભોક્તૃત્વનું અભિમાન કાલ્પનિક જ છે. શાસ્ત્રાર્થનો બોધ થવાથી આ અભિમાન રવાના થાય છે કે 'આ અભિમાન મિથ્યા છે, બાકી મારે ને કર્તૃત્વ-ભોક્તૃત્વને કાંઈ લાગતું વળગતું નથી...' આ મિથ્યા અભિમાનને રવાના કરવા માટે જ તો બધાં શાસ્ત્રો છે. તો એ માટે કાલ્પનિક

દૃષ્ટાંત લેવામાં શું વાંધો છે ? કાલ્પનિક-ઔપચારિક વાતથી પણ જો પરમાર્થ સિદ્ધ થતો હોય તો એવી વાતનો સહારો લેવામાં વાંધો ન હોવો જોઈએ.

અહીં ગ્રંથકાર કહે છે કે આ વાત બરાબર નથી. કારણ કે પારમાર્થિક પદાર્થ તો ચિદ્રૂપ આત્મા જ છે. વળી એ ચિદ્રૂપ = જ્ઞાનમય મુક્તિઅવસ્થામાં પણ છે જ. એટલે એ, વિષયનો બોધ કરાવનાર હોય જ, અર્થાત્ સવિષયક જ હોય. પાતંજલો એને નિર્વિષયક માને છે, તે બરાબર નથી. 'મોક્ષમાં અંતઃકરણ ન હોવાથી વિષયબોધ હોતો નથી' એવું જો પાતંજલો કહે તો ગ્રંથકારનું કહેવું છે કે - તો તો પછી જ્ઞાન જ નહીં થાય, જ્ઞાન થાય પણ એનો કોઈ વિષય ન હોય... આવું બની શકે નહીં. જે જ્ઞાન હોય તે સવિષયક જ હોય એવો નિયમ છે. વસ્તુતઃ મોક્ષમાં નિરાવરણ જ્ઞાન હોવાથી અંતઃકરણની કોઈ અપેક્ષા જ હોતી નથી. વળી કોઈ જ આવરણ નથી. એટલે કોઈ જ વિષય એમના જ્ઞાનમાંથી બાકાત હોતો નથી. અર્થાત્ મુક્તાત્મા જે ચિદ્રૂપ-જ્ઞાનમય છે તે જ્ઞાન સર્વવિષયક હોય છે... ને તેથી મુક્તાત્મા સર્વજ્ઞ હોય છે. માટે એ જ્ઞાનને નિર્વિષયક માનવું યોગ્ય નથી.

વળી તમારા મતે વિવેકઅખ્યાતિ = વિવેકખ્યાતિનો અભાવ પુરુષ અને બુદ્ધિતત્ત્વના સંયોગરૂપ છે. આ વિવેકઅખ્યાતિનો અભાવ કરવો એ વિવેકખ્યાતિના અભાવનો અભાવ કરવારૂપ હોવાથી વિવેકખ્યાતિ કરવારૂપ છે, જેમકે ઘટના અભાવનો અભાવ એ ઘટસ્વરૂપ છે. આ વિવેકખ્યાતિ એ સંસારઉચ્છેદનું કારણ છે. સંસારમાં ઉક્તસંયોગ = વિવેકઅખ્યાતિ હોય છે, તેથી મોક્ષમાં એનો અભાવ = વિવેકખ્યાતિ હોય છે. એટલે કે પુરુષ-પ્રકૃતિના ભેદરૂપ વિવેકની ખ્યાતિ = બોધ હોય છે. આ બોધ વિવેકવિષયક છે એ સ્પષ્ટ જ

છે. એટલે મોક્ષમાં નિર્વિષયચિન્માત્રતત્ત્વ હોય છે એવી તમારી વાત તમારા શાસ્ત્રની નીતિથી જ અસિદ્ધ રહે છે.

**પાતંજલ :** વિવેકખ્યાતિ સવિષયકજ્ઞાનરૂપ છે એ વાત અમને માન્ય જ છે. પણ એ પુરુષધર્મ નથી, કિંતુ અંતઃકરણના ધર્મરૂપ છે. અંતઃકરણ તો પ્રકૃતિમાં વિલીન થઈ જાય છે. તેથી મુક્તિમાં એના ધર્મરૂપ વિવેકખ્યાતિ હોતી જ નથી. તો સવિષયક જ્ઞાન હોવાની ગંધ સુદ્ધાં ક્યાં છે ?

**શંકા –** જો મુક્તિમાં વિવેકખ્યાતિ નથી, તો વિવેકઅખ્યાતિ આવી જશે, જે પુરુષ અને બુદ્ધિતત્ત્વના સંયોગરૂપ હોવાથી ફરીથી સંયોગ ઊભો થશે ને તેથી સંસાર ઊભો થશે.

**સમાધાન –** પહેલાં ઘટપ્રાગભાવ હોય છે. પછી ઘટ ઉત્પન્ન થવા પર ઘટપ્રાગભાવનો નાશ થઈ જાય છે. કાળાન્તરે ઘટનો નાશ થઈ જાય છે. ત્યારે પણ કાંઇ 'ઘટપ્રાગભાવ' ફરીથી પેદા થતો નથી. એવું અન્યદર્શનકારો જેમ માને છે તેમ અમે પણ 'વિવેકખ્યાતિ વિલીન થઈ જવા છતાં એ સંયોગ પેદા થતો નથી' એવું માનીએ તો બધું સંગત છે અને આ રીતે સંયોગ પણ પ્રકૃતિનો, સંયોગહાન (સંયોગત્યાગ) પણ પ્રકૃતિનો... પુરુષમાં માત્ર ઉપચાર... આ પણ સંગત છે.

**જૈન :** માણવકમાં અગ્નિના કોઈક વિશિષ્ટ ધર્મનો તાત્ત્વિક સંબંધ હોય તો જ माणवकोऽग्निः એમ અગ્નિનો ઉપચાર કરાય છે, એમ આત્મામાં સંયોગહાનનો = સંયોગોચ્છેદનો વાસ્તવિક સંબંધ હોય તો જ એનો ઉપચાર કરી શકાય છે. તાત્ત્વિક સંબંધ વિના ઉપચાર સંભવતો નથી. એટલે ઉપચાર કરવા માટે જો તાત્ત્વિક સંબંધ માનશો તો એ સંબંધ પણ આત્માનો ધર્મ બનવાથી આત્મામાં ચિન્માત્રધર્મકત્વ તમે જે માન્યું છે એ રહી શકશે નહીં.

આ રીતે ક્લેશહાનોપાય અંગેનો બૌદ્ધમત તથા એનું નિરાકરણ જોયા... એમ પાતંજલમત અને એનું નિરાકરણ જોયા... હવે આ અંગેનો નૈયાયિકોનો મત જોઈને એનું નિરાકરણ જોવાનું છે.

**નૈયાયિક :** ચરમ દુઃખને ઉત્પન્ન કરવું. અને પછી એ ચરમદુઃખાત્મક ક્લેશનો ઉચ્છેદ કરવો એ મોક્ષ છે.

**જૈન :** કોઈ જીવ હાથે કરીને દુઃખ શા માટે ઉત્પન્ન કરે ?

**નૈયાયિક :** રાજાની સેવા કરવા માટે સેવક કેટલીય તકલીફો વેઠે છે. એ રીતે તત્ત્વજ્ઞાનરૂપી દીપકથી અજ્ઞાન અંધકારનો નાશ થવા પર મોક્ષપુરુષાર્થ માટે ચરમદુઃખાત્મક દુઃખ માટે પણ પ્રવૃત્તિ કરે છે. અતીતદુઃખ તો સ્વતઃ જ રવાના થઈ ચૂક્યું છે. અનાગત દુઃખનો ઉચ્છેદ કરવો અશક્ય છે. વર્તમાન દુઃખ પણ વિરોધીગુણનો પ્રાદુર્ભાવ કરવાથી જ નાશ પામે છે. એટલે ચરમદુઃખને ઉત્પન્ન કરી એનો નાશ કરવો એ જ મોક્ષપુરુષાર્થ છે.

**જૈન :** તમે આ જે કહી રહ્યા છો તે મદોન્મત્ત માણસ વિના બીજું તો કોઈ બોલે નહીં, કારણ કે પ્રજ્ઞાશીલ પુરુષ અધિક સુખને મેળવવાનો ઉદ્દેશ હોય તો તો દુઃખમાં પણ પ્રવૃત્ત થાય છે. જેમકે રાજસેવામાં સારો પગાર વગેરે મેળવવાનો ઉદ્દેશ હોય છે. કડવું ઔષધપાન કરવા પાછળ આરોગ્યપ્રાપ્તિનો ઉદ્દેશ હોય છે. પણ તમે મોક્ષમાં સુખ માનતા નથી. એટલે કે સુખનો ઉદ્દેશ માની શકાતો નથી. તો પછી જેના પરિણામે સુખ મળવાનું નથી એવું દુઃખ ઊઠાવવા કયો ડાહ્યો માણસ સ્વયં તૈયાર થાય ? નહીંતર તો દુઃખને છોડવાની ઇચ્છાવાળા વિવેકીજીવની પણ મરણાદિમાં પ્રવૃત્તિ જોવા મળવી જોઈએ. (આનો અર્થ એ થાય છે કે દુઃખથી છૂટકારા માટે જે આત્મહત્યા કરે છે તે વિવેકી નથી. મૂરખ છે, કારણ કે આ

પ્રવૃત્તિથી પરિણામે દુઃખ જ વધે છે, સુખ નહીં.) એટલે જ્યાં સુખનું પ્રયોજન નથી એવા દુઃખને ઊઠાવવાની વાત ડાહ્યો તો કોઈ કરે નહીં એ સ્પષ્ટ છે.

વળી ચરમદુઃખ તત્ત્વજ્ઞાનનું કાર્ય છે એ વાત પણ બરાબર નથી, કારણે કે દુઃખમાં ચરમત્વ શું છે એ નક્કી કરવું અઘરું છે. એને સખંડોપાધિ માની શકો. પણ તો પછી એ અનેક કારણસામગ્રીથી જ દુઃખમાં ચરમત્વ આવી જવાથી એને તત્ત્વજ્ઞાનજન્યતાવચ્છેદક તરીકે સ્વીકારી શકાતું નથી.

**નૈયાયિક :** કાર્યમાં રહેલો ધર્મ એ કાર્યતાવચ્છેદક ધર્મ. ચરમત્વ પણ ચરમ-દુઃખાત્મક કાર્યમાં રહેલો ધર્મ છે. તો એ તત્ત્વજ્ઞાનનો કાર્યતાવચ્છેદક શા માટે ન બને ?

**જૈન :** જ્યારે ચૈત્ર ઘડાને જોઈ રહ્યો છે ત્યારે ચૈત્રદૃષ્ટત્વ પણ ઘડાનો ધર્મ છે. એમ જો મૈત્રે ઘટ બનાવ્યો હોય તો મૈત્રકૃતત્વ પણ ઘડાનો ધર્મ છે. એટલે દંડનિષ્ઠકારણતા નિરૂપિત કાર્યતાના અવચ્છેદક તરીકે આવા બધા ધર્મોને શું માનશો ?

- વિવક્ષિત ઘડામાં મૈત્રનિર્મિતત્વ છે, ચૈત્રનિર્મિતત્વ કેમ નથી ? વગેરે પ્રશ્નોના જવાબ માટે નિયતિનો જ આશ્રય કરવો પડે. આની નિયતિ આવી. ને એની નિયતિ આવી.. વગેરે રૂપે. પણ નૈયાયિક નિયતિતત્ત્વને માનતો નથી. જો સાપેક્ષનિયતિ માને તો એ જૈન જ બની જાય.

**પ્રશ્ન :** ક્લેશહાનોપાય અંગે જૈનદર્શન શું છે ?

**ઉત્તર :** જૈનદર્શન એમ કહે છે કે અનેક ભેદવાળા જ્ઞાનાવરણીયાદિ પાપકર્મો એ ક્લેશ છે. વળી મુક્તિ નિર્ગુણ નથી. પણ પરમાનંદમય છે. એટલે દુઃખોચ્છેદની સાથે આ પરમાનંદ

પામવાનો ઉદ્દેશ પણ હોય છે. ને એના ઉપાય તરીકે નથી એકલું જ્ઞાન કે નથી એકલી ક્રિયા. પણ એ બંનેનો સમુદાય એ મોક્ષમાર્ગ છે. અર્થાત્ ક્લેશાત્મક કર્મોનો ઉચ્છેદ-ક્ષય જ્ઞાન-ક્રિયાઉભયાત્મક યોગથી થાય છે, ભોગથી નહીં. ભોગથી માનવામાં અનવસ્થા આવે છે.

**શંકા** – ભગવદ્ગીતાનું વચન છે કે नाभुक्तं क्षीयते कर्म... **અર્થ :** *સેંકડો કરોડો કલ્પ પસાર થઈ જાય છતાં કર્મ ભોગવ્યા વિના ક્ષીણ થતું નથી.* તેથી કરેલું શુભ-અશુભ... બધું જ કર્મ ભોગવવું પડે છે. એટલે ભોગથી જ કર્માત્મક ક્લેશોનો ક્ષય થાય છે. પણ તે તો કર્મોનો ઉદય થવા પર સ્વયં થઈ જાય છે. તો પછી કર્મક્ષયરૂપ મોક્ષ પુરુષાર્થ સાધ્ય ન રહેવાથી અપુરુષાર્થ બની જશે. આ શંકાના **સમાધાન** માટે ગ્રંથકાર કહે છે - તે અનેક ભવોમાં ઉપાર્જેલા ને ભેગા કરેલા કર્મોનો ક્ષય જ્ઞાન-ક્રિયાના સમુદાયરૂપ યોગથી જ થાય છે, નહીં કે ભોગથી, કારણ કે ભોગથી કર્મક્ષય માનવામાં અનવસ્થા ચાલે છે, અર્થાત્ કર્મનાશક ભોગ વળી નવા કર્મો બંધાવે છે. જે કર્મો વળી ભાવી ભોગથી નાશ્ય હોવાથી ભવિષ્યમાં ફરી ભોગ જોઈશે. વળી એ ભવિષ્યકાલીન ભોગથી નવા પાપ બંધાશે. એમ અનવસ્થા ચાલ્યા કરશે.

**શંકા** – (ભોગકાળે રાગ-આસક્તિ કરે તો તો નવા કર્મો બંધાયા કરે ને અનવસ્થા ચાલે છે. એટલે જ અનાદિકાળથી ભોગવવા છતાં કર્મોનો છેડો આવતો નથી. પણ) નિરભિષ્વંગપણે (અનાસક્તપણે) ભોગ કાંઈ નવા કર્મો બંધાવતા નથી. પૂર્વબદ્ધ સંચિતકર્મોનો ક્ષય પણ યોગજઅદૃષ્ટને આધીન કાયવ્યૂહના બળથી ઉત્પન્ન થઈ જશે. (આશય એ છે કે અનાસક્તપણે ભોગ પણ ઉદયમાં આવેલા કર્મોનો થાય. પૂર્વે અનેક ભવોમાં સંચિત કરેલા

વિવિધ કર્મોને ઉદયમાં આવવાની સામગ્રી આ એક જ જન્મમાં મળી શકતી નથી. એ માટે નવા નવા અનેક જન્મો કરવા પડે, જેમાં નવા નવા કર્મો બંધાવાથી છેડો જ ન આવે. આવી આપત્તિના વારણ માટે નૈયાયિકોએ કાયવ્યૂહની કલ્પના કરેલી છે. ચરમશરીરી યોગીજીવને પણ સત્તામાં ગાય, વાઘ, સિંહ વગેરે ભવોદ્વારા ભોગવી શકાય એવા પૂર્વબદ્ધ કર્મો સંચિત થયેલા હોય છે. આ કર્મોનો ભોગથી ક્ષય કરવા માટે એ યોગી યોગજ અદૃષ્ટના પ્રભાવે એકી સાથે તે તે ગાય-વાઘ-સિંહ વગેરે શરીરોનો સમૂહ ઉત્પન્ન કરે છે. આને કાયવ્યૂહ કહે છે. આ શરીરો દ્વારા તે તે સંચિતકર્મોને યોગી આત્મા અનાસક્તભાવે ભોગવી લે છે ને એ રીતે નવા કર્મો બાંધ્યા વગર સંચિતકર્મોનો ક્ષય કરી દે છે. અને પ્રારબ્ધ કર્મોને આ માનવભવીય શરીર દ્વારા ભોગવી ખપાવી દે છે. આ રીતે સર્વકર્મનો ક્ષય કરી યોગીઆત્મા મોક્ષમાં જાય છે. એટલે કર્મોનો ક્ષય માત્ર ભોગથી જ થાય છે એમ સિદ્ધ થાય છે.)

**સમાધાન** – 'કર્મોનો ક્ષય માત્ર ભોગથી જ થાય' આવો એકાંતવાદ યોગ્ય નથી, કારણ કે પ્રાયશ્ચિત્તાદિથી કર્મનાશ થાય છે એ તમને પણ માન્ય છે. એટલે કે 'કર્મો ભોગ સિવાય અન્યથી (ભોગેતરથી) પણ નાશ્ય છે' એમ નિશ્ચિત થયે યોગદ્વારા પણ તેનો નાશ સંભવિત બનવાથી કાયવ્યૂહ વગેરેની કલ્પના પ્રમાણભૂત રહેતી નથી. (એટલે કે હવે બધાં કર્મો ભોગથી જ નાશ કરવાના ન રહેવાથી, તે તે કર્મોના ભોગ માટે તે તે શરીરોનો સમૂહ બનાવવો જરૂરી રહેતો નથી.) વળી કર્મો જ્ઞાનયોગથી નાશ્ય છે એવું તો '*હે અર્જુન ! જ્ઞાનરૂપી અગ્નિ સર્વકર્મોને ભસ્મસાત્ કરે છે*' એવા ભગવદ્‌ગીતારૂપ તમારા આગમના વચનથી પણ સિદ્ધ જ છે. વળી, માનવશરીર આદિની હાજરીમાં શૂકરાદિનું શરીર પણ હોવું અસંગત

હોવાથી કાયવ્યૂહની કલ્પના અસંગત છે. (એક શરીર બીજા શરીરને અપનાવવામાં પ્રતિબંધક બને છે.)

(**નૈયાયિક :** યોગજ અદષ્ટના પ્રભાવે એક સાથે અનેક શરીરો ધારણ કરવા શક્ય બને છે.)

**જૈન :** મન જેમાં જોડાય એ જ ભોગ અનુભવાય છે. યોગી પાસે મન એક જ છે. એટલે અનેક શરીર બનવા છતાં ભોગ તો એક જ શરીરથી થશે.

**નૈયાયિક :** દરેક શરીરમાં પ્રવેશ કરનાર એક-એક નવું મન માનીશું.

**જૈન :** આવું માનવામાં અનેક પ્રકારની કલ્પનાઓ કરવી પડશે... (જેમકે આ મનને નિત્ય માનવું કે અનિત્ય ? નિત્ય હોય તો અત્યાર સુધી ક્યાં હતું ? કોના નિયંત્રણમાં હતું ? અનિત્ય માનો તો એના ઉત્પાદક કારણો કયા ? નાશક કોણ ? શામાંથી બન્યું ? વગેરે તથા એક કાળે એક જ ઉપયોગ હોવાથી અનેક શરીર-અનેક મનમાંથી ક્યારે કયા શરીરથી ભોગ ? કયા મનથી ભોગ થાય ? વગેરે, નિયામક કોણ ? વગેરે અનેક કલ્પનાઓ કરવી આવશ્યક બનશે.) આમ કલ્પના ગૌરવ હોવાથી પણ કાયવ્યૂહ અસંગત છે.

અગ્નિમાંથી જેમ તણખા ઝરે છે. એમ કાયવ્યૂહદશામાં મૂળભૂત એક પ્રયોજક ચિત્તમાંથી અનેક ચિત્તોનો પરિણામ અસ્તિત્વમાત્રના પ્રભાવે થાય છે, આવું પાતંજલવિદ્વાનો જે કહે છે તે પણ ખરેખર એમનો મોહ જ છે, કારણ કે અનેક શરીર બની જાય તો પણ એ અનેકશરીર દ્વારા ભોગ્ય કર્મોનો એકસાથે ઉદય થવો અનુપપન્ન છે. એટલે નિરુપક્રમકર્મોને ભોગમાત્રથી નાશ્ય માનવા,

સોપક્રમ કર્મો ભોગનાશ્ય પણ ખરા, યોગનાશ્ય પણ ખરા.. આવો વિભાગ કરવામાં બધું સુસંગત થઈ જાય છે.

નૈયાયિકાદિએ માનેલા કાયવ્યૂહના બદલે જૈનશાસ્ત્રમાં વર્ણવાયેલા કેવલિસમુદ્‌ઘાતની પ્રક્રિયા અત્યંત નિર્દોષ છે એ જાણવું. એનું સ્વરૂપ જિજ્ઞાસુએ આવશ્યક નિર્યુક્તિ વગેરે ગ્રંથમાંથી જાણી લેવું.

એટલે, જ્ઞાન-ક્રિયામય યોગથી જ્ઞાનાવરણીયાદિ પાપકર્મોરૂપ ક્લેશોનો ક્ષય કરી પછી યોગી આત્મા નિરુપમ, અનંત, ભવપ્રપંચરહિત, પરમાનંદથી પુષ્ટ એવા સિદ્ધશિલા નામના સ્થાનને પ્રાપ્ત કરે છે.

આમ પચ્ચીશમી ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકાની વિચારણા પૂરી થઈ. હવે આગામી લેખથી છવ્વીશમી યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકાની વિચારણા શરૂ કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૪૨

ગયા લેખમાં પચ્ચીશમી બત્રીશીની વિચારણા પૂરી કરેલી. એ બત્રીશીમાં ક્લેશહાનોપાયની એટલે કે ક્લેશનો ઉચ્છેદ કરી શકે એવા ઉપાયોની વિચારણા હતી. જેમાં ગ્રંથકારે છેવટે એ નિષ્કર્ષ આપેલો કે યોગ એ જ ક્લેશના ઉચ્છેદનો ઉપાય છે. આ યોગમાં પ્રેક્ષાવાન્ જીવો પ્રવૃત્તિ કરવા આકર્ષિત થાય એ માટે હવે છવ્વીશમી બત્રીશીમાં યોગનું માહાત્મ્ય દર્શાવવામાં આવે છે.

શ્રી પતંજલિઋષિએ યોગસૂત્રના ત્રીજા વિભૂતિપાદમાં જે

ઋદ્ધિસિદ્ધિ વગેરેની યોગના મહિમારૂપે પ્રાપ્તિ જણાવેલી છે તેના આધારે ગ્રંથકાર પણ ચોથીથી એકવીશમી ગાથા સુધીમાં યોગનું માહાત્મ્ય દર્શાવશે. અને પછી બાવીશમી ગાથાથી એની સમીક્ષા કરશે. એ પૂર્વે સામાન્યથી યોગનો મહિમા દર્શાવે છે.

શાસ્ત્રનું રહસ્ય યોગ છે... યોગ એ મોક્ષનો માર્ગ છે. યોગ અપાયોને = આફતોને શાંત કરનાર છે. યોગ કલ્યાણનું કારણ છે.

ધનવાન વ્યક્તિને પુત્ર-પત્ની વગેરે દ્વારા જેમ સંસાર વધે છે એમ પંડિતોને યોગ ન હોય તો શાસ્ત્ર દ્વારા પણ સંસાર વધે છે. (શાસ્ત્ર કે સાધના... બધું જ યોગરૂપ બને તો મોક્ષમાર્ગ છે. યોગરૂપ ન બને તો સંસારમાર્ગ રૂપ જ રહેવાથી સંસારવર્ધક કેમ ન બને ?)

યોગરૂપી કલ્પવૃક્ષના ફળ તરીકે આ લોકમાં પણ વિવિધ લબ્ધિઓ પ્રગટ થાય છે, પરલોકમાં મહાન અભ્યુદય થાય છે. અને પરમાત્માને આધીન થવાય છે. અર્થાત્ જિનાજ્ઞાને આધીન થવાય છે.

યોગસિદ્ધ મહાપુરુષોએ શાસ્ત્રોમાં આ યોગનું અનેક પ્રકારે ફળ દેખાડેલું છે. અન્યએ = પાતંજલયોગદર્શનકારે એ યોગનું અન્ય પણ જે ફળ દર્શાવ્યું છે તે લેશથી અમારા વડે દેખાડાશે.

હવે પાતંજલયોગદર્શનમાં દર્શાવેલ યોગમાહાત્મ્ય જાણીએ. આ દર્શન મુજબ, એક જ વિષયમાં ધારણા, ધ્યાન અને સમાધિ કેળવવા એ 'સંયમ' છે. આ દર્શનની વાત હોય ત્યારે 'સંયમ' શબ્દથી આ જ અર્થ અભિપ્રેત જાણવો.

(૧) આ દર્શનમાં ધર્મરૂપ, લક્ષણરૂપ અને અવસ્થારૂપ... એમ ત્રણ પ્રકારે પરિણામો દર્શાવેલા છે જેનું સ્વરૂપ ચોવીશમી બત્રીશીમાં આવી ગયું છે. આ પરિણામો પર ધારણાદિને સ્થાપિત

કરવારૂપ સંયમથી જ્ઞાનના પ્રતિબંધક વિક્ષેપો દૂર થાય છે. એ દૂર થવાથી યોગીને અતીત, અનાગતનું જ્ઞાન થાય છે.

(૨) એકના એક શબ્દથી શબ્દ, અર્થ અને બુદ્ધિ... આ ત્રણેનું ભેદરહિતપણે - અભેદપણે જ્ઞાન થાય છે. એના વિભાગપૂર્વક એમાં સંયમ કેળવવાથી સર્વ મૃગ-પશુ-પક્ષી વગેરે જીવોના શબ્દનું જ્ઞાન થાય છે. આશય એ છે કે આપણે ત્યાં શ્રી વિશેષાવશ્યક ભાષ્ય વગેરેમાં કહ્યું છે. अर्थाभिधानप्रत्ययास्तुल्यनामधेयाः આનો અર્થ છે - *પદાર્થ, એનો વાચક શબ્દ અને એની બુદ્ધિ... આ બધું એક જ નામથી બોલાવાય છે.* જેમકે સામે રહેલા કંબૂગ્રીવાદિમાન પદાર્થને જોઈને कोऽयमर्थः ? આવો પ્રશ્ન ઊઠે ત્યારે 'घटः' એવો જવાબ અપાય છે. સ્પષ્ટ રીતે નહીં સંભળાયેલા શબ્દ અંગે પ્રશ્ન ઊઠે છે કે कोऽयं शब्दः ? ત્યારે પણ જવાબ અપાય છે 'घटः'. જ્યારે ઘટાકારકબુદ્ધિ વિલસી રહી હોય ને પ્રશ્ન ઊઠે કે किं तव मनसि रमते ? ત્યારે घटः જવાબ અપાય છે. આમ घटः જવાબથી, ઘટ પદાર્થ, ઘટ શબ્દ અને ઘટબુદ્ધિ ત્રણેનો ઉલ્લેખ થાય છે. ત્રણે પ્રતીતિઓ જાણે અભેદપણે રહેલી છે. એનો સ્પષ્ટ વિભાગ કરવો સામાન્યજન માટે મુશ્કેલ છે. એ વિભાગ કરીને એમાં ધારણા વગેરે સાધી સંયમનો અભ્યાસ કરવાથી બધા જીવોના અવાજને સમજવાની- બધા પશુ-પક્ષીની ભાષાને સમજવાની શક્તિ આવે છે.

(૩) પાતંજલયોગદર્શન અનુસારે કેટલાક સંસ્કારો એવા હોય છે જેના પ્રભાવે કાળાન્તરે 'મેં તે પદાર્થ આ રીતે અનુભવેલો હતો...' 'મેં આ ક્રિયા પૂર્વે આ રીતે કરી હતી...' વગેરે રૂપ સ્મૃતિ થાય છે. કેટલાક સંસ્કારો એવા હોય છે કે જે કર્મબંધ રૂપ થઈ કાળાન્તરે જન્મ-આયુષ્ય અને ભોગરૂપ ફળ આપે છે. આ બંને પ્રકારના સંસ્કાર અંગે ધારણા વગેરે દ્વારા સંયમનો અભ્યાસ કરવાથી

પૂર્વે અનુભવેલ જન્મોનું એવો કોઈ ઉદ્બોધક મળ્યા વિના પણ જ્ઞાન થાય છે. અર્થાત્ આ કોઈ નિમિત્ત મળે અને જાતિસ્મરણ જ્ઞાન થઈ જાય એવું જ્ઞાન નથી, પણ યોગના પ્રભાવે એવા કોઈ નિમિત્ત વગર પણ પોતે પોતાના પૂર્વજન્મોને જાણી શકે છે.

(૪) મુખ પરની રેખાઓ વગેરે રૂપ લિંગ પરથી સામી વ્યક્તિના ચિત્તમાં રહેલા ભાવોને જાણી શકાય છે. એટલે કે પરચિત્તનું જ્ઞાન થાય છે. આ પ્રત્યય છે. એના પર સંયમ સાધનાર સાધકને પછી મુખના હાવ-ભાવ વગેરે લિંગ વિના પણ પરના ચિત્તનું જ્ઞાન થાય છે કે 'આનું ચિત્ત સરાગ છે કે વીતરાગ ?' વગેરે... આ રીતે સામી વ્યક્તિના મનમાં રહેલા બધા ભાવોને જાણે છે.

અલબત્ યોગસૂત્ર પર ભોજરાજર્ષિની રાજમાર્તંડ ટીકા છે. એમાં એમણે એવો આશય વ્યક્ત કર્યો છે કે મુખ પરના હાવભાવ વગેરેરૂપ લિંગ પરથી સામાનું મન પ્રસન્ન છે કે ઉદાસ ? વગેરે માત્ર જાણી શકાય છે પણ ચિત્ત નીલવિષયક છે કે પીતવિષયક...? વગેરે વિશેષ જાણી શકાતા નથી. (અર્થાત્ નીલવિષયક હોવાના કારણે ચિત્ત પ્રસન્ન છે કે પીતવિષયક હોવાના કારણે ? વગેરે જાણી શકાતું નથી.) આલંબનભૂત નીલ-પીત વગેરે અજ્ઞાત હોય તો એના પર સંયમ કરવો શક્ય ન હોવાથી પછી પરચિત્તનો બોધ થઈ શકે નહીં. પણ જો આલંબન સહિત ચિત્તનું પ્રણિધાન થયું હોય. અર્થાત્ વિષય પણ સાથે જણાતો હોય તો એના પર સંયમ કેળવવાથી પરચિત્તનો વિષયવિભાગવાર બોધ થાય છે. આવો ભોજરાજર્ષિનો અભિપ્રાય છે.

(૫) કાય એટલે શરીર... તેનું રૂપ એટલે તેનો ચક્ષુગ્રાહ્ય ગુણ. 'આ શરીરમાં રૂપ છે' વગેરે ભાવના દ્વારા એના પર સંયમ કેળવવાથી રૂપની ચક્ષુગ્રાહ્યતા રૂપ શક્તિનો સ્તંભ થાય = પ્રતિબંધ

થાય છે. અર્થાત્ ભાવનાવશાત્ અટકાયત થયે છતે તિરોધાન થાય છે, કારણ કે ચક્ષુનો પ્રકાશરૂપ સાત્ત્વિક ધર્મ ત્યારે તેનું ગ્રહણ કરવાનો કોઈ વ્યાપાર કરતો નથી. એટલે આવા પ્રકારના સંયમવાળો યોગી કોઈને દશ્ય રહેતો નથી. (શરીરરૂપવિષયક સંયમથી સ્વશરીરના રૂપનું ચક્ષુગ્રાહ્યત્વ રુંધાવા લાગે છે. ધીમે ધીમે સંપૂર્ણ રુંધાઈ જાય છે. હવે પછી યોગીના શરીરનું રૂપ ચક્ષુનો વિષય રહેતો નથી. અર્થાત્ અદશ્ય બની રહે છે. તેથી યોગી પણ બીજાઓ માટે અદશ્ય બની જાય છે.)

આ જ રીતે શબ્દવિષયક સંયમ કેળવનાર યોગીનો શબ્દ બીજાઓ માટે અશ્રાવ્ય બની જાય છે વગેરે પણ જાણવું.

(૬) સોપક્રમ-નિરુપક્રમ વગેરે કર્મના ભેદો છે. તેમાં જે કર્મ ફળજનન માટે ઉપક્રમ સહિત કાર્ય કરવાને આભિમુખ્ય ધરાવે છે તે સોપક્રમકર્મ છે. જેમકે ઉષ્ણપ્રદેશમાં પહોળું કરેલું વસ્ત્ર શીઘ્ર જ સૂકાય છે. નિરુપક્રમ કર્મ એનાથી વિપરીત છે. જેમકે તે જ ભીનું વસ્ત્ર અનુષ્ણપ્રદેશમાં પિંડ કરેલું હોય તો લાંબા કાળે સૂકાય છે. આ જ રીતે બીજા ભેદો પણ જાણવા.

આ કર્મભેદો અંગે 'આ કર્મ શીઘ્રવિપાકવાળું છે' 'આ કર્મ મંદવિપાકવાળું છે' એટલે કે 'મંદગતિએ વિપાક દર્શાવનારું છે' વગેરે રૂપ પ્રણિધાનની દઢતાથી સંયમ કેળવાય છે. આ સંયમના પ્રભાવે અરિષ્ટો દ્વારા અપરાન્તની બુદ્ધિ થાય છે. એટલે કે ઇન્દ્રિય અને શરીરના વિયોગનો નિયત દેશકાલરૂપે નિશ્ચય થાય છે. અર્થાત્ ક્યારે ક્યાં મૃત્યુ થશે ? એ ખબર પડી જાય છે. આ નિશ્ચય સીધે સીધે નથી થઈ જતો, પણ અરિષ્ટો દ્વારા થાય છે. આ અરિષ્ટો ત્રણ પ્રકારે હોય છે. આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક... બે કાનને બરાબર ઢાંકી દઈએ ત્યારે સામાન્ય જનને કાનની અંદર

કૌષ્ઠ્ય વાયુનો અવાજ સંભળાતો હોય છે. પણ સમીપ મૃત્યુવાળા યોગીને તે સંભળાતો નથી. એ ન સંભળાવો એ અધ્યાત્મિક અરિષ્ટ છે. સ્વશરીર સંલગ્ન હોવાથી એ આધ્યાત્મિક છે. અશુભસૂચક હોવાથી 'અરિષ્ટ' છે.

એ જ રીતે આકાશમાં અચાનક કોઈ વિકૃત પુરુષનું દર્શન થાય એ આધિભૌતિક અરિષ્ટ છે. તથા વર્તમાનમાં જેનું દર્શન અશક્ય છે એવા સ્વર્ગાદિ દિવ્ય પદાર્થનું દર્શન એ આધિદૈવિક અરિષ્ટ છે. દેવસંલગ્ન હોવાથી એ આધિદૈવિક છે.

અહીં કર્મના ભેદો તરીકે જ્ઞાનાવરણીયાદિ ભેદ નથી લેવાના, કારણ કે માત્ર આયુષ્યકર્મની જ વાત છે. એટલે સોપક્રમાદિ ભેદો લેવાના છે.

આમ કર્મના ભેદ અંગેના સંયમરૂપ યોગનું આ માહાત્મ્ય છે કે અરિષ્ટ દ્વારા એ યોગી સ્વમોતનો અસંદિગ્ધ નિર્ણય કરી શકે છે. બાકી મારું મોત ક્યારે ક્યાં થશે ? એનો સંશયિત નિર્ણય તો અયોગી જીવોને પણ અરિષ્ટ ઉપરથી થઈ શકે છે.

(૭) મૈત્રી, પ્રમોદ, કરુણા, અને માધ્યસ્થ્યરૂપ મૈત્ર્યાદિભાવ વિષયક સંયમથી યોગીને આ મૈત્રી વગેરેનું બળ મળે છે. અર્થાત્ મૈત્રી વગેરે ભાવો એવા પ્રકર્ષને પામે છે (એવા બળિષ્ઠ બને છે) કે જેથી બધા જીવો પ્રત્યે મૈત્રી વગેરે યોગી સ્વીકારે છે. હવે કોઈ જ પ્રત્યે શત્રુતા નથી, બધા પ્રત્યે મૈત્રી છે. (એમ એક પણ ગુણીજન પ્રત્યે ઈર્ષ્યા નથી, બધા પ્રત્યે પ્રમોદ છે. એક પણ હીનગુણી પ્રત્યે તિરસ્કાર નથી. બધા પ્રત્યે કરુણા છે. એક પણ ઉપેક્ષ્ય જીવ પ્રત્યે ધિક્કાર નથી, બધા પ્રત્યે માધ્યસ્થ્ય જ છે.)

(૮) યોગ્યતારૂપે યોગીમાં બધું સામર્થ્ય પડ્યું હોય છે. એટલે

એ જ્યારે હાથીના બળ અંગે સંયમ કેળવે છે ત્યારે એને હાથીનું બળ પ્રાદુર્ભૂત થાય છે. કારણે કે નિયતબળના સંયમથી તે-તે નિયતબળ પ્રગટ થાય છે. એમ એ સિંહના બળ વિશે સંયમ કેળવે તો સિંહનું બળ પ્રગટ થાય છે. આ જ રીતે અન્ય બળો જાણવાં.

(૯) સંપ્રજ્ઞાતસમાધિની પૂર્વઅવસ્થારૂપે બે પ્રકારના કારણો છે. વિષયવતી પ્રવૃત્તિ અને જ્યોતિષ્મતી પ્રવૃત્તિ. તેમાં ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દરૂપ વિષયોનું સંવેદન જેના ફળરૂપે છે તે વિષયપ્રવૃત્તિ મનની સ્થિરતા કરે છે. તે આ રીતે-નાસાગ્ર ભાગે ચિત્તને ધારણ કરનારને દિવ્યગંધનું સંવેદન થાય છે. જિહ્વાગ્રે ધારણ કરનારને દિવ્યરસનું સંવેદન થાય છે. એમ ક્રમશઃ તાલ્વગ્રે રૂપસંવેદન, જિહ્વા-મધ્યમાં સ્પર્શ સંવેદન અને જિહ્વામૂલમાં ચિત્તને એકાગ્ર કરનારને દિવ્યશબ્દનું સંવેદન થાય છે.

બુદ્ધિ કે પુરુષ... બેમાંથી એકનો સાક્ષાત્કાર કરવા રૂપ મનની પ્રવૃત્તિ એ જ્યોતિષ્મતી પ્રવૃત્તિ છે. 'જ્યોતિ' શબ્દથી સાત્ત્વિક પ્રકાશ સમજવાનો છે. જેમાં એ અતિશયિત હોય અને બળવાન હોય એવી પ્રવૃત્તિ એ જ્યોતિષ્મતી પ્રવૃત્તિ છે.

આ વિષયવતી અને જ્યોતિષ્મતી પ્રવૃત્તિના પ્રભાવે સાત્ત્વિક પ્રકાશ પ્રસરે છે. એના વિષયોમાં ધારણા-ધ્યાન-સમાધિનો સમ્યક્ ન્યાસ = સંન્યાસ કરવારૂપ સંયમથી સૂક્ષ્મ પદાર્થો, ભીંત વગેરેથી વ્યવહિત પદાર્થો અને દૂર રહેલા પદાર્થોનું જ્ઞાન થાય છે.

(૧૦) પ્રકાશમય સૂર્યવિષયક સંયમથી સાતલોક સ્વરૂપ ભુવનોનું જ્ઞાન થાય છે.

(૧૧) ચંદ્ર અંગે ધારણા, ધ્યાન અને સમાધિને સ્થાપિત કરવાથી તારાવ્યૂહનું જ્ઞાન થાય છે. જ્યોતિષચક્રની વિશિષ્ટ પ્રકારની

રચના એ તારાવ્યૂહ છે. ચંદ્રવિષયક સંયમથી આ તારાવ્યૂહનું જ્ઞાન થાય છે.

**શંકા** – તારાવ્યૂહ પણ છેવટે સાતભુવનમાં જ સમાવિષ્ટ છે. એટલે સૂર્યવિષયકસંયમથી એનો પણ સાક્ષાત્કાર થઈ જ જશે ને ?

**સમાધાન** – સૂર્યના તેજથી તારાઓ ઢંકાઈ જાય છે, દેખાતા નથી. સૂર્યવિષયક સંયમ આ બાબતમાં અનુપાય હોવાથી ચંદ્રવિષયક સંયમને અન્ય ઉપાય તરીકે જણાવેલ છે.

(૧૨) ધ્રુવ એટલે નિશ્ચલ... જ્યોતિષચક્રમાં જે પ્રધાન છે- એવા ધ્રુવતારા વિષયક સંયમથી તારાઓની ગતિ જણાય છે. એટલે કે 'આ તારો આટલા કાળમાં આ રાશિમાં કે આ ક્ષેત્રમાં જશે' વગેરે રૂપે નિયતદેશમાં નિયતકાળમાં થનારી ગતિનું જ્ઞાન થાય છે.

(૧૩) શરીરની મધ્યમાં રહેલા અને સમગ્ર અંગરચનાના મૂળભૂત એવા નાભિચક્રના સંયમથી વર્ષ્મ = કાયાના વ્યૂહનું એટલે કે રસવાહિની નાડીઓ, મલવાહિની નાડીઓ વગેરે ક્યાં શું છે ? એનું જ્ઞાન થાય છે.

(૧૪) કંઠકૂપસંયમથી ક્ષુધા-તૃષાની શાંતિ થાય છે. અહીં આવો ભાવ છે. ગળામાં ખાડો જે દેખાય છે તે કંઠકૂપ = કંઠકૂવો છે. તે અંગેના સંયમથી ભૂખ-તરસ શાંત થઈ જાય છે. કારણ કે આ સંયમથી ગળામાં રહેલી ઘટિકામાંથી = ગ્રંથિમાંથી રસ ઝરે છે ને તેથી તૃપ્તિ થઈ જાય છે.

(૧૫) કૂર્મનાડી કંઠકૂપની નીચે આવેલી છે. તે અંગે સંયમ કેળવવાથી મનની ચંચળતા દૂર થાય છે. કારણ કે આ સંયમથી મનની સ્થિરતા સિદ્ધ થાય છે. યોગસૂત્ર (૩-૩૧) માં કહ્યું છે - *કૂર્મનાડી સંયમથી મનનું સ્થૈર્ય થાય છે.*

(૧૬) ઘરની અંદર રહેલા મણિની પ્રભા પ્રસરતાં પ્રસરતાં કુંભિકા = ઘડો રાખવાનું પાણિયારું... પ્રદેશમાં ફેલાય છે તેમ હૃદયમાં રહેલો સાત્ત્વિક પ્રકાશ ફેલાતાં ફેલાતાં બ્રહ્મરંધ્રમાં જે ભેગો થાય છે તે મૂર્ધજ્યોતિ કહેવાય છે. આ મૂર્ધજ્યોતિનું સંયમ કેળવનાર યોગીને સિદ્ધોનું દર્શન થાય છે. ધરતી અને સ્વર્ગની વચમાં રહેલા દિવ્યપુરુષો એ સિદ્ધો છે. આ સંયમવાળા યોગીઓ આ સિદ્ધપુરુષોને જુએ છે, એ સિદ્ધપુરુષો આ યોગીઓને ઓળખે છે તથા એમની સાથે વાર્તાલાપ પણ કરે છે.

(૧૭) પ્રાતિભસંયમથી સર્વજ્ઞાન થાય છે. આશય એ છે કે નિમિત્તથી નિરપેક્ષપણે માત્ર મનથી થતો બોધ પ્રતિભા કહેવાય. તદ્વિષયક સંયમ એ પ્રાતિભસંયમ. આ સંયમથી વિવેકખ્યાતિની પૂર્વભાવી એવું તારકજ્ઞાન થાય છે. સૂર્યોદય પૂર્વે જેમ પ્રભા-અરૂણોદય થાય છે તેમ વિવેકખ્યાતિરૂપ સૂર્યના ઊગતા પૂર્વે અરૂણોદયસમાન તારકજ્ઞાન થાય છે જે પ્રાતિભસંયમથી થયું હોય છે. આમાં સર્વતઃ સંવિદ્ હોય છે. અર્થાત્ બીજા સંયમને નિરપેક્ષપણે સર્વ વસ્તુઓને જાણે છે, કારણ કે યોગસૂત્ર (૩-૩૩) માં '*પ્રાતિભથી બધું જાણે છે*' એમ કહ્યું છે.

(૧૮) હૃદયસંયમથી ચિત્તનું જ્ઞાન થાય છે. ઉંધા મુખવાળા નાના કમળના આકારવાળો શરીરનો એક ચોક્કસ ભાગ એ હૃદય છે. આ હૃદય વિષયક સંયમથી ચિત્તનું સંવેદન થાય છે. એટલે કે સ્વ-પર ચિત્તમાં રહેલ વાસના-રાગ વગેરેનું જ્ઞાન થાય છે. યોગસૂત્ર (૩-૩૪) માં કહ્યું છે : *હૃદયમાં ચિત્ત સંવેદન થાય છે.*

(૧૯) પાતંજલયોગદર્શનમાં ભોગ 'પરાર્થ' છે. એનાથી જે ભિન્ન એ સ્વાર્થ. આ સ્વાર્થવિષયક સંયમથી પુરુષવિષયક જ્ઞાન થાય છે. કહેવાનો ભાવ એ છે કે આ દર્શનમાં સત્ત્વપ્રધાન અંતઃકરણ

એ બુદ્ધિ છે એ જ ભોગ કરે છે. પણ આ ભોગ બુદ્ધિ પોતાના માટે નથી કરતી, કારણ કે બુદ્ધિ જડ છે. પોતાના સ્વાર્થથી નિરપેક્ષપણે સ્વ-ભિન્ન એવા પુરુષના ભોગમાં પ્રવર્તે છે અને સુખ-દુઃખના કર્તૃત્વનું અભિમાન સેવે છે. એટલે આ ભોગ, બુદ્ધિ માટે સ્વાર્થ નથી, પરાર્થ છે. સ્વાર્થ તો આ પરાર્થભોગથી સર્વથા ભિન્ન છે. એવા સ્વાર્થને વિશે સંયમ કેળવવાથી પુરુષનું જ્ઞાન થાય છે. આશય એ છે કે પરાર્થભોગ જ્યારે સમાપ્ત થઈ જાય છે ત્યારે કૃતાર્થ બનેલી બુદ્ધિ કર્તૃત્વના અભિમાનને છોડીને માત્ર સ્વરૂપનું આલંબન લે છે. એટલે કે માત્ર પોતાના સ્વરૂપને વિષય બનાવે છે. એ વખતે રજોગુણ અને તમોગુણ તિરોભૂત થવાથી સત્ત્વગુણ અત્યંત બળવાન બનવાના કારણે અંતઃકરણ-બુદ્ધિ અત્યંત નિર્મળ થાય છે. એટલે ત્યારે એમાં ચિત્‌છાયાસંક્રમ એ પ્રસ્તુતમાં સ્વાર્થ છે. આવા સ્વાર્થવિષયક સંયમથી પુરુષનું સંવેદન થાય છે. આવા પ્રકારનું સ્વઆલંબનજ્ઞાન સત્ત્વમાં રહેલું છે એવું પુરુષ જાણે છે, પણ જ્ઞાતા પુરુષ જ્ઞાનનો વિષય બનતો નથી, કારણ કે તો તો પુરુષ જ્ઞેય બની જાય. (ભલે ને જ્ઞેય બને શું વાંધો છે ? તો પછી) એ જ્ઞાતા ન રહે, કારણ કે જ્ઞાતૃત્વ-જ્ઞેયત્વને અત્યંત વિરોધ છે.

આમ યોગના પાતંજલયોગસૂત્રમાં કહેલા ૧૯ માહાત્મ્ય થયા. કુલ ૪૪ માહાત્મ્ય આ બત્રીશીમાં જણાવેલા છે. એટલે શેષ ૨૫ માહાત્મ્ય અને પછી ગ્રંથકારે કરેલી સમીક્ષા... એ બધું હવે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૪૩

જેઓ યોગી નથી એવા સામાન્ય જનને જે સંભવતી નથી એવી ચમત્કારિક શક્તિઓ યોગના ફળરૂપે યોગીને પ્રાપ્ત થાય છે. એટલે આ બધું યોગના મહિમા રૂપ છે. યોગનું માહાત્મ્ય છે. જુદા જુદા વિષયો અંગે સંયમ કેળવવાથી આવી જુદી જુદી શક્તિઓ પ્રાપ્ત થાય છે. આવી શક્તિરૂપ જુદા જુદા ૪૪ માહાત્મ્યોની ગ્રંથકારે આ બત્રીશીમાં વાત કરી છે જેમાંના પ્રથમ ૧૯ માહાત્મ્ય આપણે ગયા લેખમાં જોયા. હવે બાકીના ૨૫ માહાત્મ્ય આ લેખમાં જોઈને પછી ગ્રંથકારે કરેલી એની સમીક્ષા જોઈશું.

(૨૦ થી ૨૫) સ્વાર્થસંયમ એ પુરુષસંયમનું જ બીજું નામ છે. એનો અભ્યાસ કરવાથી - એટલે કે પુરુષના પ્રતિબિંબને ઝીલનાર નિર્મળ અંતઃકરણમાં ધારણા, ધ્યાન અને સમાધિને વારંવાર સ્થાપિત કરવાથી પૂર્વે (પૃ.૧૫૩૪) જણાવેલ **પ્રાતિભજ્ઞાન** થાય છે. જેના પ્રભાવથી યોગી સૂક્ષ્મ-વ્યવહિત વગેરે પદાર્થોને જાણે છે. **શ્રાવણજ્ઞાન** એટલે શ્રોત્રેન્દ્રિયજન્ય જ્ઞાન... જે પ્રકૃષ્ટ થવાથી દિવ્યશબ્દને યોગી જાણે છે. જેનાથી વેદાય = સંવેદાય તે **વેદના**... પાતંજલયોગદર્શનમાં આ પારિભાષિક શબ્દ છે જેનો અર્થ છે સ્પર્શેન્દ્રિયજન્ય જ્ઞાન. આ વેદનાજ્ઞાનનો પ્રકર્ષ થવાથી દિવ્યસ્પર્શને પણ સાધક જાણે છે. **આદર્શ** એટલે ચક્ષુઇન્દ્રિયજન્યજ્ઞાન, કારણ કે 'આ = ચારે બાજુથી રૂપ દેખાય = અનુભવાય જેનાથી તે આદર્શ' એવી વ્યુત્પત્તિ છે. પુરુષસંયમથી આ આદર્શનો પ્રકર્ષ થવાથી દિવ્યરૂપનું જ્ઞાન થાય છે. **આસ્વાદ** એટલે રસનેન્દ્રિયજન્યજ્ઞાન, કારણ કે 'જેના વડે સ્વાદ આસ્વાદાય તે આસ્વાદ' એવી વ્યુત્પત્તિ છે. એના પ્રકર્ષથી દિવ્યરસનો

આસ્વાદ થાય છે. **વાર્તા** એટલે ગંધનું સંવેદન, કારણ કે 'વૃત્તિ' શબ્દ પરિભાષા મુજબ ઘ્રાણેન્દ્રિયને જણાવે છે. વર્તમાન ગંધાત્મક વિષયમાં જે પ્રવર્તે તે વાર્તા... આ રીતે વાર્તા શબ્દથી ગંધનું સંવેદન લેવાય છે. વૃત્તિમાં એટલે કે ઘ્રાણેન્દ્રિયમાં થયેલ જ્ઞાન તે વાર્તા. આ વાર્તાજ્ઞાનના પ્રકર્ષથી દિવ્યગંધનો અનુભવ થાય છે. આ પ્રાતિભ વગેરે બધા જ્ઞાનો છે.

આ બધી સિદ્ધિઓ પ્રકર્ષ પામી રહેલી સમાધિમાં વિઘ્નભૂત છે, કારણ કે હર્ષ-વિસ્મયાદિ કરવા દ્વારા સમાધિને શિથિલ કરે છે. અને વ્યુત્થાનમાં એટલે કે વ્યવહારદશામાં એ સમાધિનો ઉત્સાહ પ્રગટાવનાર હોવાથી અને વિશિષ્ટ ફળદાયક હોવાથી 'સિદ્ધિ' રૂપ છે.

કહેવાનો ભાવ એ છે કે વિશિષ્ટ ઉપલબ્ધિઓ પોતે સાચા માર્ગે છે એની પ્રતીતિરૂપ હોવાથી સાધકનો ઉત્સાહ વધારનાર છે... ને તેથી સાધક વધારે પ્રયત્નપૂર્વક સંયમનો અભ્યાસ વધારતો રહે છે. જેથી અંતિમ ફળ મોક્ષ સુધી પહોંચી શકાય. એટલે આ દિવ્ય અનુભૂતિઓ સિદ્ધિ છે. પણ જો સાધક આ અનુભૂતિઓમાં જ કૃતકૃત્યતા માની લે, અથવા આ અનુભૂતિઓમાં - દિવ્ય સ્પર્શાદિમાં આસક્ત થઈ જાય તો સંયમનો અભ્યાસ વધવાના બદલે શિથિલ થતો જાય છે. એમ પ્રાપ્ત થયેલી આ સિદ્ધિઓના બળ પર જો એ અહંકારનો ભોગ બને તો પછી પ્રગતિના બદલે પીછેહઠ ચાલુ થાય છે. આ બધા કારણોએ આ સિદ્ધિઓ વિઘ્નરૂપ છે.

(૨૬) પાતંજલ યોગદર્શનમાં આત્મા અને ચિત્ત બંને વિભુ મનાયેલા છે. એટલે કે સર્વવ્યાપી મનાયેલા છે. અર્થાત્ ક્યારેય પણ ક્યાંય પણ ઈચ્છા મુજબ કોઈપણ શરીર વગેરેનો ભોગ કરી શકે છે. પણ કર્મ તેમાં રુકાવટ ઊભી કરે છે ને તેથી પુરુષ નિયત શરીર

વગેરેનો જ ભોગ કરી શકે છે. એટલે કે જે પોતાનું કહેવાય છે એવા એક જ શરીરમાં પ્રવેશી શકે છે ને એનો જ ભોગ કરી શકે છે. આ બેનું = પુરુષનું અને શરીરનું ભોગ્ય-ભોક્તારૂપે જે સંવેદન થાય છે તે શરીરબંધ કહેવાય છે. તેથી શરીરબંધના કારણભૂત પુણ્ય-પાપ કર્મને શિથિલ કરવાથી = મંદ કરવાથી અને ચિત્તના પ્રચારના સંવેદનથી યોગીનું ચિત્ત પરકાય પ્રવેશ કરે છે. આશય એ છે કે ચિત્ત હૃદયમાંથી ઇન્દ્રિય દ્વારા વિષયને અભિમુખ પ્રસરે છે. આ પ્રસારનું જ્ઞાન એટલે કે 'આ ચિત્તવહા નાડી છે... આ નાડી દ્વારા ચિત્ત અહીંથી ત્યાં વહે છે... રસને વહન કરનારી નાડી - પ્રાણને વહન કરનારી નાડી વગેરેથી આ નાડી વિલક્ષણ છે.' ઇત્યાદિ રીતે સ્વ-પરશરીરના સંચારનો પરિચ્છેદ થાય છે. આ પરિચ્છેદાત્મક જ્ઞાનથી યોગારાધક યોગીના ચિત્તનો અન્યના મૃત કે જીવંત શરીરમાં પ્રવેશ થાય છે. પરકાયમાં પ્રવેશતા ચિત્તને ઇન્દ્રિયો અનુસરે છે. જેમ મધમાખીઓ મધુકરના રાજાને (મધમાખીઓની રાણીને) અનુસરે છે. પછી પરશરીરમાં પ્રવિષ્ટ યોગી ઈશ્વરની જેમ તે શરીરથી પ્રવૃત્તિ કરે છે. કારણ કે વ્યાપક એવા ચિત્ત અને પુરુષના ભોગને સંકુચિત કરનાર કારણ છે કર્મ, એ જો સમાધિથી ક્ષીણ થઈ ગયું છે તો ત્યારે સ્વતંત્રતા થવાથી સર્વત્ર ભોગનિષ્પત્તિ થઈ શકે છે.

આમ ટૂંકમાં, રુકાવટ કરનાર કર્મને સંયમ દ્વારા દૂર કરવાથી અને ચિત્તપ્રચારના સંવેદનનો સહકાર મળવાથી યોગી પરકાયપ્રવેશ કરી શકે છે. એ પરકાયનો ભોગવટો કરી શકે છે.

(૨૭) શરીરમાં ઉદાન-સમાન વગેરે પાંચ પ્રકારના વાયુ મનાયેલા છે. તેમાંથી જઠરાગ્નિને વીંટળાઈને રહેલો વાયુ એ સમાન વાયુ છે. એના પર સંયમ કેળવવાથી એ વાયુ વશ થાય છે અને તેથી અગ્નિ ઉપર રહેલું વાયુનું આવરણ દૂર થવાથી નિરાવરણ બનેલો

અગ્નિ ઊર્ધ્વગતિ કરે છે. તેના કારણે યોગીના શરીરમાં સૂર્યપ્રકાશની જેમ ઝળહળતું તેજ પ્રગટ થાય છે. જેના કારણે યોગી જાણે સળગતા ન હોય એવા લાગે છે.

(૨૮) મસ્તક અને ગળાની પાછળના ભાગે જ્યાં સંધિ થાય છે તે ભાગ કૃકાટિકા કહેવાય છે. આ ભાગથી આખા મસ્તકને વ્યાપીને રહેલો વાયુ 'ઉદાન' છે. એનો સંયમ દ્વારા જય કરવાથી અન્ય વાયુઓનો નિરોધ થવાના કારણે ઊર્ધ્વગતિ સિદ્ધ થાય છે અને તેથી પાણી વગેરેથી અસંગતા = અપ્રતિબદ્ધતા થાય છે. હવે કમળની જેમ યોગી પાણીથી લેપાતો નથી. એમ ડૂબાડાતો નથી. ઉદાનવાયુને જીતેલો યોગી ખરેખર પાણીમાં, મહાનદી વગેરેમાં ગાઢ કાદવમાં કે તીક્ષ્ણ કાંટાઓમાં ડૂબી જતા નથી, ફસાતા નથી... પરંતુ રૂના પુમડાની જેમ લઘુતાના કારણે જળાદિમાં ડૂબ્યા વિના જળ ઉપર આ જયના પ્રભાવે ચાલે છે એવો અર્થ છે.

(૨૯) શ્રોત્ર એટલે શબ્દગ્રાહક આહંકારિક ઇન્દ્રિય, (પાતંજલ મત સાંખ્યદર્શનને ઘણું અનુસરે છે. એને અનુસરીને વિચારીએ તો પ્રકૃતિમાંથી મહાન્ = બુદ્ધિતત્ત્વ પ્રગટે છે. બુદ્ધિમાંથી અહંકાર પેદા થાય છે. આ અહંકારમાંથી કાન વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિય, હાથ-પગ વગેરે પાંચ કર્મેન્દ્રિય, શબ્દાદિ પાંચ તન્માત્ર અને મન... એમ ૧૬ તત્ત્વ પેદા થાય છે. શબ્દાદિ પાંચ તન્માત્રમાંથી આકાશ વગેરે પાંચ મહાભૂત પેદા થાય છે. એટલે કે આકાશ વગેરે અનિત્ય છે. કાન વગેરે ઇન્દ્રિયો અહંકારમાંથી પેદા થઈ હોવાથી અહીં આહંકારિક કહી છે.) શબ્દતન્માત્રમાંથી આકાશ જન્મ્યું છે. આ શબ્દ અને આકાશ વચ્ચે દેશ-દેશી ભાવસંબંધ છે. (આકાશ દેશ છે. એમાં રહેનાર શબ્દ દેશી છે.) આ સંબંધ અંગેના સંયમથી યોગીના કાન દિવ્ય બને છે. એટલે હવે એ એકી સાથે અનેક શબ્દો પકડવા, સૂક્ષ્મ

શબ્દો પકડવા, વ્યવહિત શબ્દો પકડવા અને વિપ્રકૃષ્ટ = દૂરસ્થ શબ્દો પ્રકડવા... આ બધામાં સમર્થ બને છે.

(૩૦) શરીર આકાશના સંબંધના સંયમથી હલકા રૂ સાથેની સમાપત્તિ થવાથી આકાશમાં ગમન થાય છે. આશય એ છે કે કાય = પૃથ્વી, જલ વગેરે પાંચ ભૂતમાંથી બનેલું શરીર... આકાશ આગળ કહી ગયા છીએ. આ બે વચ્ચે અવકાશદાન સંબંધ છે. એમાં સંયમથી સાવ હલકા રૂની સાથે તન્મય થવા રૂપ સમાપત્તિના પ્રભાવે શરીરની અંદર લઘુતા = હલકાપણું પ્રાપ્ત થાય છે. શરીર હલકું થવાથી આકાશમાં ગમન થાય છે. આ સંયમવાળો યોગી પ્રથમ ઇચ્છા મુજબ પાણી પર ગમન કરે છે. પછી સંયમનો અભ્યાસ વધતાં વધતાં કરોળિયાની જાલને પકડીને ચાલે છે અને પછી સૂર્યકિરણોને પકડીને ઇચ્છાનુસાર આકાશમાં ગમન કરે છે.

(૩૧) મહાવિદેહાવૃત્તિના સંયમથી પ્રકાશાવરણ દૂર થાય છે. કહેવાનો ભાવ એ છે કે શરીરથી બહાર, શરીરથી નિરપેક્ષપણે જે મનોવૃત્તિ થાય છે તે મહાવિદેહા કહેવાય છે. કારણકે આ મનોવૃત્તિમાં શરીર પ્રત્યેનો અહંકારભાવ દૂર થઈ ગયો હોય છે. એટલે જ એ અકલ્પિત હોવાથી મહા હોય છે. શરીર અહંકાર હોય ત્યારે મનની બહિર્વૃત્તિ કલ્પિતા કહેવાય છે. (આશય એ છે કે શરીરમાં 'આ હું' એવી બુદ્ધિ એ વાસ્તવિકતા નથી. કલ્પનાજન્ય છે... માટે શરીરમાં અભેદબુદ્ધિ હોય એવા કાળમાં મનની બહિર્વૃત્તિ કલ્પિતા કહેવાય છે. દેહાધ્યાસ તૂટવાથી શરીરમાંથી અહંપણાની બુદ્ધિ રવાના થાય છે. હવે જે મનોવૃત્તિ હોય છે તે કલ્પનાજન્ય ન હોવાથી અકલ્પિતા કહેવાય છે. એ અકલ્પિત હોવાથી જ એને વિદેહાવૃત્તિ ન કહેતાં મહાવિદેહાવૃત્તિ કહી છે.) આ મહાવિદેહાવૃત્તિ અંગે સંયમ કેળવવાથી શુદ્ધસત્ત્વસ્વરૂપ પ્રકાશના ક્લેશ-કર્માદિ સ્વરૂપ

આવરણનો ક્ષય થાય છે અને ચિત્તના બધા જ મળ ક્ષીણ થાય છે. નિરાવરણ બનેલું યોગીનું ચિત્ત હવે ઈચ્છા મુજબ સંચરે છે અને ઈચ્છા મુજબ બધું જાણે છે.

(૩૨) સ્થૂલભૂત આદિના સંયમથી ભૂતજય મળે છે. આમાં પૃથ્વી વગેરે પાંચ ભૂતની પાંચ અવસ્થાઓ છે. સ્થૂલ, સ્વરૂપ, સૂક્ષ્મ, અન્વય અને અર્થવત્ત્વ...(૧) પાંચ ભૂતનો દેખાતો વિશિષ્ટ આકાર એ **સ્થૂલરૂપ** છે. (૨) પૃથ્વીનું સ્વરૂપ કર્કશતા, જળનું સ્નેહગુણ અગ્નિનું ઉષ્ણતા, વાયુનું પ્રેરણા અને આકાશનું અવકાશદાન એ **સ્વરૂપ** છે. (૩) ગંધતન્માત્ર વગેરે પૃથ્વી વગેરેની **સૂક્ષ્મ** અવસ્થા છે. એટલે કે પૃથ્વીની ગંધતન્માત્ર, જળની રસતન્માત્ર, અગ્નિની રૂપતન્માત્ર, વાયુની સ્પર્શતન્માત્ર અને આકાશની શબ્દતન્માત્ર એ સૂક્ષ્મ અવસ્થા છે. અર્થાત્ પાંચભૂતના જે કારણો છે તે સૂક્ષ્મભૂત છે. (૪) **અન્વય** એટલે ગુણો, બધા ભૂતોમાં સત્ત્વનો અન્વય પ્રકાશરૂપે, રજસ્‌નો અન્વય પ્રવૃત્તિરૂપે અને તમસ્‌નો અન્વય સ્થિતિરૂપે દેખાય છે. (૫) અને આ જ ગુણોમાં ભોગ અને મોક્ષ સંપાદન કરી આપવાની જે શક્તિ છે તે અર્થવત્ત્વ છે.

પૃથ્વી વગેરે પાંચ ભૂતોમાં ક્રમશઃ પાંચેય અવસ્થાઓ વિશે સંયમ કરવાથી ભૂતજય થાય છે. એટલે કે જેમ વાછરડું ગાયને અનુસરે છે એમ હવે પાંચે ભૂતની પ્રકૃતિ યોગીના સંકલ્પને અનુસરે છે.

(૩૩) ભૂતજયથી અણિમાદિ ૮ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. (૧) અણિમા - યોગીનું શરીર પરમાણુ જેવું સૂક્ષ્મ થઈ જાય. (૨) ગરિમા... વજ્ર જેવું ભારે થઈ જાય. (૩) લઘિમા... રૂના પિંડની જેમ હળવું ફુલ બની જાય. (૪) મહિમા... વિશાળ બની જાય... એવું વિશાળ કે ઊભા ઊભા આંગળીના અગ્રભાગથી ચંદ્ર વગેરેને

સ્પર્શ કરી શકે. (૫) પ્રાકામ્ય... ઇચ્છાનો વિઘાત ન થાય. (૬) ઈશિત્વ... શરીર અને અંતઃકરણને નિયંત્રણમાં રાખવાનું સામર્થ્ય. (૭) વશિત્વ... સર્વત્ર નિયંત્રણ કરવાનું સામર્થ્ય... એના પ્રભાવે પૃથ્વી વગેરે બધા ભૂત યોગીના વચનનું ઉલ્લંઘન કરી શકતા નથી અને (૮) યત્રકામાવસાયિત્વ... જેના પ્રભાવે યોગી સ્વઇચ્છિત કાર્યને યોગ્ય રીતે પરિસમાપ્ત કરે જ, એને અધૂરું છોડી દેવું પડે એવું બનતું નથી.

આ આઠ લબ્ધિઓમાંની પ્રથમ ચાર લબ્ધિઓ સ્થૂલભૂત સંયમથી મળે છે. પ્રાકામ્યલબ્ધિ સ્વરૂપભૂત સંયમથી મળે છે. એમ ઈશિત્વલબ્ધિ, વશિત્વલબ્ધિ અને યત્રકામાવસાયિત્વ લબ્ધિ ક્રમશઃ અન્વયભૂતના, સૂક્ષ્મભૂતના અને અર્થવત્ત્વભૂતના સંયમથી મળે છે.

(૩૪) પાંચભૂત પર વિજય મેળવવાથી કાયસંપત્ પ્રાપ્ત થાય છે. એટલે કે ઉત્તમ દેહસૌંદર્ય, લાવણ્ય, બળ અને વજ્ર જેવું સંઘયણ પ્રાપ્ત થાય છે.

(૩૫) વળી પૃથ્વી વગેરે પાંચ ભૂત પર જય મેળવવાથી કાયાના ધર્મોનો અનભિઘાત = અનાશ થાય છે. અર્થાત્ કાયાના રૂપાદિ ગુણધર્મોનો હવે નાશ થઈ શકતો નથી. હવે યોગીના રૂપને અગ્નિ બાળી શકતો નથી. પાણી તેને ભીંજવી શકતું નથી. વાયુ તેને શોષી શકતો નથી.

(૩૬) ગ્રહણ વગેરેનો સંયમ કરવાથી ઇન્દ્રિયો પર વિજય મળે છે. અહીં ગ્રહણાદિથી ગ્રહણ, સ્વરૂપ, અસ્મિતા, અન્વય અને અર્થવત્ત્વ આ પાંચ લેવાના છે. એમાં ગ્રહણ એટલે ઇન્દ્રિયોની વિષયાભિમુખ વૃત્તિ, સ્વરૂપ એટલે ઇન્દ્રિયોનું સામાન્યથી પ્રકાશતત્ત્વ, અસ્મિતા એટલે અહંકારનો અનુગમ. શેષ બેની વ્યાખ્યા ૩૨મા

માહાત્મ્યમાં આવી ગઈ છે. ગ્રહણ, સ્વરૂપ... વગેરે આ પાંચનો યથાક્રમ સંયમ કરવાથી ઈન્દ્રિયજય પ્રાપ્ત થાય છે.

(૩૭) ઈન્દ્રિયજયથી મનોજય, વિકરણભાવ અને પ્રકૃતિજય મળે છે. શરીરને મન જેવી ઉત્તમગતિનો લાભ એટલે મનોજય.

(૩૮) શરીરથી નિરપેક્ષપણે ઈન્દ્રિયોને વૃત્તિલાભ એ વિકરણ ભાવ છે.

(૩૯) સર્વ પદાર્થો સ્વવશ થવા એ પ્રકૃતિજય છે.

(૪૦) સત્ત્વ (પ્રકૃતિ) અને પુરુષ અન્ય છે = સર્વથા જુદા છે. આ પ્રમાણે અન્યતાની ખ્યાતિ = ભેદનું જ્ઞાન થવાથી સત્ત્વાદિ ગુણોમાં (બુદ્ધિમાં) રહેલું કર્તૃત્વનું અભિમાન શિથિલ થાય છે. આ શિથિલતા એ ખરું ભેદજ્ઞાનનું લક્ષણ છે. વળી એ અન્યથા ખ્યાતિ શુદ્ધ સાત્ત્વિક પરિણામરૂપ હોય છે. જે આવી અન્યથાખ્યાતિમાં જ માત્ર રહે છે તેને સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે.

(૪૧) તથા સત્ત્વાદિ ગુણોમાં તમામ પરિણામોને અંગે તે યોગી માલિકની જેમ આધિપત્ય ધરાવે છે. આ સર્વાધિષ્ઠાતૃત્વ કહેવાય છે. સર્વજ્ઞત્વ અને સર્વાધિષ્ઠાતૃત્વ... આ બંને વિશોકાસિદ્ધિ કહેવાય છે.

(૪૨) આ વિશોકાસિદ્ધિ પર પણ વૈરાગ્ય થવાથી યોગીના રાગાદિ દોષોના બીજનો = અવિદ્યા વગેરેનો ક્ષય થાય છે.

(૪૩) એ ક્ષય થવા પર કૈવલ્ય થાય છે. એટલે કે ગુણોનો અધિકાર પૂરો થવાથી સ્વરૂપ-પ્રતિષ્ઠત્વ થાય છે. અર્થાત્ પુરુષ હવે પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય છે.

આ સિદ્ધિમાં રહેલા યોગીને દેવો દેવલોકના વૈભવ-દશ્યો દેખાડી દેવલોકમાં આવવા માટે અથવા દેવીઓ ભોગવિલાસ માટે,

ભોગવિલાસને અનુકૂળ રસાયણો આપવા માટે ઉપનિમંત્રણ કરે તો પણ તેના પ્રત્યે અનાસક્ત ભાવે રહે અને વિસ્મયનો અભાવ રહે તો બન્ને વિશોકાસિદ્ધિ સ્વરૂપમાં અવસ્થાનનું બીજ = કારણ બને છે. અન્યથા = જો દેવલોક વગેરેમાં સંગ = આસક્તિ = રાગ કરે તો વારંવાર વિષયોના ભોગવટાની પ્રવૃત્તિ થાય, તથા વિસ્મય = વિશેષ સ્મય = અહંકાર કરે... 'કેવી મારી સાધના ! દેવો કરગરે છે...' વગેરે રૂપે અભિમાન કરે તો પોતાની સાધનાથી કૃતકૃત્યતાનો અનુભવ થવાથી આગળની સાધનાઓની કર્તવ્યતા ભાસવી બંધ થઈ જાય. વળી અહંકાર તો સર્વત્ર પીછેહઠનું કારણ છે. એટલે સાધનાથી ભ્રષ્ટ થયા વિના ન રહે, પછી એ સાધનામાં અવસ્થાન શી રીતે શક્ય બને ?

(૪૪) ક્ષણોના ક્રમના સંબંધવિષયક સંયમથી થનાર વિવેકજન્ય જ્ઞાન ભેદની પ્રતિપત્તિ કરાવનાર હોય છે. આશય એ છે કે કાલનો સર્વ અંતિમ અવયવ એ ક્ષણ છે. તેનો પૂર્વાપરભાવરૂપ જે ક્રમ એના સંબંધનો સંયમ બે પદાર્થો વચ્ચેના સૂક્ષ્મભેદનો સાક્ષાત્કાર કરવામાં સમર્થ હોય છે. આમ આ સંયમથી વિવેકજન્ય જ્ઞાન થાય છે. જે જાતિ, લક્ષણ અને દેશથી તુલ્ય એવા બે પદાર્થોનો ભેદ જણાવે છે. આશય એ છે કે પદાર્થોનો ભેદ કરનાર છે : જાતિ, લક્ષણ અને દેશ... જાતિ પદાર્થોનો ભેદ કરે છે, જેમકે આ ગાય છે, આ પાડો છે. જાતિથી તુલ્ય હોય એવા પણ બે પદાર્થોનું લક્ષણ = સ્વરૂપ ભેદ કરનાર હોય છે. જેમકે આ કાબરચીતરી ગાય છે, આ લાલ ગાય છે. જે બે પદાર્થો જાતિથી અને લક્ષણથી તુલ્ય હોય છે એમનો ભેદ દેશથી થાય છે. જેમકે બધી રીતે તુલ્ય જણાતા બે ભિન્ન દેશમાં રહેલા આમળાઓ. પણ હવે જ્યાં આ ત્રણે પણ એક સમાન હોવાથી ભેદ કરનાર નથી બનતા ત્યારે સંયમજન્ય વિવેકજ્ઞાનથી જ એવા બે પદાર્થો વચ્ચે ભેદબુદ્ધિ થાય છે. જેમકે એક જ સ્થાનમાં

રહેલા બે શુક્લ પાર્થિવ પરમાણુઓમાં પાર્થિવત્વ જાતિ, શુક્લરૂપ અને એક જ દેશમાં રહેવાપણું હોવાથી જાતિ, લક્ષણ કે દેશ ભેદક નથી. ત્યાં આ સંયમજન્ય વિવેકજન્ય જ્ઞાનથી જ ભેદ-બુદ્ધિ થાય છે. (વિવેકજન્ય જ્ઞાનનો ઉપયોગ દર્શાવે છે.)

વિવેકજન્ય જ્ઞાન યોગીને અગાધસંસારસમુદ્રથી તારનારું હોવાથી **તારકજ્ઞાન** કહેવાય છે. વળી મહત્તત્ત્વ વગેરે બધા જ તત્ત્વો એના વિષય હોવાથી એ સર્વવિષયક જ્ઞાન છે. તથા એ સ્થૂલ-સૂક્ષ્મ-વ્યવહિત-વિપ્રકૃષ્ટ વગેરે બધી રીતે વિષયને જણાવનાર હોવાથી સર્વથા વિષયક છે. તેમજ વિષયભૂત તે તે પદાર્થના અતીત, વર્તમાન, અનાગત ભાવોને એકી સાથે ક્રમ વિના ગ્રહણ કરે છે, માટે એ **અક્રમ** હોય છે. અત્યાર સુધી પ્રકૃતિ પુરુષ માટે ભોગસંપાદનનું કાર્ય કરતી હતી. હવે આ જ્ઞાન થવાથી પ્રકૃતિ એ સંપાદન કરતી નથી. એટલે પુરુષને ઉપચરિતભોગનું સંપાદન કરવાનું પોતાનું પ્રયોજન જ ન રહેવાથી પ્રકૃતિના બુદ્ધિ-અહંકાર વગેરે કાર્યો સ્વ-સ્વકારણમાં વિલીન થઈ જાય છે. આમ એમની શુદ્ધિ થાય છે. એટલે જણાય છે કે પુરુષ-સત્ત્વ... બંનેની સમાન રીતે શુદ્ધિ થાય છે. હવે ઉપચરિતભોગ, પ્રકૃતિ કે પ્રાકૃતિક ભાવો... વિના એકલો પુરુષ રહે છે. એટલે કે પુરુષ પોતાના સ્વરૂપમાં અવસ્થાન કરે છે, આ જ પુરુષનું કૈવલ્ય છે. આ જ પુરુષનો મોક્ષ છે.

આમ ૪૪ માહાત્મ્ય જોયા. હવે એમાં સંગતિ-અસંગતિનું ગ્રંથકાર દિગ્દર્શન કરાવે છે. આ વિચિત્ર સિદ્ધિઓમાં કર્મના ક્ષયોપશમ વગેરે કારણ છે અને એમાં સંયમ સત્પ્રવૃત્તિ, અસત્નિવૃત્તિદ્વારા કારણ છે. વાત આ છે કે પાતંજલયોગદર્શને કોઈપણ એક વિષયમાં સ્થાપિત કરેલા ધારણા-ધ્યાન અને સમાધિને સંયમ માનેલ છે. જ્યારે જૈનદર્શને શાસ્ત્રવિહિતમાં પ્રવૃત્તિ અને શાસ્ત્રનિષિદ્ધથી નિવૃત્તિને

સંયમ કહેલ છે. આ સંયમથી કર્મના ક્ષયોપશમ વગેરે પ્રગટે છે. એમાં જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી તે તે જ્ઞાન થાય છે. વીર્યાંતરાયના ક્ષયોપશમથી તે તે શક્તિઓ પ્રગટે છે. બાકી આયુષ્ય અલ્પ છે. વિષયપ્રણિધાન ક્રમવર્તી છે. એટલે અલ્પ આયુષ્યમાં તે તે સર્વવિષયક પ્રણિધાન શી રીતે સંભવે ? જૈનદર્શનમાન્ય સંયમને આ પ્રશ્ન નડતો નથી. સર્વસાવદ્યનિવૃત્તિ એકી સાથે થઈ શકે છે, આજીવન થઈ શકે છે. વિહિત અનુષ્ઠાનો બધા કાંઈ કરવા આવશ્યક હોતા નથી. અવસરોચિત કરવાના હોય છે. એમાંનું એક અનુષ્ઠાન પણ પ્રણિધાનપૂર્વક જીવ સત્ત્વ ફોરવે તો મોહક્ષય દ્વારા સર્વજ્ઞત્વ પમાડી શકે છે.

હા, ચિત્તની એકાગ્રતા માટે તો જુદા જુદા વિષયોનું આલંબન લેવું જૈનદર્શનને પણ માન્ય જ છે. છતાં એ બધું પણ આત્મપ્રણિધાનમાં પર્યવસિત થવું જ જોઈએ. તો જ સંયમ સફળ બને છે. પણ એ માટે આત્માને જ્ઞેય માનવો પડે જે પાતંજલોને માન્ય નથી.

પ્રાયશ્ચિત્ત પણ પૂર્વકૃત પાપોનું નાશક હોવાથી યોગ છે. પંચાશકજીમાં શ્રી હરિભદ્રસૂરિમહારાજે કહ્યું છે કે - सव्वावि य पव्वज्जा पायच्छित्तं भवंतरकयाणं पावाणं कम्माणं (પંચા. ૧૬-૪). આખી પ્રવ્રજ્યા ભવાંતરમાં કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત છે, કારણ કે એનાથી એ કર્મોનો નાશ થાય છે. આના ઉપલક્ષણથી આ ભવમાં થતાં પાપનું જે તપ વગેરે પ્રાયશ્ચિત્ત અપાય છે, તે તપ વગેરે, તે પાપના નાશક હોવાથી એ પણ યોગરૂપ છે એમ સમજવું યોગ્ય લાગે છે. ક્ષપકશ્રેણિમાં અપૂર્વકરણના આરંભે અંતઃકોડાકોડિ સાગરોપમ સ્થિતિ હોય છે. અનિવૃત્તિકરણના આરંભે અંતઃકોડિસાગરોપમ સ્થિતિ હોય છે. એટલે આ બધી સ્થિતિ જે કપાઈ તે અપૂર્વકરણભાવી ધર્મસંન્યાસથી કપાઈ છે. માટે ધર્મસંન્યાસ પણ યોગ છે. આનાથી

એ સૂચન થાય છે કે કર્મ ભોગૈકનાશ્ય નથી... યોગનાશ્ય પણ છે. ને તેથી અનેકભવના કર્મોનો ભોગ દ્વારા નાશ કરવા માટે કાયવ્યૂહની કલ્પના કરવી વગેરે અનાવશ્યક છે.

કર્મદલિકોને એવા બનાવવા કે જેથી હવે એના પર ઉપશમનાકરણ વગેરે લાગી ન શકે એ કર્મોને નિકાચિત કર્યા કહેવાય. આવા નિકાચિત કર્મોનો પણ તપથી ક્ષય થાય છે. હા, એ જે તે તપથી નહીં, પણ અપૂર્વકરણમાં પ્રાપ્ત થનાર ધર્મસંન્યાસાત્મક યોગરૂપ તપથી એ જાણવું.

યોગ ક્ષણમાત્રમાં ક્રૂર કર્મોનો પણ ક્ષય કરે છે. અગ્નિ કુટિલ વૃક્ષોને પણ બાળે જ છે.

યોગ દૃઢપ્રહારીનું શરણ અને ચિલાતીપુત્રનો રક્ષક હતો. ખરેખર પાપી જીવો અંગે પણ 'આ પાપીઓને મોક્ષમાં નહીં લઈ જાઉં' એ રીતે યોગ પક્ષપાતથી શંકા કરતો નથી. અર્થાત્ ધર્મી હોય કે પાપી, વૃક્ષ કોઈપણ જાતના પક્ષપાત વિના બધાને છાયા આપે છે એમ યોગ પણ બધાને તારે છે.

'યોગ' એવા બે અક્ષરનું પણ દિનરાત જો ધ્યાન કરવામાં આવે તો એ આત્મામાં પાપકર્મોના પ્રવેશને રોકનાર વજ્રના આંગળિયાનું કામ કરે છે.

આજીવિકા વગેરે માટે જે યોગની વિટંબણા કરે છે તે ખરેખર પવનની સન્મુખ રહી અગ્નિ સળગાવવા તુલ્ય પ્રવૃત્તિ કરી રહ્યો છે.

(યોગ પ્રવૃત્તિ તો દૂર) યોગ-સ્પૃહા પણ સંસારતાપને દૂર કરનાર વાદળ સમાન છે અને મહાન્ અભ્યુદયરૂપી સરોવરના તીરે પવનની લહરીના અંશ સમાન છે.

(નૈયાયિક વગેરે અન્યદર્શનકારોએ ઈશાનુગ્રહથી યોગપ્રાપ્તિ-યોગપ્રવૃત્તિ માનેલા છે). યોગના અનુગ્રાહક તરીકે અન્યો વડે આ જે પરમેશ્વર મનાયેલો છે. ખરેખર એ પરમેશ્વર જ (યોગનો અનુગ્રાહક નથી, પણ) અચિંત્ય પુણ્યના પ્રાગ્ભાર જેવા યોગથી અનુગ્રાહ્ય છે.

ભરતક્ષેત્રની સંપૂર્ણભૂમિને ચક્રવર્તી તરીકે ભોગવનાર મહામતિ ભરતચક્રવર્તી યોગના પ્રભાવે તત્કાલ કૈવલ્યલક્ષ્મી વર્યા.

પૂર્વે ક્યારેય ધર્મ ન પામેલી મરુદેવામાતા યોગના પ્રભાવથી પરમાનંદથી નંદિત થઈ પરમ પદને પામ્યા. આશય એ છે કે મરુદેવા માતાનો જીવ નિગોદમાંથી નીકળી પ્રત્યેકવનસ્પતિકાય કેળના ભવમાં આવી ત્યાંથી સીધો મરુદેવા માતા થયો. એ ભવમાં પણ દેશવિરતિ-સર્વવિરતિ તો નહીં, સમ્યક્ત્વની પણ સાધના કરી નથી. ને માત્ર છેલ્લા અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વાદિ પામી મોક્ષે ગયા. અહો યોગમાહાત્મ્યમ્ !

આમ છવ્વીશમી યોગમાહાત્મ્યબત્રીશીની વિચારણા પૂર્ણ થઈ. હવે આગામી લેખમાં સત્તાવીશમી ભિક્ષુબત્રીશીની વિચારણા કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૪૪

ગયા લેખમાં પૂરી થયેલી છવ્વીશમી બત્રીશીમાં યોગમાહાત્મ્યને આપણે વિચાર્યું. આ યોગમાહાત્મ્ય ભિક્ષુમાં હોવું સંભવે છે. માટે હવે સત્તાવીશમી બત્રીશીમાં... આ લેખમાં આપણે ભિક્ષુનું સ્વરૂપ વિચારીશું. ગ્રંથકારે પહેલી સોળ ગાથાઓમાં એવી કુલ ૪૩ શરતો દર્શાવેલી છે. જે સાધુમાં આ

શરતો જળવાયેલી હોય એ ભાવભિક્ષુ છે. આ કહેવા દ્વારા ગ્રંથકારે ભાવભિક્ષુનું સ્વરૂપ જણાવેલું છે. ભાવભિક્ષુના ગુણો જણાવેલા છે. આપણે પણ ક્રમશઃ એ ૪૩ વાતો જોઈશું.

(૧) જે યોગ્યજીવ દ્રવ્યઘર અને ભાવઘરથી નિષ્ક્રાંત થયો હોય, બહાર નીકળ્યો હોય ને દીક્ષા લીધી હોય.

(૨) જ્ઞાનવૃદ્ધ એવા ગુરુભગવંતના વચનમાં નિરંતરપણે ચિત્તનું પ્રણિધાન રાખનાર હોય.

(૩) સ્ત્રીઓને વશ થવા વગેરે રૂપે, વમી નાખેલા વિષયભોગ સ્વરૂપ કાદવને ફરીથી ચાટે નહીં.

(૪) વિશ્વના સુખેચ્છુ અને દુઃખદ્વેષી પૃથ્વીકાય વગેરે ષડ્જીવનિકાયને આત્મતુલ્ય ગણી મહાવ્રતપાલનમાં તત્પર હોય.

(૫) જીવઘાત દ્વારા પેદા થતા ઔદ્દેશિક પિંડ વગેરે દોષિત ગોચરી વાપરનારા ન હોય.

(૬) જિનવચનને અનુસરીને ઉચિત ક્રિયાઓ કરનારા હોય.

(૭) ચાર કષાયોને વમી નાખે.

(૮) સોના-ચાંદી વગેરે બધા પ્રકારના પરિગ્રહ વિનાના હોય.

(૯) મૂર્ચ્છાપ્રયુક્ત ગૃહસ્થસંબંધને વર્જનારા હોય.

(૧૦) ભાવસમ્યક્ત્વી હોય, દ્રવ્યસમ્યક્ત્વ તો મિથ્યાત્વીને પણ સંભવે. એની બાદબાકી કરવા 'ભાવસમ્યક્ત્વી' જણાવ્યું.

(૧૧) તપ-સંયમની વિચારણામાં હમેંશા અમૂઢ હોય.

(૧૨) કાલે-પરમદિવસે કામ લાગશે એવા પ્રયોજનથી અશનાદિનો સંનિધિ ન રાખે.

(૧૩) સાધર્મિકોને (અન્ય સાધુઓને) સ્વાત્મતુલ્ય ગણી વાત્સલ્ય વહાવનારા હોય, એટલે કે એમને આમંત્રણ કરીને જ ગોચરી કરનારા હોય.

(૧૪) ગોચરી વાપરીને પ્રમાદ કરનારા ન હોય, પણ અપ્રમત્તપણે સ્વાધ્યાયાદિ કરનારા હોય.

(૧૫) વાતો વગેરે પ્રસંગમાં ગુસ્સો ન કરે.

(૧૬) અત્યંત ઝગડો ન કરે.

(૧૭) ઉચિત અનુષ્ઠાનમાં અનાદરવાળા ન હોય.

(૧૮) અનુચિત કાર્યમાં આદરવાળા ન હોય.

(૧૯) જેમ કાંટા દુઃખના હેતુ છે એમ આક્રોશ-પ્રહાર-તર્જના વગેરે પણ દુઃખ હેતુ હોવાથી કાંટા સમાન છે. એને સહન કરનારા હોય.

(૨૦) શ્મશાનમાં કાઉસ્સગ્ગ કરે અને ગમે તેવી ઘટના બને તો પણ ભયભીત ન થાય. અન્યત્ર ક્યાંય પણ ભયભીત ન થાય.

(૨૧) ઠંડી-ગરમી-વરસાદ પડે. અતિભાર લાદવામાં આવે. ખોદવામાં આવે કે બુલડોઝર ફેરવવામાં આવે... પૃથ્વી બધું જ સહન કરે છે એમ કુવચનોથી કોઈ આક્રોશ કરે, દંડ વગેરેથી મારે કે તલવાર વગેરેથી કોઈ છેદે ત્યારે પણ જે પૃથ્વીની જેમ સહન જ કરે છે.

(૨૨) દેહનો વ્યુત્સર્ગ અને ત્યાગ કરનાર હોય. દેહ પ્રત્યે ભાવથી મમત્વ ન હોવું એ દેહનો વ્યુત્સર્ગ કહેવાય અને દેહની વિભૂષા ન કરવી એ દેહનો ત્યાગ છે.

(૨૩) ભાવીફળની આશંસારૂપ નિદાનને વર્જનારા હોય છે.

(૨૪) નટ વગેરે જોવાના કુતૂહલ વિનાના હોય છે.

(૨૫) શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિથી આત્મા અનાદિકાળથી દેહાદિ બધા પરિગ્રહથી શૂન્ય છે અને એકમાત્ર ચિદ્આનંદમય છે. વર્તમાનમાં શરીર સાથે એકમેક હોવા છતાં અને કર્મોદયથી ચિદાનંદમયસ્વરૂપ આવરાયેલું હોવા છતાં શુદ્ધનિશ્ચયનય આ સ્વરૂપને જુએ છે. એને સંવેદવાથી નિર્મમભાવ પેદા થાય છે જેના કારણે શરીર વગેરે કશા પ્રત્યે મમતા રહેતી નથી. જ્વર-શૂલ વગેરે ઊઠે ત્યારે પણ 'આ રોગથી પુદ્ગલભિન્ન એવા મારું કશું બગડતું નથી, પુદ્ગલનું જ બગડે છે' આ રીતે જાણનારા હોય. આમાં નમિરાજર્ષિનું દૃષ્ટાંત ગ્રંથકારે આપ્યું છે - નમિરાજા દાહજ્વરથી દીર્ઘકાળપીડિત હતા. તીવ્ર વેદનાના કારણે ચંદન લસોટવાના કારણે થતા બંગડીઓના પરસ્પર ઘર્ષણજન્ય અવાજનો પણ ત્રાસ થવાથી દરેક રાણીના હાથમાં માત્ર એક જ સૌભાગ્યકંકણ રહેવા દેવામાં આવ્યું. હવે ઘર્ષણ ન રહેવાથી કંકણનો કોલાહલ બંધ થયો. આના પર રાજા એકત્વ ભાવના ભાવિત થઈ વૈરાગ્ય પામ્યા. મોક્ષ મેળવવાની તીવ્ર ઈચ્છાવાળા મુમુક્ષુ બન્યા. અને વિશાળ સામ્રાજ્યનો ત્યાગ કરી સાધુ બની સાધનાના માર્ગે વિચરી ગયા. ઈન્દ્ર એમના વૈરાગ્યની પરીક્ષા કરવા બ્રાહ્મણ રૂપે આવી મિથિલાને સળગતી બતાવે છે ને પ્રાર્થના કરે છે આ મિથિલાની આગ બૂઝવી દો ને પછી સાધનામાર્ગે પ્રયાણ કરો. ત્યારે નમિરાજર્ષિએ ઈન્દ્રને કહ્યું કે : મિથિલા બળી રહી છે એમાં મારું કશું બળતું નથી.

(૨૬) કારણ ન હોય ત્યારે કાચબાની જેમ હાથ-પગને સંકોચી રાખનાર હોય અને કારણ આવે ત્યારે ઈર્યાસમિતિપૂર્વક સમ્યગ્ગમન કરનારા હોય.

(૨૭) અકુશળવાણીનો નિરોધ કરવા દ્વારા અને કુશળવાણીનો પ્રયોગ કરવા દ્વારા વાણીથી સંયત હોય.

(૨૮) વિષયોમાં પ્રસરતી ઈન્દ્રિયોને નિવૃત્ત કરનાર હોવાથી વિશેષ રીતે જિતેન્દ્રિય હોય.

(૨૯) અધ્યાત્મ અને ધ્યાનમાં સદા તત્પર હોય.

(૩૦) સૂત્ર અને અર્થનું ચિંતન કરનાર હોય.

(૩૧) લોલતા વિનાના હોય. એટલે કે ન મળેલી વસ્તુની સામેથી યાચના કરનારા ન હોય.

(૩૨) ભાવશુદ્ધ અજ્ઞાત ઉંછને વહોરનારા હોય. ઉંછ એટલે પિંડ... એટલે કે ખાવા યોગ્ય કોઈપણ ચીજ. સાધુભગવંતો પધાર્યા છે... કદાચ વહોરવા આવશે... આવું જેઓ જાણતા ન હોય એવા ઘર અજ્ઞાત કહેવાય. એ ઘરોમાંથી વહોરેલી ગોચરી એ અજ્ઞાત ઉંછ. દાતાના ભાવ મલિન ન થાય, શુદ્ધ રહે એ રીતે અને ગૃદ્ધિ વગેરે ન પોષાવા રૂપે પોતાના ભાવ પણ શુદ્ધ રહે એ રીતે થોડું થોડું વહોરવું એ ભાવશુદ્ધ પિંડ કહેવાય. આવા ભાવશુદ્ધ અજ્ઞાતપિંડને વહોરનારા હોય.

(૩૩) જે મળે એમાં આસક્તિ કરવી એ રસગૃદ્ધિ કહેવાય. આવી રસગૃદ્ધિ વિનાના હોય.

(૩૪) આમર્ષોષધિ વગેરે ઋદ્ધિઓ, વસ્ત્રાદિથી થતાં સત્કાર, પુષ્પાદિથી થતી પૂજા અને અસંયમજીવિતને સાધુ ઈચ્છે નહીં.

(૩૫) બીજાને ગુસ્સો આવી જાય એવા કર્કશ વચનો ન બોલે.

(૩૬) સ્વશિષ્ય સિવાયનો સાધુ શિથિલ હોય તો પણ 'તું શિથિલ છે' એમ ન કહે. (સ્વશિષ્યને સુધારવા માટે પ્રેમ વગેરેથી કહે પણ ખરા.)

(૩૭) કોઈના પુણ્ય-પાપ કોઈનામાં સંક્રમતા નથી એવું જાણનારા હોય.

(૩૮) જાતિ, રૂપ વગેરે આઠ પ્રકારના મદથી રહિત હોય.

(૩૯) શુદ્ધ ધર્મપદરૂપ આર્યપદનો ઉપદેશ દેનારા હોય.

(૪૦) ધર્મમાં સ્વયં સ્થિર રહેવા સાથે બીજાઓને પોતપોતાની ભૂમિકા અનુસાર ધર્મમાં જોડે, જોડાયેલાને સ્થિર કરે, સ્થિર હોય એને આગળ વધારે.

(૪૧) કુશીલઆચારને = શિથિલાચારને છોડનારા હોય.

(૪૨) ઉદ્વેગ, હાસ્ય, શોક, રૂદન, આક્રંદન, જુગુપ્સા અને ક્રીડા... આ બધું ક્યારેય હોતું નથી.

(૪૩) શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થયેલું આ શરીર અશુચિ છે અને અશાશ્વત છે એવું માને... અને એના દ્વારા શાશ્વત એવા મોક્ષ માટે જે પ્રવર્તે છે તે ભાવભિક્ષુ છે.

આ ૪૩ શરતોને ધરાવનારા આત્મા ભાવભિક્ષુ છે, કારણ કે એનામાં ભિક્ષુ શબ્દનો અર્થ ઘટે છે. તે આ રીતે - જે ભેદે તે ભિક્ષુ... સાધુ ઉગ્રતપથી અશુભકર્મોને આગમના ઉપયોગ દ્વારા ભેદે છે, માટે સાધુ એ ભાવભિક્ષુ છે. આમાં સાધુ ભેત્તા છે = ભેદક્રિયાનો કર્તા છે. ઉગ્રતપ એ સાધન છે - ભેદન છે અને અશુભકર્મો ભેદ્ય છે.

ભૂખ વગેરે દુઃખોનું કારણ કર્મ છે. માટે શ્રી દશવૈકાલિક સૂત્રની નિર્યુક્તિમાં કર્મને ભૂખ રૂપે કહેલ છે... લોકોમાં ભિક્ષુ

એટલે જે ભીખથી ભૂખ ભાંગે તે. સાધુ તપથી કર્મરૂપી ભૂખને ભાંગે છે માટે ભિક્ષુ છે. વળી આગમનો ઉપયોગ હોય તો જ તપથી કર્મ ભેદાય છે. એ વિના જેવા ભેદવા છે તેવા ભેદાતા નથી. એટલે આગમ ઉપયુક્ત જીવ જ ભેત્તા બની શકવાથી ભિક્ષુ બની શકે છે.

શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજે શ્રી દશવૈકાલિક સૂત્રની નિર્યુક્તિમાં સાધુના એક એક ગુણ-આચાર-વિશેષતાઓને નજરમાં લઈ અનેક પર્યાયવાચી નામો અને એની વ્યુત્પત્તિઓ દર્શાવી છે. એને અનુસરીને ગ્રંથકારે પણ ભાવસાધુના પર્યાયવાચી શબ્દો વ્યુત્પત્તિસહિત દર્શાવ્યા છે. એ પર્યાયવાચી શબ્દો હવે જોઈએ.

(૧) ભિક્ષુ : સાધુઓના સંદર્ભમાં ભિક્ષા એટલે ભીખ નથી, પણ ૪૨ દોષોથી રહિત ભિક્ષા-ગોચરી છે. સાધુ આવી ભિક્ષામાત્રથી એટલે કે સર્વદોષોથી રહિત શુદ્ધભિક્ષાવૃત્તિથી જીવનનિર્વાહ કરનાર છે, માટે ભિક્ષુ છે.

(૨) યતિ : તે તે રીતે ગુણપ્રાપ્તિ માટે ભાવથી યતના કરનાર છે, માટે યતિ છે.

(૩) ભવાન્ત : સંસારનો = ભવનો અંત થતો હોવાથી ભવાન્ત છે.

(૪) ચરક : પાંચ મહાવ્રત, પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ, ચાર કષાયોનો વિજય અને ત્રણ યોગનું સંવરણ... એમ ૧૭ પ્રકારના સંયમને ચરતો હોવાથી = આચરતો હોવાથી ચરક છે.

(૫) ક્ષપક : પાપને ખપાવતો હોવાથી ક્ષપક છે.

(૬) તપસ્વી : સંયમથી વણાયેલી તપલક્ષ્મીથી શોભે છે. માટે તપસ્વી છે.

(૭) તીર્ણ : તીર્ણ એટલે તરી ગયેલ. સાધુને વિશુદ્ધ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રનો લાભ થઈ ગયેલો હોવાથી સંસારસાગરને લગભગ તરી ગયેલ છે. માટે તીર્ણની જેમ તીર્ણ છે.

(૮) તાયી : તાયી એટલે રક્ષણ કરનાર. સંદેહ-વિપર્યય ન રહે એ રીતે સારી રીતે જોયેલા મોક્ષમાર્ગની દેશના આપવા દ્વારા શિષ્યાદિનું રક્ષણ કરનાર છે. તેથી સાધુ તાયી છે.

(૯) વ્રતી : હિંસા વગેરે આશ્રવોથી પ્રતિજ્ઞાપૂર્વક વિરમેલા હોવાથી વ્રતી છે.

(૧૦) દ્રવ્ય : રાગ-દ્વેષ રહિત હોવાથી 'દ્રવ્ય' છે.

(૧૧) ક્ષાંત : ક્ષમા કરનારા હોવાથી ક્ષાંત છે.

(૧૨) દાંત : ઇન્દ્રિયોને દમનારા હોવાથી દાંત છે.

(૧૩) મુનિ : જગત્‌ની ત્રણે કાળની અવસ્થાઓનું મનન કરનારા હોવાથી મુનિ છે.

(૧૪) યતિ : ગૃહસ્થાશ્રમ વગેરેની અપેક્ષાએ ઉત્તમ આશ્રવવાળા છે, માટે. અથવા સંયમમાં યત્ન-પ્રયત્ન કરનારા છે, માટે યતિ છે.

(૧૫) ઋજુ : માયારહિત હોવાથી ઋજુ છે.

(૧૬) પ્રજ્ઞાપક : મોક્ષમાર્ગના પ્રરૂપક હોવાથી પ્રજ્ઞાપક છે.

(૧૭) વિદ્વાન્ : પંડિત હોવાથી વિદ્વાન્ છે.

(૧૮) વિરત : વિષયસુખથી નિવૃત્ત હોવાથી વિરત છે.

(૧૯) બુદ્ધ : તત્ત્વનો બોધવાળા હોવાથી બુદ્ધ છે.

(૨૦) પ્રવ્રજિત : પાપમાંથી પ્રકર્ષપૂર્વક બહાર નીકળી ગયા હોવાથી પ્રવ્રજિત છે.

(૨૧) મુક્ત : લોભથી મુક્ત હોવાથી મુક્ત છે.

(૨૨) અણગાર : દ્રવ્ય-ભાવ અગાર (ઘર) વિનાના હોવાથી અણગાર છે.

(૨૩) પાખંડી : પાશમાંથી = બંધનોમાંથી ઊડીને મુક્ત થયા હોવાથી પાષંડી = પાખંડી છે.

(૨૪) બ્રાહ્મણ : વિશુદ્ધ બ્રહ્મચર્યના ધારક હોવાથી બ્રાહ્મણ છે.

(૨૫) પરિવ્રાજક : પાપોનું પરિતઃ = ચારે બાજુથી વર્જન (ત્યાગ) કરે છે, માટે પરિવ્રાજક છે.

(૨૬) સંયત : સંયમવાળા હોવાથી સંયત છે.

(૨૭) સાધુ : નિર્વાણસાધક યોગોની સાધના કરતા હોવાથી સાધુ છે.

(૨૮) લૂક્ષ : સ્વજનાદિ પ્રત્યે સ્નેહ ન હોવાથી રૂક્ષ-લૂક્ષ છે.

(૨૯) તીરાર્થી : ભવસાગરના તીરે = કાંઠે પહોંચવાની ઈચ્છા-પ્રયોજનવાળા હોવાથી તીરાર્થી છે.

(૩૦) નિર્ગ્રંથ : દ્રવ્ય-ભાવ કોઈપણ ગ્રંથિ ન હોવાથી નિર્ગ્રંથ છે.

(૩૧) શ્રમણ : શ્રામણ્યવાળા હોવાથી શ્રમણ છે.

હવે ભાવભિક્ષુના લિંગ વિચારીએ...

(૧) સંવેગ = મોક્ષસુખની અભિલાષા. (૨) નિર્વેદ = સંસાર પર વૈરાગ્ય. (૩) વિષયત્યાગ = ભોગસાધનોનો પરિહાર.

(૪) સુશીલસંગતિ = સુવિહિતસાધુઓની સંગતિ. (૫) જ્ઞાન = પદાર્થોનો યથાસ્થિત બોધ. (૬) સમ્યગ્દર્શન = નિસર્ગ વગેરે અનેક પ્રકારે સમ્યગ્દર્શન. જેમકે સહજ થાય એ નિસર્ગસમ્યક્ત્વ, ગુરુઉપદેશથી થાય એ અધિગમસમ્યક્ત્વ, અથવા કારક, રોચક અને દીપક સમ્યક્ત્વ એમ ત્રણ પ્રકાર, અથવા ઔપશમિક, ક્ષાયોપશમિક, વેદક, ક્ષાયિક અને સાસ્વાદન સમ્યક્ત્વ એમ પાંચ પ્રકાર. (૭) ચારિત્ર-સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર એમ પાંચ પ્રકાર. (૮) આરાધના = અંતિમકાળની નિર્યામણા. (૯) વિનય = જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્ર વિનય, તપવિનય અને ઉપચારવિનય એમ પાંચ પ્રકારે. (૧૦) તપ = અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એમ ૬ પ્રકારે બાહ્યતપ તથા પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાઉસ્સગ્ગ એમ ૬ પ્રકારે આભ્યંતર તપ. (૧૧) ક્ષાંતિ = નિમિત્ત મળવા છતાં ગુસ્સો ન કરવો. (૧૨) માર્દવ : ઉચ્ચ જાતિ વગેરે હોવા છતાં એનું અભિમાન ન કરવું. (૧૩) ઋજુતા = સામો માયાતત્પર હોવા છતાં સ્વયં માયા ન કરવી. (૧૪) તિતિક્ષા = ક્ષુધા વગેરે પરીષહોને સમ્યક્ સહેવા. (૧૫) મુક્તિ = ધર્મોપકરણ પર પણ મૂર્ચ્છા ન હોવી. (૧૬) અદીનતા = ગોચરી ન મળવા છતાં દીન ન થવું. (૧૭) આવશ્યકવિશુદ્ધિ = અવશ્યકરણીય યોગોને નિરતિચારપણે કરવાં.

શ્રી ગૌતમસ્વામી આદિ મહામુનિઓએ ભિક્ષુના આ લિંગો દર્શાવ્યા છે. એટલે કે આ બધા ગુણોથી યુક્ત હોય તે ભિક્ષુ છે, અન્ય નહીં. કષ, છેદ, તાપ, તાડન... આ ચાર પરીક્ષામાંથી ઉત્તીર્ણ થનાર પદાર્થ સુવર્ણના ગુણોથી યુક્ત હોવાથી સુવર્ણ છે. તે સુવર્ણના ગુણો આ છે - વિષઘાતન, વીર્યસ્તંભનકર્તૃત્વ,

મંગલપ્રયોજનત્વ, યથેષ્ટ કટક વગેરે પ્રકારનું સંપાદકત્વ, તપાવતી વખતે પ્રદક્ષિણાવર્તન, સારભૂતત્વ, અગ્નિથી અદાહ્યત્વ અને અકુથનીયત્વ... જે વર્ણાદિની સમાનતાના કારણે સુવર્ણ જેવું ભાસતું નકલી સુવર્ણ હોય છે તે ખરું સુવર્ણ નથી હોતું, કારણ કે સોનાના ગુણોનો એમાં અભાવ હોય છે. તે રીતે પ્રસ્તુત ભાવસાધુમાં પણ આ વાત ઘટાડવી. સાચા સુવર્ણમાં જોવા મળતાં ૮ ગુણો વિચારીએ અને ભાવસાધુમાં એની તુલના જોઈએ.

| અસલી સુવર્ણ | ભાવસાધુ |
|---|---|
| **૧. વિષઘાતી** | **૧. આશ્રિતના મોહવિષને દૂર કરે.** |
| **૨. વીર્યનું સ્તંભન કરનાર રસાયણ છે.** | **૨. જીવને મોક્ષમાં લઈ જઈ અમરપણું આપનાર રસાયણ.** |
| **૩. મંગલ કરનાર છે.** | **૩. साहू मंगलं... ગુણવત્તાના કારણે મંગલ છે.** |
| **૪. હાર, કંકણ, કુંડલ... જે રીતે ઘડવું હોય એ રીતે ઘડી શકાતું હોવાથી વિનીત.** | **૪. ગુરુએ જે રીતે ઘડવા હોય એ રીતે ઘડી શકાય એવા સ્વભાવથી વિનીત હોય.** |
| **૫. અગ્નિમાં તપાવાય ત્યારે પ્રદક્ષિણા-વર્ત ફરે.** | **૫. સારા-નરસા કોઈપણ પ્રસંગે માર્ગાનુસારી રહેવાથી પ્રદક્ષિણાવર્તી હોય.** |
| **૬. સારભૂત-ભારે-મજબૂત.** | **૬. ગંભીરતાદિ ગુણોથી ગુરુ-દૃઢ.** |
| **૭. અગ્નિથી બળે નહીં** | **૭. ક્રોધાગ્નિથી બળે નહિ.** |
| **૮. કોહવાય નહીં.** | **૮. શીલવાન હોવાથી કોહવાય નહીં (આત્મા ક્યારેય દોષોથી ગંધાય નહીં.)** |

વાસ્તવિક સોનું કષ વગેરે પરીક્ષામાં પાસ થાય છે. જે પાસ નથી થતું એ નકલી સોનું છે. ભાવસાધુમાં વિશિષ્ટ લેશ્યા હોવી એ કષપરીક્ષા છે. એકસારત્વ એ છેદ છે... અપકારી પર પણ અનુકંપા રાખવાથી ભાવસાધુ તાપ પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે અને આફત

આવે ત્યારે પણ ચિત્ત અતિનિશ્ચલ હોવું એ તાડનપરીક્ષામાં ઉત્તીર્ણ થવા બરાબર છે.

જેનામાં સંવેગ વગેરે છે એ સાધુ છે એ આપણે જોયું. હવે સાધુવેશ હોવા છતાં કોણ ભિક્ષુ નથી એ વિચારીએ.

(૧) પૃથ્વીકાય, અપ્કાય વગેરે ષડ્જીવનિકાયનો જે ગમે ત્યાં વિરાધક હોય...

(૨) નિર્દોષ વસતિ મળતી હોવા છતાં મૂર્ચ્છાથી પોતાનું મકાન બનાવે કે ભાડે રાખે.

(૩) આધાકર્મ વગેરે દોષવાળી ગોચરી વાપરે.

(૪) કોઈપણ તાત્ત્વિક કારણ વિના પ્રત્યક્ષથી અપ્કાય રૂપે જણાતા કાચા પાણીને પીએ.

(૫) જે હમેંશા ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરનારા હોય.

(૬) અબ્રહ્મચારી હોય...

(૭) મિથ્યાદષ્ટિ હોય...

(૮) ખાદ્યપદાર્થોનો સંગ્રહ કરનારા હોય...

(૯) સચિત્ત વસ્તુઓ ખાનારા હોય...

(૧૦) વિશુદ્ધ તપનો અભાવ હોવાથી અજ્ઞાનવશ જેમની શક્તિઓ નાશ પામી ગઈ છે.

(૧૧) ગૃહત્યાગી હોવા છતાં જેઓ કરણ-કરાવણ-અનુમોદન એમ ત્રણે પ્રકારે પાપમાં તત્પર છે તેઓ દ્રવ્યભિક્ષુ છે.

અલબત્ત ઉત્સર્ગના અપવાદ હોય છે, પણ એ પ્રબળ કારણે.

વગર કારણે ઉત્સર્ગ વિરુદ્ધ આચરનારો શિથિલતા સેવી રહ્યો છે ને એ પણ જાહેર રીતે દોષ સેવે તો તો ઉન્માર્ગ જ છે. એને ભિક્ષુ ન કહી શકાય.

સાધુવેશ હોવાથી આ બધા ભિક્ષુ કહેવાય છે. પણ ભાવભિક્ષુ નથી, માટે દ્રવ્યભિક્ષુ છે. વળી ભાવભિક્ષુપણાંના કારણ પણ નથી. માટે અપ્રધાનદ્રવ્યભિક્ષુ છે. તથા જૈનસાધુવેશ છે એટલે લોકોત્તર અપ્રધાનદ્રવ્યભિક્ષુ છે.

એના પ્રસંગે લૌકિક અપ્રધાનદ્રવ્યભિક્ષુ પણ વિચારી લઈએ.

ભેદે તે ભિક્ષુ એવી વ્યુત્પત્તિ લઈએ તો સુથાર લાકડાને ભેદનારો હોવાથી દ્રવ્યભિક્ષુ છે.

ભિક્ષાથી જીવનનિર્વાહ કરે તે ભિક્ષુ... એવી વ્યુત્પત્તિ લઈએ તો બ્રાહ્મણો દ્રવ્યભિક્ષુ છે. એમ સદા આરંભવાળા ગૃહસ્થો પણ જો યાચનાશીલ હોય તો દ્રવ્યભિક્ષુ છે. એ જ રીતે દીન-હીન જનો, આંધળાઓ, કૃપણો વગેરે પણ ભીખથી જીવનનિર્વાહ કરનારા હોય તે અપ્રધાન લૌકિક દ્રવ્યભિક્ષુ છે.

**પ્રશ્ન :** પ્રધાન દ્રવ્યભિક્ષુ કોણ છે ?

**ઉત્તર :** સાધુપણામાં હોવા છતાં સત્ત્વની કચાશના કારણે - સુખશીલતાના કારણે જેના પોતાના આચરણમાં શિથિલતા હોય, છતાં એ શિથિલતાનો બચાવ ન હોય - પક્ષપાત ન હોય, પણ સ્વીકાર હોય... અને માર્ગની શુદ્ધપ્રરૂપણા હોય તે સંવિગ્નપાક્ષિક એ પ્રધાન લોકોત્તર દ્રવ્યભિક્ષુ છે. તથા અત્યારે જે ઉત્તમ શ્રાવકજીવન જીવે છે... શ્રાવકની પ્રતિમાઓનું વહન કરે છે ને કાળાંતરે દીક્ષા લેવાના છે તે પણ લોકોત્તરપ્રધાન દ્રવ્યભિક્ષુ છે.

લૌકિક તો બધા જ દ્રવ્યભિક્ષુ અપ્રધાન હોય છે.

ભાવભિક્ષુના અનંતગુણો હોય છે. એમાંથી કેટલાક ગુણો અહીં વર્ણવ્યા છે. આ ગુણોને શ્રદ્ધા-આદર પૂર્વક આચરવામાં આવે તો તો મોક્ષપ્રાપક બને જ છે, પણ જો શ્રદ્ધા આદરપૂર્વક એને ભાવવામાં આવે તો પણ એ પરમાનંદમય મોક્ષના પ્રાપક બને છે. માટે મોક્ષના ઇચ્છુકે આ ગુણોને બહુમાનપૂર્વક ભાવવા જોઈએ એવો અહીં ઉપદેશ છે.

આમ, આ લેખમાં સત્તાવીશમી ભિક્ષુબત્રીશીની વિચારણા કરી. હવે આગામી લેખથી અઠ્ઠાવીશમી દીક્ષા બત્રીશીની વિચારણા કરીશું.

❖ ❖ ❖

शास्त्रं बोधाय दानाय, धनं धर्माय जीवितम् ।
कायः परोपकाराय, धारयन्ति विवेकिनः ॥

देवपूजा दया दानं, दाक्षिण्यं दमदक्षते ।
यस्यैते षड्दकाराः स्युः, स देवांशीनरः स्मृतः ॥

उपकारिषु यः साधुः, साधुत्वे तस्य को गुणः ।
अपकारिषु यः साधुः, स साधुः सद्भिरिष्यते ॥

सत्यपूतं वदेद्वाक्यं, वस्त्रपूतं पिबेज्जलम् ।
दृष्टिपूतं न्यसेत्पादं, मनःपूतं समाचरेत् ॥

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા. નું
## સંપાદિત-અનુવાદિત લિખિત અધ્યયનોપયોગી સાહિત્ય

| | |
|---|---|
| ૧) | અધ્યાત્મમતપરીક્ષા |
| ૨) | ધર્મપરીક્ષા |
| ૩) | સામાચારી પ્રકરણ, આરાધક વિરાધક ચતુર્ભંગી કૂપદૃષ્ટાન્તવિશદીકરણ પ્રકરણ |
| ૪) | સમ્યક્ત્વ ષટ્સ્થાનની ચઉપઈ |
| ૫-૭) | દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા (ભાગ : ૧-૨-૩) |
| ૮-૧૦) | કર્મપ્રકૃતિ પદાર્થો (ભાગ : ૧-૨-૩) |
| ૧૧-૧૨) | ન્યાય સિદ્ધાન્તમુક્તાવલી (ભાગ : ૧-૨) |
| ૧૩) | સત્પદાદિ પ્રરૂપણા |
| ૧૪) | હારિભદ્રયોગભારતી |
| ૧૫) | યોગવિંશિકા |
| ૧૬) | સિદ્ધિનાં સોપાન |
| ૧૭) | તત્ત્વાવલોકન સમીક્ષા |
| ૧૮) | તત્ત્વ નિર્ણય |
| ૧૯-૨૩) | નવાંગી ગુરુપૂજન પ્રશ્નોત્તરી વગેરે |
| ૨૪) | શતક નામે પાંચમા કર્મગ્રન્થના પદાર્થો-ટિપ્પણો |
| ૨૫-૨૭) | દશવિધ સામાચારી (ભાગ : ૧-૨-૩) |
| ૨૮-૨૯) | તિથિ અંગે સત્ય અને સમાધાન (ભાગ : ૧-૨) |
| ૩૦) | સપ્તભંગીવિંશિકા |
| ૩૧) | દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ (ભાગ-૧) |
| ૩૨) | નિક્ષેપવિંશિકા |
| ૩૩) | क्या जिनपूजा करना पाप है ? |
| ૩૪) | અનુયોગદ્વાર-સટીપ્પણ |
| ૩૫) | નયવિંશિકા |
| ૩૬-૪૫) | બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે (ભાગ : ૧ થી ૧૦) |
| ૪૬) | સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂ. શ્રી પ્રેમસૂરિ મ.સા.ની શ્રુતસેવા |

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા. નું સંપાદિત-અનુવાદિત લિખિત ઉપદેશાત્મક સાહિત્ય

| | |
|---|---|
| ૧) | હંસા ! તું ઝીલ મૈત્રી સરોવરમાં... (ગુજ. + હિન્દી = ૯૦,૦૦૦ નકલ) |
| ૨) | હૈયું મારું નૃત્ય કરે |
| ૩) | હું કરું હું કરું એ જ અજ્ઞાનતા (૨૦,૦૦૦ નકલ) |
| ૪) | કર પડિક્કમણું ભાવશું |
| ૫) | અવિક્ખા અણાનંદે |
| ૬) | હું છું સેવક તારો |
| ૮) | હા ! પસ્તાવો વિપુલ ઝરણું... |
| ૮) | મિચ્છામિ દુક્કડં |
| ૯) | ટાળિયે દોષ સંતાપ રે... (સંઘર્ષ) |
| ૧૦) | જેલર (ગુજ. + હિન્દી + મરાઠી + અંગ્રેજી = ૨,૫૦,૦૦૦ નકલ) |
| ૧૧) | કારેલું (૨૪,૦૦૦ ગુજરાતી + ૬,૦૦૦ હિન્દી) |

BHARAT GRAPHICS-Ahmedabad
Mo. 9925020106, 8905851988